# દૈનિક મુંબઈ સમાચાર

૨૦૪ વર્ષ

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 55 ■ વિક્રમ સંવત ૨૦૮૨

ફાલ્ગુન વદ - ૪ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 7 March 2026, Saturday ■ REGD.No. MCS/058/2024-26

શનિવાર, ૭ માર્ચ ૨૦૨૬, (૧૪ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦



વીકએન્ડ પૂર્તિ ૯ ૧૦ ૧૧



LIKE & FOLLOW: /Mumbaisamachar4u


# ઈરાન વિના શરતે શરણે થાયઃ ટ્રમ્પ

## અમેરિકાના પ્રમુખે મૅક ઈરાન ગ્રેટ અગેઈનનું પણ સૂત્ર આપ્યુંઃ અમુક દેશે મધ્યસ્થીના પ્રયાસ શરૂ કર્યા હોવાનું તહેરાન કહે છે




તહેરાનઃ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે મધ્ય પૂર્વના યુદ્ધનો અંત આણવા ઇરાન સાથે મંત્રણા કરવાનો ઇનકાર કર્યો હતો અને તહેરાનને વિના શરતે શરણે થવાની ચીમકી આપી હતી. આ સાથે તેમણે મૅક ઈરાન ગ્રેટ અગેઈનનું પણ સૂત્ર આપ્યું હતું.

તેમણે પોતાની સોશ્યલ મીડિયા પરની પોસ્ટમાં લખ્યું હતું કે તહેરાન વિના શરતે શરણે નહિ થાય, ત્યાં સુધી તેની સાથે કોઇ સમજૂતી નહિ કરાય. ઇરાન શરણે નહિ થાય ત્યાં સુધી અમે અને અમારા બહાદુર સાથી રાષ્ટ્રો ઇરાનમાં વિનાશ વેરવાનું ચાલુ રાખશે.

દરમિયાન, ઇરાનના પ્રમુખ પેઝેશ્કિયને સોશ્યલ મીડિયા 'એક્સ' પરની પોસ્ટમાં લખ્યું હતું કે અમુક દેશો અમેરિકા અને ઇઝરાયલ સાથેનું ઇરાનનું યુદ્ધ બંધ કરાવવા મધ્યસ્થીના પ્રયાસ શરૂ કર્યા છે.

ઇરાનના પ્રમુખે દાવો કર્યો હતો કે પશ્ચિમ એશિયામાં કાયમી શાંતિ સ્થાપવી જરૂરી છે, પરંતુ મધ્યસ્થી કરાવવા ઇચ્છતા દેશોએ આ યુદ્ધની 'ઉશ્કેરણી' કરવા માટે જવાબદાર રાષ્ટ્રો પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઇએ.

તેમણે જણાવ્યું હતું કે અમે આ મુદ્દે સ્પષ્ટ છીએ. અમે ઇરાનની સત્તા અને સન્માનની સુરક્ષામાં કોઇ પણ બાંધછોડ નહિ કરીએ. ઇરાનની જનતાની ક્ષમતાનો ઓછો અંદાજ રાખવો ન જોઇએ.

ઇઝરાયલે શુક્રવારે ઇરાનની રાજધાની તહેરાન પર હુમલા ચાલુ રાખ્યા હતા, જ્યારે ઇરાને ઇઝરાયલ અને અખાતના દેશો પર વળતા હુમલા કર્યા હતા.

અમેરિકા અને ઇઝરાયલ દ્વારા ઇરાનની નેતાગીરી, અણુ અને લશ્કરી મથકોને લક્ષ્ય બનાવીને હુમલા કરાઇ રહ્યા છે. ઇઝરાયલ અને અમેરિકાના લશ્કર દ્વારા ઇઝરાયલ પરના હુમલા આગામી દિવસોમાં વધુ ઉગ્ર બનાવવાની ચેતવણી અપાઇ છે.

ઇરાને શુક્રવારે કુવૈત, કતાર, સઉદી અરેબિયા અને બહરીન પર વળતા હુમલા કર્યા હતા. ■

# ક્રૂડે સેન્સેક્સને ફરી પટક્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ પશ્ચિમ એશિયાના દેશોમાં યુદ્ધ વધુ તીવ્ર બનવાની શક્યતાઓ ફરી સપાટી પર આવવા સાથે ક્રૂડ ઓઇલના ભાવની આગેકૂચ ચાલુ રહેતા ખરડાયેલા સેન્ટિમેન્ટ વચ્ચે ઇક્વિટી બજારમાં વેચવાલીનું દબાણ સર્જાવાથી સેન્સેક્સમાં ૧૦૯૭ પોઇન્ટનો જોરદાર ધબડકો થવા સાથે શેરબજારના માર્કેટ કેપિટલાઇઝેશનમાં (જુઓ પાનું ૨) ▶▶




## મહારાષ્ટ્રનું ૭,૬૯,૪૬૭ કરોડ રૂપિયાનું બજેટ

# ખેડૂતોને લહાણી, વાઢવણ ફરતે ચોથા મુંબઈ વિકસાવવાની જાહેરાત



**બૅગમાં બંધ બજેટઃ** મહારાષ્ટ્રનું નાણાં ખાતું પણ સંભાળતા મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ અને રાજ્ય કક્ષાના નાણાં પ્રધાન આશિષ જયસ્વાલ ગઈ કાલે વિધાનસભામાં બજેટની રજૂઆત પહેલાં. (અમય ખરાડે)

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્ર સરકારે શુક્રવારે ૨૦૨૬-૨૭ના બજેટમાં બે લાખ રૂપિયા સુધીની કૃષિ લોન માફીની જાહેરાત કરી હતી, જેમાં નદી જોડાણ પ્રોજેક્ટ્સ, મહિલા સશક્તિકરણ, યુવા વિકાસ, આરોગ્ય, સ્ટાર્ટ-અપ્સ અને સામાજિક કલ્યાણ યોજનાઓને મજબૂત બનાવવા પર પણ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે.

મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે, જેઓ નાણાં વિભાગ પણ ધરાવે છે, તેમણે વિધાનસભામાં ૭,૬૯,૪૬૭ કરોડ રૂપિયાનું બજેટ રજૂ કર્યું અને કહ્યું કે ૨૦૨૪માં વિધાનસભાની ચૂંટણી પહેલા શરૂ કરાયેલી લાડકી બહિન યોજના ગરીબ મહિલાઓ માટે લક્ષિત યોજના માટે પૂરતી ફાળવણી સાથે ચાલુ રહેશે.

ફડણવીસે કહ્યું હતું કે મહારાષ્ટ્ર ૨૦૪૭ સુધીમાં પાંચ ટ્રિલ્યન ડોલરનું અર્થતંત્ર બનશે, તેઓ બજેટ રજૂ કરનારા રાજ્યના પ્રથમ મુખ્ય પ્રધાન બન્યા હતા.

પોતાનું પહેલું બજેટ રજૂ કરતા, ફડણવીસે જણાવ્યું હતું કે આગામી નાણાકીય વર્ષમાં મહેસૂલી આવક ૬,૧૬,૦૯૯ કરોડ રૂપિયા અને મહેસૂલ ખર્ચ ૬,૫૬,૬૫૧ કરોડ રૂપિયા હોવાનો અંદાજ છે.

આમ, ૨૦૨૬-૨૭માં મહેસૂલી ખાધ ૪૦,૫૫૨ કરોડ રૂપિયા થવાનો અંદાજ છે.

રાજકોષીય ખાધ ૧,૫૦,૪૯૧ કરોડ રૂપિયા હોવાનો અંદાજ છે અને ઉમેર્યું હતું કે સરકાર રાજકોષીય ખાધ (કુલ આવક અને ખર્ચ વચ્ચેનો ઘટાડો) જીએસડીપી (કુલ રાજ્ય સ્થાનિક ઉત્પાદન)ના ૩ ટકાથી નીચે રાખવામાં સફળ રહી છે.

તેમણે કહ્યું કે રાજ્યની મહેસૂલ ખાધ સતત જીએસડીપીના ૧ ટકાથી નીચે રહી છે.

ફડણવીસે તેમના ભાષણમાં જણાવ્યું હતું કે બજેટ ચાર સ્તંભો - પ્રગતિશીલ વિકાસ, ટકાઉપણું,
(જુઓ પાનું ૨) ▶▶





## અરિહંતશરણ

શ્રી ઘોઘારી વિશા શ્રીમાળી જૈન



# ચંદ્રાબેન ભૂપતરાય ગાંધી

10/08/1939 - 28/02/2026

ઠવી વિરડી-ઘાટકોપર

***આણધાર્યા આવિ પડે ક્યારેક દુઃખનાં ઘા***
***નાભીથી વેણ નીકળે, મોઢે આવે 'મા'***

## પ્રાર્થનાસભા

સોમવાર 9 માર્ચ 2026 • સવારે - 10.30 થી 12.00

**સ્થળઃ ઇન્ટરલિન્ક બેન્ક્વેટ હોલ,**
નીલકંઠ બિઝનેસ પાર્ક, વિદ્યાવિહાર (વેસ્ટ)
(Valet Parking available)

**અમને સાંભરશે તમ સંભારણા**

**ભાઈ - ભાભી** : મનહરલાલ - ભારતીબેન
**પુત્ર - પુત્રવધુ** : મનોજ - જીજ્ઞા
**પુત્રી - જમાઈ** : જીજ્ઞા - નિલેશ
કવિતા - અર્પણ
**પૌત્ર - પૌત્રવધુ** : કરણ - સ્તુતિ
**પ્રપૌત્રી** : મેહેર
**દોહિત્રી - જમાઈ** : નિરાલી - ડૉ. વિદિત
**દોહિત્ર - દોહિત્રી** : માનવ - જીયા
**બેન - બનેવી** : સ્વ. લીલાવંતીબેન-ધીરજલાલ શાહ • સ્વ. વિમળાબેન-ભૂપત્તરાય દોશી
સ્વ. કાંત્તાબેન-લાલચંદભાઈ દોશી • સ્વ. અનસૂયાબેન-ખાંતીલાલ મેહતા
શ્રીમતી મંજુબેન-કાંતીલાલ શાહ
**પિયર પક્ષ** : સ્વ. હિરાચંદ ઝવેરચંદ શાહ (કાજાવદરવાલા હાલ બેંગ્લોર)

**તથા સમસ્ત ગાંધી પરિવાર**

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# રવિવારે ફાઈનલ, ન્યૂ ઝીલેન્ડને હરાવી ભારત હૅટ-ટ્રિક કરી શકે

**મુંબઈના** વાનખેડે સ્ટેડિયમમાં રમાયેલી ટી-૨૦ વર્લ્ડ કપની સેમિ ફાઈનલમાં ઈંગ્લેન્ડને હરાવીને ભારતની ટીમે રંગ રાખી દીધો. આ જીત સાથે હવે ફાઈનલમાં ભારતની ન્યૂ ઝીલેન્ડ સાથે ટક્કરનો તખ્તો તૈયાર છે. ભારતમાં ક્રિકેટ વર્લ્ડ કપ રમાતો હોય ત્યારે વર્લ્ડ કપ ભારત જ જીતે એવી ક્રિકેટ ચાહકોને અપેક્ષા હોય જ ને આ અપેક્ષા પૂરી થવા આડે હવે એક જ જીત છે એ જોતાં ક્રિકેટ ચાહકો ઈચ્છતા હતા એવા પરફેક્ટ ફિનિશિંગનો તખ્તો તૈયાર છે. રવિવારે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ન્યૂ ઝીલેન્ડને પછાડીને સૂર્યકુમાર યાદવની ટીમ વધુ એક વાર વર્લ્ડ ચેમ્પિયન બનીને આ પરફેક્ટ ફિનિશિંગ પાર પાડે એવું સૌ ઈચ્છે છે.

ભારતે આ વર્લ્ડ કપમાં આફ્રિકા સામેની મેચને બાદ કરતાં સારી રમત બતાવી છે એ જોતાં ચેમ્પિયન બની શકે છે. આપણે બીજી મેચોમાં બહુ પરસેવો નહોતો પાડવો પડ્યો કેમ કે સામેની ટીમો પહેલેથી પાણીમાં બેસી ગયેલી. ગ્રૂપ સ્ટેજમાં તો પાકિસ્તાન સિવાય બીજી કોઈ રેગ્યુલર ટીમ સામે રમવાનું નહોતું ને પાકિસ્તાન પહેલાં જેવું છે નહીં તેથી ભારત સામે પડકાર નહોતો.

સુપર એઈટમાં અસલી ટક્કર આફ્રિકા સામે હતી ને તેમાં આપણે હારી ગયેલા. એ પછી વેસ્ટ ઈન્ડિઝ અને ઝિમ્બાબ્વેને હરાવીને આપણે સેમી ફાઈનલમાં આવ્યા. વેસ્ટ ઈન્ડિઝ અને ઝિમ્બાબ્વે બંને વર્લ્ડ કપમાં દમખમ સાથે રમ્યાં પણ તેમની હાલત દશેરાના દાડે ઘોડું ના દોડે એવી થયેલી તેથી ભારત સામે જ જોર ના બતાવી શક્યાં.

જો કે સેમિ ફાઈનલમાં ઈંગ્લેન્ડે આપણને પરસેવો પડાવી દીધો એ કબૂલવું પડે. સેમી ફાઈનલમાં ભારતે ૨૦ ઓવરમાં ૨૫૩ રન ખડક્યા ત્યારે સૌને લાગતું હતું કે, ઈંગ્લેન્ડ ઝીંક નહીં ઝીલી શકે. ઈંગ્લેન્ડ ૧૦૦ રનની અંદર ૪ વિકેટ ગુમાવી દીધી ત્યારે આ વાત સાચી પડતી લાગી રહી હતી પણ પછી જેકબ બેથેલની બેટિંગે ભારતીયોના શ્વાસ અધ્ધર કરી દીધેલા. બેથેલે વિલ જેક્સ અને સેમ કરન સાથે નિર્ણાયક ભાગીદારી કરીને ઈંગ્લેન્ડને જીતના આરે લાવીને મૂકી દીધેલું. ૧૭મી ઓવર પૂરી થઈ ત્યારે ઈંગ્લેન્ડે જીતવા માટે ૪૫ રન કરવાના હતા ને બેથેલ તથા કરન ઊભા હતા તેથી ઈંગ્લેન્ડ જીતી જાય એવું લાગતું હતું પણ આપણા બે ગુજરાતી ભાયડા જસપ્રિત બુમરાહ અને હાર્દિક પંડ્યાએ ૧૮મી અને ૧૯મી ઓવરમાં બધા મળીને ૧૫ રન આપ્યા ને સેમ કરનને આઉટ કરતાં બાજી ભારતની તરફેણમાં આવી ગયેલી.

કરન આઉટ થયો પછી બેથેલ પર પ્રેશર વધ્યું ને સ્ટ્રાઈક પોતાની પાસે રાખવાના ચક્કરમાં છેલ્લી ઓવરના પહેલા બોલે રનઆઉટ થયો એ સાથે ઈંગ્લેન્ડની લડતનો અંત આવી ગયેલો. છેલ્લે જોફરા આર્ચરે સળંગ ત્રણ સિક્સર ફટકારીને લોકોનું થોડું મનોરંજન કર્યું પણ મેચ પહેલાં જ ઈંગ્લેન્ડના હાથમાંથી સરકી ગયેલી તેથી આર્ચરની આતશબાજી કંઈ કામ ના આવી. આર્ચરની આતશબાજીના કારણે જીતનું અંતર ઘટ્યું પણ બીજો કોઈ ફરક ના પડ્યો.

ફાઈનલમાં ભારત સામે ટકરાનારી ન્યૂ ઝીલેન્ડની ટીમ પણ બળુકી છે. ન્યૂ ઝીલેન્ડે આ વર્લ્ડ કપમાં ગ્રૂપ સ્ટેજમાં કે સુપર એઈટમાં એવો જબરદસ્ત દેખાવ નથી કર્યો. સેમિ ફાઈનલમાં પણ બે વાંદરાની લડાઈમાં બિલાડી ફાવે એ રીતે પાકિસ્તાન ને શ્રીલંકાની લડાઈના કારણે ન્યૂ ઝીલેન્ડ આવેલું પણ સેમિ ફાઈનલમાં ન્યૂ ઝીલેન્ડે જોરદાર દેખાવ કર્યો હતો. આફ્રિકા સામેની સેમિ ફાઈનલમાં ૧૬૯ રનનો સ્કોર ન્યૂ ઝીલેન્ડે ૧૩ ઓવરમાં તો ચેઝ કરીને સોપો પાડી દીધેલો. ફિન એલને ૩૩ બોલમાં ૧૦૦ રન ઝીંકીને આફ્રિકાનાં છોતરાં ફાડી નાંખેલાં ને ટીમ સેઈફર્ટે ૩૩ બોલમાં ૫૮ રન કરીને તેને સાથ આપ્યો તેમાં ન્યૂ ઝીલેન્ડ સરળતાથી જીતી ગયેલું.

ન્યૂ ઝીલેન્ડે સેમિ ફાઈનલમાં સાબિત કરેલું કે, તેની પાસે ગમે તેવી પિચ પર પણ અકલ્પનીય હદે સ્ફોટક બેટિંગ કરી શકે એવા બેટ્સમેન છે. રવિન્દ્ર રચિન, ડેરેલ મિચલ, ગ્લેન ફિલિપ્સ, મારે ચેપમેન વગેરે ખતરનાક બેટ્સમેનથી ન્યૂ ઝીલેન્ડની ટીમ ભરેલી છે. ન્યૂ ઝીલેન્ડ પહેલાં પણ આવી સ્ફોટક બેટિંગ કરીને ભારત સહિતના દેશો પાસેથી મેચો ખૂંચવી ગયું છે તેથી ભારતે ફાઈનલમાં સતર્ક રહેવું પડે. અમદાવાદની પિચ બેટ્સમેન માટે સારી છે ને ન્યૂ ઝીલેન્ડ પાસે છેક ૧૧મા નંબર સુધીની બેટિંગ લાઈન અપ છે તેથી ભારતે પરફેક્ટ પ્લાન સાથે ઉતરવું પડે. આમ પણ ટી-૨૦માં તો આઠ-દસ બોલમાં બાજી પલટાઈ જતી હોય છે. કદી સારું ના રમ્યો હોય એવા બેટ્સમેનના બેટમાં ૧૦ બોલ ભરાઈ જાય તો સામેની ટીમની પથારી ફરી જાય ને કોઈ બોલર ૧૦ બોલમાં બે સારા બેટ્સમેનને તંબુભેગા કરે તો પણ બાજી પલટાઈ જાય તેથી ભારતે એ માટે અત્યારથી તૈયારી કરી રાખવી પડે.

છેલ્લાં કેટલાંક વરસોથી આઈસીસીની સ્પર્ધાઓમાં ન્યૂ ઝીલેન્ડ ભારત પર ભારે પડતું હતું પણ આ વખતે ભારતની તરફેણમાં એક હકારાત્મક બાબત એ છે કે, ભારત અને ન્યૂ ઝીલેન્ડ છેલ્લે ચેમ્પિયન્સ ટ્રોફીની ફાઈનલમાં ટકરાયાં ત્યારે ભારત જીતેલું અને ચેમ્પિયન બનેલું. ગયા વરસે દુબઈમાં રમાયેલી ચેમ્પિયન્સ ટ્રોફીની ફાઈનલમાં ન્યૂ ઝીલેન્ડને ભારતે ૪ વિકેટે હાર આપી હતી. આ જીત સાથે ભારતે ન્યૂ ઝીલેન્ડ સામે આઈસીસીની સ્પર્ધાઓમાં હારનો સિલસિલો પણ તોડ્યો હતો. ફાઈનલમાં ન્યૂ ઝીલેન્ડે ૫૦ ઓવરમાં ૭ વિકેટે ૨૫૧ રન કરેલા.

ભારતે રોહિત શર્માના ૭૬ અને શ્રેયસ અય્યરના ૪૮ રનની મદદથી ૪૯ ઓવરમાં આ સ્કોર ચેઝ કરીને જીત મેળવી હતી. અલબત્ત ભારતની વન ડે અને ટી-૨૦ ટીમ બિલકુલ અલગ છે ને ફોર્મેટ પણ અલગ છે તેથી ૨૦૨૫ની જીતના આધારે આ વખતે પણ આપણે જીતીશું એવું માની ના લેવાય પણ ન્યૂ ઝીલેન્ડ પર થોડું ઘણું દબાણ પેદા તો થશે જ. ભારત ઘરઆંગણે રમી રહ્યું છે તેનો પણ તેને ફાયદો છે જ.

ભારત રવિવારે જીતે તો આઈસીસી સ્પર્ધામાં જીતની હૅટ્રિક પણ પૂરી થશે. ૨૦૨૩ પહેલાં ભારત આઈસીસી સ્પર્ધાઓ જીતી શકતું નહોતું. ભારત સેમિ ફાઈનલ કે ફાઈનલમાં આવીને ફસકી જતું હતું. ૨૦૨૩માં ભારતમાં જ વન ડેનો વર્લ્ડ કપ રમાયેલો છતાં ભારત જીત્યું નહતું ને ફાઈનલમાં અમદાવાદમાં ઓસ્ટ્રેલિયા સામે શરમજનક રીતે હારેલું. ૨૦૨૪માં ટી-૨૦ વર્લ્ડ કપમાં ભારતે ફાઈનલમાં દક્ષિણ આફ્રિકા સામે જીત મેળવીને પરાજયનો ક્રમ તોડ્યો ને ૨૦૨૫માં ચેમ્પિયન્સ ટ્રોફી જીતીને જીતનો સિલસિલો આગળ ધપાવ્યો હતો. હવે આ વર્લ્ડ કપની ફાઈનલ જીતી જાય તો હૅટ્રિક પૂરી થઈ જાય. આશા રાખીએ કે, સૂર્યકુમાર યાદવની ટીમ નિરાશ નહીં કરે.

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ - સૌર વસંતઋતુ, શનિવાર, તા. ૭-૩-૨૦૨૬,

- ભારતીય દિનાંક ૧૬, માહે ફાલ્ગુન, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૭, ફાલ્ગુન વદ-૪
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે ફાલ્ગુન, તિથિ વદ -૪
- પારસી શહેનશાહી રોજ ૨૫મો અશીશવંઘ, માહે ૭મો મેહેર, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૨૫મો અશીશવંઘ, માહે ૮મો આવાં, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૨૨મો ગોવાદ, માહે ૧૨મો સ્પેન્દાર્મદ, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૧૭મો, માહે ૯મો રમજાન, સને ૧૪૪૭
- મીસરી રોજ ૧૯મો, માહે ૯મો રમજાન, સને ૧૪૪૭
- નક્ષત્ર ચિત્રા સવારે ક. ૧૧-૧૫ સુધી, પછી સ્વાતિ
- ચંદ્ર તુલામાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ તુલા (ર, ત)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૫૫, અમદાવાદ ક. ૦૬ મિ. ૫૮, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૪૪, અમદાવાદ ક. ૧૮ મિ. ૪૪, સ્ટા. ટા.
- - : મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
- ભરતીઃ બપોરે ક. ૧૪-૨૮, મધ્યરાત્રિ પછી ક. ૦૨-૨૨ (તા. ૮)
- ઓટઃ સવારે ક. ૦૮-૦૮, રાત્રે ક. ૨૦-૧૮
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, ફાલ્ગુન - કૃષ્ણ ચતુર્થી.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, શ્રી સુક્ત-પુરુસુક્ત, શ્રીગણેશ અથર્વશીર્ષમ્ અભિષેક, તુલસીપૂજા, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર પાઠ વાંચન, શનિદેવતાનું પૂજન, મહાબલિ હનુમાનજીનું પૂજન, હનુમાન ચાલીસા, સુંદરકાંડ, બજરંગ બાણ વાંચન, વિશેષરૂપે મંગળ દેવતાનું પૂજન, બિલીનું વૃક્ષ વાવવું, તર્પણ શ્રાદ્ધ, સર્વશાંતિ પૂજા.
- આચમનઃ સૂર્ય-બુધ યુતિ ગણતરીબાજ, શુક્ર-નેપ્ચૂન યુતિ અસ્થિર સ્વભાવના, ચંદ્ર-મંગળ ત્રિકોણ પ્રવૃત્તિપ્રિય, ચંદ્ર-રાહુ ત્રિકોણ કામમાં વ્યસ્ત રહે.
- ખગોળ જ્યોતિષઃ સૂર્ય-બુધ યુતિ, શુક્ર-નેપ્ચૂન યુતિ, ચંદ્ર-મંગળ ત્રિકોણ, ચંદ્ર-રાહુ ત્રિકોણ (તા. ૮)
- ગ્રહગોચરઃ સૂર્ય-કુંભ, મંગળ-કુંભ, વક્રી બુધ-કુંભ (બુધ અસ્ત) વક્રી ગુરુ-મિથુન, શુક્ર-મીન, (શુક્ર પશ્ચિમમાં દેખાશે) માર્ગી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચૂન-મીન, માર્ગી પ્લુટો-મકર.

# એમબીબીએસ અનુજ અગ્નિહોત્રી યુપીએસસીમાં દેશમાં નંબર વન



નવી દિલ્હીઃ એમબીબીએસ ગ્રેજ્યુએટ અનુજ અગ્નિહોત્રીએ સિવિલ સર્વિસીસ પરીક્ષા ૨૦૨૫ માં ટોપ કર્યું છે, જેના પરિણામો શુક્રવારે યુનિયન પબ્લિક સર્વિસ કમિશન (યુપીએસસી) દ્વારા જાહેર કરવામાં આવ્યા હતા. રાજેશ્વરી સુવે એમ. અને આકાંશ ધુલે અનુક્રમે બીજો અને ત્રીજો ક્રમ મેળવ્યો છે.

અગ્નિહોત્રીએ મેડિકલ સાયન્સને તેમના વૈકલ્પિક વિષય તરીકે રાખીને આ પરીક્ષા પાસ કરી છે. તેમણે ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સ (એઈમ્સ), જોધપુર, રાજસ્થાનથી એમબીબીએસનો અભ્યાસ કર્યો છે.

ટોપ રેન્ક સાથે પાસ થતા હવે અનુજ ઝઝુઝઈની તૈયારી કરતા દેશના લાખો-કરોડો યુવાનો માટે પ્રેરણાસ્રોત બન્યા છે. દેશની સૌથી પ્રતિષ્ઠિત પરીક્ષાઓ પૈકી યુપીએસસીને ઉત્તમ પરીક્ષા માનવામાં આવે છે.

અનુજ અગ્નિહોત્રી મૂળ તે રાજસ્થાનના રાવતભાટાનો રહેવાસી છે. ગ્રેજ્યુએશન જોધપુરથી પૂર્ણ કર્યા બાદ સિવિલ સર્વિસીસમાં જોડાવવા માટે આ પરીક્ષાની તૈયારીઓ કરી હતી. જોકે, એઇમ્સમાંથી એમબીબીએસ કર્યુ અને વર્ષ ૨૦૨૩માં આ પરીક્ષાની તૈયારીઓ શરૂ કરી હતી. દિલ્હીમાં જઉખ તરીકે પોસ્ટિંગ મળ્યા બાદ પણ સારા રેન્ક માટે પ્રયાસ ચાલુ રાખ્યા હતા. ત્રીજા પ્રયાસમાં તેમણે ટોપ રેન્ક પ્રાપ્ત કર્યો.

# જૂની વૈશ્વિક વ્યવસ્થા હવે બદલાઈ રહી છેઃ રાજનાથ

કોલકાતાઃ ભારતના સંરક્ષણ પ્રધાન રાજનાથસિંહે મિડલ-ઈસ્ટમાં સતત વધી રહેલા સંઘર્ષ અંગે ચિંતા વ્યકત કરી છે. તેમણે કહ્યું હતું કે પરિસ્થિતિ અત્યંત ગંભીર છે. તેમજ તે કઈ દિશામાં જશે તેનું અનુમાન લગાવવું મુશ્કેલ છે. તેમણે ચિંતા વ્યકત કરી છે કે હોર્મુઝ સ્ટ્રેઇટમાં કોઈપણ અવરોધ વૈશ્વિક અર્થતંત્ર, ક્રૂડ ઓઈલ અને ગેસ સપ્લાય ચેઇનને નુકસાન પહોંચાડી શકે છે.

કોલકાતામાં એક કાર્યક્રમ દરમિયાન, સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે મધ્ય-પૂર્વમાં ચાલી રહેલા તણાવ પર ઊંડી ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું હતું કે સંઘર્ષની વર્તમાન પરિસ્થિતિ ખૂબ જ જટિલ છે. જે રીતે ઘણા દેશો એકબીજા પર હુમલો કરી રહ્યા છે તે ખરેખર દરેક માટે ચિંતાનો વિષય છે. તેમણે કહ્યું કે આજે જૂના વિચારો બદલાઈ રહ્યા છે, જૂની વૈશ્વિક વ્યવસ્થા અને જૂની માન્યતાઓ ઝડપથી બદલાઈ રહી છે. આપણે આ અનિશ્ચિતતાઓને સમજવી જોઈએ. તેમણે કહ્યું હતું કે પહેલા સમુદ્રને ફક્ત વેપારનું સાધન માનવામાં આવતું હતું, પરંતુ આજે તે વ્યૂહાત્મક પ્રભુત્વનું કેન્દ્ર બની ગયું છે. વૈશ્વિક સ્તરે પરિવર્તન આવી રહ્યું છે અને વૈશ્વિક વ્યવસ્થાઓ અને માન્યતાઓ તૂટી રહી છે.

# નેપાળની ચૂંટણીમાં જેન ઝીની બોલબાલાઃ રેપર બાલેન્દ્ર શાહ આગળ

કાઠમંડુઃ ભૂતપૂર્વ રેપર બાલેન્દ્ર શાહે રચેલી રાષ્ટ્રીય સ્વતંત્ર પાર્ટી (આરએસપી) શુક્રવારે શરૂઆતની મતગણતરીમાં આગળ હતી. જેન ઝીના દેખાવોએ કે. પી. શર્મા ઓલીની આગેવાની હેઠળની ગઠબંધન સરકારને ઊથલાવી દીધી હતી. ગુરુવાર રાતથી જ મતગણતરી ચાલુ થઈ હતી. શુક્રવારે સવારે ગણતરી ચાલુ હતી એ ૧૬૫ બેઠકમાંથી ત્રણ બેઠક જીતી હતી અને ૧૦૪માં તે આગળ છે. આરએસપીની સ્થાપના ૨૦૨૨માં થઈ હતી. પ્રચાર દરમિયાન આ પક્ષને જોરદાર ટેકો મળ્યો હતો. શાહ વડા પ્રધાનપદ માટેના મજબૂત દાવેદાર છે. નેપાળી કૉંગ્રેસના પ્રમુખ ગગન થાપાને પક્ષના વડા પ્રધાનપદના ઉમેદવાર જાહેર કરાયા છે. સીપીએન તરફથી ઓલીને વડા પ્રધાનના ચહેરા બનાવવામાં આવ્યા છે. યુવાનોના દેખાવે ઓલી અને થાપાની ગઠબંધન સરકારને ઊથલાવી હતી.

પદભ્રષ્ટ કરાયેલા ઓલીની કમ્યુનિસ્ટ પાર્ટી ઑફ નેપાળ (યુનાઈટેડ એમ-એલ) પાંચ સીટમાં આગળ હતી. આરએસપીએ કાઠમંડુની દસે દસ બેઠક કાં તો જીતી હતી અથવા તો એમાં આગળ હતી. ગગન થાપાની આગેવાની હેઠળનો સૌથી જૂનો પક્ષ નેપાળી કૉંગ્રેસ ચાર સીટમાં આગળ હતો અને ત્રીજા સ્થાને હતો. નેપાળના ભૂતપૂર્વ વડા પ્રધાન પુષ્પકમળ દહલ 'પ્રચંડ'ની આગેવાની હેઠળની નેપાળ કમ્યુનિસ્ટ પાર્ટી બે બેઠકમાં આગળ છે. રાજાશાહીની હિમાયત કરતી રાષ્ટ્રીય પ્રજાતંત્ર પાર્ટી એક બેઠકમાં આગળ હતી. આરએસપીએ કાઠમંડુ એક, કાઠમંડુ સાત અને કાઠમંડુ આઠની બેઠક જીતી હતી. બિરજ ભક્ત શ્રેષ્ઠે કાઠમંડુ આઠમાંથી, રંજુ દર્શને કાઠમંડુ-એકમાંથી અને ગણેશ પરાજુલી કાઠમંડુ સાતમાંથી વિજયી થયા હતા. (એજન્સી)

# ભારતના કૃષિ ઉત્પાદનોને નિકાસલક્ષી બનાવોઃ મોદી

નવી દિલ્હીઃ ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ખેડૂતોને ભારતના વિવિધતા ધરાવતા હવામાનનો લેવરેજ તરીકે ઉપયોગ કરીને ઉત્પાદન અને નિકાસ ક્ષમતા વધારવાનું તથા દેશના કૃષિ પેદાશોને વૈશ્વિક રીતે સ્પર્ધાત્મક બનાવવા ઊંચા મૂલ્યવાળા પાકનું ઉત્પાદન વધારવા જણાવ્યું હતું.

બજેટ પછીના 'કૃષિ અને ગ્રામીણ પરિવર્તન'ના વેબિનારને સંબોધતા મોદીએ કહ્યું હતું કે વૈશ્વિક ગુણવત્તા અને બ્રાન્ડિંગ સ્ટાન્ડર્ડ મેળવવા નિષ્ણાતો, ઉદ્યોગ અને ખેડૂતોએ સંગઠિત અભિગમ અપનાવવો જોઈએ. તેમણે વૈશ્વિક બજાર સાથે સ્થાનિક ખેડૂતને જોડવાના સ્પષ્ટ લક્ષ્ય બનાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

તેમણે જણાવ્યું હતું કે આજે વિશ્વની બજારો ખુલ્લી થઈ રહી છે અને વૈશ્વિક માગ બદલાઈ રહી છે. આપણી કૃષિ પેદાશને નિકાસલક્ષી બનાવવા વધુ સંવાદ થવો જોઈએ. આપણે ત્યાં વિવિધતા ધરાવતું હવામાન છે એનો ફાયદો ખેડૂતોએ ઉપાડવો જોઈએ. આપણે એગ્રો ક્લાઈમેટ ઝોનમાં સમૃદ્ધ છીએ.

૨૦૨૬-૨૭ના બજેટમાં ઊંચા મૂલ્યવાળા પાક જેવા કે કાજુ, કોકો, ચંદન, વગેરે પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. નેશનલ મીશન ફોર એડિબલ ઑઈલ અને નેશનલ મિશન ફોર ફાર્મિંગ કૃષિ ક્ષેત્રને મજબૂત બનાવી રહ્યા છે. (એજન્સી)

# ૧૩ વર્ષની છોકરીનું ટ્રમ્પે જાતીય શોષણ કર્યું હતુંઃ એપસ્ટીન ફાઇલ્સ

વોશિંગ્ટનઃ જાતીય અપરાધોના ગુનેગાર જેફ્રી એપસ્ટીન સાથે નજીકના સંબંધને કારણે અમેરિકી પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પની ટીકા થઇ રહી છે. અમેરિકાના જસ્ટિસ ડિપાર્ટમેન્ટે વધુ કેટલીક એપસ્ટીન ફાઈલ જાહેર કરી છે. એફબીઆઈની તપાસ દરમિયાન પીડિત મહિલાનું એક ઇન્ટરવ્યૂ જાહેર કરવામ આવ્યું છે, જેમાં તે જણાવી રહી છે કે પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે તેનું જાતીય શોષણ કર્યુ હતું. આ ફાઈલ અગાઉ જાહેર કરવામાં આવી ન હતી, આ અંગે જસ્ટિસ ડિપાર્ટમેન્ટે સ્પષ્ટતા કરતા જણાવ્યું કે આ અગાઉ આ ફાઈલને ભૂલથી ડુપ્લિકેટિવ તરીકે માર્ક કરવામાં આવી હતી.

ડેમોક્રેટિક પક્ષના સાંસદો ટ્રમ્પ વહીવટીતંત્ર દ્વારા એપસ્ટીન ફાઇલને કેવી રીતે મેનેજ કરી રહ્યું છે, તેના પર દેખરેખ રાખી રહ્યા છે.

ગુરુવારે જે ડોક્યુમેન્ટ્સ જાહેર કરવામાં આવ્યા તેમાં વર્ષ ૨૦૧૯ માં એફબીઆઈએ લીધેલા કેટલીક મહિલા ઇન્ટરવ્યૂ પણ જાહેર કરવામાં આવ્યા. એક મહિલા એ આરોપ લગાવ્યો કે જ્યારે તે ૧૩ થી ૧૫ વર્ષની હતી ત્યારે એપ્સટીન અને ટ્રમ્પ બંનેએ તેનું જાતીય શોષણ અટક્યું હતું.

એક ઈન્ટરવ્યૂમાં મહિલાએ જણાવ્યું હતું કે એપ્સટીને તેને ન્યૂ યોર્ક કે ન્યુ જર્સી લઈ ગયો અને ટ્રમ્પ સાથે ઓળખાણ કરાવી. મહિલાએ એફબીઆઈને જણાવ્યું હતું કે જ્યારે ટ્રમ્પે તેના પર ઓરલ સેક્સ કરવા દબાણ કર્યું હતું. મહિલાએ કહ્યું કે તેને અને તેના નજીકના લોકોને વર્ષોથી ધમકીભર્યા ફોન આવતા રહ્યા, તેમને ધમકી આપવામાં આવી કે આ ઘટના વિષે તેઓ કોઈને જાણ ના કરે.

# સંસદના ગેટ પાસે કાર ધીમી કરજો નહીં તો...: સાંસદોને વૉર્નિંગ

નવી દિલ્હીઃ સોમવારે સંસદનું બજેટ સત્ર ફરી શરૂ થઈ રહ્યું છે ત્યારે સાંસદો માટે એક નવી એડવાઈઝરી જાહેર કરવામાં આવી છે કે તેઓ પોતાની કારની સ્પીડ ૧૦ કિ.મી. પ્રતિ કલાક સુધી મર્યાદિત રાખે જેથી સંસદના પ્રવેશદ્વાર પર લગાવવામાં આવેલા સુરક્ષા ડિવાઈસ એક્ટિવ થાય નહીં. જેનાથી કારને નુકસાન ન થાય અને કારની અંદર બેસેલા લોકોને ઈજા પહોંચે નહીં.

સંસદની સિક્યોરિટી સર્વિસે પાર્લામેન્ટ એસ્ટેટની અંદર સિક્યોરિટી ગેજેટ્સના ઓપરેશન માટે ગાઈડલાઈન જાહેર કરી છે. જેમાં ચેતવણી આપવામાં આવી છે કે ગાડીની ઝડપ ૧૦ કિ.મી. પ્રતિ કલાકથી વધુ હોવી જોઈએ નહીં જ્યાં સુધી તે લોખંડના દરવાજા પર અંતિમ સિક્યોરિટી ડિવાઈસ પાર ના કરી લે. આ ગેજેટ ઈમર્જન્સીની સ્થિતિમાં તરત એક્ટિવેટ થવા માટે ડિઝાઈન કરવામાં આવ્યા છે.

તેમાં ચેતવણી આપવામાં આવી છે કે જો વાહનોની ગતિ ૧૦ કિ.મી. પ્રતિ કલાકની ગતિ મર્યાદા કરતાં વધી જાય તો વાહન ચલાવનાર વ્યક્તિ માટે વાહનને સુરક્ષિત રીતે રોકવું મુશ્કેલ બની શકે છે. 'ટાયર કિલર્સ' અને 'રોડ બ્લોકર્સ' સામે ટકરાવાથી કારને ગંભીર નુકસાન થઈ શકે છે અને તેમાં બેસેલા મુસાફરોને ઇજા પહોંચી શકે છે. એડવાઈઝરીમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે 'બૂમ બેરિયર' પાર કરતી વખતે બે વાહનો વચ્ચે ઓછામાં ઓછું પાંચ ફૂટનું અંતર જાળવવું જોઈએ કારણ કે સિસ્ટમ એક સમયે ફક્ત એક જ વાહનને મંજૂરી આપે છે.

# રિલાયન્સ પાવર સાથે જોડાયેલી કંપનીઓ પર ઇડીએ પાડ્યા દરોડા

નવી દિલ્હીઃ એન્ફોર્સમેન્ટ ડિરકટરેટ (ઈડી) એ અનિલ અંબાણીની રિલાયન્સ પાવર અને તેની સાથે જોડાયેલી કંપનીઓના પરિસરમાં મોટા પાયે દરોડા પાડ્યા હતા. સૂત્રોના જણાવ્યા અનુસાર, ઈડીની ૧૫ ટીમોએ એકસાથે મુંબઈમાં ૧૦ થી ૧૨ સ્થળોએ દરોડા પાડ્યા હતા. બેન્ક છેતરપિંડી અને મની લોન્ડરિંગ સંબંધિત જૂના કેસોની વધુ તપાસ કરવા માટે આ કાર્યવાહી કરવામાં આવી હતી.

જોકે રિલાયન્સ પાવરે એ વાતનો ઇનકાર કર્યો હતો કે ફેડરલ તપાસ એજન્સીએ તેની કોઈપણ ઓફિસ કે પરિસરમાં દરોડા પાડ્યા નથી. અધિકારીઓએ જણાવ્યું હતું કે મુંબઈ અને હૈદરાબાદમાં તેમની કંપની અને તેના અધિકારીઓ સાથે જોડાયેલા લગભગ ૧૦-૧૨ સ્થળોની તપાસ કરવામાં આવી રહી છે. એજન્સીની લગભગ ૧૫ ટીમો કાર્યવાહી કરી રહી છે.રિલાયન્સ પાવરે સ્ટોક એક્સચેન્જને આપેલા એક નિવેદનમાં જણાવ્યું હતું કે જ્યાં સુધી અમારી પાસે જાણકારી છે કે કંપનીની કોઈપણ ઓફિસ કે પરિસરમાં આવી કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી.

ઈડી અનિલ અંબાણી સાથે જોડાયેલી અનેક કંપનીઓની તપાસ ફોરેન એક્સચેન્જ મેનેજમેન્ટ એક્ટ (ફેમા) હેઠળ નાણાકીય અનિયમિતતાઓ ઉપરાંત કથિત બેન્ક છેતરપિંડી સાથે જોડાયેલા મની લોન્ડરિંગ કેસમાં તપાસ કરી રહી છે. આ તપાસના ભાગરૂપે ૬૬ વર્ષીય અંબાણીની ઈડીએ મની લોન્ડરિંગ વિરોધી કાયદા હેઠળ બે વાર પૂછપરછ કરવામાં આવી છે. સુપ્રીમ કોર્ટના નિર્દેશો પર ઈડીએ અંબાણીની ગ્રૂપ કંપનીઓ સામેના કેસોની તપાસ માટે એક ખાસ તપાસ ટીમની રચના કરી છે.

## પહેલા પાનાનું ચાલુ

### ક્રૂડે સેન્સેક્સને

રૂ. ૪.૫૦ લાખ કરોડનું ધોવાણ નોંધાયું હતું.

નોંધવું રહ્યું કે, બે દિવસમાં રોકાણકારોની સંપત્તિમાં રૂ. ૧૬.૩૨ લાખ કરોડનું ધોવાણ નોંધાયું છે. યુદ્ધ લાંબું ચાલશે અને તેને કારણે ઓઇલના ભાવ સતત વધતા રહેશે તો તેની વૈશ્વિક અર્થતંત્ર પર મોટી નકારાત્મક અસર પડશે, એવી અટકળોએ વિશ્વભરના ઇક્વિટી બજારોને ડહોળી નાંખ્યા હતા.

ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક, બ્રેન્ટ ક્રૂડ ૨.૫૩ ટકા વધીને ૮૭.૫૭ ડોલર પ્રતિ બેરલ બોલાયું છે અને જો યુદ્ધ વકરશે તો ૧૫૦ ડોલર સુધી પહોંચી શકે એવો ભય કતારના પ્રધાને વ્યક્ત કરી છે. ક્રૂડના ભાવમાં સતત વધારો ભારતના ચાલુ ખાતાની ખાધમાં વધારો થશે અને આરબીઆઇના વલણ પર પ્રતિકૂળ અસર થશે.

મિડલ ઇસ્ટના લશ્કરી અથડામણના સાતમા દિવસે સેન્સેક્સ અને નિફ્ટીમાં એક ટકાથી મોટો કડાકો નોંધાયો હતો. યુએસ ઇક્વિટીમાં નબળાઈ, યુરોપિયન બજારોમાં નબળા વલણ અને એફઆઇઆઇની એકધારી વેચવાલીની નકારાત્મક અસરે સ્થાનિક બજારમાં વ્યાપક વેચવાલી જોવા મળી હતી.

### ખેડૂતોને લહાણી

સમાવેશીતા અને સુશાસન - પર આધારિત છે અને ૧૬ મુખ્ય ક્ષેત્રોમાં પહેલની રૂપરેખા આપે છે.

સરકારે ૨૦૪૭ સુધીમાં પાંચ ટ્રિલિયન ડોલરની રાજ્ય અર્થવ્યવસ્થા બનાવવાની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો, જેમાં માળખાગત સુવિધાઓ, કૃષિ, ટેકનોલોજી અને સામાજિક ક્ષેત્રોમાં રોકાણ રોડમેપનો મુખ્ય ભાગ બનશે.

મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે રાયગઢ જિલ્લામાં અટલ સેતુ વિસ્તારની આસપાસ ત્રીજું મુંબઈ વિકસાવવામાં આવશે. પાલઘર જિલ્લામાં વાઢવણ બંદર નજીક ચોથું મુંબઈ બનાવવાની યોજના છે.

ફડણવીસે જણાવ્યું હતું કે બજેટમાં 'વિકસિત મહારાષ્ટ્ર ૨૦૪૭' હેઠળ ૨૦ વર્ષમાં રાજ્યને પાંચ ટ્રિલિયન ડોલરની અર્થવ્યવસ્થામાં પરિવર્તિત કરવાના લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે એક રોડમેપ રજૂ કરવામાં આવ્યો છે.

મુંબઈ અને અમદાવાદ વચ્ચે નિર્માણાધીન હાઈ-સ્પીડ રેલ કોરિડોરનો લાભ લેવા માટે તેમણે વિરાર, બોઈસર અને થાણે બુલેટ ટ્રેન સ્ટેશનોની આસપાસ વિકાસની યોજનાની જાહેરાત કરી.

બજેટનું મુખ્ય આકર્ષણ પાત્ર ખેડૂતો માટે લોન માફી યોજનાની જાહેરાત હતી, જેમાં ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૫ સુધી બાકી રહેલા બે લાખ રૂપિયા સુધીના પાક લોન માફ કરવામાં આવશે.

પુણ્યશ્લોક અહિલ્યાદેવી હોળકર શેતકરી કરજમાફી યોજનામાં નિયમિતપણે લોન ચૂકવનારા ખેડૂતો માટે ૫૦,૦૦૦ રૂપિયા સુધીના પ્રોત્સાહનોનો પણ સમાવેશ થાય છે.

ફડણવીસે જાન્યુઆરીમાં વિમાન દુર્ઘટનામાં મૃત્યુ પામેલા રાજ્યના ભૂતપૂર્વ નાણાં પ્રધાન અજિત પવારને પ્રેમથી યાદ કર્યા. સ્વર્ગસ્થ એનસીપીના નેતા માટે એક યોગ્ય સ્મારક બનાવવામાં આવશે અને તેમના નામે એક એવોર્ડ પણ શરૂ કરવામાં આવશે, એમ ફડણવીસે જણાવ્યું હતું. પવારના મૃત્યુ પછી, ફડણવીસ નાણાં મંત્રાલયનો હવાલો સંભાળી રહ્યા છે.

ખેડૂતોને રાહત આપવા ઉપરાંત, બજેટમાં સિંચાઈ પ્રોજેક્ટ્સ, મહિલા સશક્તિકરણ, યુવા વિકાસ અને સામાજિક કલ્યાણ યોજનાઓને મજબૂત બનાવવા સંબંધિત દરખાસ્તો રજૂ કરવામાં આવી છે.

સિંચાઈ અને પાણી વ્યવસ્થાપન હેઠળ, અનેક મુખ્ય નદી-જોડાણ પ્રોજેક્ટ્સ પ્રસ્તાવિત કરવામાં આવ્યા છે, જેમાં ૯૪,૯૬૮ કરોડ રૂપિયાનો વૈનગંગા-નળગંગા પ્રોજેક્ટ અને ૧૩,૪૯૭ કરોડ રૂપિયાનો દમણગંગા-વૈતરણા-ગોદાવરીનો સમાવેશ થાય છે.

રાજ્ય સરકાર વિશ્વ બેંકના સમર્થનથી ૫,૮૬૦ કરોડ રૂપિયાના શહેરી પાણી પુરવઠા અને ગંદા પાણીના વ્યવસ્થાપન માટે પ્રોજેક્ટ્સ શરૂ કરવાની યોજના ધરાવે છે.

યુવા અને શિક્ષણ ક્ષેત્રમાં, સરકાર નવી મુંબઈમાં આંતરરાષ્ટ્રીય યુનિવર્સિટીઓ સ્થાપિત કરવાની અને ૮ થી ૧૦ શૈક્ષણિક શહેરો વિકસાવવાની યોજના ધરાવે છે. તેણે સ્ટાર્ટ-અપ્સને પ્રોત્સાહન આપવા માટે પહેલની જાહેરાત કરી, જેમાં આગામી પાંચ વર્ષમાં ૧.૨૫ લાખ ઉદ્યોગસાહસિકો બનાવવા અને ૫૦,૦૦૦ પ્રારંભિક તબક્કાના સાહસોને ટેકો આપવાનો લક્ષ્યાંક છે.

બજેટમાં ૧૨ શાખાઓ માટે ઉચ્ચ પ્રદર્શન રમતગમત કેન્દ્રો અને વિભાગો અને જિલ્લાઓમાં રમતગમત શ્રેષ્ઠતા કેન્દ્રોની સ્થાપનાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે.

છત્રપતિ શિવાજી મહારાજ સાથે જોડાયેલા ૧૨ કિલ્લાઓનું સંરક્ષણ અને મુખ્ય યાત્રાધામો અને પર્યટન સર્કિટના વિકાસ સહિત અનેક વારસા અને પર્યટન વિકાસ પ્રોજેક્ટ્સનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો હતો.

# આસામમાં સુખોઈ-૩૦ ક્રેશ, બે પાઈલટ થયા શહીદ

ગુવાહાટીઃ આસામના જોરહાટ એરબેઝ પરથી ટેક-ઓફ્ફ કર્યાની થોડી મિનિટો બાદ ભારતીય વાયુસેનાના એસયુ-૩૦એમકેઆઈ ફાઇટર જેટ સાથે સંપર્ક ગુરુવારે તૂટી ગયો હતો અને આ આ ફાઈટર જેટનો કાટમાળ ગઈ કાલે આસામના કાર્બી આંગલોંગ જિલ્લામાંથી મળ્યો હતો. એરફોર્સનું સુખોઈ વિમાન ક્રેશ થતાં બે પાઇલટ શહીદ થયા છે.

ભારતીય વાયુ સેનાએ સ્ક્વોડ્રન લીડર અનુજ અને ફ્લાઇટ લેફ્ટનન્ટ પૂર્વેશ દુરાગકર શહીદ થયા હોવાની પુષ્ટિ કરી છે. ભારતીય વાયુસેનાએ એક નિવેદન જાહેર કરીને જણાવ્યું, ''ભારતીય હવાઈ દળનું એસ-૩૦ દુર્ઘટનાગ્રસ્ત થતાં ઇજા પામેલા સ્ક્વોડ્રન લીડર અનુજ અને ફ્લાઈટ લેફ્ટનન્ટ પૂર્વેશ દુરાગકર શહીદ થયા છે. એરફોર્સના તમામ કર્મચારીઓ આ દુઃખના સમયમાં શોકગ્રસ્ત પરિવાર પ્રત્યે સંવેદના વ્યક્ત કરે છે.

સુખોઈ-૩૦એમકેઆઈ જેટે ગુરુવારે સાંજે તાલીમ મિશન હેઠળ જોરહાટ એરબેઝ પરથી ટેક-ઓફ્ફ કર્યું હતું, થોડી મિનિટો બાદ સાંજે ૭.૪૨ વાગ્યે ગ્રાઉન્ડ કંટ્રોલ સાથે તેનો સંપર્ક તૂટી ગયો હતો. ત્યાર બાદ સર્ચ એન્ડ રેસ્ક્યુ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું.

સર્ચ ઓપરેશન દરમિયાન જાણવા મળ્યું કે ફાઈટર જેટ જોરહઊટથી લગભગ ૬૦ કિલોમીટર દૂર કાર્બી આંગલોંગ જિલ્લામાં ક્રેશ થયું હતું. સ્થાનિકો એ જણાવ્યું કે તેમને પહાડી વિસ્તારમાં એક જોરદાર વિસ્ફોટ સંભળાયો હતો, ક્રેશ સાઈટના કેટલાક ફોટોગ્રાફ્સ પણ સોશ્યલ મીડિયા પર શેર કરવામાં આવ્યા હતાં.

ટૂ સીટર મલ્ટીરોલ લોંગ રેંજ ફાઇટર જેટ એસયુ-૩૦એમકેઆઈ, રશિયાની સુખોઈ કંપની દ્વારા વિકસાવવામાં આવ્યું છે, હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડએ ભારતીય વાયુ સેના માટે આ ફાઈટર જેટ બનાવ્યા હતાં. ભારતીય વાયુસેના પાસે ૨૬૦ થી વધુ એસયુ-૩૦એમકેઆઈ છે. ■

# ક્રૂડ ૧૫૦ ડૉલરે પહોંચી શકે છેઃ કતાર

## નેચરલ ગૅસની કિંમત પણ આકાશને આંબશેઃ યુદ્ધને લીધે ઑઈલ, ગૅસની નિકાસ ગલ્ફના દેશોમાંથી બંધ થવાની શક્યતા

દુબઇઃ કતારના ઊર્જા પ્રધાને પશ્ચિમ એશિયાના દેશોમાંના યુદ્ધને પગલે ખનિજ તેલનો ભાવ થોડા સમયમાં વધીને બૅરલ દીઠ ૧૫૦ ડૉલર થવાનો ભય વ્યક્ત કર્યો હતો. આ ઉપરાંત, નેચરલ ગૅસ પણ બહુ મોંઘો થઇ જવાની શક્યતા છે. ક્રૂડ ઑઇલ અને નેચરલ ગૅસની અછત અને ઊંચા ભાવની માઠી અસર અનેક દેશની જીડીપી પર પડશે. કતાર એનર્જીના ચીફ એક્ઝિક્યૂટિવ સાદ અલ-કાબીએ જણાવ્યું હતું કે ઇરાને રાસ લફ્ફાનમાંના લિક્વિફાઇડ નેચરલ ગૅસના મથક પર ડ્રોનથી હુમલા કર્યા હતા. તેમણે અખાતના દેશોમાંથી ક્રૂડ ઑઇલ અને નેચરલ ગૅસની નિકાસ ટૂંક સમયમાં બહુ જ ઘટી જવાની ભીતિ વ્યક્ત કરી હતી. તેમણે ચેતવણી આપી હતી કે જો યુદ્ધ હજી થોડા વધુ દિવસ ચાલુ રહેશે, તો અખાતના અનેક દેશને ખનિજ તેલની નિકાસ બંધ કરવાની ફરજ પડશે. કતારમાં ગૅસ અને ઑઇલ મથકોને વ્યાપક નુકસાન થયું છે. હવે યુદ્ધ બંધ થશે, તે પછી પણ ગૅસ અને તેલની નિકાસ સામાન્ય રીતે શરૂ કરતા ઘણો સમય લાગશે. ■

જૂનું તે સોનું
50 વર્ષથી વિશ્વસનીય !
ધૌતી યોગ®
પાવડર અને ગોળીઓ
આજે જ રાત્રે લો, સવારે OK!
ડૉ. અભિજીત 9422011723

# રશિયા પાસેથી વધુ એક મહિનો ઓઈલ ખરીદોઃ અમેરિકાની ભારતને 'પરવાનગી'

વોશિંગ્ટનઃ પશ્ચિમ એશિયામાં શરૂ થયેલા યુદ્ધને કારણે ભારતની પેટ્રોલિયમ આયાતને માઠી અસર પહોંચી છે, એવામાં અમેરિકા ભારતને રાહત આપી છે. અમેરિકાએ શુક્રવારે જણાવ્યું હતું કે રશિયન પેટ્રોલિયમ ખરીદવાનું બંધ કરવા ભારતને વધુ ૩૦ દિવસની કામચલાઉ છૂટ આપવામાં આવી રહી છે. નોંધનીય છે કે ટ્રમ્પે પ્રમુખપદ સાંભળ્યા બાદ અમેરિકા રશિયા પાસેથી પેટ્રોલિયમની ખરીદી બંધ કરવા ભારત પર દબાણ કરતુ આવ્યું છે. ટ્રમ્પ સતત આરોપ લગાવતા આવ્યા છે કે ભારતને પેટ્રોલિયમ વેચીને મળતા નાણાનો ઉપયોગ રશિયા યુક્રેન સામેના યુદ્ધ માટે કરી રહ્યું છે. અમેરિકાના નાણા પ્રધાન સ્કોટ બેસેન્ટએ સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર એક પોસ્ટ કરીને જણાવ્યું કે ભારતને આ છૂટ આપવાથી રશિયાને નાણાકીય લાભ નહીં થાય, કેમ કે હાલ પશ્ચિમ એશિયા યુદ્ધને કારણે ફક્ત સમુદ્રમાં પહેલાથી જ ફસાયેલા ઓઈલ ટેન્કર માટે જ ટ્રાન્ઝેક્શન કરવાની મંજૂરી આપવામાં આવી છે. એક અહેવાલમાં જણાવાયું છે કે ગયા અઠવાડિયા સુધીમાં ૯૫ લાખ બેરલ રશિયન પેટ્રોલિયમ સાથેના ટેન્કર જહાજો એશિયન દરિયાઈ ક્ષેત્રોમાં હતાં. યુએસ તરફથી ફક્ત પાંચમી માર્ચ પહેલા લોડ કરવામાં આવેલા જહાજો પર લાગુ પડે છે, આ છૂટ વોશિંગ્ટન સમય અનુસાર ચોથી એપ્રિલ ૧૨:૦૧ વાગ્યે સમાપ્ત થાય છે.

અમેરિકી નાણા પ્રધાને જણાવ્યું હતું કે વૈશ્વિક દબાણને દૂર કરવા માટે ભારતને કામચલાઉ છૂટ આપવામાં આવી છે. તેમણે એક્સ પર લખ્યું હતું કે, ભારત અમેરિકાનો એક આવશ્યક ભાગીદાર છે, અને અમને આશા છે કે નવી દિલ્હી અમેરિકા પાસેથી પેટ્રોલિયમની ખરીદીમાં વધારો કરશે. ■

# કર્ણાટકમાં ૧૬ વર્ષથી નીચેનાઓના સોશ્યલ મીડિયા ઉપયોગ પર બંધી

બેંગ્લુરુઃ સોશ્યલ મીડિયાની બાળકો પર પડી રહેલી અસરને કારણે વાલીઓ ચિંતામાં રહેતા હોય છે, એવામાં કર્ણાટક સરકારે એક મહત્ત્વની જાહેરાત કરી છે. મુખ્ય પ્રધાન સિદ્ધારમૈયાએ શુક્રવારે જાહેરાત કરી કે રાજ્યમાં ૧૬ વર્ષથી ઓછી ઉંમરના બાળકો માટે સોશ્યલ મીડિયા ઍક્સેસ પર પ્રતિબંધ મૂકવામાં આવશે, તેમણે જણાવ્યું કે મોબાઇલના વધતા ઉપયોગને કારણે બાળકો પર પડી રહેલી પ્રતિકૂળ અસરને રોકવા માટે આ પ્રતિબંધો લાગુ કરવામાં આવશે.

જોકે મોટા ભાગના માતા-પિતાઓએ આ પ્રતિબંધને આવકાર્યો હતો પણ આના અમલમાંની વ્યવહારું મુશ્કેલીઓ પ્રત્યે ધ્યાન ખેંચ્યું હતું.

નોંધનીય છે મોબાઈલ ફોનના વધુ પડતા ઉપયોગને કારણે બાળકોના માનસિક સ્વાસ્થ્ય પર ગંભીર અસર પડી રહી છે, બાળકોમાં ઓછી ઊંઘ, સ્ટ્રેસ, ડિપ્રેશન, ચીડિયાપણું વગેરે જેવી સમસ્યા જોવા મળી છે, જો આ પ્રતિબંધ લાગુ થશે તો કર્ણાટક બાળકો માટે સોશ્યલ મીડિયાના ઉપયોગને પ્રતિબંધિત લગાવનાર દેશનું પ્રથમ રાજ્ય બનશે.

મુખ્ય પ્રધાન સિદ્ધરમૈયાએ જણાવ્યું હતું કે, મોબાઇલના વધુ પડતા ઉપયોગને કારણે બાળકો પર પ્રતિકૂળ અસરોને રોકવા માટે, ૧૬ વર્ષથી ઓછી ઉંમરના બાળકો માટે રાજ્યમાં સોશ્યલ મીડિયાના ઉપયોગ પર પ્રતિબંધ મૂકવામાં આવશે.

ગત ડિસેમ્બર મહિનામાં ઓસ્ટ્રેલિયાએ ૧૬ વર્ષથી ઓછી ઉંમરના બાળકો માટે સોશ્યલ મીડિયા પર પ્રતિબંધ મૂક્યો હતો. કેટલાક યુરોપિયન દેશોમાં પણ બાળકો માટે સોશ્યલ મીડિયા પર પ્રતિબંધો લાગુ કરવામાં આવ્યો છે, કેટલાક દેશો આ મુદ્દે વિચાર કરી રહ્યા છે. બ્રિટને પણ આ અંગે એક પગલું ભર્યું છે, બ્રિટન સરકારે આ મહીને ૧૬ વર્ષથી ઓછી ઉંમરના બાળકો માટે સોશિયલ મીડિયા ઍક્સેસ પર પ્રતિબંધ મૂકવા અને ગેમિંગ પ્લેટફોર્મ અને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ પર પ્રતિબંધો લાદવા અંગે માતાપિતા અને બાળકોના મંતવ્યો માંગ્યા છે. ■

1 ના 3 કરવાની આવી તક...
ભાગ્યશાળી ને જ મળે છે
ગોવાલીયા ટેંકના પ્રીમિયમ
રિડેવલપમેન્ટ પ્રોજેક્ટમાં મેળવવાનો સુવર્ણ અવસર
- 4 પાર્કિંગ, મેઈન રોડ, કુલ 100 ફૂટ ફ્રંટ ફેસિંગ
- 7 BHK લક્ઝરી ફ્લેટ | 2455 ચોરસ ફૂટ
- બિલ્ડરનો ભાવ (ટેક્સ સાથે) : ₹83,000 (ભાવ ₹75,000 + GST + સ્ટેમ્પ ડ્યૂટી)
- સેલરનો ખાસ ભાવ : ₹56,500
- બિલ્ડર તરફથી મળવાપાત્ર વળતર : ₹23,100
- તમારી નેટ ખરીદ કિંમત (બધા ટેક્સ સહિત) : માત્ર ₹33,400
રસ ધરાવતા વોટ્સએપ પર સંપર્કઃ 99207 02220

# માર્ચના અંત સુધીમાં દેશને નક્સલવાદથી મુક્તિઃ અમિત શાહ

મુંડાલી (ઓડિશા): કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહે શુક્રવારે જણાવ્યું હતું કે દેશ આ મહિનાના અંત સુધીમાં નક્સલવાદનો સફાયો કરવાની નજીક પહોંચી જશે અને સુરક્ષા દળો આંધ્ર પ્રદેશના તિરુપતિથી નેપાળના પશુપતિ સુધી રેડ કૉરિડોર બનાવવાનું સ્વપન જોનારાઓને હરાવી દેશે. કટક જિલ્લાના મુંડાલીમાં સેન્ટ્રલ ઇન્ડસ્ટ્રિયલ સિક્યોરિટી ફોર્સ (સીઆઈએસએફ)ના ૫૭મા સ્થાપના દિવસ નિમિત્તે આયોજિત કાર્યક્રમને સંબોધતા શાહે એમ પણ કહ્યું હતું કે સીઆઈએસએફ મુખ્ય સ્થાપનોને સુરક્ષા પૂરી પાડીને દેશના આર્થિક વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.આજે હું રાષ્ટ્રને ખાતરી આપવા માંગુ છું કે ૩૧ માર્ચ સુધીમાં દેશ નક્સલવાદથી મુક્ત થઈ જશે.આપણા દળો તિરુપતિથી પશુપતિ સુધી રેડ કૉરિડોર બનાવવાનું સ્વપન જોનારાઓને હરાવી દેશે.

અમિત શાહે કહ્યું હતું કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીના દૂરંદેશી નેતૃત્વ હેઠળ દેશના સુરક્ષા દળો માટે દેશમાંથી નક્સલવાદીઓને જડમૂળથી ઉખેડી નાખવા એ એક મોટી સિદ્ધિ હશે.આપણા સુરક્ષા દળો આશા પર ખરા ઊતર્યા છે. દેશ હવે લાલ બળવાખોરોને ખતમ કરવાની નજીક છે.

ગૃહપ્રધાને જણાવ્યું હતું કે, વડા પ્રધાન મોદીના લક્ષ્ય મુજબ, ૨૦૪૭ સુધીમાં 'વિકસિત ભારત'ના લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે દળોએ આંતરિક સુરક્ષા સુનિશ્ચિત કરી છે, જે રાષ્ટ્રના વિકાસ માટે સૌથી મહત્ત્વપૂર્ણ ઘટક છે. સીઆઈએસએફ જળાશયો અને ઉદ્યોગોથી લઈને સંસદ સુધીના મુખ્ય સ્થળોને સુરક્ષા પૂરી પાડી રહ્યું છે તેની નોંધ લેતા શાહે કહ્યું હતું કે, આ દળે દેશના આર્થિક વિકાસ માટે ઉત્પ્રેરકની ભૂમિકા ભજવી છે. કેન્દ્રીય ગૃહપ્રધાને ભાર મૂક્યો કે જ્યારે શાંતિ હોય ત્યારે ઉચ્ચ આર્થિક વિકાસ પ્રાપ્ત થાય છે. આપણા સુરક્ષા કર્મચારીઓએ ઔદ્યોગિક શાંતિ જાળવવા માટે તેમના સંકલ્પોને અસરકારક રીતે અમલમાં મૂક્યા છે. ઓડિશાના મુખ્ય પ્રધાન મોહન ચરણ માઝી, વિધાનસભાના અધ્યક્ષ સુરમા પાઢી, કેન્દ્રીય શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાન, નાયબ મુખ્ય પ્રધાનો કેવી સિંહ. દેવ અને પાર્વતી પરિદા અને કટકના સાંસદ ભર્તૃહરિ મહતાબ આ કાર્યક્રમમાં હાજર હતા. ■

# એમબીબીએસ અનુજ અગ્નિહોત્રી યુપીએસસીમાં દેશમાં નંબર વન

નવી દિલ્હીઃ એમબીબીએસ ગ્રેજ્યુએટ અનુજ અગ્નિહોત્રીએ સિવિલ સર્વિસીસ પરીક્ષા ૨૦૨૫ માં ટોપ કર્યું છે, જેના પરિણામો શુક્રવારે યુનિયન પબ્લિક સર્વિસ કમિશન (યુપીએસસી) દ્વારા જાહેર કરવામાં આવ્યા હતા. રાજેશ્વરી સુવે એમ. અને આકાંશ ધુલે અનુક્રમે બીજો અને ત્રીજો ક્રમ મેળવ્યો છે.

અગ્નિહોત્રીએ મેડિકલ સાયન્સને તેમના વૈકલ્પિક વિષય તરીકે રાખીને આ પરીક્ષા પાસ કરી છે. તેમણે ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સ (એઈમ્સ), જોધપુર, રાજસ્થાનથી એમબીબીએસનો અભ્યાસ કર્યો છે.

ટોપ રેન્ક સાથે પાસ થતા હવે અનુજ ગ્રજ્જીની તૈયારી કરતા દેશના લાખો-કરોડો યુવાનો માટે પ્રેરણાસ્ત્રોત બન્યા છે. દેશની સૌથી પ્રતિષ્ઠિત પરીક્ષાઓ પૈકી યુપીએસસીને ઉત્તમ પરીક્ષા માનવામાં આવે છે.

અનુજ અગ્નિહોત્રી મૂળ તે રાજસ્થાનના રાવતભાટાનો રહેવાસી છે. ગ્રેજ્યુએશન જોધપુરથી પૂર્ણ કર્યા બાદ સિવિલ સર્વિસીસમાં જોડાવવા માટે આ પરીક્ષાની તૈયારીઓ કરી હતી. જોકે, એઇમ્સમાંથી એમબીબીએસ કર્યુ અને વર્ષ ૨૦૨૩માં આ પરીક્ષાની તૈયારીઓ શરૂ કરી હતી. દિલ્હીમાં જઉખ તરીકે પોસ્ટિંગ મળ્યા બાદ પણ સારા રેન્ક માટે પ્રયાસ ચાલુ રાખ્યા હતા. ત્રીજા પ્રયાસમાં તેમણે ટોપ રેન્ક પ્રાપ્ત કર્યો. ■



# સાયન રેલવે ઓવરબ્રિજની ડેડલાઈન ફરી લંબાઈ, બ્રિજ હવે ચાલુ વર્ષે ઑગસ્ટમાં ખુલ્લો મુકાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સાયન પૂર્વ અને પશ્ચિમને જોડનારો રેલવે ઓવરબ્રિજ (આરઓબી)ને પૂર્ણ કરીને ખુલ્લો મૂકવાની મુદત લંબાઈ ગઈ છે. સાયન આરઓબીનું કામ પૂરું કરવા અગાઉ ૩૧મે, ૨૦૦૬ની ડેડલાઈન હતી, જે હવે લંબાવીને ૧૫ ઑગસ્ટ, ૨૦૨૬ કરી નાખવામાં આવી છે. સાયન રેલવે સ્ટેશન પર આવેલો એક સદી જૂનો આ બ્રિજ ઑગસ્ટ ૨૦૨૪થી ટ્રાફિક માટે બંધ કરી દેવામાં આવ્યો હતો. હાલ પાલિકા દ્વારા મધ્ય રેલવે સાથે સંયુક્ત રીતે આ બ્રિજનું કામ કરી રહી છે.

દક્ષિણ મુંબઈને ઉપનગરો સાથે જોડતા સાયન બ્રિજનો ખર્ચ ૪૨.૮૩ કરોડ રૂપિયાથી વધીને ૪૯.૯૬ કરોડ રૂપિયા થઈ ગયો છે. સ્ટીલના ગર્ડર અને એપ્રોચ રોડના વિકાસને કારણે આ ખર્ચમાં વધારો કરવાનો પ્રસ્તાવ પાલિકાની સ્થાયી સમિતિની બેઠકમાં શુક્રવારે અંતિમ મંજૂરી માટે આવ્યો હતો, જોકે સમિતિના સભ્યોએ પુલના વધી ગયા ખર્ચની સાથે જ તેને ખુલ્લો મૂકવામાં થઈ રહેલા વિલંબ બદ્દલ ચિંતા વ્યક્ત કરી હતી. નગરસેવકોએ ફેરિયાઓદ્વારા આ વિસ્તારમાં કબજો જમાવી દેવાને કારણે રાહદારીઓની સાથે સ્કૂલ, કોલેજમાં જતા વિદ્યાર્થીઓને સાંકડી ગલીઓમાં જવું પડે છે. સાયનમાં અનેક સ્કૂલ અને કોલેજ આવેલી છે અને આરઓબીના કામમાં થઈ રહેલા વિલંબને કારણે રાહદારીઓની સાથે જ ટ્રાફિકને પણ તકલીફ થઈ રહી છે એવી ફરિયાદ નગરસેવકોએ કરી હતી. એડિશનલ કમિશનર બિપિન શર્માએજણાવ્યું હતું કે આ બ્રિજ ૧૫ ઑગસ્ટ, ૨૦૨૬ સુધીમાં ટ્રાફિક માટે ખુલ્લો મૂકવામાં આવવાનો છે. પાલિકા દ્વારા રેલવેની હદમાં ચાલી રહેલા બાંધકામ પર નજર રાખી રહી છે. રેલવે દ્વારા ૩૧મે સુધીમાં અંતિમ ગર્ડર બેસાડવામાં આવશે. પશ્ચિમ બાજુનું તમામ કામ પૂર્ણ કરશે. જયારે પૂર્વ બાજુનું કામ ૩૦થી ૪૫ દિવસ લેશે. અગાઉ ૧૫ જુલાઈ સુધીમાં બ્રિજનું કામ પૂર્ણ કરવાનો લક્ષ્યાંક હતો પણ હવે એક મહિનો વધુ લંબાઈને હવે ૧૫ ઑગસ્ટ, ૨૦૨૬ના કામ પૂર્ણ કરીને બ્રિજ ખુલ્લો મૂકવામાં આવશે.

# કોલેજોમાં વસૂલવામાં આવતી વધારાની ફી પર નિયંત્રણ લાદવામાં આવશે - ઉચ્ચ શિક્ષણપ્રધાન ચંદ્રકાંતદાદા પાટીલ

મુંબઈ : સરકારે કોલેજોમાં અલગ-અલગ નામો હેઠળ લેવામાં આવતી વધારાની ફીને નિયંત્રિત કરવા માટે પગલાં લીધાં છે , અને ફી નિયમનકારી સત્તામંડળ દ્વારા હવે ટ્યૂશન ફી સાથે અન્ય ફી પર પણ નિયંત્રણ રાખવામાં આવશે, એવી માહિતી ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ પ્રધાન ચંદ્રકાંત દાદા પાટીલે માહિતી આપી હતી. વિધાનસભા સભ્ય અસલમ શેખે ભુસાવળ (જલગાંવ જિલ્લો) માં આવેલી પી. કે. કોટેચા મહિલા કોલેજમાં વિદ્યાર્થિનીઓ પાસેથી વધારાની ફી વસૂલવા અંગે પ્રશ્ન ઉઠાવ્યો હતો. ચંદ્રકાંત દાદા પાટીલે જણાવ્યું હતું કે યુનિવર્સિટીએ તપાસ કર્યા પછી, ભુસાવળમાં પી. કે. કોટેચા મહિલા મહાવિદ્યાલય પાસેથી વસૂલવામાં આવેલી વધારાની રકમ વસૂલ કરી છે અને તેના પર દંડ પણ ફટકારવામાં આવ્યો છે. આ દંડનો ઉપયોગ વિદ્યાર્થીઓના વિકાસ માટે કરવામાં આવશે. તપાસમાં જાણવા મળ્યું હતું કે કેટલીક કોલેજો પાવર ચાર્જિંગ , કોમ્પ્યુટર લેબ વગેરેના નામે ફી વસૂલ કરી રહી છે.

# ગોરેગામમાં આવતા અઠવાડિયે ૨૪ કલાક પાણીપુરવઠો બંધ રહેશે

મુંબઈઃ ગોરેગામ (પૂર્વ)માં દાદાસાહેબ ફાળકે ચિત્રનગરી (ફિલ્મસીટી) રોડ પરના ફ્લાયઓવરના અપ્રોચ રોડમાં આવતા ૭૫૦ મિલીમીટર વ્યાસની ડાઈવર્ટ કરવામાં આવેલી પાઈપલાઈનનમાં અમુક સમારકામ કરવામાં આવવાના છે. આ કામ ૧૦ માર્ચ, મંગળવારના સવારના નવ વાગ્યાથી ૧૧ માર્ચ, બુધવાર સવારના નવ વાગ્યા સુધી ૨૪ કલાક માટે કરવામા આવવાના છે. આ ૨૪ કલાક દરમ્યાન ગોરેગામના અમુક વિસ્તારમાં પાણીપુરવઠો સંપૂર્ણપણે તો અમુક જગ્યાએ આંશિક રીતે બંધ રાખવામાં આવશે. આ કામ પૂર્ણ થયા બાદ અમુક જગ્યાએ ઓછા દબાણ સાથે પાણીપુરવઠો થશે. આ સમય દરમ્યાન પાણીનો સ્ટોક કરી રાખવાની અપીલ પાલિકા પ્રશાસને નાગરિકોને કરી છે.

# ૨૦૧૪ની પાત્ર યાદીમાં મુંબઈના ફેરિયાઓને કામચલાઉ જગ્યા પૂરી પાડવામાં આવશેઃ ડૉ. ઉદય સામંત

મુંબઈ : મુંબઈના ફેરિયાઓના પ્રશ્ન અંગે દાખલ કરવામાં આવેલી અરજીની સુનાવણી પૂર્ણ થઈ ગઈ છે અને હાઈ કોર્ટનો નિર્ણય ટૂંક સમયમાં આવવાની અપેક્ષા છે. જોકે, આ નિર્ણય ન આવે ત્યાં સુધી ૨૦૨૪ની પાત્રતા યાદી મુજબ ફેરિયાઓને કામચલાઉ જગ્યા ઉપલબ્ધ કરાવી આપવા માટે મહાનગરપાલિકાને નિર્દેશ આપવામાં આવશે, તેવી માહિતી પ્રધાન ડો. ઉદય સામંતે વિધાનસભામાં આપી હતી.

ધારાસભ્ય રઈસ શેખે મુંબઈમાં સ્ટ્રીટ વેન્ડર એક્ટના અમલીકરણ અંગે રસપ્રદ પ્રશ્નો ઉઠાવ્યા હતા. ડો. સામંતે જણાવ્યું હતું કે ૨૦૧૪ માં મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારમાં ફેરિયાઓનો સર્વે કરવામાં આવ્યો હતો. તે સમયે ૧,૨૮,૪૪૩ અરજીઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાંથી ૯૯,૪૩૫ અરજીઓ મહાનગરપાલિકાને મળી હતી અને તેમાંથી ૩૨,૪૧૫ ફેરિયાઓને સત્તાવાર રીતે લાયક ઠેરવવામાં આવ્યા છે. ફેરીયાઓના પ્રશ્ન અંગે વિવિધ સંગઠનોએ કોર્ટના દ્વાર ખખડાવ્યા હતા. પથવિક્રેતાઓના સંદર્ભમાં નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેના અધ્યક્ષતામાં મળેલી બેઠકમાં નિર્દેશ આપવામાં આવ્યા હતા કે, જ્યાં સુધી કાયમી ધોરણે 'હોકર ઝોન' નક્કી ન થાય ત્યાં સુધી બિનજરૂરી રીતે હટાવવાની કામગીરી ન કરવી, તેમજ જો જરૂરી હોય તો પુનર્વસનની વ્યવસ્થા કરવામાં આવે. વિધાનસભા અધ્યક્ષ એડવોકેટ રાહુલ નાર્વેકરે જણાવ્યું હતું કે ૨૦૧૪ ની લાયક ફેરિયાઓની યાદી અંતિમ છે. આ ફેરિયાઓને રોજગારથી વંચિત રાખવા જોઈએ નહીં. તે મુજબ, લાયક ફેરિયાઓને કામચલાઉ જગ્યા આપવી જોઈએ.

# કેરી અને કાજુના પાકને થયેલા નુકસાન અંગે ચર્ચા કરવા બેઠક યોજાશે : પ્રધાન ભરત ગોગાવલે

મુંબઈઃ આંબાના મોર આવ્યા પછી થયેલા વરસાદને કારણે મોટા પ્રમાણમાં મોર ખરી પડ્યા હતા, જેના લીધે કોંકણના ખેડૂતોને ભારે નુકસાન થયું હતું. આ પૃષ્ઠભૂમિમાં, કેરી અને કાજુના પાકના નુકસાન અંગે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ તેમજ ઉપ મુખ્ય પ્રધાન, કોંકણના ધારાસભ્યો અને સંબંધિત પ્રધાનોની બેઠક યોજવામાં આવશે. આ બેઠકમાં ખેડૂતોને વળતર કેવી રીતે આપી શકાય તે અંગે નક્કર નિર્ણય લેવામાં આવશે, એમ પ્રધાન ભરત ગોગાવલેએ જણાવ્યું હતું.

ગોગાવલેએ જણાવ્યું હતું કે વરસાદ , ઠંડી અને અચાનક હવામાન પરિવર્તનને કારણે કોંકણમાં કેરી અને કાજુના પાકને મોટા પાયે નુકસાન થયું છે અને એક પ્રારંભિક સર્વેક્ષણમાં જાણવા મળ્યું છે કે લગભગ ૮૦ થી ૯૦ ટકા આંબાના મોરને નુકસાન થયું છે. ડિસેમ્બર-જાન્યુઆરીમાં આવેલા આંબા મોર હવામાનમાં અચાનક ફેરફાર, વરસાદ અને વૃક્ષજન્ય રોગોથી પ્રભાવિત થયા હતા. હવામાન પરિવર્તનની અસર કાજુના પાક પર પણ જોવા મળી હતી. ગયા વર્ષે કોંકણ ક્ષેત્રમાં કેરીના પાક માટે લગભગ ૨૨૪ કરોડ રૂપિયાનું વીમા કવચ ચૂકવવામાં આવ્યું હતું. જેમાંથી ૮૪ કરોડ રૂપિયા સિંધુદુર્ગ જિલ્લા માટે ચૂકવવામાં આવ્યા હતા. આ વર્ષે કેરીના પાક માટે ૬૦૪ કરોડ રૂપિયાનું વીમા કવચ ચૂકવવામાં આવ્યું હતું, જેમાંથી ૨૩૩ કરોડ રૂપિયા સિંધુદુર્ગ જિલ્લા માટે હતા. ગયા વર્ષે કાજુના પાક માટે ૧૬ કરોડ રૂપિયાનું વીમા કવચ ચૂકવવામાં આવ્યું હતું , જેમાંથી ૮ કરોડ રૂપિયા સિંધુદુર્ગ જિલ્લા માટે હતા. ચાલુ વર્ષે, કાજુના પાક માટે કુલ ૯૪ કરોડ રૂપિયાનું વીમા કવચ ચૂકવવામાં આવ્યું હતું, જેમાંથી ૪૯ કરોડ રૂપિયા સિંધુદુર્ગ જિલ્લા માટે હતા , એમ તેમણે જણાવ્યું હતું.

# બોરીવલી જળાશયનું થશે સમારકામ

મુંબઈઃ બોરીવલી અને દહિસર વિસ્તારને પાણી પૂરું પાડતા બોરીવલી ટેકડી જળાશયનું બાંધકામ જૂનું થઈ ગયું છે અને આ જળાશયમાંથી પાણીનું ગળતર પણ થઈ રહ્યું છે. ઉપરાંત, અહીં મોટા પાયે પાણીનો સંગ્રહ પણ કરી શકાતો નથી. તેથી, આ જૂના જળાશયનું તાત્કાલિક સમારકામ કરવાની આવશ્યકતા નિર્માણ થઈ છે.

પાલિકા દ્વારા આર/મધ્ય વોર્ડમાં બોરીવલી ટેકડી જળાશય નંબર બે અને ત્રણમાંથી બોરીવલી અને દહિસર વિસ્તારના વિવિધ વિસ્તારોમાં પીવાનું પાણી પૂરું પાડવામાં આવે છે. બોરીવલી ટેકડી જળાશય નંબર બે વર્ષ ૧૯૯૨ માં બનાવવામાં આવ્યું હતું. તેની પાણીસંગ્રહ ક્ષમતા ૩૬.૨ મિલિયન લિટર છે, જ્યારે બોરીવલી ટેકડી જળાશય નંબર ત્રણ વર્ષ ૧૯૯૬માં બનાવવામાં આવ્યું હતું અને તેની પાણી સંગ્રહ ક્ષમતા ૩૬.૪ મિલિયન લિટર છે. આ બંને જળાશયો ૩૦ વર્ષથી વધુ જૂના હોવાથી, મુંબઈ મહાનગરપાલિકાના ટેકનિકલ સલાહકારો દ્વારા આ જળાશયોનું સ્ટ્રક્ચરલ ઑડિટ કરવામાં આવ્યું હતું.

આ સ્ટ્રક્ચરલ ઑડિટ મુજબ, બંને જળાશયોને તાત્કાલિક વ્યાપક માળખાકીય સમારકામની જરૂર છે. તેથી, આ બંને જળાશયોનું તાત્કાલિક સમારકામ કરવાની જરૂર છે. પાલિકાના વોટર એન્જિનિયરિંગ વિભાગના અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ જળાશયોની પાણીસંગ્રહ ક્ષમતા વધારી શકાતી નથી. આને કારણે, ઓછા દબાણે આ વિસ્તારમાં પાણી પૂરું પાડવામાં આવે છે. આને ધ્યાનમાં રાખીને બંને જળાશયોનું તાત્કાલિક સમારકામ કરવામાં આવી રહ્યું છે.

આ જળાશયના સમારકામમાં જળાશયની છત પરના હાલના પાણી-પ્રતિરોધક કવરને દૂર કરવાનો સમાવેશ થશે. લોખંડના સળિયા સુધીના સિમેન્ટ કોંક્રિટ ભાગનું કવર દૂર કરવામાં આવશે, લોખંડના સળિયાને કાટ લાગશે તેથી તેના પર કાટ-રોધક પગલાં લેવામાં આવશે. તેના પર વાલ્વ સ્થાપિત કરવામાં આવશે, વગેરે. તેના પર કામ કરવામાં આવશે. આ બંને જળાશયોના સમારકામ કાર્ય પર લગભગ ૩૭ કરોડ રૂપિયા ખર્ચવામાં આવશે.

# વીઆરએસ માલિકની સીઆઇડી દ્વારા પૂછપરછ કરવામાં આવી કે આગતાસ્વાગતાઃ રોહિત પવાર

પુણેઃ એનસીપી (સપા)ના ધારાસભ્ય રોહિત પવારે શુક્રવારે સોશ્યલ મીડિયા પોસ્ટમાં પૂછ્યું હતું કે, શું મહારાષ્ટ્ર ક્રાઈમ ઇન્વેસ્ટિગેશન ડિપાર્ટમેન્ટે ખરેખર વીએસઆર વેન્ચર્સના માલિક વી કે સિંહની પૂછપરછ કરી હતી કે તેમને "શાહી આતિથ્ય" આપ્યું હતું.

૨૮ જાન્યુઆરીના રોજ બારામતીમાં થયેલા વિમાન દુર્ઘટનાના સંદર્ભમાં ગુરુવારે અહીં સીઆઈડી ઑફિસમાં સિંહની પૂછપરછ કરવામાં આવી હતી જેમાં નાયબ મુખ્ય પ્રધાન અજિત પવાર અને અન્ય ચાર લોકોના મોત થયા હતાં. વીએસઆર વિમાન, લિયરજેટ ૪૫ વિમાનનું સંચાલન કરતું હતું.

અધિકારીઓના જણાવ્યા અનુસાર, સિંહની સાત કલાકથી વધુ સમય સુધી પૂછપરછ કરવામાં આવી હતી અને તેમનું નિવેદન નોંધવામાં આવ્યું હતું. તેમને સાંજે ૭.૩૦ વાગ્યાની આસપાસ સીઆઇડી ઑફિસમાંથી બહાર નીકળવાની મંજૂરી આપવામાં આવી હતી.

એનસીપી (સપા)ના નેતાએ જણાવ્યું હતું કે સિંહ સવારે ૧૧ વાગ્યે સીઆઇડી ઑફિસ પહોંચ્યા હતા અને એવો દાવો કરવામાં આવ્યો હતો કે તેમની આઠ કલાક પૂછપરછ કરવામાં આવી હતી, પરંતુ વાસ્તવમાં, મોટાભાગનો સમય તેમની સંભાળ રાખવામાં અને આતિથ્ય આપવામાં વિતાવ્યો હોવાનું કહેવાય છે. રાત્રે, તેમને કાળા પડદાવાળી પોલીસ વેનમાં મહેમાનની જેમ લઈ જવામાં આવ્યા હતા. સત્ય છુપાવવા માટે ગમે તેટલા કાળા પડદા નાખવામાં આવે આ કિસ્સામાં સત્યનો સૂર્ય આખરે ઊગશે, એમ પવારે કહ્યું.

પવારે એવો પણ દાવો કર્યો હતો કે આ મામલાને કવર કરવા માટે સીઆઇડી ઑફિસ ગયેલા મીડિયાકર્મીઓ સાથે પોલીસે ખરાબ વર્તન કર્યું હતું. "આ સંજોગોમાં, શું અજિત દાદા સાથે કામ કરનારા અને પોતાને તેમના 'વિશ્વાસુ' સાથીદારો કહેનારા શાસક ધારાસભ્યો આખરે હવે જાગશે?" તેમણે પૂછ્યું હતું

## છેલ્લા પાનાનું ચાલુ

### લોન લઈ

આપવાની જાહેરાત કરવામાં આવી હતી. જોકે, તેમણે કહ્યું કે બજેટમાં આ અંગે કોઈ સ્પષ્ટ માહિતી નથી આપવામાં આવી. બજેટમાં રાજ્યમાં હાઇવે પ્રોજેક્ટ માટે મોટા ભંડોળની જોગવાઈનો ઉલ્લેખ કરતા ઠાકરેએ કહ્યું કે કોન્ટ્રાક્ટરો માટે નક્કર યોજનાઓ દેખાઈ રહી છે. જોકે, ખેડૂતો, કામદારો અને સામાન્ય નાગરિકો માટે નક્કર પગલાં દેખાઈ રહ્યા નથી. તેમણે ટીકા કરી હતી કે આ વિકાસનું મૃગજળ દર્શાવતું બજેટ છે. ઠાકરેએ એવો પણ આરોપ મૂક્યો હતો કે રાજ્યની આર્થિક સ્થિતિ બધાને ખબર હોય ત્યારે આ બજેટ લોન લઈને રજૂ કરવામાં આવ્યું હતું. તેમણે કહ્યું કે આ બજેટ લોન લઈને દિવાળી ઉજવવા જેવું છે. બજેટમાં ૨૦૪૭નો વારંવાર ઉલ્લેખ કરવામાં આવ્યો છે પણ જાહેર કરાયેલી લોન માફી ૨૦૪૭ સુધીમાં પૂર્ણ થશે એની સ્પષ્ટતા સરકારે કરવી જોઈએ.

રાજ્ય સરકારે ૩૦૦ કરોડ વૃક્ષો વાવવાની જાહેરાત કરી છે. જોકે, સરકારે સ્પષ્ટ કરવું જોઈએ કે આ વૃક્ષો ક્યાં વાવવામાં આવશે અને તેના માટે જમીન ક્યાં છે, એમ ઠાકરેએ જણાવ્યું હતું.

### ભાંડુપ

(પ્રોજેક્ટ) અભિજિત બાંગરે શુક્રવારે ભાંડુપ સાઈટ પર કામની સમીક્ષા કરી હતી. ભાંડુપ પૂર્વ અને પશ્ચિમને જોડનારો ૫૩૦ મીટર લાંબો આરઓબીનું કામ ૩૧ જાન્યુઆરી, ૨૦૨૭ સુધીમાં પૂરું કરીને તેને ખુલ્લો મૂકવામાં આવવાનો છે. આરઓબીનું કામ વર્ષ ૨૦૨૪ની સાલમાં શરૂ કરવામાં આવ્યું હતું, છતાં અત્યાર સુધી પુલનું ફક્ત ૩૦ ટકા કામ પૂર્ણ થયું છે.

અભિજિત બાંગરે જણાવ્યું હતું કે પ્રસ્તાવિર રેલવે ઓવરબ્રિજની ડિઝાઈન ખાસ કરીને તેના અલાઈનમેન્ટમાં આવતા તીવ્ર વળાંકને આઈઆઈટી-બોમ્બેના નિષ્ણાતો દ્વારા ટેક્નિકલી રીતે ચકાસવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ટ્રાફિકના પ્રવાહનું વિશ્લેષણ કરવા અને પુલ શરૂ થયા બાદ વાહનોની સુરક્ષિત અવરજવર સુનિશ્ચિત કરવા માટે ટ્રાફિક સિમ્યુલેશન અભ્યાસ હાથ ધરવામાં આવશે.

આ રેલવે ઓવરબ્રિજનું બાંધકામ ૧૦ ઓક્ટોબર, ૨૦૨૩ના વર્ક ઓર્ડર બહાર પાડવામાં આવ્યા હતા. જોકે પ્રત્યક્ષમાં કામ ૨૦૨૪માં શરૂ થયું હતું. પાલિકાના ઉચ્ચ અધિકારીના જણાવ્યા મુજબ આ બ્રિજ વીર સાવરકર રોડ પર નીચે ઉતરે છે, જયા પૂર્વ -પશ્ચિમના અલાઈનમેન્ટમાં જોડાતી વખતે તીવ્ર વળાંક આવે છે. જોકે ડિઝાઈન ટેક્નિકલ ધોરણો અનુસાર તૈયાર કરવામાં આવી છે. છતાં આઈઆઈટી નિષ્ણાતો સ્વંતત્ર રીતે તેની ચકાસણી કરશે. વરિષ્ઠ અધિકારીએ સંબંધિત વિભાગને નિર્ધારીત સમયમર્યાદામાં બાંધકામ પૂર્ણ કરવા અને ૩૧ જાન્યુઆરી, ૨૦૨૭ સુધીમાં પુલને ટ્રાફિક માટે ખુલ્લો મૂકવામાં નિર્દેશ પણ આપ્યો છે.એક વખત આ પૂલ તૈયાર થઈ જશે પછી આ પુલ વીર સાવરકર રોડને લાલબહાદુર શાસ્ત્રી રોડ સાથે સીધો જોડશે અને જોગેશ્વરી-વિક્રોલી લિંક રોડ નજીકના તથા અન્ય રોડ પર મુસાફરીનો સમય ઘટાડવામાં અને ટ્રાફિકને ઘટાડવામાં મદદ કરશે.

### સુધરાઈની

પાછું ખેંચ્યું હતું અને મનસેને સમર્થન જાહેર કર્યું હતું. તેથી મનસેના નગરસેવક યશવંત કિલ્લેદાર જી-ઉત્તર વોર્ડની પ્રભાગ સમિતિના અધ્યક્ષપદે ચૂંટાઈ આવ્યા હતા. આ દરમ્યાન અન્ય વોર્ડના પ્રભાગ સમિતિના અધ્યક્ષો બિનહરીફ ચૂંટાઈ આવ્યા હતા. પી-દક્ષિણની વોર્ડ સમિતિના અધ્યક્ષપદે શ્રીકલા પિલ્લઈ ચૂંટાઈ આવ્યા હતા. તો સગાવાદને ભાજપમાં સ્થાન નહીં હોવાના દાવો કરનારા ભાજપના મુંબઈના અધ્યક્ષ અમિત સાટમના એકદમ નજીકના સંબંધી અને નગરસેવક રોહન રાઠોડ કે-પશ્ચિમ પ્રભાગ સમિતિના અધ્યક્ષપદે બિનહરીફ ચૂંટાઈ આવ્યા હતા. કે-ઉત્તર અને કે-દક્ષિણ વોર્ડમાં પ્રકાશ મુસલે અધ્યક્ષ બન્યા હતા. ઉદ્ધવ ઠાકરેની શિવસેનાના નગરસેવિકા રોહિણી કાંબળે એચ-પૂર્વ અને એચ-પશ્ચિમ વોર્ડની પ્રભાગ સમિતિના અધ્યક્ષપદે તો પદ્મજા ચેમ્બુરકર જી-દક્ષિણ વોર્ડની પ્રભાગ સમિતિના અધ્યક્ષપદે બિનહરીફ ચૂંટાઈ આવ્યા હતા.

### પોલીસના

જાહેરાત કરવામાં આવી, જ્યારે મિલકતના વિવાદના અને જમીન વહીવટમાં પારદર્શિતા લાવવા માટે કાનૂની સુધારાનો પ્રસ્તાવ મૂક્યો હતો. તેમણે જણાવ્યું હતું કે વિકસિત મહારાષ્ટ્ર ૨૦૪૭ પહેલ હેઠળ સ્માર્ટ પોલિસિંગ અને ન્યાય અપાવવા માટે પોલીસ કર્મચારીઓને ત્રણ વર્ષમાં તબક્કાવાર રીતે યુનિફોર્મ પર લગાવવા માટેના કેમેરા પૂરા પાડવામાં આવશે. (પીટીઆઇ)

### જિયો-ટેક એપ્લિકેશન

ધરાવતા લોકોથી સજ્જ સમર્પિત કમિશનરેટ દ્વારા સમર્થન આપવામાં આવશે.

ફડણવીસે જણાવ્યું હતું કે, રાજ્યમાં માહિતી ટેકનોલોજી અને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ ઇકોસિસ્ટમને મજબૂત બનાવવા માટે સરકારે ઓપન એઆઈ અને સર્વમ એઆઈ જેવી વૈશ્વિક અને રાષ્ટ્રીય સંસ્થાઓ સાથે હસ્તાક્ષર કર્યા છે.

બજેટ ભાષણમાં સીએમએ એમ પણ જણાવ્યું હતું કે ઊભરતી ટેકનોલોજીઓમાં સંશોધન, નવીનતા અને વિકાસને પ્રોત્સાહન આપવા માટે ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી બોમ્બે અને ભારતજેન સાથે સમજૂતી કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. રાજ્ય સરકાર મહારાષ્ટ્રને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ, ક્વોન્ટમ કમ્પ્યુટિંગ, ડ્રોન, ઓટોનોમસ વાહનો અને ડીપ ટેકનોલોજી જેવી ફ્રન્ટીયર ટેકનોલોજી માટે વિશ્વકક્ષાના હબ તરીકે વિકસાવવા માટે ખાસ નીતિઓ રજૂ કરવાની યોજના ધરાવે છે. (પીટીઆઈ)

### બજેટમાં

કરવા અને ૨૦૪૭ માં બાળકની અપેક્ષા રાખવા જેવું છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે બજેટ મુખ્યત્વે મુંબઈ, પુણે અને થાણેના પ્રોજેક્ટ્સ પર ધ્યાન કેન્દ્રિત કરે છે જ્યારે બાકીના મહારાષ્ટ્રને અવગણે છે. ગ્રામીણ વિસ્તારો અને નંદુરબાર જેવા જિલ્લાઓમાં સિંચાઈ, શિક્ષણ કે આરોગ્ય માટે કોઈ સ્પષ્ટ જોગવાઈ નથી.

### ૩૭ પ્રોપર્ટી ટેક્સ

નિલામી કરવાનું શરૂ કરવામાં આવ્યું છે. આ ઝુંબેશ અંતર્ગત પાલિકા ૩૪ મિલકતધારકને ઈ-ઓક્શન પ્રક્રિયા અંતર્ગત લાંબા ગાળાની મુદતની નોટિસ આપવામાં આવી છે, જેમાં ઓપન પ્લોટ, કમર્શિયલ બિલ્ડિંગ, હૉટેલ સહિત અન્ય ઉપયોગમાં લેવામાં આવતી મિલકતનો સમાવેશ થાય છે. આ ૩૪ ડિફોલ્ટર પાસેથી ટેક્સની રકમ અને દંડ સહિત કુલ ૪૫૮ કરોડ ૬૯ લાખ ૮૨ હજાર ૪૮૭ રૂપિયા જેટલી મોટી રકમ વસૂલ કરવાની બાકી છે. તેમાથી લાંબા ગાળાની નોટિસની સમયમર્યાદા પૂરી થઈ ગયેલી ૧૧ પ્રોપર્ટીની પ્રત્યક્ષમાં નિલામીની પ્રક્રિયા શરૂ કરીને ઈચ્છુક ખરીદદારો તરફથી બોલી મગાવવામાં આવી છે. નિલામીની પ્રક્રિયા શરૂ થવાની સાથે જ પાંચ મિલકતધારકોએ ૧૦ કરોડ ૪૫ લાખ રૂપિયાની બાકી રહેલી રકમ ભરી દીધી છે. પાલિકાના એડિશનલ કમિશનર અશ્વિની જોશીએ જણાવ્યું હતું કે કરદાતાઓને નિર્ધારીત મુદતમાં બાકીની રકમ ભરવા માટે નોટિસ આપ્યા બાદ પણ આર્થિક પરિસ્થિતિ હોવા છતાં ટૅક્સ ભરવાનું ટાળી રહ્યા છે. તેથી આવા ડિફોલ્ટરો સામે જપ્તી અને નિલામીની આકરી કાર્યવાહી કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ૩૪ મિલકતધારકને ૨૧ દિવસની લાંબી મુદત આપવામાં આવી છે. આ મુદતમાં ટૅક્સ નહીં ભર્યો તો તેમની મિલકતની જપ્તી બાદ નિલામીની પ્રક્રિયા શરૂ કરવામાં આવશે.

# થાણેમાં પાણીવેરો નહીં ભરનારા સામે આકરી કાર્યવાહી

થાણે મહાનગરપાલિકાના પાણીપુરવઠા વિભાગ મારફત બાકી રહેલો પાણીવેરો વસૂલી માટે વિશેષ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે, જે અંતર્ગત ૨૭ ફેબ્રુઆરીથી પાંચ માર્ચ, ૨૦૨૬ સુધીના સમયગાળાાં જુદા જુદા વિસ્તારમાંથી કુલ ૪,૨૨,૩૫,૭૫૦ રૂપિયા વસૂલ કરવામાં અસફળતા મળી છે. બાકી રહેલા ડિફોલ્ટરો સામે આકરી કાર્યવાહી કરીને ૧૦૩ પાણીના જોડાણ કાપી નાખવામાં આવ્યા છે અને ૧૭૭ને નોટિસ ફટકારવામાં આવી છે. ત્રણ ઠેકાણે પંપ જપ્ત કરવામાં આવ્યા હતા.

### જૂનાં વાહનો

વાહનોને સ્ક્રેપ કરતી વખતે અને નવાં વાહનો ખરીદતી વખતે, મોટર વાહન કરમાં ૩૦ ટકા છૂટનો પ્રસ્તાવ છે. સરકારે જૂના બિન-પરિવહન (પ્રાઈવેટ) વાહનો પર પર્યાવરણીય કર વધારવાનો પ્રસ્તાવ મૂક્યો છે. (પીટીઆઈ)

### શિંદેના વતન

યુવાનોને નવા ઉદ્યોગસાહસિકો અને ઉદ્યોગપતિઓ તરીકે વિકસાવવા માટે બીઆઇઆરએસએ (ભારત નવીનતા, સંશોધન, સ્ટાર્ટ અપ્સ ફોર આત્મનિર્ભરતા) યોજના લાગુ કરવા માટે મંજૂરી આપવામાં આવી છે. "વિશ્વ બેંકના સમર્થનથી અમલમાં મુકાયેલા ડેવલપમેન્ટ ઓફ એપ્લાઇડ નોલેજ એન્ડ સ્કિલ્સ ફોર હ્યુમન ડેવલપમેન્ટ હેઠળ મહારાષ્ટ્ર એજન્સી ફોર હોલિસ્ટિક ઇન્ટરનેશનલ મોબિલિટી એન્ડ એડવાન્સમેન્ટની સ્થાપના કરવામાં આવશે. (પીટીઆઈ)

## પારસી મરણ

ફિરોની હોમી સેથના તે મરહુમ હોમીના ધન્યાની. તે મરહુમો જરુ નાદીર ચીનોઇના દીકરી. તે રુસ્તમ ને જેહાનના મમા. તે શીરીન ને મરહુમ પરવીનના સાસુજી. તે મરહુમો મીથુ ને ફ્રેનીના બહેન. તે રુસ્તમ, સાઇરસ, રીહ્યા, નેવીલના બપઇજી. (ઉં. વ. ૯૮) રે. ઠે. ૫-એ સાકર અપાર્ટમેન્ટ, પોચખાનવાલા રોડ, વરલી, મુંબઇ-૪૦૦૦૩૦. ઉઠમણાંની ક્રિયા : તા. ૭-૩-૨૬ને દીને બપોરે ૩.૪૫ વાગે ઉપરની ઓલબલેસ બંગલીમાં છેજી.

ડોલી નરિમન ઇલાવિયા (ઉં. વ. ૮૧) તા. ૬-૩-૨૬ના ગુજરી ગયાં છે. તે નરિમન બમનશૉ ઇલાવિયાનાં પત્ની. તે મરહુમ રતનશૉ અને એમી ઇલાવિયાનાં દીકરી. તે રેમન્ડ અને મોનાઝનાં માતુશ્રી. તે અર્માઇતી અને શિરિનનાં સાસુ. તે ખુરશેદ અને યઝદનાં ગ્રાન્ડમધર. ઉઠમણું: તા. ૭-૩-૨૬ના. ઠે. ૭૯૦, વેસ્ટર્ન ફોર્ટ, ફ્લેટ નં-૨૦૪, જામે જમશેદ રોડ, પારસી કોલોની, દાદર (ઇસ્ટ), મુંબઇ-૪૦૦૦૧૪.

## જૈન મરણ

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

ડુમરાના તારાબેન રમેશચંદ્ર કારાણી (ઉં. વ. ૭૫) વડોદરા મુકામે તા. ૧-૩-૨૬ના અરિહંતશરણ પામેલ છે. રમેશચંદ્રના ધર્મપત્ની. સ્વ. લક્ષ્મીબેન દામજી મુરજી કારાણીના પુત્રવધૂ. ડુમરાના રતનબેન ગોવિંદજી ચાંપશી ગડાના સુપુત્રી. પ્રીતી, વૈશાલીના માતુશ્રી. નરેડી પદમણી પ્રેમચંદ ગાલા, ખુશાલ, મોહન, અમૃતના બેન. પ્રાર્થના રાખેલ નથી. એડ્રેસ : તારા રમેશ કારાણી, ૩૦૩, અંબિકા એપાર્ટમેન્ટ, શંકર ટેકરી, ડાંડીયા બજાર, વડોદરા-૩૯૦૦૦૧.

મોથારાના રમેશ દામજી સાવલા (ઉં. વ. ૭૨) તા. ૪-૩-૨૬ના અવસાન પામેલ છે. દેવકાંબેન દામજીના પુત્ર. ભારતીબેનના પતિ. દીપક, રાજુલના પિતા. રમણીક, ચંદ્રકાંત, જયંતી, નરેન્દ્રના ભાઈ. પદ્માબેન માલશી ગડાના જમાઈ. પ્રાર્થના : શ્રી વર્ધ.સ્થા.જૈ.શ્રા.સં.સં. કરશન લઘુ નિશર હોલ, દાદર (વે). ૨ થી ૩.૩૦.

મોટા લાયજાના માણેકલાલ આણંદજી ગાલા (ઉં. વ. ૮૧) તા. ૫-૩-૨૬ના અરિહંતશરણ પામ્યા છે. દેવકુંવરબેન આણંદજીના સુપુત્ર. કાંતાબેનના પતિ. નિખીલ, તૃપ્તી, મીતાના પિતાશ્રી. ઈન્દ્રજીત, વિનોદ, હર્ષદ, બિદડાના પ્રતિભા કાંતિલાલ, નવીનારના કલ્પના મુલચંદ, મોખાના વાસંતી વસંત, કાંડાગરાના પ્રવિણા નિતીનના મોટા ભાઈ. તુંબડીના મણીબેન રવજી લધાભાઈ સાવલાના જમાઈ. પ્રા. યોગી સભાગૃહ, દાદર. ટા. ૪ થી ૫.૩૦.

## હિન્દુ મરણ

સ્વ. સંજય કુમનદાસ સોમૈયા (ઉં. વ. ૫૭) હાલ સાંગલી ગુરુવાર, તા. ૫-૬-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. તે લીલાબેન અને કુમનદાસ સોમૈયાના પુત્ર. ભાવના મુકેશ મોરજરીયા, સ્વ. હીના મનીષ પજવાણી, સુષમા પ્રદીપ રાયચુરા તેમ જ કેતનના ભાઇ. કુણાલ, નેહા, દર્શિત અને દર્શિતાના મામા. પ્રાર્થનાસભા તા. ૭-૩-૨૬ શનિવારના સાંજે ૪થી ૫. ઠે. એસ.એન.ડી.ટી. કોલેજ, રતનશી નગર, સાંગલી રાખેલ છે.

**દશા શ્રીમાળી વણિક**

ગં. સ્વ. પુષ્પાબેન (ઉં. વ. ૯૮) હાલ માટુંગા નિવાસી તે સ્વ. મનહરલાલ પારેખના ધર્મપત્ની તા. ૫-૩-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે દિલીપભાઇ, મૂકેશભાઇ, ચારુબહેન, નયનાબેન તથા શોભાબહેનના માતુશ્રી. ગીતાબહેન, લતાબહેન, સ્વ. ધીમંતભાઇ, સ્વ. ચંદ્રકાન્તભાઇ તથા કિરીટભાઇના સાસુ. સ્વ. લલીતભાઇ તથા સ્વ. રમાબહેનના બહેન તથા સ્વ. મનસુખલાલ પારેખ (ઘાટકોપર), સ્વ. નિર્મળાબેન પાતાણી (મુલુંડ)ના ભાભી. સર્વપક્ષીય પ્રાર્થનાસભા તા. ૮-૩-૨૬ના રવિવારના રોજ ૧૦.૩૦થી ૧૨. ઠે. એસ. એન. ડી. ટી. કોલેજ હોલ, અમુલખ અમીચંદ સ્કૂલની બાજુમાં, માટુંગા (સે. રે.).

**કચ્છી લોહાણા**

સ્વ. મણીબહેન ત્રીકમદાસ માણેકના પુત્ર પ્રતાપ (ઉં. વ. ૭૨) કચ્છ ગામ કોઠારા હાલ મુલુંડ તા. ૫-૩-૨૬ના ગુરુવારે શ્રીરામશરણ પામેલ છે. તે સ્વ. જેરામ દેવજી પવાણી અને સ્વ. મંજુલા પવાણી કચ્છ ગામ કેરા વાળાના જમાઇ. તે હર્ષાબેનના પતિ. નવીનભાઇ, દીપકભાઇ, સંજયભાઇ તથા વિમળાબેન પ્રાગજી કતિરા, વિરબાળા (વિરુબેન) અશોક પોપટ, અંજનાબહેન અશોક સૌમેયાના ભાઇ. રીના અમૃત મુદ્દગલ ને ભાવિકના પિતાશ્રી. પ્રિયંકા ભાવિકના સસરા. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૭-૩-૨૬ શનિવારના સાંજે ૫.૩૦થી ૭. ઠે. શ્રી શ્રી રવિશંકર હોલ, પરમેશ્વરી સેન્ટર, મદન મોહન માલવિયા રોડ, અચીજા હોટલની ગલીમાં, મુલુંડ (વેસ્ટ), લૌકિક વ્યવહાર બંધ છે.

**રાયકવાળ બ્રાહ્મણ**

માલિની શાસ્ત્રી તે મૃદૃલ શાસ્ત્રીના ધર્મપત્ની. હેમલ શાસ્ત્રીના માતુશ્રી. મેઘના શાસ્ત્રીના સાસુ. રુષાંગના દાદીમા. સ્વ. અરુણભાઇ મહેતા અને ચૈતન્યબેન ઓઝાના બેન. એ/૨, ગ્રાઉન્ડ ફલોર, ત્રિવેણી, એસ. વી. રોડ, સાંતાક્રુઝ (વેસ્ટ)ના નિવાસી મંગળવાર, તા. ૩-૩-૨૬ના રોજ શ્રીજીશરણ થયા છે. તેમની પ્રાર્થનાસભા (બન્ને પક્ષનું ઉઠમણું) શનિવાર, તા. ૭-૩-૨૬ના સાંજે ૫.૩૦થી ૭. ઠે. રોટરી કલબ ઓફ બોમ્બે વેસ્ટ, જુહુ તારા રોડ, સાંતાક્રુઝ (વેસ્ટ).

**વિશા મોઢ વણિક**

નડિયાદ નિવાસી હાલ બોરીવલી, રમેશભાઈ (ઉં. વ. ૭૪) તે સ્વ. વિમુબેન તથા સ્વ. હરિદાસ પુંજાલાલ શાહના પુત્ર. જનકબેનના પતિ. ચિરાગ તથા હેતા જયકુમાર શાહના પિતા. સ્વ. ભરતભાઈ તથા ગં. સ્વ અનસૂયાબેન મુકેશભાઈ ગાંધીના મોટા ભાઈ. સ્વ. પરેશભાઈ તથા હિતેષભાઇના બનેવી તા. ૨/૩/૨૬ના રોજ શ્રીજીશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી લોહાણા**

મૂળગામ દેવળા હાલ બોરીવલી, સ્વ. ગોદાવરીબેન લક્ષ્મીદાસ રૂપારેલિયાના પુત્ર ભીખુભાઈ (ઉં. વ. ૭૮) તે સ્વ. ભારતીબેનના પતિ. જતીન, દર્શન (લાલુ) ના પિતા. દર્શિતા, ડિમ્પલના સસરા. સ્વ. હિમતભાઈ, ચીમનભાઇ, સ્વ. ધનલક્ષ્મીબેન કિશોરભાઈ કોટક, સ્વ. હીરાબેન (હેમાબેન) રાજેન્દ્ર કોટકના ભાઈ ૪/૩/૨૬ના રોજ શ્રીજીશરણ પામેલ છે. ઠે. એસ બી જી જે એપાર્ટમેન્ટ, સાઈબાબા નગર, ગુરુદ્વારા સામે, બોરીવલી વેસ્ટ.

# સ્ત્રીની નવી સમસ્યાના અલગ સચોટ ઉપાય

**સમયની સાથે મહિલાઓના આરોગ્યની દેખભાળમાં પણ ઘણાં પરિવર્તનો આવ્યાં છે. આજની તારીખે તેઓ સક્ષમ છે, છતાં અમુક સમસ્યાઓનો સામનો કરી રહી છે. આજે આપણે આવી અમુક તકલીફો વિશે વાત કરીશું.**




**માનસિક આરોગ્ય** સંપૂર્ણ સમાજે આ વિષયે ગંભીરતાથી વિચારવાની જરૂર છે. આજે પણ એવી લાખો મહિલાઓ છે, જેઓ પોતાની તકલીફો વિશે ખૂલીને વાત કરી શકતી નથી. તેઓ **મુક્તપણે** વિચારી શકે અને ઈચ્છા-આકાંક્ષાઓ સાકાર કરી શકે એ માટે પોષક વાતાવરણ તૈયાર કરવાની જરૂર છે. આ વિષયે ડૉક્ટરોએ પણ ખાસ લક્ષ આપવું જરૂરી છે. તેઓ પોતાના અભિગમમાં ફેરફાર કરીને મહિલાઓને મદદરૂપ થઈ શકે છે.

**વધુપડતો માસિકસ્રાવ** મહિલાઓની સમસ્યાની વાત આવે ત્યારે વધુપડતા માસિકસ્રાવની તકલીફ ઘણા મોટા પ્રમાણમાં જોવા મળે છે. ઘણી વાર આ તકલીફ કોઈ દેખીતા કારણ વગરની હોય છે અને ક્યારેક **ફાઇબ્રોઇડ** એટલે કે ગર્ભાશયની ગાંઠને કારણે ઊભી થાય છે. એમાં દરેક કેસમાં સર્જરીની જરૂર પડતી નથી. વળી, આ ગાંઠ કૅન્સરની હોય એવું પણ જરૂરી નથી. સામાન્ય રીતે, કોઈ દેખીતા કારણ વગરની હોય 99 ટકા કિસ્સાઓમાં આ તકલીફ દવાઓ લેવાથી સારી થઈ જાય છે એને કારણે ગર્ભાશયની થેલી કઢાવી લેવાની જરૂર પડતી નથી. ફાઇબ્રોઇડને સર્જરીથી કાઢવાની જરૂર પડે એવા કિસ્સાઓમાં નિષ્ણાત લેપરોસ્કોપિક સર્જન આ કામ ઘણી જ સરળતાથી કરવા સક્ષમ હોય છે. આ લેખક આગામી થોડા વખતમાં એક **નવી શોધ** વિશે જાહેરાત કરવાની તૈયારીમાં છે, જેમાં 66 ટકા ફાઇબ્રોઇડના કેસમાં સર્જરીની જરૂર જ નહીં પડે.

**ફાઇબ્રોઇડ** વિશે નોંધવા જેવી બાબત એ છે કે ભારતમાં એની સર્જરી સૌથી વધુ મોટા પ્રમાણમાં થાય છે. સૌથી મોટી ગાંઠ કઢાયાના કિસ્સા પણ ભારતમાં બને છે.

FIG: 1 કારણ કે વિદેશમાં એપોઇન્ટમેન્ટ માટે ઘણી રાહ જોવી પડતી હોવાથી ત્યાં ફાઇબ્રોઇડના ઈલાજને પ્રાધાન્ય મળતું નથી. **ઉપરાંત, ભારતમાં ડૉક્ટર પ્રકાશ ત્રિવેદીએ ઇન બેગ મોર્સેલેશન** નામની જે ઉપયોગી પદ્ધતિથી સર્જરી થાય છે એના પર વિદેશમાં પ્રતિબંધ છે. આ જ કારણ છે કે વિશ્વભરમાંથી દરદીઓ ભારતમાં આવીને સર્જરી કરાવી જાય છે.



અહીં જણાવવું રહ્યું કે **ગર્ભાશયના કૅન્સરનું** પ્રમાણ વધી રહ્યું છે. જોકે, અહીં નોંધવું રહ્યું કે અન્ય કૅન્સરની તુલનાએ ગર્ભાશયના કૅન્સરની સારવારનું પરિણામ સારું આવે છે. જો માયોમેટ્રિયમ વોલ તરીકે ઓળખાતો ગર્ભાશયનો ભાગ 50થી 60 ટકા અસર હેઠળ આવી



ગયો હોય તો ગર્ભાશયની થેલી લેપરોસ્કોપીથી કઢાવવાનો રસ્તો સારો કહેવાય. હવે અદ્યતન **કૅમેરા આઈ સી જી દઈ સાથે** Fig: 2 ઉપલબ્ધ થઈ ગયા હોવાથી આ લેપરોસ્કોપી ખૂબ જ આસાન થઈ ગઈ છે.

આ સાથે એ પણ કહેવું ઘટે કે ગર્ભાશયના મુખના એટલે કે સર્વિક્સના કૅન્સરની સારવાર પણ લેપરોસ્કોપીથી થઈ શકે છે, પરંતુ એમાં કિમોથેરપી અને રેડિયોથેરપીથી સારું પરિણામ આવતું હોવાથી એમાં વધારે સારવાર આપવાની જરૂર રહેતી નથી.

## એન્ડોમેટ્રિયોસિસ

એન્ડોમેટ્રિયોસિસ, જેમાં ગર્ભાશયની અંદરની દીવાલની કોશિકાઓ બહાર વધવા માંડે છે અને રક્તસ્રાવ કે બીજી તકલીફો થવા લાગે છે. આ સમસ્યા વિશ્વમાં બધે જ છે. નોંધનીય છે કે એન્ડોમેટ્રિયોસિસ પર સૌથી વધુ સંશોધન ભારતમાં અને ઈટાલીમાં થાય છે. અહીં દવાઓથી જ ઉપચાર કરવાનું શક્ય છે. એમાં સર્જરીની મોટાભાગે જરૂર પડતી નથી જ્યાં જરૂર હોય ત્યાં અત્યાધુનિક શસ્ત્રક્રિયા કરી શકાય છે. એમાં પણ ભારત અને ઈટાલી અગ્રસર છે.

નિઃસંતાનપણાના કિસ્સાઓ ઘણા જ વધી ગયા છે. એન્ડોમેટ્રિયોસિસને લીધે ગર્ભાધાન થવામાં અવરોધ ઊભો થાય છે. આ સમસ્યા ફક્ત ભારતમાં નહીં, સમગ્ર વિશ્વમાં વધી ગઈ છે. એમ પણ એન્ડોમેટ્રિયોસિસને કારણે માસિક વખતે દુખાવો થતો હોય છે. FIG:3 જરૂર પડ્યે એમાં લેપરોસ્કોપિક સર્જરી કરવામાં આવે છે.



ભારતીય ગાયનેકોલોજિસ્ટોએ આ તકલીફની સારવાર માટે અનેક દવાઓ અને થેરપી વાપરવાનું શરૂ કરી દીધું છે. નોંધનીય બાબત છે કે આજકાલ આખા શરીરની તપાસ કરાવવાનું કલ્ચર શરૂ થઈ ગયું છે. લોકો ઘણાં બધાં પરીક્ષણો કરાવી લે છે, પરંતુ યોગ્ય ગાયનેકોલોજિસ્ટ પાસે જવાનું કોઈને યાદ નથી આવતું. ખરી રીતે તો એન્ડોમેટ્રિયોસિસ, એન્ડોસ્કોપી અને આઇવીએફ એ ત્રણેના નિષ્ણાત હોય એવા ગાયનેકોલોજિસ્ટ પાસે તપાસ કરાવવામાં આવે તો આ બીમારીને સહેલાઈથી દૂર કરી શકાય છે.

ઘણી વાર લોકો રોબોટિક સર્જરીનો સહારો લે છે, પરંતુ કૃત્રિમ ગર્ભાધાનનું વિચારતા નથી.

પરંતુ વાસ્તવમાં રોબોટિક સર્જરી બીજી અમુક તકલીફોમાં વધારે ઉપયોગી હોય છે, જેમાં યુરોલોજી, કૅન્સર સર્જરી વગેરેનો સમાવેશ થાય છે. આ લેખક સ્પષ્ટપણે માને છે કે આગામી સમયમાં રોબોટિક સર્જરીનો મોટાપાયે ઉપયોગ થવાનો છે.

## પેશાબને લગતી સમસ્યા

પેશાબ છૂટી જવાની સમસ્યા એ મહિલાઓમાં ખૂબ જ મોટા પ્રમાણમાં હોય એવી તકલીફ છે. આશરે દોઢ કરોડ કરતાં વધુ મહિલાઓએ જીવનમાં ક્યારેક ને ક્યારેક તો આ સમસ્યાનો સામનો કર્યો જ હોય છે. તમે કોઈ અભિનેત્રીને, કોઈ મોટી કંપનીની મહિલા ડિરેક્ટરને કે પછી ગૃહિણીને અથવા મહિલા પ્રધાનને, એ બધામાંથી 60થી 80 ટકા મહિલાઓએ આ તકલીફ ક્યારેક તો વેઠી જ હશે. હવે સારી વાત એ છે કે આવા કિસ્સાઓમાંથી 60 ટકા જેટલી મહિલાઓને ફક્ત દવાઓથી સારું કરી શકાય છે. આજકાલ ઘણી જ અસરકારક દવાઓ મળવા લાગી છે. ઘણા કિસ્સાઓમાં મહિલાઓને ખાંસી આવે, છીંક આવે કે જોરથી હસવું આવે ત્યારે પણ પેશાબનું ગળતર થવાની તકલીફ સતાવતી હોય છે. **આ લખનારે ડૉક્ટર પ્રકાશ ત્રિવેદી વર્ષ 2002માં ટીસુટ ટેપ** FIG:4 નામની વિશેષ ટેપ વિકસાવી છે, જેનાથી સારવાર કરાવવામાં આવે તો 95 ટકા કિસ્સાઓમાં સફળતા મળે છે. જાણવા જેવી વાત છે કે આંતરરાષ્ટ્રીય સ્તરે મળતી આ પ્રકારની ટેપનો જે ખર્ચ હોય છે એના માત્ર પંદર ટકા ખર્ચમાં ભારતમાં એનો ઉપયોગ કરી શકાય છે.

અહીં ખાસ જણાવવાનું કે જ્યારે ભારતમાં 95 ટકા સફળતા સાથેની સારવાર ઉપલબ્ધ હોય ત્યારે બીજે ક્યાંય જવાની જરૂર નથી. નિષ્ણાત ડૉક્ટર માત્ર વીસ મિનિટમાં ટીસુટ ટેપની બેસાડી શકે છે. FIG:5






**ડૉ. ત્રિવેદી'ઝ ટોટલ હેલ્થ કૅર** | પ્રશ્નો માટે સંપર્ક કરો: 9833272076/ 9699273973 / 9321587821 | પાંચમો માળ, ૫૦૧-૫૦૨, સાઈ હેરિટેજ, એક્સિસ બૅન્કની ઉપર, ટિલક રોડ, ઘાટકોપર (પૂર્વ), મુંબઈ-૪૦૦૦૭૭.

# વિદ્યાવિહારમાં ગુજરાતી દંપતીને કારની અડફેટે લેનારા સગીરને પણ જામીન

મુંબઈ: વિદ્યાવિહારમાં ગયા મહિને આડેધડ કાર ચલાવીને ગુજરાતી વેપારીના મૃત્યુ અને તેની પત્નીને ગંભીર ઇજા પહોંચાડવા માટે જવાબદાર સગીરને જુવેનાઈલ જસ્ટિસ બોર્ડે (જેજેબી) શુક્રવારે જામીન આપ્યા હતા. ઉલ્લેખનીય છે કે બે દિવસ અગાઉ જ સેશન્સ કોર્ટે સગીરના પિતા વાલજી ભૂષણના જામીન મંજૂર કર્યા હતા.

અકસ્માતની ઘટના પાંચમી ફેબ્રુઆરીની રાતે વિદ્યાવિહારની સોમૈયા કૉલેજ નજીક તાનસા પાઈપલાઈન રોડ પર બની હતી. સગીરે બેજવાબદારીથી કાર ચલાવી સ્કૂટર પર ઘાટકોપર જઈ રહેલા દંપતી ધ્રુમિલ પટેલ અને તેની પત્ની મીનલને અડફેટે લીધાં હતાં. ગંભીર રીતે ઘવાયેલા દંપતીને સારવાર માટે ઘાટકોપરની હૉસ્પિટલમાં દાખલ કરાયું હતું. સારવાર દરમિયાન દસેક દિવસે ધ્રુમિલનું હૉસ્પિટલમાં મૃત્યુ થયું હતું. ધ્રુમિલના મૃત્યુને પગલે ભૂષણ પિતા-પુત્ર વિરુદ્ધ સદોષ મનુષ્યવધનો ગુનો નોંધ્યો હતો. એ સિવાય સગીર વિરુદ્ધ જુવેનાઈલ જસ્ટિસ ઍક્ટની કલમો પણ લગાવવામાં આવી હતી.

કહેવાય છે કે આ કેસમાં સગીરે જેજેબી સમક્ષ આત્મસમર્પણ કર્યું હતું. બોર્ડે શુક્રવારે તેને જામીન આપ્યા હતા, પરંતુ વિગતવાર ચુકાદો પ્રાપ્ત થયો નહોતો. (પીટીઆઈ)■

# દોઢસોથી વધુ રોકાણકારો સાથે ૧૦ કરોડની છેતરપિંડી કરવા પ્રકરણે બે જણ વિરુદ્ધ ગુનો

## આર્થિક ગુના શાખાની મુંબઈ-નાશિકમાં ત્રણ સ્થળે રેઇડ

મુંબઈ: રોકાણ પર આકર્ષક વળતરને નામે દોઢસોથી વધુ રોકાણકારો સાથે ૧૦ કરોડ રૂપિયાની છેતરપિંડી આચરવાના આરોપસર ખાનગી કંપની સાથે સંકળાયેલા બે જણ વિરુદ્ધ શિવાજી પાર્ક પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ થયા બાદ આર્થિક ગુના શાખાએ ગુરુવારે મુંબઈ અને નાશિકમાં ત્રણ સ્થળે રેઇડ પાડી હતી અને મહત્ત્વના દસ્તાવેજો જપ્ત કર્યા હતા.

શિવાજી પાર્ક પોલીસ સ્ટેશનમાં સચિન ફડતરે અને નિખિલ શેલાર વિરુદ્ધ ગુનો દાખલ કરાયો હતો અને કેસની તપાસ આર્થિક ગુના શાખાને સોંપવામાં આવી હતી. આર્થિક ગુના શાખા દ્વારા દાદર અને નાશિકમાં બંનેના નિવાસસ્થાને રેઇડ પાડવામાં આવી હતી અને રોકાણ યોજના સંબંધિત મહત્ત્વના દસ્તાવેજો જપ્ત કરાયા હતા.

સાયનના પ્રતીક્ષાનગરમાં રહેનારી આરતી ઠાકરે (૩૯)એ પોલીસમાં ફરિયાદ નોંધાવ્યા બાદ આ મામલો પ્રકાશમાં આવ્યો હતો. ફરિયાદમાં જણાવાયું હતું કે આરતીને ડિસેમ્બર, ૨૦૨૨માં તેના પતિના મિત્રએ ખાનગી કંપનીની રોકાણ યોજના વિશે જણાવ્યું હતું. બાદમાં આરતીએ તેના પતિ સાથે કંપનીની દાદરની ઓફિસની મુલાકાત લીધી હતી, જ્યાં તેમને કંપની સાથે સંકળાયેલા સચિન ફડતરે અને નિખિલ શેલાર મળ્યા હતા. તેમણે દાવો કર્યો હતો કે કંપની મોરિંગા પાઉડરનું ઉત્પાદન અને નિકાસ કરે છે. તેમણે રોકાણકારોને માસિક ચુકવણી સાથે વાર્ષિક પચાસ ટકા વળતરની ખાતરી આપી હતી અને રોકાણ કરેલી રકમ લોક-ઇન પિરિયડ હેઠળ પાંચ વર્ષમાં અઢી ગણી થઇ જશે, એવું આશ્વાસન આપ્યું હતું.

રોકાણ યોજના પર વિશ્વાસ રાખીને આરતીએ પાંચ લાખ રૂપિયા, તેના પતિએ એક લાખ રૂપિયાનું અને માતાએ માતાએ બે લાખ રૂપિયાનું રોકાણ કર્યું હતું. કંપનીએ રોકાણ રોકડવામાં કરવાનો આગ્રહ કર્યો હતો અને કરાર પણ કરાયા હતા. શરૂઆતમાં કંપનીએ જાન્યુઆરી, ૨૦૨૩થી જુલાઇ, ૨૦૨૩ દરમિયાન ૧.૪૫ લાખનું વળતર ચૂકવ્યું હતું. જોકે બાદમાં વળતર ચૂકવવાનું બંધ થઇ ગયું હતું. ફરિયાદ અનુસાર કંપનીએ ૨૦૨૫માં ચુકવણી તરીકે બે ચેક જારી કર્યા હતા, જે પાછા ફર્યા હતા. બાદમાં કંપનીના અધિકારીઓએ ફોન કૉલ્સ લેવાનું બંધ કરી દીધું હતું. નવેમ્બર, ૨૦૨૫માં ફરિયાદીએ ગુગલ પર કથિત છેતરપિંડીનું વર્ણન કરતો રિવ્યૂ પોસ્ટ કર્યો હતો. ■

# સિક્યોરિટી ગાર્ડની હત્યાના કેસમાં યુવાનને જનમટીપ

થાણે: અશ્લીલ મેસેજ પરથી થયેલા વિવાદમાં ત્રણ વર્ષ અગાઉ સિક્યોરિટી ગાર્ડને મારી નાખવાના કેસમાં થાણેની સેશન્સ કોર્ટે યુવાનને જનમટીપની સજા ફટકારી હતી.

પ્રિન્સિપાલ ડિસ્ટ્રિક્ટ ઍન્ડ સેશન્સ જજ એસ. બી. અગ્રવાલે ગુરુવારે આપેલા ચુકાદામાં સંકેત રમેશ શેળકે (૩૧)ને કસૂરવાર ઠેરવ્યો હતો, જ્યારે તેના મોટા ભાઈ સિદ્ધાંત ઉર્ફે સિધુ રમેશ શેળકે (૩૩)ને શંકાનો લાભ આપી નિર્દોષ જાહેર કર્યો હતો.

એડિશનલ પબ્લિક પ્રોસિક્યુટર રશ્મી ક્ષિરસાગરે આરોપી વિરુદ્ધ આરોપ સિદ્ધ કરવા માટે ૧૧ સાક્ષીને હાજર કર્યા હતા. બચાવ પક્ષ વતી એડ્વોકેટ સાગર કોલ્હે કોર્ટમાં હાજર રહ્યા હતા.

ફરિયાદ પક્ષે કોર્ટમાં જણાવ્યું હતું કે મૃતક ઉદય ભાલચંદ્ર કદમ અન્ય કેટલાક લોકો સાથે મુંબ્રા પરિસરમાં ૮ એપ્રિલ, ૨૦૨૩ના રોજ તેના મિત્ર તુષાર દામલેનો જન્મદિન ઊજવી રહ્યો હતો. દામલેની મહિલા સંબંધીને વાંધાજનક મેસેજ મોકલવા બદલ તેમની વચ્ચે વિવાદ થયો હતો. વાત મારામારી સુધી પહોંચતાં ત્યાં હાજર સંકેતે ચાકુથી કદમ પર હુમલો કર્યો હતો.

સાક્ષીઓની જુબાનીને નોંધતાં જજ અગ્રવાલે જણાવ્યું હતું કે મૃતકના હૃદય પર ઘા કરવામાં આવ્યો હતો. હૃદય પરની ઇજા સામાન્ય સંજોગોમાં મૃત્યુ નીપજાવવા પૂરતી હોય છે.

હત્યાના આરોપમાં સંકેતને કસૂરવાર ઠેરવતી વખતે કોર્ટે જણાવ્યું હતું કે રેકોર્ડ પરની સામગ્રી સિદ્ધાંત તેના ભાઈ સાથે ગુનાહિત હેતુ ધરાવતો હતો, એ સિદ્ધ કરતી નથી. પરિણામે કોર્ટે સંકેતને આજીવન કારાવાસ અને એક લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો હતો, જ્યારે એપ્રિલ, ૨૦૨૩થી કસ્ટડીમાં રહેલા સિદ્ધાંતને છોડી મૂકવાનો આદેશ આપ્યો હતો. (પીટીઆઈ)■

# સિનિયર સિટિઝન સાથે ૨.૨૫ કરોડ રૂપિયાનું સાયબર ફ્રોડ: યુવાન ગુજરાતમાં પકડાયો

મુંબઈ: ગોરેગામના સિનિયર સિટીઝનને આંતકવાદ સંબંધી તપાસમાં ધરપકડની ચીમકી આપી સાયબર ઠગ ટોળકીએ ૨.૨૫ કરોડ રૂપિયા પડાવ્યાના કેસમાં પોલીસે ગુજરાતના યુવાનની ધરપકડ કરી હતી.

પકડાયેલા આરોપીની ઓળખ કિશન ભાવેશભાઈ મકવાણા તરીકે થઈ હતી. મકવાણાએ બૅન્ક ખાતાં ખોલાવીને સાયબર ઠગ ટોળકીને પૂરાં પાડ્યાં હતાં. આ જ બૅન્ક ખાતાંમાં નાણાં ટ્રાન્સફર કરવાની ફરજ ફરિયાદીને પડાઈ હતી, એમ સાયબર પોલીસે જણાવ્યું હતું. આ પ્રકરણે ગોરેગામમાં રહેતા ૭૭ વર્ષના સિનિયર સિટીઝને નૉર્થ રિજન સાયબર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. તપાસ દરમિયાન ટેક્નિકલ એનાલિસીસને આધારે મકવાણાને પકડી પાડવામાં આવ્યો હતો. ફરિયાદ અનુસાર ગયા વર્ષના નવેમ્બરમાં સાયબર ઠગે ફરિયાદીનો સંપર્ક સાધ્યો હતો. આતંકવાદીઓ માટે ફરિયાદીએ જમ્મુ-કાશ્મીરમાં બૅન્ક ખાતું ખોલાવ્યું હતું તેમાં કમિશન પેટે ૭૦ લાખ રૂપિયા મળ્યા હોવાનું જુઠ્ઠાણું આરોપીએ ચલાવ્યું હતું. આરોપીએ પોતાની ઓળખ મુંબઈ પોલીસ મુખ્યાલયના વરિષ્ઠ અધિકારી આકાશ શર્મા તરીકે આપી હતી. શર્માએ ફરિયાદીને પૂછપરછ માટે હાજર રહેવાનું કહ્યું હતું. ફરિયાદીએ પૂછપરછ માટે હાજર રહેવાની અક્ષમતા દર્શાવતાં કૉલ લખનઊ એન્ટિ-ટેરરિઝમ સ્ક્વોડમાં ટ્રાન્સફર કરવામાં આવ્યો હતો. જમ્મુ-કાશ્મીરમાં બૅન્ક ખાતું ખોલાવવા માટે ફરિયાદીના આધાર કાર્ડનો ઉપયોગ થયો હતો. આ ખાતામાં આતંકવાદીઓ માટે ભંડોળ ટ્રાન્સફર કરાયું હતું, જેમાંથી ૭૦ લાખ રૂપિયાનું કમિશન ફરિયાદીને મળ્યું હોવાનો દાવો આરોપીએ કર્યો હતો. બાદમાં એનઆઈએ ચીફ સદાનંદ દાતેની સાઈનવાળો નોટિસનો લેટર ફરિયાદીના વૉટ્સઍપ પર મોકલવામાં આવ્યો હતો. સહકાર ન આપે તો ૧૦ વર્ષની જેલ અને પાંચ લાખ રૂપિયાના દંડની ધમકી ફરિયાદીને આપવામાં આવી હતી. બનાવટી ધરપકડ વૉરન્ટ અને જપ્તિના આદેશની નકલ પણ ફરિયાદીને મોકલવામાં આવી હતી. ■

# ડોમ્બિવલીમાં કૉલેજના ચોથા માળેથી કર્મચારીએ ઝંપલાવ્યું

થાણે: કૉલેજના ચોથા માળેથી કૂદકો મારી પ્યૂને કથિત આત્મહત્યા કરી હોવાની ઘટના ડોમ્બિવલીમાં બની હતી. પોલીસના જણાવ્યા મુજબ પ્રવીણ ચૌધરી (૪૨) ડોમ્બિવલી પૂર્વની પ્રગતિ કૉલેજમાં પ્યૂન તરીકે કામ કરતો હતો. ગુરુવારની બપોરે તેણે કૉલેજ ઈમારતના ચોથા માળેથી કથિત કૂદકો માર્યો હતો.

અધિકારીએ જણાવ્યું હતું કે ચૌધરી ગુરુવારે વડીલો સાથે પ્રિન્સિપાલને મળવા આવ્યો હતો. વહીવટી અને શિસ્તના મુદ્દા અંગે ચર્ચા કરવા પ્રિન્સિપાલે તેમને બોલાવ્યા હતા. વડીલો પ્રિન્સિપાલની ઑફિસમાં હતા ત્યારે ચૌધરી ત્યાંથી બહાર નીકળી ગયો હતો અને ચોથા માળેથી કૂદકો માર્યો હતો. ચૌધરીના જમીન પર પટકાવાનો અવાજ સાંભળી કૉલેજના કર્મચારીઓ અને વિદ્યાર્થીઓ દોડી આવ્યા હતા. બેભાન ચૌધરીને નજીકની હૉસ્પિટલમાં લઈ જવાયો હતો, જ્યાં સારવાર દરમિયાન તેનું મૃત્યુ થયું હતું. (પીટીઆઈ)■

**સૌરાષ્ટ્ર ખડાયતા**



**ડો. કિશોરીબેન અરવિંદભાઇ કામદાર**
ઉંમર ૯૨ વર્ષ, બુધવાર, તા.૦૪-૦૩-૨૦૨૬ રોજ શ્રીજીચરણ પામેલ છે.
પ્રાર્થના સભા : મહાનુભવ
શ્રી કૃષ્ણ ગ્યાન મંદિર સભાગૃહ, ૨૫૧, ડેવિડ એસ બરેટો રોડ, સેંટ જોસેફ સ્કૂલ સામે, વડાલા (વે) મુંબઈ ૪૦૦ ૦૩૧
રવિવાર, તા.૮-૩-૨૬, સાંજે ૪ થી ૬
સમસ્ત કામદાર અને ભગત પરિવારના જયશ્રી કૃષ્ણ












## ૯. લગ્ન સંબંધી

■ કાંદિવલીની કન્યા 1995/5'-9" રાજેશ ઠક્કર રાજકોટ ૦૯૪૨૮૨૫૦૦૦૨ (દહેજ નહીં.). (બી-૧૭૨૧૬)

■ માટુંગાનાં યુવક 1991 અંધેરીની કન્યા 1993 CA રાજેશ ૦૯૪૨૮૨૫૦૦૦૨ (દહેજ નહીં.). (બી-૧૭૨૧૭)

■ પાર્લાની જૈન કન્યા 1987 સાંભળવાની તકલીફ રાજેશ રાજકોટ ૦૯૪૨૮૨૫૦૦૦૨ (દહેજ નહીં.). (બી-૧૭૨૧૮)

■ અમેરિકાનાં/કેનેડાનાં/દુબઈનાં/લંડનનાં/ બાયોડેટાઓ રાજેશ ઠક્કર રાજકોટ રાજકોટ ૦૯૪૨૮૨૫૦૦૦૨ (દહેજ નહીં.). (બી-૧૭૨૧૯)

**1966**

વૈષ્ણવ યુવક વિધુર વેલસેટ માટે યુવતી આવકાર્ય. ઉર્મિલાબેન 8879576963 (દહેજ નહીં.). (૮૭૮/બી)

■ વાલ્કેશ્વરમાં 1985 એમ.બી.એ. હેન્ડસમ જૈન ડાયવોર્સી બિઝનેસમેનને કન્યા આવકાર્ય 9920817551 (દહેજ નહીં.). (૮૭૫/આઈ)

■ જુહુ 1984 એમ.બી.એ. સ્માર્ટ કપોળને દેખાવડી શિક્ષિત કન્યા આવકાર્ય 9920817551 (દહેજ નહીં.). (૮૭૫/આઈ)

■ માસ્ટર કોરિયોગ્રાફર 1994 બ્યુટીફૂલ એક્ટિવ વૈષ્ણવને યુવક આવકાર્ય 9920817551 (દહેજ નહીં.). (૮૭૫/આઈ)

■ પાર્લામાં1985 5'6" ફિઝિયોથેરોપી વેલસેટ યુવક આવકાર્ય 9920817551 (દહેજ નહીં.). (૮૭૫/આઈ)

■ અંધેરીમાં 1983 એલ.એલ.બી. ૫'-૩'' એક્ટિવને ક્વોલિફાઈડ યુવક આવકાર્ય 9920817551 (દહેજ નહીં.). (૮૭૫/આઈ)

■ બી.એચ.એમ.એસ. 1981 બ્યુટીફૂલ જૈન વેલસેટ યુવક આવકાર્ય 9920817551 (દહેજ નહીં.). (૮૭૫/આઈ)

■ દાદરમાં 1990 એલ.એલ.બી બિઝનેસ ધરાવતી બ્યુટીફૂલને ક્વોલિફાઈડ યુવક આવકાર્ય 9920817551 (દહેજ નહીં.). (૮૭૫/આઈ)

■ ઓર્થોપેડિક સર્જન 1988 5'6" દેખાવડી જૈનને ક્વોલિફાઈડ યુવક આવકાર્ય 9920817551 (દહેજ નહીં.). (૮૭૫/આઈ)

■ બી.ઈ. કોમ્પ્યુટર 1986 5'1" દેખાવડી ક્વોલિફાઈડ યુવક આવકાર્ય 9920817551 (દહેજ નહીં.). (૮૭૫/આઈ)

■ જ્વેલરી ડિઝાઈનર 1986 બ્યુટીફૂલ વેલસેટ એજ્યુકેટેડ યુવક આવકાર્ય 9920817551 (દહેજ નહીં.). (૮૭૫/આઈ)

■ બ્રાહ્મણ એજ્યુકેટેડ વિધવાઓ 1992, 1983, 1975, 1968, 1957 લગ્નથી/ ફેમિલી પ્રોબ્લેમથી 9638171600. (દહેજ નહીં). (બી-૧૭૨૧૫)

**જુહુસ્કીમ સ્થિત**

વેલસેટલ્ડ વેલબીઝનેસમેન જૈન યુવક MS COMPUTER (અમેરિકા) 1997ને યોગ્ય વેલસેટલ્ડ પરિવારની કન્યા ''મહેતા મેરેજ''- 7021734618. (દહેજ નહીં). (૮૮૦/એ)

**BOY VAISHNAV / KAPOL**

December-1991, 5'.10" PG Market Research. Canada Citizen Working Analytic Manager Neilsen invite proposal well qualified, ready to relocate to Canada. Parents Mumbai please Contact with Profile. Parents 9820352377 / 9769000654. (No Dowry) (SDB-3080)

## ૧૦. મહિલાઓ માટે

**કાનનાં મોટા કાણાં**

દવાથી એક જ સીટીંગમાં પુરાવો તરત બુટ્ટી પહેરો. નાક કાન વિંધાવો. બોરીવલી: 9969388693 / 7506569229. (બી-૧૭૦૩૯)

**ટિફિન**

મુંબઈમાં દરરોજ ૧૦૦૦ ટિફિન જોઈએ છે. શ્રીમતી કુમુદ હિતેશ ચુનીલાલ પોપટલાલ ગુટકા ૯૮૩૩૩૫૭૭૮૦. ફક્ત વોટ્સએપ (ફોન નહીં). (એસડીબી-૩૧૩૫)

**મહેમાનોનો ઉતારો**

લગ્ન પ્રસંગના બોરીવલી/ કાંદિવલીમાં AC ફુલ્લી ફર્નિશ્ડ- બાપલી બંગલો. 9821112796. (૮૭૭-એફ)

**મુંબઈ સમાચાર**

વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.

email id for advertisement: samacharadvt@gmail.com

## ૧૨. યાત્રા સહેલગાહ

**ગાડી ભાડેથી**

નવી ઈનોવા ક્રિસ્ટા, અલ્બેનિયા, ટેમ્પો ટ્રાવેલર ગાડીયો વ્યાજબી ભાવે ભાડેથી મળશે. 9930344866. (૮૫૭/બી)

**વિઝા સર્વિસ**

દરેક જાતના વિઝા. દરેક કન્ટ્રી માટે બનાવીને મળશેઃ 9930344866. (૮૫૭/એ)

**નિઃશુલ્ક જાત્રા**

મુંબઈમાં ૬૫ વર્ષ ઉપરના માટે એક દિવસીય નેરૂલ લોનાવલામાં જૈન દેરાસર જાત્રા. શ્રીમતી કુમુદ હિતેશ ચુનીલાલ પોપટલાલ ગુટકા ૭૩૦૪૪૭૨૫૮૧. ફક્ત વોટ્સએપ (ફોન કરવો નહીં). (એસડીબી-૩૧૩૬)

**તુષાર નેગાંધી**

ચારધામ યાત્રા, નેપાળ મુક્તિનાથ, ૩ સ્ટાર, મહારાજા ટીટી, દેવીબેન પ્રવાસ (૪૨ વર્ષથી): 9833730639. (૮૭૭/એ)

મુંબઈ શ્રીનગર મુંબઈ એર ટિકિટ ~~25,000~~/- એપ્રિલ 20,999/- અને મે 21,999/- ફક્ત આજે

5,000/- PP થી 10,000/- PPનું જબરદસ્ત ડિસ્કાઉન્ટ ટુંક સમય માટેજ

કાશ્મીરની બધીજ ટુરોમાં ફેન્ટાસ્ટીક ફુડ કારનીવલ

સર્વ શ્રેષ્ઠ 100% સંપૂર્ણ

**કાશ્મીર લેહ લડાખ**

ચેલેન્જીંગ ભાવે પરફેક્ટ પેકેજ

એક માત્ર સુપર સ્પેશ્યાલીસ્ટ સાથે જ. સાથે / સિવાય અમૃતસર, વૈષ્ણોદેવી

સ્વતંત્ર ગુજરાતી / જૈન રસોડે બેડ ટી થી મસાલા દૂધ સુધીની જાન જેવી બાદશાહી સરભરા. ચટપટા નાસ્તા, ડ્રાયફ્રુટ, બિસ્લેરી

બ્રાન્ડેડ 3-4* ફિક્સ લક્ઝરી હોટેલમાં બાદશાહી નિવાસ

ફેબ્રુ.થી જૂન દર અઠવાડિયે 2 પ્રસ્થાન

સૌથી વધુ બધાજ સાઈટ સીઈંગ, ગેમ્સ, ગરબા, ડાન્સ, ડીજે, કેમ્પફાયર બધા જ ખર્ચા સામિલ બધી જ હાઈફાઈ સુવિધાઓ

કોઈ પણ ટૂર બુક કરતા પહેલા અમારૂં પ્રેઝન્ટેશન જરૂર જુવો.

કેરાલા, હિમાચલ, ઉત્તરાંચલ, રાજસ્થાન, વિયેટનામ, જ્યોર્જિયા, દુબઈ, બાલી, સિંગાપોર, ઓસ્ટ્રેલિયા, માલદિવ્સ, નોર્થ ઈસ્ટ કસ્ટમાઈઝ પેકેજ મળશે

27 વર્ષથી કાશ્મીર/લેહ લદાખની ટુરો આપનાર એકમાત્ર સુપર સ્પેશ્યાલિસ્ટ

સતીશભાઈ શાહ **પૂજા ટુર્સ** 9869066942 9869056942 9869010141

ઘાટકોપર (મલાડ) www.poojaholidays.com

(બી-૧૭૧૬૫)

**EXCELLENCY HOLIDAY**

દુબઈ, FAREAST, ન્યુઝીલેન્ડ, હિમાચલ, ગોવા, ઉટી કોડાઈ, વેજીટેરીઅન ફેમીલી ગ્રુપ. 9820002810. (૮૭૦/ડી)

**લોનાવાલામાં**

**ફેમેલી, સીનીયર સીટીઝનને DAILY, WEEKLY, MONTHLY રૂમ ભાડેથી મળશે. (શુધ્ધ શાકાહારી જમવાનું). પ્રેમ નિવાસ 7977986364, 8169392216. (૮૭૨/એ)**

## ૧૪. નોકરી ખાલી છે

**ગુજરાતી બોલતા ટેલિકોલર**

અમારી પ્રતિષ્ઠિત કોલ સેન્ટર કંપની માટે ભરતી ચાલુ છે. પદનું નામઃ ટેલિકોલર, કુલ જગ્યાઃ 15. જરૂરી લાયકાતઃ ગુજરાતી ભાષા ફરજિયાત, હિન્દી/ અંગ્રેજી/ આવડતી હોય તો વધુ સારૂં સારો કમ્યુનિકેશન સ્કિલ. સ્થળઃ બેલાપુર (બેલાપુર મેટ્રો સ્ટેશન નજીક), પગારઃ ₹ 15,000થી ₹ 18,000 (અનુભવ મુજબ), અનુભવઃ ફ્રેશર્સ અને અનુભવી- બંને અરજી કરી શકે સંપર્ક માટેઃ પ્રશાંત જાધવ. 99258 43178. (બી-૧૭૧૮૭)

**■ સેલ્સ કમ ઓફિસ માટે યોગ્ય ગુજરાતી માણસ જોઈએ છે. સંપર્કઃ- હાથી મીલ્સ સીતાફળ વાડી, મઝગાંવ વોટ્સએપ બાયોડેટાઃ- 9820945599. (એસડીબી-૩૧૩૪)**

■ ફાઈનાન્શિયલ એડવાઈઝરી પ્રેક્ટિસ શરૂ કરો- ફ્રી કરિયર સેશનઃ 9320132162/ 7400369767. (૮૬૯/ડી)

**ફ્રેશર્સ જોઈએ**

ડેટા એનાલિસ્ટ પોસ્ટ માટે, કોમર્સ ગ્રેજ્યુએટ, ઘરેથી કામ, પગારઃ ૧૫૦૦૦/- મહીના, મુંબઈ અને ઉપનગરીય ઉમેદવારો માટે. - jobs@informistdata.com (જેપી/૪૫૪૯-ઈ)

**કંકોત્રી મેન્યુફેક્ચરિંગ**

**કંપનીને ભારતમાં કંકોત્રીની ઓફિસમાં તેમની પ્રોડક્ટ દેખાડી ડિસ્ટ્રીબ્યુટર્સ બનાવવા માર્કેટિંગ મેનેજરની જરૂર છે. (પગાર 40,000/- - 45,000/-) (ઉંમરઃ 35-45) સ્ટેશન પાસે, બોરીવલી (વેસ્ટ). સંપર્ક: ધીરજભાઈ 7710967771. (૮૭૩/એ)**

**ગોકુળ મથુરામાં**

**ગૌશાળામાં મહેતાજી જોઈએ. COMPUTER જ્ઞાન આવશ્યક. ગૌશાળાના ઓફિસના કામ માટે (ઉંમર 30-45) રહેવાની- જમવાની સુવિધા. સંપર્ક શ્રીમદ વલ્લભ ગૌશાળા, ગોકુળ 02228334910, 02228995592, 9819810215. (૮૭૩/બી)**

**મલાડ (ઈસ્ટ)**

**ઓફિસ કામ માટે ફિમેલ સ્ટાફ જોઈએ. (ઉંમર 18-30). (બિનઅનુભવી વેલકમ). 7710076282. (૮૭૩/સી)**

**OPPORTUNITY**

For Retires Pensioners, Sr. Citizens. Flexible Hours. Good Pay + Incentives :- 9867621481. (864-A)

**PT ACCOUNTANT**

Fort Tally Entry, eway Bill, TDS. - alufinns@gmail.com, 8169349803. (JP/4547-C)

**REAL ESTATE**

**Sales Wanted 10 Male Candidates to Work at a Reputed Real Estate Company at Juhu Scheme Earn 10 Lacs annually, on Commission Basis. Field Job 10 am to 7 pm Profile- Site Visits, Inspections, Meetings Whatsapp CV 7021919014. (875/C)**

## ૧૭. જગ્યા આપવી છે

**ઘાટકોપર (ઈસ્ટ)**

**હમણા નહિ તો ક્યારેય નહિ. 3 બેડરૂમ, હોલ, કિચન- 1011' કારપેટ, 2.11 CR, 3 બેડરૂમ, હોલ, કિચન- 1050' યુઝેબલ, 3.15 CR, 2.5 બેડરૂમ, હોલ, કિચન- 810' કારપેટ- 2.45 CR, 2 બેડરૂમ, હોલ, કિચન- 900' યુઝેબલ- 1.70 CR, 1.5 બેડરૂમ, હોલ, કિચન- 511' કારપેટ, 1.15 Cr, ૧ બેડરૂમ, હોલ, કિચન- 470' કારપેટ - 1.35 CR. "Home Alone Property" જુગ્નું શાહ - 9833352224. (૮૬૧/એ)**

**ઘાટકોપર**

**ફ્લેટ/ ઓફિસ/ દુકાન/ ગોડાઉન, રેડી પઝેશન/ અંડર કન્સ્ટ્રકશન, લેવા- વેચવા-ભાડેથી ૧૦૦% સોદાની ગેરંટી. HOMEALONE PROPERTY ભૂપેશ શાહ/ જુગ્નું શાહ - 9833352224. (૮૬૧/બી)**

**પાર્લા**

**2/3 બેડરૂમના રેડીમાં / બંધાતામાં ફ્લેટ લેવા / વેચવા. સંપર્ક - 9004900290. (૮૩૧-ડી)**

**ઘાટકોપર**

ફ્લેટ, ઓફિસ, દુકાન ભાડે/ વેચાણથી લેવા/ વેચવા રમેશ નિમાવત 9320571016 - 9082933313. (૭૦૬-એ)

**અંધેરી ઈસ્ટ**

નાગરદાસ રોડ દુકાન ભાડેથી, પાર્લા વેસ્ટ દુકાન ૬૫૦, ૯૦૦ ભાડેથી, ૩ બેડરૂમ ભાડેથી, ફ્લેટ (1700 Ft) વેચવાનો, ૨૦૦૦ મીટર રીઝર્વેશન પ્લોટ પવઈ નજીક - 9820613128. (એસડીબી-૩૧૨૨)

**બોરીવલી વેસ્ટ**

અભિલાષા 2, પોશ, 3 બેડરૂમ, 1150 ફૂટ, સ્ટેશન, માર્કેટ, સ્કૂલ, હોટેલ્સ નજીકમાં, પાર્કિંગ સાથે, રેડી પઝેશન. - 9920445444. (બી-૧૭૧૫૬)

**કાંદિવલી (વેસ્ટ)**

સુંદરબાગ, 1, 2, 3 BHK ભાડે તેમજ ખરીદવા. 9867932447. (૫૨૯-બી)

**ઘાટકોપર (ઈસ્ટ)**

વેચાણથી ૧, ૨, ૩ બેડરૂમ, હોલ, કિચનનાં ફ્લેટો. કૌશલ મહેતા. 9323871933. (૮૫૧/ડી)

**ઘાટકોપર (ઈસ્ટ)**

ભાડેથી. ૧, ૨, ૩ બેડરૂમ, હોલ, કિચનનાં ફ્લેટો. કૌશલ મહેતા - 9323871933. (૮૫૧/ઈ)

**મુલુન્ડ (વેસ્ટ)**

2 BHK, 705 ચો. ફૂટ અને 3 BHK, 951 ચો. ફૂટ ફ્લેટ સાથે 2 પાર્કિંગ પોડિયમ પર વેચાણ માટે. વાલજી લધા રોડ. સંપર્ક- 9930333456. (P51800055546) (એસડીબી-૩૧૧૨)

**દેવાંશુ પ્રોપર્ટી**

કાંદિવલી, બોરીવલી, મલાડ, 1 બેડરૂમ, 2 બેડરૂમ, વેચાણથી, ભાડેથી. 9326529802. (બી-૧૭૧૫૫)

**ઉદવાડા - વાપી**

ઉદવાડા સ્ટેશનથી ફક્ત 1.5km નેચર લવર માટે Big ઓપન સ્પેસ, ઝીરો પોલ્યુશન, શિવ શક્તિ ટાઉનશીપમાં, જૈન દેરાસર નજીક 1 બેડરૂમ/ 2 બેડરૂમ/ 3 બેડરૂમ ફ્લેટ્સ તથા રો હાઉસ (3 & 4 BHK) રેડી પઝેશન તથા અંડર-કન્સ્ટ્રક્શનમાં, વેચાણથી લેવા ડાયરેક્ટ પાર્ટી સંપર્ક પરેશ પટેલ - 9223577250 / 9323177251. (જેપી/૪૫૪૬-સી)

**લોનાવાલા - ખંડાલા**

ફ્લેટો - રોહાઉસ- બંગલાઓ- નાના- મોટા- પ્લોટ લેવા-વેચવા. શ્રીજી ૯૫૪૫૭૪૧૭૫૫. (બી-૧૭૦૭૫)

**ચોપાટી**

**ન્યુ ટાવર, ૨ BHK. રેરા કાર્પેટ ૮૦૦ સ્કે ફીટ ૧ રિઝર્વ પાર્કિંગ જૈન મંદિર પાસે ૬ CR વેચવાનું છે.**

**8080753577**

(બી-૧૭૨૦૮)

**ખાર (વેસ્ટ)**

**૩ બેડરૂમ ૧૧૫૦' નવું બિલ્ડિંગ, પોશ લોકેશન, ફક્ત ગુજરાતી/ કચ્છી/ જૈનને વેચવાનો.** 9867153377. **(બી-૧૭૧૦૧)**

**ભાટીયા હોસ્પિટલ**

ચાર બેડરૂમ, વેચાણથી, નવું બિલ્ડીંગ, હાયર ફ્લોર, ફુલ્લી ફર્નિશ, રેડી પઝેશન, બે પાર્કિંગ, વ્યાજબી ભાવ, 'ભરતભાઈ' 9322246950. (બી-૧૭૧૪૮)

**સાઉથ મુંબઈ**

બ્રીચ કેન્ડી, ૫૫૦ કાર્પેટ, ગ્રાઉન્ડ ફ્લોર, એક પાર્કિંગ/તારદેવ આરટીઓ પાસે, 2 BHK, ૯૦૦ કાર્પેટ, એક પાર્કિંગ/ ગ્રાન્ટરોડ (ઈસ્ટ), બે બીએચકે, ૧૦૦૦ કાર્પેટ, બીજે માળે, (લિફ્ટ નથી) એક પાર્કિંગ સંપર્કઃ ઠક્કર રિયલ્ટી, રાજેશ ઠક્કર 9820157738. (બી-૧૭૧૮૧)

**18TH AVENUE**

Bajaj Road, VILE PARLE WEST

2 BED 736 CARPET

3 BED 934 CARPET

POSSESSION 2 MONTHS

NEAR STATION

BOUTIQUE BUILDING WITH GYM & ROOFTOP GARDEN

CALL : 91366 63063

Project By: VRAJ GROUP



(B-17154)

## ૧૭. જગ્યા આપવી છે

**પાર્લા (ઈસ્ટ/ વેસ્ટ)**

૨-૩-૪ બેડરૂમ- હોલ- કિચન તૈયાર કબજો. ઓનરશીપથી લેવા. જયેશ 9820994954. (૮૫૨/એ)

**જુહુ સ્કીમ ગુલમહોર રોડ**

૨-૩-૪ બેડરૂમ- હોલ- કિચનના ફ્લેટો તૈયાર કબજો. ઓનરશીપથી લેવા. જયેશ 9820994954. (૮૫૨/બી)

**■ સ્પેશ્યાલીસ્ટ ચિંતનભાઈ GHATKOPAR, VIDYAVIHAR, CHEMBUR, વેચાણથી/ ભાડેથી, RESIDENTIAL, COMMERCIAL. 9321234567. (૭૦૧-એ)**

**REDEVELOPMENT ગયેલા બિલ્ડિંગોમાં ફ્લેટ, શોપ અમારા ઈન્વેસ્ટર્સ માટે જોઈએ છે. (પેમેન્ટ રેડી છે). 7666644727. (૮૬૫-સી)**

**ખાર (વેસ્ટ)**

ફક્ત ગુજરાતી માટે ૩ બેડરૂમ ૧૧૫૦', ૬ બેડરૂમ, ૨ કીચન, ૪ પાર્કિંગ, ૨ ફ્લેટની જોડી, એરિયા ૨૩૦૦, વેચવાના ફોનઃ- 9820156133. (બી-૧૭૧૭૯)

**ગોરેગામથી - બોરીવલીમાં**

**રેસીડેન્શીયલમાં - કોમર્શિયલમાં @ 18001/= ''ઈન્વેસ્ટર માટે સુવર્ણ તક''. ''શ્રીજી '' 9820045571. (જેપી-૪૫૫૦-એ)**

**ખાર વેસ્ટ**

ફક્ત ગુજરાતી માટે ૩ બેડરૂમ ૧૧૫૦' તથા ૬ બેડરૂમની જોડી ૨૩૦૦' કારપેટ એરિયા, ૬ બાથરૂમ, ૨ કીચન, સ્પેશીયસ હોલ, સેપરેટ સર્વન્ટ ટોઈલેટ, ૪ પાર્કિંગ, એરકંડીશન્ડ લોબી, જીમ, સેપરેટ સોસાયટી ઓફિસ, તદ્દન નવું બિલ્ડીંગ, વેચાણથી. ઓનરઃ 9820156133. (બી-૧૭૧૮૫)

MahaRERA Registration No. P51800047071 available on https://maharera.mahaonline.gov.in

**NEELSIDHI BRINDAVAN**

ON VALLABH BAUG LANE GHATKOPAR EAST 400077

3 BHK ₹ 3.51 CR*. LUXURY FLATS ONWARDS

*T & C Apply

READY POSSESSION OC RECEIVED

98334 69305

(B-17157)

**શાંતાક્રુઝ (વેસ્ટ)**

ઈસ્ટ એવન્યુ- ૪ બેડરૂમ એરિયા આશરે ૧૮૦૦' કારપેટ, ૪ બાથરૂમ, ૩ લિફ્ટ, ૩ પાર્કિંગ, સ્વતંત્ર સર્વન્ટ ટોઈલેટ, વેસ્ટ ઓપન, રોડ ફેસીંગ, એરકંડીશન્ડ લોબી, જીમ, ટેરેસ, નવું બિલ્ડીંગ, વેચવાનો ફોનઃ 9820156133. (બી-૧૭૧૮૬)

**દેવલાલી**

**વાર્ષિક ધોરણે ભાડેથી. 2/3/4 બેડરૂમનાં ફ્લેટ + બંગલો. પરેશ - 9930803959, 9930106054. (૮૫૧/બી)**

**દેવલાલી**

**વેચાણથી. નવા બિલ્ડિંગમાં, 2 બેડરૂમની જોડી - 1035'+1035'= 2070' કારપેટ, રજે માળે, મોર્ડન એમેનીટીઝ સાથે, રેડી પઝેશન. પરેશ - 9930803959, 9930106054. (૮૫૧/એફ)**

**દેવલાલી**

**વેચાણથી. દેરાસર તથા ભોજનશાળાની બાજુમાં, ૧ બેડરૂમ - 600', ૨ બેડરૂમ - 775', 820', 1024' પરેશ - 9930803959, 9930106054. (૮૫૧/એચ)**

**વાના પ્રોપર્ટી**

૨ બેડરૂમ, નેપિયન્સી, તાડદેવ, ૩થી ૪ના બજેટમાં લેવા/વેચવા/લીઝ 'મુકુંદ ત્રિવેદી' 9821036556. (બી-૧૭૧૧૯)

**વાના પ્રોપર્ટી**

૨/૩/૪ બેડરૂમ, વાલ્કેશ્વર રીજ, નેપિયન્સી, વોર્ડન અલ્ટામાઉન્ટ, પેડર રોડ, કેમ્પસ કોર્નર, ગોવાલીયા ટેન્ક, તાડદેવ, વ્યાજબી ભાવે લેવા/ વેચવા/લીઝ 'મુકુંદ ત્રિવેદી' 9821036556. (બી-૧૭૧૧૮)

**ઘાટકોપર ઈસ્ટ વેસ્ટ**

**નીલકંઠવેલી, ૬૦', ૯૦', રાજાવાડી, પંતનગર ૧ થી ૫ બેડરૂમના ફ્લેટ્સ તૈયાર, બંધાતામાં લેવા વેચવા ભાડેથી હિતેશભાઈ 9920927958, 9820008003. (૮૬૭/એ)**

**શુભમ**

**V.P. રોડ, NEAR PRATHNA SAMAJ. 2.5+3 BHK - વેચાણ/ભાડેથી - નવું બિલ્ડિંગ - FULL SEA VIEW. ''જયેશ લબ્ધિ'':** 9323088090. **(૮૬૮/એ)**

**વિલેપાર્લે (ઈસ્ટ)**

વેચવાના છે, પ્રાઈમ લોકેશન. ૧ બેડરૂમ ૧.૫૫ - ૧.૮૦ કરોડ, ૨ બેડરૂમ ૨.૨૫- ૨.૯૫ કરોડ, ૩ બેડરૂમ ૩.૪૫-૪.૭૫ કરોડ. નામદેવ 9322671121. (એસડીબી-૩૧૩૭)

## ૧૭. જગ્યા આપવી છે

**વિલેપાર્લે (ઈસ્ટ)**

**પ્રાઈમ લોકેશનમાં સ્ટેશનથી પાંચ મિનીટના અંતરે ફુલ્લી ફર્નિશ્ડ, વેલ મેઈનટેઈન્ડ 2 BHK Hall, Kitchen ફ્લેટ, પાર્કિંગ સાથે, રજીસ્ટર્ડ સોસાયટી. 800' Carpet Area, - 2.60 Cr. સંપર્ક - ભરત શાહ (Mob. No. 9820280034.). (૩૨૯)**

**કાંદિવલી બોરીવલી**

**વેસ્ટ 3 BHK 5 ઓપ્શન વેચાણ/ ભાડેથી: 9769047623. (૮૭૧/એ)**

**અંધેરી (ઈસ્ટમાં)**

નવા બંધાતા 18 માળના ટાવરમાં 1-2 BHK અને જોડી ફ્લેટ, સ્પેશિયસ કાર્પેટ, ઈસ્ટ-વેસ્ટ ઓપન, મોર્ડન એમેનીટીઝ સાથે, Terrace Slab Completed, સ્કૂલ, કોલેજ, માર્કેટ, હાઈવે અને પોગરા મેટ્રો સ્ટેશનની પાસે, કચ્છી - ગુજરાતી - રાજસ્થાની જૈન પાડોશ, દેરાસર ઉપાશ્રય કોમ્પલેક્ષમાં, સંપર્કઃ 9757252097 / 9664460863. (૮૭૦/સી)

■ માટુંગા વેસ્ટ, દાદર, પ્રભાદેવી 1 BHK 450, 2 BHK- 600, 3 BHK 1110 કાર્પેટ ફ્લેટ, દુકાન, ઓફિસ, વેચાણ, ભાડેથી મળશે. રેરા રજિસ્ટ્રેશન - 9594966701. (બી-૧૭૨૧૨)

**ઘાટકોપર (વેસ્ટ)**

વેચાણથી. માણેકલાલ એસ્ટેટ, 2 બેડરૂમ, હોલ, કિચન- 775' કારપેટ, 4th Floor, લીફ્ટ, પાર્કિંગ, 2.1 Cr. નેગોશીએબલ. ઓનર - 8850719612. (૮૭૯/એ)

**કાંદિવલી વેસ્ટ**

2 બેડરૂમ 751 કાર્પેટ નવા બિલ્ડિંગમાં અનટચ ફ્લેટ હાયર ફ્લોર, વેસ્ટ અને નોર્થ ઓપન વિન્ડોઝ, ક્લીયર વ્યૂ, દહાનુકરવાડી મેટ્રો સ્ટેશનની બાજુમાં 2.05 Cr માં પાર્કિંગ સાથે મળશે સંજીવ - 9821925693. (બી-૧૭૨૧૪)

**કાંદિવલી (વેસ્ટ)**

વીર ટાવરમાં 3 & 4 BHK ફ્લેટ સ્પેશિયસ કાર્પેટ, Upper Floor, મોર્ડન એમેનીટીઝ સાથે, સ્કૂલ, કોલેજ, માર્કેટ, કચ્છી - ગુજરાતી - રાજસ્થાની જૈન પાડોશ, દેરાસર અને ઉપાશ્રય કોમ્પલેક્ષમાં. સંપર્કઃ દિનેશ સાવલા - 9757252097. (૮૭૦/એ)

**3 બેડરૂમ વેચાણથી**

1000' યુસેબલ કાર્પેટ, પાર્કિંગ, હાયર ફ્લોર ઇસ્ટ વેસ્ટ ઓપન, ફુલ્લી ફર્નિશ વિથ ઇલેક્ટ્રોનિક, મથુરાદાસ રોડ કાંદિવલી વેસ્ટ Thakkar estate agency 9892646525 - 7715956365. (જેપી/૪૫૪૯-એફ)

**MALAD WEST**

**1 BHK-99 Lacs++***

**2 BHK-1.32 Cr. ++***

AMENITIES: • Walk of 8 • Sun Deck • Fitness Center • Game Zone • Yoga • Rain Water Harvesting & Many More.

Opp Jain Derasar, Nr. Shiv Shakti Mandir

Possession April 2026

A Project By: Imperial Group - Shree Sai Realty

75069 53114

93214 30122

RERA NO.PR1180002500372

(B-17201)

**તારદેવ**

એન્ટરપ્રાઈઝ એપાર્ટમેન્ટ - 2 બેડરૂમ હાયરફ્લોરનો ફ્લેટ - સીવ્યુ - દેરાસર નજીક - પાર્કિંગ સુવિધા - લેવા. ચેતન શેઠ - 9820062638. (૮૭૭-બી)

**સાઉથ મુંબઈ**

2-3-4 બેડરૂમના ફ્લેટો-તારદેવ વોર્ડન પેડર વાલ્કેશ્વર નેપિયન્સી રોડ વર્લી પ્રભાદેવી- પ્રતિષ્ઠિત સોસાયટી-લેવા. ચેતન શેઠ 9820062638. (૮૭૭-સી)

**વોર્ડન**

2 બેડરૂમનો આલીશાન ફ્લેટ - નાની સુંદર સોસાયટી દેરાસર નજીક પાર્કિંગ સુવિધા. ચેતન શેઠ 9820062638. (૮૭૭-ડી)

**સાઉથ મુંબઈ**

2-3-4-5 બેડરૂમના સુંદર ફ્લેટો તારદેવ - વર્લી - લોઅરપરેલ - પ્રભાદેવી - શીવરી લાલબાગ - બંધાતા ટાવરમાં - પ્રતિષ્ઠિત બિલ્ડર્સ - વ્યાજબી ભાવે આધુનિક સુવિધા મોર્ડન પ્લાનિંગ - આકર્ષક પેમેન્ટ શરતે - સમયસર કબ્જો-લેવા. ચેતન શેઠ 9820062638. (૮૭૭-ઈ)

**LAST FLAT**

**ઘાટકોપર (ઈસ્ટ)**

**3 BHK**

Ready Flat for Sale

* Premium Residential Building
* Spacious & Well-Planned Home
* Grand Double Ht Entrance Lobby
* All Modern Amenities
* Jain Derasar Nearby
* Railway Station & Metro - 5 Mins
* Peaceful & Family-Friendly Area

Call Now: 7715844300

Serious Buyers Only

(876/A)

**બેંકના સસ્તામાં**

ભાયંદર 520' 14.00.000/- 410' 12.00.000/- વિરાર, નાલાસોપારા, નાયગાવ 5.00.000. 8879860919. (૮૭૦/ઈ)

**બોરીવલી - ઈસ્ટ**

**રૂસતમજી, 2.5 બેડરૂમ, હાયર ફ્લોર, લીવલાયસન્સથી મળશે 9867579234. (બી-૧૭૨૧૩)**

## ૧૭. જગ્યા આપવી છે

**બોરીવલી (વેસ્ટ)**

**સાંઈબાબા નગરમાં ફુલ્લી ફર્નિશ્ડ 1850' કારપેટ (૪ બેડરૂમ) પુજારૂમ, સ્ટોર રૂમ સાથે વેચવાનો. 9820743519. (૮૭૩-ડી)**

**જેવીપીડી ગુલમોહર**

**4/5 બેડરૂમ 2000/ 2500/ 2850/ 3200/ 3700 કાર્પેટ તૈયાર કબજો/ અન્ડર કન્સ્ટ્રકશન હાયર ફ્લોર બધી સુવિધાઓ પૂલ, બેન્કવેટ, જીમ, મીની થિયેટર, પિકલ બોલ કોર્ટ - ઓપન વ્યૂ - 50000 થી 75000 psf "MIHIR" 7021919015. (૮૭૪/એ)**

**વિલેપાર્લે (ઈસ્ટ)**

**3/ 4/ 5/ 6 બેડ 1000'/ 1500/ 2000/ 2500' જૈન મંદિર પાસે સ્વિમિંગ પૂલ સાથે, જીમ, બેન્કવેટ, ગાર્ડન, 45,000 psf (નિગોશિએબલ) "MIHIR" 7021919015. (૮૭૪/બી)**

**જુહુ સર્કલ**

**ડીએન નગર @ પ્રોજેક્ટ્સ સાથે ઈન્ફિનિટી પૂલ, જીમ, ટેરેસ, ગાર્ડન, બેન્કવેટ, ઈન્ડોર, ગેમ્સ, મીની થિયેટર, ક્રિકેટ ટર્ફ, 3 બેડ 1100/ 1200 4 બેડ 1600/ 2000 5/6 બેડ 2200 થી 2500 @ 42000 psf 12-18 મહિનામાં કબજો. "MIHIR" 7021919015. (૮૭૪/સી)**

**સાન્તાક્રુઝ/ ખાર**

**લકઝરી પ્રોજેક્ટ્સ 3/ 4/ 5/ 6 બેડ/ પેન્ટહાઉસ, ઈન્ફિનિટી પૂલ, બેન્કવેટ, મીની થિયેટર, ટેરેસ, ગાર્ડન, 2000 થી 6000 કાર્પેટ, મધુપાર્ક પાસે, લિંક રોડની સામે, સી વ્યૂ, ઍમ્પલ સરફેસ પાર્કિંગ. બજેટ 10-30 કરોડ. "MIHIR" 7021919015. (૮૭૪/ડી)**

**સીટચ ફ્લેટો**

**એક્સક્લુઝિવ સી ફેસિંગ ૧૮૦ ડિગ્રી સમુદ્રનો નજારો સાથેના પ્રોજેક્ટ્સ. પ્રાઈમ લોકેશન્સઃ જુહુ, વર્સોવા, કાર્ટર રોડ, બેન્ડસ્ટેન્ડ, પાલી હિલ, પ્રભાદેવી, વર્લી ૩૦૦૦ થી ૧૦,૦૦૦ કાર્પેટ સિંગલ ફ્લોર પર. ૨૦+ સુવિધાઓઃ બેન્કવેટ, ઈન્ફિનિટી પૂલ, જીમ, ગેમઝોન, બજેટ ૨૫-૧૦૦. માત્ર સાચા ખરીદદારો MIHIR 7021919015. (૮૭૪/ઈ)**

**Rustomjee Elements**

**જુહુ સર્કલ પાસે સુવિધાઓ સાથે 3 એકર, 5 BHK 3800' @ 42 કરોડ, 4 bhk 2350' @ 21 કરોડ. MIHIR 7021919015. (૮૭૪/એફ)**

**Kalpataru Solitaire**

**જુહુ સ્કીમ સુવિધાઓ સાથે 1 એકર, 3600' ડુપ્લેક્સ 32 કરોડ, 3 BHK 1900' 13 કરોડ. MIHIR 7021919015. (૮૭૪/જી)**

**વિલેપાર્લે (વેસ્ટ)**

**તૈયાર કબજો સંપૂર્ણપણે સજ્જ 3 BHK 1300' 6 કરોડ, 3.5 BHK 1400' 6.5 કરોડ, 4 BHK 1700' 8.5 કરોડ, તેમજ 2000'/ 2200'/ 2500'/ 3000' પૂલ, જીમ, ટેરેસ, ગાર્ડન, ઈન્ડોર ગેમ્સ સાથેના પ્રોજેક્ટ્સમાં કબજો 1 વર્ષ. MIHIR 7021919015. (૮૭૪/એચ)**

**ANDHERI (EAST)**

**Near Station / Derasar 4 Bedroom 1567' sqft Rera Carpet with Two Car Parking. Ready Possession with O.C. (Amenities Tower Higher Floor) 5,09,00,000/- Box Price. Bharat Parekh 9920675286. (SDB-3130)**

**BORIVALI WEST**

1/2/3/4 BHK Jodi Flats. Available for Sale / Rental. Malad to Dahisar Jigna Property 9819226771 Dhimant Shah. (832-C)

**ANDHERI EAST**

Nagardas Road 2 BHK - 700' - Furnished - 2.10 Cr. Parking 10 yrs. OC - For Video - "Navkar Estate" - 9619674640. (JP/4549-D)

**VILEPARLE EAST**

N. P. Thakkar Road 2 BHK 586' 1st Floor, No Parking, Lift, OC. - 1.90 Cr. "Navkar Estate" - 9619674640. (JP/4549-C)

**VILEPARLE WEST**

Near KLS Hospital 3 BHK - 890' - Higher Floor & 2 BHK - 685' & 735' Possession - May 26. "Navkar Estate":- 9619674640. (JP/4949-B)

AVAILABLE FURNISHED 2 BHK for Rent immediately, at Forjet Hill, Tardeo. Carpet area 535 sq.ft. Higher Floor, with Lift, & Good Garden View & Antilia View from the Flat. Only Genuine Client Contact. Brokers may Contact if willing to take Brokerage from Tenant Side. Contact: 9819776931. (B-17211)

**SHIVAJI PARK**

**One Bedroom + 2 Washrooms, Higher Floor, Seaview - 2.75 Crores. Two Bedrooms + 2 Parkings - 3.35 Crores. 3 Bedrooms 5.50 / 6.50 / 8 Crores. Matunga (West) 3 Bedrooms + 3 Parkings - 5.75 / 6.25 Crores. Hindu Colony 3 Bedrooms 5.75 Crore. Also available 1-4 Bedrooms on Leave / License. "Divine Housing" 9322155751 / 9820126355. (871/B)**

## ૧૭. જગ્યા આપવી છે

**"KANDIVALI (WEST)"...**

**Furnished 2 Bed (Usable: 1180 foot) for Sale with Electronics, at: "Om Tower", S. V. Road, Near Beauty Shop, Walkable From Station., Open Parking, Mahendra Mehta - 9820294310 (Call before: 10-30 am./ After: 9.30 pm.). (B-17220)**

**JUHU-GULMOHAR**

**3 BHK - 1240 / 1458 / 1537 / 1626 Carpet area Exclusive Ready Possession with OC and All Amenities - 50 K to 60 K psf negotiable Prices Mihir - 7021919015. (875/A)**

## ૧૮. જગ્યા જોઈએ છે

**મુલુંડ વેસ્ટમાં**

1 BHK ફ્લેટ ભાડેથી જોઈએ છે.. - 9619959698. (બી-૧૭૧૮૯)

## ૧૯. ફેક્ટરી વર્કશોપ

**ઈન્ડસ્ટ્રીઅલ ગાળો**

વિરાર ઈસ્ટમાં, 3000'નો HDIL ઈન્ડસ્ટ્રીઅલ પાર્કમાં 1લે માળે + માળીયા સાથે વેચવાનો છે. સંપર્કઃ 9029020027. (૮૪૨-એ)

**વસઈ**

**ઈન્ડસ્ટ્રીયલ ગાળા, પ્લોટ, લેવા- વેચવા ભાડેથી**

રૂષભ ઉપાધ્યાય 9049625073

હિતેષ ઉપાધ્યાય 9326470109

(એસડીબી-૩૦૭૭)

**ઈન્ડસ્ટ્રીઅલ ગાળો**

જોગેશ્વરી વેસ્ટમાં એસ. વી. રોડ, વીણા દલવાઈ, ઈન્ડસ્ટ્રીઅલ એસ્ટેટમાં 358'નો ગાળો બીજે માળે + માળીયા સાથે તુરંત વેચવાનો છે. સંપર્કઃ 9029020027. (૮૪૨-સી)

**વસઈ - કામણ**

**સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઈન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399 જીતેન્દ્રભાઈ- 9320404145. (૧૫૭૧૨-એ)**

**FACTORY BUILDINGS**

Lease/Sale-Charkop Kandivali 2850' Ground, 4500' 1st floor | Goregaon to Andheri & Miraroad 7000' to 13000' Ground floor. Milan Kamdar 9820017603. (KP-2535-C)

## ૨૦. ધંધાદારી જગ્યા

**કાંદિવલી (વેસ્ટ)**

SV રોડ, 400' કોર્નર શોપ વેચવાની છે. 9324614243. (૮૬૩-બી)

**WANTED PRELEASED COMMERCIAL PROPERTY**

**ભાડેથી લાગેલી કમર્શિયલ જગ્યા બેંક, બ્રાન્ડ, કોર્પોરેટ ઓફિસ, રેસ્ટોરન્ટ માટે સંપૂર્ણ મુંબઈમાં વેચાણથી જોઈએ છે. સોદાની ખાત્રી (બજેટ 2 કરોડથી 50 કરોડ) 7666644727. (૮૬૫-એ)**

**ઘાટકોપર (ઈસ્ટ)**

દામજી શામજી કોરપોરેટ સ્કેવર - ૧૦ માળના ભવ્ય ટાવરમાં ઓફિસો, ૨૦૦'- ૨૦૦૦', ભાડેથી/ વેચાણથી. મયુરભાઈ - 9821147578, 9987254333. (૩૬૮-સી)

**ઘાટકોપર (ઈસ્ટ)**

પંતનગર શુભમમાં ઓફિસો તથા વેસ્ટમાં ઓફિસો વેચાણથી/ ભાડેથી. કૌશલ મહેતા - 9323871933. (૮૫૧/એ)

**2300' શોરૂમ**

રિટેલ ધંધા માટે Shops 630' કાંદિવલી વેસ્ટ સ્વસ્તિક હાઉસ ઓપોઝિટ રેલવે સ્ટેશન, એસવીરોડ, 20' વિશાળ દર્શન, 14' હાઈટ + 300 ઓટલો વેચાણથી રેડી પઝેશન વિથ ઓસી, site 9820866563. (જેપી-૪૫૪૭-એ)

**મસ્જીદબંદર (વેસ્ટ)**


સેમ્યુઅલ સ્ટ્રીટ, ૧લો માળ, એરીયા - ૨૦૦૦ ભાડેથી આપવાનો છે. મળો - મહેશ શાહ - 98202 53026. (એસડીબીજી-૩૧૩૨)

**મસ્જીદબંદર (વેસ્ટ)**

કાઝી સૈયદ સ્ટ્રીટ - સેમ્યુઅલ સ્ટ્રીટ, દુકાન- ગોદામ લાયક જગ્યા, રોડ ટચ - ગ્રાઉન્ડ ફ્લોર - એરિયા - ૭૫૫ / ૮૦૦ ભાડે / વેચાતી લેવા મળો - મહેશ શાહ - 98202 53026. (એસડીબીજી-૩૧૩૩)

**■ મુંબઈમાં કોઈપણ એરીયામાં 30000 sqft. થી 70000 sqft. ગ્રાઉન્ડ ફ્લોરમાં અથવા ગ્રાઉન્ડ + પહેલા માળે શોરૂમ માટે આઉટરાઈટથી જોઈએ છે. કોન્ટેક: 9224151071. (બી-૧૭૨૨૩)**


(જુઓ પાનું ૧૨) ▸▸



# મુંબઈ સમાચાર
# માતૃભાષા ભાગવત સપ્તાહ

તા. ૨ એપ્રિલથી ૮ એપ્રિલ
સવારે ૯.૩૦થી ૧૨.૩૦

Supported by:
adani



શ્રીમદ્ ભાગવતના
દરેક હ્રદયસ્થ કથાકાર
**પરમપૂજ્ય રમેશભાઈ ઓઝા ભાઈશ્રી દ્વારા**
સનાતન નગરીઃ સ્વ. શ્રી બાળાસાહેબ ઠાકરે ક્રીડાસંકુલ, બોરીવલી [પશ્ચિમ]



SKYLINE
INFRA FORGE
**શ્રી સૌરભ મહેતા**
(મુખ્ય મનોરથી)

મહાનગરમાં વ્રજનો લય
સંપૂર્ણ મુંબઈ કૃષ્ણમય
તમામ માતૃભાષાનો જય

મુંબઈ શહેરમાં જીવતી-
જાગતી માતૃભાષાઓનું
રક્ષણ અને સંવર્ધન

૨૦૪ વર્ષની યુવાવયના એશિયાના સૌથી જૂના અખબાર
'મુંબઈ સમાચાર'ની અલૌકિક-અદ્ભુત પહેલ

**સવારેઃ ૯.૩૦થી ૧૨.૩૦ ભાગવત કથા**
**સાંજેઃ ૬.૩૦થી ૧૦.૦૦ માતૃભાષા મહોત્સવ**
**પ્રસાદઃ બપોરે ૧૨.૩૦ વાગ્યાથી ૩ વાગ્યા સુધી.**



gandhar
Group of Companies
**શ્રી રમેશભાઈ પારેખ**
(સહ મનોરથી)

▸ શ્રી પોથીજી ▸ ઝાંખી
▸ ઉત્સવ ▸ સેવા ▸ મનોરથ

★★★★★

દૈનિક બ્રહ્મ ભોજન
દૈનિક ફળ સેવા
દૈનિક ફૂલહાર સેવા
દૈનિક સ્ટેજ ડેકોરેશન

★★★★★

**ઉત્સવ, મનોરથ, ઝાંખી અને અન્ય સેવાઓ માટે**
સંપર્કઃ
યોગેશ પંડ્યા
૭૭૧૦૮૧૬૩૪૦
કિશોર જાની
૯૮૧૯૯૧૦૦૩૯

માતૃભાષાના સેનાનીઓના ઋણ-સ્વીકારનો આ અવસર છે, પછી એ ગુજરાતી હોય, મરાઠી હોય, બંગાળી હોય કે પછી હોય અન્ય કોઈ માતૃભાષાનો સૈનિક. ભાષાકર્મી છે આપણી ભાષાને સમૃદ્ધ કરવાનો પાયો. ભાષા અને સંસ્કૃતિના એ પાયા સાથે આપણે ઊભા છીએ એ દાખવવાનો આ પ્રયત્ન છે. સૌના સહકારની અપેક્ષા સાથે.

માતૃભાષાનો આ મહાયજ્ઞ માતૃભાષાના એ સૈનિકો માટે છે જેમણે સમગ્ર જીવન દરમિયાન ભારતની વિવિધ માતૃભાષાની સેવા કરી છે અને હવે આપણી જવાબદારી છે કે એ સૈનિકોની પાછલી જિંદગીની તકેદારી આપણે રાખીએ - સથવારો પૂરો પાડીએ. આ સમગ્ર મહાકુંભનું જે ઉપાર્જન થશે એ ભારતની માતૃભાષાઓના વીર સાહિત્યકારો માનભેર જીવન જીવી શકે એ માટે વપરાશે.

આયોજક
## મુંબઈ સમાચાર
પ્રેરિત
## માતૃભાષા પ્રતિષ્ઠાન
★ શ્રી નીલેશ દવે

★ શ્રી પરાગ શાહ ★ શ્રી સંતોષ સિંગ ★ શ્રી મુકેશ પટેલ ★ શ્રી રાજુ સાવલા
★ શ્રી અરવિંદ શાહ ★ શ્રી જિજ્ઞેશ ભુતા ★ શ્રી જસ્મીન શાહ ★ શ્રી જિતેન્દ્ર મહેતા ★ શ્રી શોભિત દેસાઈ
★ શ્રી મિલન ત્રિવેદી (રાજકોટ) ★ શ્રી ભાર્ગવ પટેલ ★ શ્રી નિરવ મહેતા ★ શ્રી જિજ્ઞેશ હિરાણી ★ શ્રી દુષ્યંત સોની (દુબઈ)

સ્ટોલ ઉપરાંત આ મહોત્સવમાં કોઈપણ પ્રકારની વોલિન્ટરી સેવા આપવા તેમજ અન્ય માહિતી માટે સંપર્કઃ ૮૬૯૩૮૦૩૮૩૮, ૯૮૨૧૧૧૮૭૨૩

★ વિશેષ આભાર ★
★ શ્રી સંજય ઉપાધ્યાય ★ શ્રી આસીત મોદી ★ શ્રી જે. ડી. મજેઠિયા ★ શ્રી સંજય છેલ ★ શ્રી મુકેશ મહેતા

AJMERA BUILT ON TRUST
MICL LIVE BETTER
NATUREPURE Wellness Pvt. Ltd. WellPure | Keshasvi
NEELKANTH Building Trust Since 1938 Formerly known as: Velji Harkha Patel & Sons.
Neela Film Productions
SILVER BUILDING LANDMARKS SINCE 1986

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ચાંદીમાં વધુ ₹ ૩૪૮૯નો અને સોનામાં ₹ ૧૮૩૫નો ઘટાડો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મધ્ય પૂર્વના દેશોમાં ભૂરાજકીય તણાવ વધતાં બ્રેન્ટ ક્રૂડતેલના ભાવ ઉછળતાં આજે વૈશ્વિક બજારમાં સોના અને ચાંદીના ભાવમાં ધીમો સુધારો આવ્યાના પ્રોત્સાહક અહેવાલ છતાં સ્થાનિક ઝવેરી બજારમાં આજે સપ્તાહના અંતે બન્ને કિંમતી ધાતુઓમાં સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહેતાં ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૩૪૮૯નો અને સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૮૨૮થી ૧૮૩૫નો ઘટાડો આગળ ધપ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ૯૯૯ ટચ ચાંદીમાં ઊંચા મથાળેથી સ્ટોકિસ્ટો અને રોકાણકારોની નફારૂપી વેચવાલીના દબાણ સામે ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની લેવાલી પણ ખપપૂરતી રહેતાં વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૩૪૮૯ના ઘટાડા સાથે રૂ. ૨,૬૦,૭૨૩ના મથાળે રહ્યા હતા. તે જ પ્રમાણે સોનામાં પણ સ્ટોકિસ્ટો, રોકાણકારો, જ્વેલરી ઉત્પાદકોની માગ નિરસ રહેતાં વેરારહિત ધોરણે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૮૨૮ના ઘટાડા સાથે રૂ. ૧,૫૮,૧૧૫ના મથાળે અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૧૮૩૫ ઘટીને રૂ. ૧,૫૮,૭૫૧ના મથાળે રહ્યા હતા.

મધ્ય પૂર્વના દેશોમાં ભૂરાજકીય તણાવની સ્થિતિ જળવાઈ રહેતાં આજે લંડન ખાતે સત્રના આરંભે સલામતી માટેની માગને ટેકે હાજરમાં સોનાના ભાવ ૦.૩ ટકા વધીને ઔંસદીઠ ૫૦૯૦.૧૬ ડૉલર આસપાસ અને એપ્રિલ ડિલિવરી વાયદામાં ભાવ ૦.૪ ટકા વધીને ૫૦૯૯.૫૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. નોંધનીય બાબત એ છે કે હાજર સોનામાં સતત ચાર સપ્તાહ સુધી સાપ્તાહિક ધોરણે ભાવમાં સુધારાતરફી વલણ જોવા મળ્યા બાદ વર્તમાન સપ્તાહમાં રેટકટના આશાવાદ પર પાણી ફરી વળતાં અત્યાર સુધીમાં ભાવમાં સાપ્તાહિક ધોરણે ૩.૫ ટકા જેટલો ઘટાડો નોંધાયો છે. વધુમાં આજે હાજરમાં ચાંદીના ભાવ એક ટકાના સુધારા સાથે ઔંસદીઠ ૮૨.૯૫ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

હાલના તબક્કે સોનાની તેજીને ભૂરાજકીય તણાવનો પ્રબળ ટેકો મળી રહ્યો છે ઈરાન સાથેનાં વિવાદનો નજીકના ભવિષ્યમાં અંતે એવે તેવી શક્યતા નથી જણાતી. જોકે, ક્રૂડતેલના ભાવમાં થઈ રહેલા વધારાને કારણે અર્થતંત્ર પર ફુગાવાલક્ષી દબાણ વધવાથી અમેરિકામાં વ્યાજદરની ઊંચી સપાટી લાંબા સમય સુધી જળવાઈ રહે તેવી શક્યતાને ધ્યાનમાં લેતા મર્યાદિત માત્રામાં સુધારો જોવા મળી રહ્યો હોવાનું ઓએએનડીએનાં વિશ્લેષ ઝૈન વાવદાએ જણાવતા ઉમેર્યું હતું કે વધતા ફુગાવાના સંજોગમાં સામાન્યપણે સોનામાં સલામતી માટેની માગ ખૂલતી હોય છે, પરંતુ નીચા વ્યાજદરના સમયગાળામાં સોનામાં કામગીરી વધુ સારી રહેતી હોય છે. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે આ વર્ષમાં અત્યાર સુધીમાં સોનાના ભાવમાં ૧૮ ટકાનો ઉછાળો આવ્યો છે.

દરમિયાન આજે ઈઝરાયલે હિઝબુલ્લાહના નિયંત્રણ હેઠળના બૈરુતનાં દક્ષિણ પરાંઓમાં ભારે હવાઈ હુમલાઓ કર્યા હતા, જ્યારે ઈરાને તેલ અવિવ પર મિસાઈલ હુમલાઓ કર્યાનું જણાવતાં આજે બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ૨.૩૮ ટકા જેટલા ઉછળી આવ્યા હતા. આ ઉછાળો ફેબ્રુઆરી, ૨૦૨૨માં જ્યારે રશિયાએ યુક્રેન પર કરેલા હુમલા વખતે જોવા મળેલા ઉછાળા પછીનો સૌથી મોટો ઉછાળો હતો.

જોકે, આજે રોકાણકારોની નજર મોડી સાંજે જાહેર થનારા અમેરિકાના રોજગારીના ડેટા પર સ્થિર હોવાથી તેઓએ સાવચેતીનો અભિગમ અપનાવ્યો હતો. જોકે, બજાર વર્તુળો રોજગારોની સંખ્યામાં ૫૯,૦૦૦નો ઉમેરો થવાની ધારણા મૂકી રહ્યા છે.

# સેન્સેક્સ ૧,૦૯૭ પોઈન્ટ ગબડ્યો, નિફ્ટી ૨૪,૫૦૦ની નીચે, આઈસીઆઈસીઆઈ બૅંક અને ઈટર્નલમાં ત્રણેક ટકાનો કડાકો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇ: અમેરિકા સામે ઇરાન સરળતાથી શરણાગતિ નહીં સ્વીકારે અને આગામી દિવસોમાં યુદ્ધની ભીષણતા વધશે એવી અટકળો વચ્ચે બજારનું માનસ ફરી ખરડાવાથી શુક્રવારે સેન્સેક્સમાં ૧૦૦૦ પોઇન્ટનું મસમોટું ગાબડું જોવા મળ્યું હતું, જ્યારે નિફ્ટી ફરી ૨૪,૫૦૦ની નીચે સરકી ગયો હતો. એફઆઇઆઇની એકધારી વેચવાલી અને ક્રૂડ ઓઇલના ભાવ વધારાને કારણે પણ બજાર પર નકારાત્મક અસર પડી હતી. આઇસીઆઇસીઆઇ બૅંક અને ઇટર્નલમના શેરોમાં ત્રણેક ટકા સુધીનો કડાકો જોવા મળ્યો હતો. એક્સિસ બૅંક, ઈન્ડિગો અને સ્ટેટ બેન્કના શેરમાં બે ટકા સુધીનો ઘટાડો હતો. ભારત ઇલેક્ટ્રોનિક્સ, સન ફાર્મા અને રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝના શેરમાં સુધારો જોવા મળ્યો હતો.

સેન્સેક્સ સત્ર દરમિયાન ૧૨૦૩.૭૨ પોઇન્ટ અથવા તો ૧.૫૦ ટકાના કડાકા સાથે ૭૮,૮૧૨.૧૮ પોઇન્ટની નીચી સપાટીને અથડાયા બાદ અંતે ૧૦૯૭ પોઇન્ટ અથવા તો ૧.૩૭ ટકાના ઘટાડા સાથે ૭૮,૯૧૮.૯૦ પોઇન્ટની સપાટીએ અને નિફ્ટી ૩૧૫.૪૫ પૉંટ અથવા તો ૧.૨૭ ટકાના ઘટાડા સાથે ૨૪,૪૫૦.૪૫ પોઇન્ટની સપાટીએ સ્થિર થયો હતો.

સેન્સેક્સમાં ઇનર્ટનલ, આઇસીઆઇસીઆઇ બેન્ક,. એક્સિસ બેન્ક, અલ્ટ્રાટેક સિમેન્ટ, એચડીએફસી બેન્ક, સ્ટેટ બેન્ક, બજાજ ફિનસર્વ અને લાર્સન એન્ડ ટૂબ્રો ટોપ લૂઝર જ્યારે ભારત ઇલેક્ટ્રોનિક્સ, રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ, સન ફાર્મા, એનટીપીસી, ઇન્ફોસિસ અને એચસીએલ ટેક ટોપ ગેઇનર રહ્યા હતા.

ઇનોવિઝન લિમિટેડનો રૂ. ૩૨૨.૮૪ કરોડનો બુક બિલ્ડ ઇશ્યૂ ૧૦ માર્ચ, ૨૦૨૬ના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે અને ૧૨ માર્ચના રોજ બંધ થશે. પ્રાઇસ બેન્ડ રૂ. ૫૨૧થી રૂ. ૫૪૮ પ્રતિ શેર અને અરજી માટે લોટ સાઇઝ ૨૭ શેરનો છે. શેરની ફાળવણી માટે ૧૩ માર્ચ અને એનએસઇ તથા બીએસઇ પર લિસ્ટિંગ તારીખ ૧૭ માર્ચ નક્કી કરવામાં આવી છે.

એચઇસી ઇન્ફ્રા પ્રોજેક્ટ્સ લિમિટેડે કિસાન સૂર્યોદય યોજના હેઠળ અત્યાર સુધીનો સૌથી મોટો રૂ. ૧૦૦ કરોડનો ઇપીસી ઓર્ડર હાંસલ કર્યો છે. ઇલેક્ટ્રિકલ, મિકેનિકલ અને ઇન્સ્ટ્રુમેન્ટેશન કાર્યોમાં નિષ્ણાત અગ્રણી ઇપીસી કંપનીઓમાંની એક એવી એચઇસીએ દક્ષિણ ગુજરાત વિજ કંપની લિમિટેડ પાસેથી આ વર્ક ઓર્ડર મેળવ્યો છે . આ ઓર્ડર અદ્વૈત એનર્જી ટ્રાન્ઝિશન્સ લિમિટેડ સાથનો સંયુક્ત સાહસ અંતર્ગત મળ્યો છે.

એનએસઇ પર નિફ્ટી રિયલ્ટી, નિફ્ટી પ્રાઇવેટ બૅંક અને નિફ્ટી પીએસયુ બૅંક ટોચના ઘટાડાવાળા સેક્ટરલ ઇન્ડેક્સમાં સામેલ હતા. આ તમામ ઇન્ડેક્સ બે ટકાથી વધુ ઘટ્યા હતા, જ્યારે નિફ્ટી આઇટી એકમાત્ર મુખ્ય ક્ષેત્રીય ઇન્ડેક્સ હતો, જે ગ્રીન ઝોનમાં પહોંચ્યો હતો.

ભારતની સૌથી મોટી વર્ટિકલી ઇન્ટિગ્રેટેડ પાવર કંપનીઓમાંની એક, ટાટા પાવરે સેલ્સફોર્સ, વિશ્વની વન એઆઇ સીઆરએમ સાથે સહયોગ જાહેર કર્યો છે, જેથી તેના ઝડપથી વિકસતા રૂફટોપ સોલાર, ઇવી ચાર્જિંગ અને સ્માર્ટ હોમ સોલ્યુશન્સ વ્યવસાયોને ડિજિટલી રૂપાંતરિત કરી શકાય. આ સહયોગ એઆઇ, ઓટોમેશન અને ડેટા આધારિત સ્વચ્છ ઉર્જા ઇકોસિસ્ટમ સ્થાપિત કરીને ભારતની નેટ ઝીરો મહત્વાકાંક્ષાઓ સાથે સંરેખિત ટાટા પાવરના લાંબા ગાળાના સ્વચ્છ ઉર્જા રોડમેપને મજબૂત બનાવે છે.

સેન્સેક્સ સમાવિષ્ટ સ્ક્રિપ્સમાં બીઈએલ ૧.૮૨ ટકા, રિલાયન્સ ૧.૧૧ ટકા, સન ફાર્મા ૦.૬૮ ટકા, એનટીપીસી ૦.૬૧ ટકા, ઈન્ફોસિસ ટેકનોલોજી ૦.૨૬ ટકા અને એચસીએલ ટેકનોલોજી ૦.૨૧ ટકા વધ્યા હતા, જ્યારે મુખ્યત્વે ઈટર્નલ ૩.૩૯ ટકા, આઈસીઆઈસીઆઈ બેન્ક ૩.૩૯ ટકા, એક્સિસ બેન્ક ૨.૫૮ ટકા, અલ્ટ્રાટેક સિમેન્ટ ૨.૫૬ ટકા એચડીએફસી બેન્ક ૨.૩૯ ટકા, સ્ટેટ બેન્ક ૨.૩૭ ટકા, બજાજ ફિનસર્વ ૨.૨૭ ટકા, લાર્સન ૨.૦૯ ટકા, ઈન્ડિગો ૨.૦૧ ટકા, મારુતિ ૧.૮૫ ટકા, ભારતી એરટેલ ૧.૮૩ ટકા, ટ્રેન્ટ ૧.૬૩ ટકા, અને કોટક બેન્ક ૧.૫૩ ટકા ઘટ્યા હતા.

શેરબજારમાં સુધારો હોવા છતાં પ્રાઇમરી માર્કેટમાં ગુરુવારના સત્રમાં નરમાઇનો માહોલ જણાઇ છે. આ વખતે સેકન્ડરી માર્કેટની નકારાત્મક અસર પ્રાઇમરી માર્કેટ પર પણ જોવા મળી છે. ગુરુવારે ઓમ્નિટેક એન્જિનિયરિંગનો શેર તેનો રૂ. ૨૨૭ના ઇશ્યૂ ભાવ સામે એનએસઇમાં ૧૧ ટકાના અને બીએસઇ પર ૯.૬૯ ટકાના ડિસ્કાઉન્ટ સાથે લિસ્ટેડ થયો હતો. એ જ રીતે, એસએમઇ સેગમેન્ટમાં યાપ ડિજીટલનો શેર એમએસઇ ઇમર્જ પ્લેટફોર્મ પર ૧૨ ટકાના ડિસ્કાઉન્ટ સાથે લિસ્ટેડ થયો હતો.

આ અગાઉ બુધવારે પીએનજીએસ રેવા ડાયમન્ડ જ્વેલરીના શેરતેના રૂ. ૩૮૬ના ઇશ્યૂ ભાવ સામે ૩.૬૨ ટકાના ડિસ્કાઉન્ટ સાથે રૂ. ૩૭૨ના ભાવે લિસ્ટેડ થયા હતા.

દરમિયાન સરકારી માલિકીની એનએચએઆઇનો ટેકો ધરાવતી રાજમાર્ગ ઇન્ફ્રા ઇન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટનો રૂ. ૬,૦૦૦ કરોડનો બુક બિલ્ડ ઇન્વીટ આઇપીઓ ૧૧ માર્ચ, ૨૦૨૬ના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે અને ૧૩ માર્ચના રોજ બંધ થશે.

જેપી મોર્ગને અદાણી પોર્ટ અને જેએસડબલ્યુ ઇન્ફ્રાને ઓવરવેઇટ રેટીંગ આપ્યું છે. એમઆરએફ તમિલનાડુમાં ગ્રીનફિલ્ડ પ્રોજેક્ટ માટે રૂ. ૩૦૦૦ કરોડનું રોકાણ કરશે.

માર્કેટ રેગ્યુલેટર સેબીએ કોફી ડે એન્ટરપ્રાઇઝ લિમિટેડ અને તેના ઘણા અધિકારીઓ પર નાણાકીય નિવેદનો તૈયાર કરતી વખતે યોગ્ય એકાઉન્ટિંગ ધોરણો અને ડિસ્ક્લોઝર નિયમોનું પાલન કરવામાં નિષ્ફળતા બદલ કુલ રૂ. ૩૮ લાખનો દંડ ફટકાર્યો છે.

# ખાંડમાં નરમાઈ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈ: મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડનાં ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૭૪૦થી ૩૭૮૦માં ટકેલા ધોરણે થયાના અહેવાલ છતાં આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ ખપપૂરતી રહેતાં હાજરમાં સ્મોલ તથા મિડિયમ ગ્રેડની ખાંડમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હતો. વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે પણ ઔદ્યોગિક વપરાશકારોની માગ ખપપૂરતી રહેતાં ભાવ ક્વિન્ટલે રૂ. ૧૦ ઘટી આવ્યા હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ રહેવાની સાથે રિટેલ સ્તરની માગ પણ મર્યાદિત રહેતાં ઉપાડ લગભગ ૨૬થી ૨૭ ટ્રકનો રહ્યો હતો. આમ એકંદરે માગ પાંખી રહેતાં હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ ઘટીને રૂ. ૩૮૮૨થી ૩૯૩૨માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ ઘટીને રૂ. ૩૯૫૨થી ૪૦૩૨માં થયા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ નિરસ રહેતાં ભાવમાં ક્વિન્ટલે રૂ. ૧૦નો ઘટાડો આવતા સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૭૯૦થી ૩૮૨૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૯૦થી ૩૯૨૦માં થયાના અહેવાલ હતા.

# ડૉલર સામે રૂપિયો બેતરફી વધઘટે અથડાઈને અંતે ૧૮ પૈસા નરમ

મુંબઈ: વૈશ્વિક સ્તરે આજે પશ્ચિમ એશિયામાં ભૂરાજકીય તણાવમાં વધારો થવાની સાથે બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ૨.૩૮ ટકા જેટલા ઉછળી આવ્યા હતા. તેમ જ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં નરમાઈનું વલણ, વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ગઈકાલે વેચવાલી જળવાઈ રહેતાં સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં સત્ર દરમિયાન એક તબક્કે ૨૧ પૈસા ગબડી ગયો હતો. જોકે, રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાનો બજારમાં સંભવિતપણે હસ્તક્ષેપ અને અમેરિકી વહીવટીતંત્રએ પશ્ચિમ એશિયામાં થઈ રહેલા યુદ્ધને ધ્યાનમાં રાખીને ભારતીય રિફાઈનરોને ૩૦ દિવસ સુધી રશિયન તેલ ખરીદવા માટે મંજૂરી આપી હોવાથી રૂપિયામાં ધોવાણ મર્યાદિત રહ્યું હતું અને સત્રના અંતે ૧૮ પૈસાના ઘટાડા સાથે ૯૧.૮૨ના મથાળે બંધ રહ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૯૧.૬૪ના બંધ સામે ભાવ ટૂ ભાવ ૯૧.૬૪ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૯૧.૮૫ અને ઉપરમાં ૯૧.૫૯ સુધી મજબૂત થયા બાદ અંતે ગઈકાલના બંધ સામે ૧૮ પૈસા ઘટીને ૯૧.૮૨ની સપાટીએ બંધ રહ્યો હતો.

દરમિયાન એએનઝેડનાં ફોરેક્સ સ્ટ્રેટેજિસ્ટ ધીરજ નીમે જણાવ્યું હતું કે જો વૈશ્વિક સ્તરે ક્રૂડતેલના ભાવમાં તીવ્ર વધારો થાય તો ડૉલર સામે રૂપિયો ૯૨.૫૦ સુધી ગબડી શકે છે. તેમ છતાં જો રિઝર્વ બૅન્ક સમયાંતરે બજારમાં મોટી માત્રામાં હસ્તક્ષેપ કરે તો રૂપિયામાં ઘટાડો મર્યાદિત રહે તેવી શક્યતા પણ નકારી ન શકાય. વધુમાં તેમણે જણાવ્યું હતું કે લાંબા સમયગાળા સુધી ભૂરાજકીય તણાવ રહે તો વર્ષના અંત સુધીમાં ડૉલર સામે રૂપિયો ૯૩ની સપાટી સ્પર્શી શકે છે. આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના ભાવ ગઈકાલના બંધ સામે ૨.૩૮ ટકા વધીને બેરલદીઠ ૮૭.૪૪ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ સ્થાનિક સ્તરે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૧૦૯૭ પૉઈન્ટનો અને ૩૧૫.૪૫ પૉઈન્ટનો કડાકો બોલાઈ ગયો હતો.

## ગુજરાત

# અમદાવાદમાં આજે સવારે ૮થી ૧૦ વાગ્યા દરમિયાન ઈમર્જન્સી સાયરન વાગશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરમાં ૭ માર્ચ શનિવારના રોજ આકાશમાં સાયરન વગાડવામાં આવશે. તેનો હેતુ સિવિલ ડિફેન્સ (નાગરિક સંરક્ષણ) તંત્ર દ્વારા સાયરન સિસ્ટમની કાર્યક્ષમતા અને અવાજની મર્યાદા (રેન્જ) ચકાસવાનો છે. સાયરનનો અવાજ કોઈ આફત અથવા ઈમરજન્સી માટે નહીં, પરંતુ નવી સાયરન સિસ્ટમના ટેસ્ટિંગ માટે રહેશે. હોમગાર્ડ્ઝ ભવન, લાલ દરવાજા, અમદાવાદ ખાતે ૦૭ માર્ચ ૨૦૨૬ના રોજ સવારે ૮:૦૦ થી ૧૦:૦૦ એમ બે કલાક દરમિયાન સમયાંતરે અવાર-નવાર સાયરન વગાડવામાં આવશે.

આ અંગે વધુ માહિતી આપતા અમદાવાદ કમાન્ડન્ટ અને નાયબ પોલીસ અધિક્ષકા એ.એ.શેખે જણાવ્યું હતું કે, નાગરિક સંરક્ષણ તંત્ર દ્વારા નવા આધુનિક સાયરનોની ખરીદી કરવામાં આવી રહી છે. આ ખરીદી પહેલા સાયરનની કાર્યક્ષમતા તેમજ તેના અવાજની મર્યાદા ચકાસવા માટે ટેસ્ટિંગ કરવામાં આવનાર છે. આ ટેસ્ટિંગનો મુખ્ય હેતુ આપતકાલીન સ્થિતિમાં સાયરન કેટલા અસરકારક છે તે ચકાસવાનો છે.

# ગુજરાતમાં આગામી ચાર દિવસ અનેક જિલ્લાઓમાં ‘હીટ વેવ’ની આગાહી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં ફાગણ મહિને જ ચૈત્રનો અહેસાસ થઈ રહ્યો છે. રાજ્યમાં ઉનાળાના આરંભે જ રાજ્યના અનેક જિલ્લામાં તાપમાનનો પારો ૩૫ ડિગ્રીને વટાવી ચૂક્યો છે. ત્યારે રાજ્યમાં આગામી ચાર દિવસ સુધી આકરી ગરમી પાડવાની શક્યતા છે. હવામાન વિભાગે આગામી ૪ દિવસ સુધી રાજ્યમાં હીટ વેવની આગાહી કરી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આગામી દિવસોમાં મહત્તમ અને લઘુત્તમ તાપમાનમાં ૨ થી ૩ ડિગ્રી સેલ્સિયસનો ક્રમશઃ વધારો થવાની શક્યતા છે. છેલ્લા ૨૪ કલાકમાં ભાવનગરમાં સૌથી વધુ ૩૮ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું. રાજકોટમાં ૩૭.૯, અમદાવાદ અને અમરેલીમાં ૩૭.૭, ડીસામાં ૩૭.૩, ગાંધીનગર અને વડોદરામાં ૩૭.૨ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું.

આગામી બે દિવસ દરમિયાન ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છના દરિયાકાંઠાના વિસ્તારોમાં ગરમ અને ભેજવાળા હવામાનને કારણે અકળામણ અનુભવાય તેવી શક્યતા છે. અમદાવાદમાં આ સમયગાળા દરમિયાન આકાશ સ્વચ્છ રહેશે અને મહત્તમ તાપમાન ૩૫ ડિગ્રી સેલ્સિયસની આસપાસ રહેવાની ધારણા છે.

હવામાન વિભાગની આગાહી અનુસાર, ભાવનગરમાં આગામી પાંચ દિવસ સુધી હીટ વેવની સ્થિતિ યથાવત રહી શકે છે. આ ઉપરાંત, ૮ માર્ચથી ૧૦ માર્ચ દરમિયાન દક્ષિણ ગુજરાતના ભરૂચ, સુરત, નવસારી, વલસાડ અને દમણ તેમજ સૌરાષ્ટ્રના પોરબંદર, વેરાવળ અને દીવમાં પણ છૂટાછવાયાં સ્થળોએ હીટ વેવની આગાહી કરવામાં આવી છે.

# સૌરાષ્ટ્રમાં પેટ્રોલ-ડીઝલના અછતની અફવા: પેટ્રોલ પંપો પર વાહનોની કતારો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ઈરાન વિરુદ્ધ અમેરિકા અને ઈઝરાયલના યુદ્ધથી ઈંધણની અછતની ચિંતા લોકોને સતાવી રહી છે. યુદ્ધના પગલે સૌરાષ્ટ્રના વિવિધ શહેરોમાં પેટ્રોલ-ડીઝલની તંગીની અફવા વાયુવેગે ફેલાતા પેટ્રોલ અને ડીઝલ ભરાવવા માટે લોકો પેટ્રોલ પંપો ઉપર પહોંચ્યા હતા. જેથી પેટ્રોલ પંપો વાહન ચાલકોની લાંબી લાઈનો લાગી હતી. અમરેલી જિલ્લાના સાવરકુંડલા, ધારી અને અમરેલી શહેરોમાં પેટ્રોલ પંપો પર ભારે ભીડ જોવા મળી હતી.યુદ્ધની ભીતિ વચ્ચે છેલ્લા બે દિવસથી પેટ્રોલ-ડીઝલની અછતની અફવાઓ ફેલાતા લોકોમાં ચિંતા પ્રસરી છે. લોકો ઈંધણનો સંગ્રહ કરવા કેરબા લઈને પેટ્રોલ પંપો ઉપર પહોંચ્યા હતા.

સાવરકુંડલા શહેરમાં ડીઝલ-પેટ્રોલ નહીં મળે તેવી અફવા ફેલાતા એક પેટ્રોલ પંપ પર માંગમાં અસાધારણ વધારો થયો હતો. જેના પરિણામે પેટ્રોલ ખૂટી જતા વેચાણ તાત્કાલિક બંધ કરવું પડ્યું હતું. ખેડૂતો પોતાના નાના-મોટા મશીનો માટે બેરલ અને કેન ભરાવવા વાહનો સાથે ઊમટી પડતા ભારે દોડધામ અને ટ્રાફિકની સમસ્યા સર્જાઈ હતી.

# હર્ષ સંઘવીના હસ્તે વડોદરામાં ₹ ૨૦૩ કરોડનાં વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત-લોકાર્પણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજ્યના નાયબ મુખ્ય પ્રધાન અને વડોદરાના પ્રભારી મંત્રી હર્ષ સંઘવીના હસ્તે વડોદરા શહેરમાં રૂ. ૨૦૩ કરોડના કામોનું ખાતમુહૂર્ત તેમજ લોકાર્પણ કરવામાં આવ્યું હતું. વડોદરા મહાનગરપાલિકા દ્વારા શહેરના સર સયાજીરાવ નગરગૃહ ખાતે કાર્યક્રમનું આયોજન કરવા આવ્યું હતું. જેમાં હર્ષ સંઘવી ઉપરાંત રાજ્યકક્ષાના પ્રધાન મનીષા વકીલ, દંડક બાલકૃષ્ણ શુક્લ, સાંસદ ડો. હેમાંગ જોષી, મેયર પિંકી સોની, શહેરના ધારાસભ્યો, જિલ્લાના ધારાસભ્ય, જિલ્લા પંચાયત પ્રમુખ, શહેર ભાજપ અધ્યક્ષ, સંગઠનના પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, નાના પરિવારને ચલાવવા પણ સમસ્યા આવે છે, ત્યારે આટલા મોટા શહેરને ચલાવવામાં પણ મુશ્કેલી ઊભી થઈ શકે છે. કેટલાક લોકો સવારે ઊઠીને કોઈક ને કોઈક મુદ્દો શોધે છે, જેનાથી સત્તાપક્ષની ટીકા કરી શકાય. તેઓએ એમ પણ ઉમેર્યું હતું કે, માટે ટીકા ટિપ્પણીથી કોઈ શહેર કે રાજ્ય નથી ચાલતું. શહેરના વિકાસ અને શહેરને સ્વચ્છ રાખવા માટે સહભાગી થવું જોઈએ. હર્ષ સંઘવીએ જાહેરાત કરી હતી કે, રાજ્યના ટૂરિઝમ વિભાગ દ્વારા મહત્ત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે કે, વડોદરા શહેરની મધ્યમાં આવેલા સુરસાગર તળાવ ખાતે મહાઆરતી યોજાશે. આ ઉપરાંત રોજ થ્રીડી મેપિંગ શો, ફાઉન્ટન શો, તથા મ્યુઝિક એન્ડ લાઇટ શો યોજવામાં આવશે. આ પ્રોજેક્ટ માટે કુલ રૂ. ૪૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે.

# ગુજરાતમાં એકસાથે ૩૭ આઈપીએસ અધિકારીઓની બદલી અને બઢતી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાત સરકારના ગૃહ વિભાગ દ્વારા રાજ્યના પોલીસ તંત્રમાં વ્યાપક ફેરબદલ કરતા એકસાથે ૩૭ આઈપીએસ અધિકારીઓની બદલી અને બઢતીના આદેશ જાહેર કરવામાં આવ્યા હતા. આ મોટા વહીવટી ફેરફારમાં અનેક મહત્ત્વના હોદ્દાઓને અપગ્રેડ અને ડાઉનગ્રેડ કરવામાં આવ્યા છે. લાંબા સમયથી વેઇટિંગ ફોર પોસ્ટિંગમાં રહેલા સિનિયર આઇપીએસ શમશેર સિંઘને ડાયરેક્ટર, સિવિલ ડિફેન્સ અને કમાન્ડન્ટ જનરલ, હોમ ગાર્ડ્સ, અમદાવાદ તરીકે મહત્ત્વની જવાબદારી સોંપવામાં આવી છે. આ ઉપરાંત, સુરતના સ્પેશ્યલ સીપી વાબંગ જમીરને વેઇટિંગ લિસ્ટમાં મૂકવામાં આવ્યા છે.

આ બદલીઓમાં ફિલ્ડ પોસ્ટિંગ પર વિશેષ ધ્યાન આપવામાં આવ્યું છે. સ્ટેટ મોનિટરિંગ સેલના વડા નિર્લિપ્ત રાયની બદલી ડીઆઇજીપી, રાજકોટ રેન્જ તરીકે કરવામાં આવી છે, જ્યારે ગગનદીપ ગંભીરને આઇજીપી, સ્ટેટ મોનિટરિંગ સેલનો વધારાનો હવાલો સોંપાયો છે. સુરતના જેસીપી રાઘવેન્દ્ર વત્સને બઢતી સાથે આઇજીપી, અમદાવાદ રેન્જની જવાબદારી સોંપાઈ છે. અન્ય મહત્વના ફેરફારોમાં અશોક કુમારને અને ગૌતમકુમાર એમ. પરમારને સીઆઇડી ગાંધીનગર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

અમદાવાદ અને સુરત જેવાં મોટાં શહેરોમાં સુરક્ષા વ્યવસ્થા મજબૂત કરવા માટે અનેક અધિકારીઓની ફેરબદલ કરવામાં આવી છે.

# ગુજરાતના કચ્છ અને વાંસદામાં ભૂકંપના આંચકા, જાનમાલનું નુકસાન નહીં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતના વિવિધ ભાગોમાં છેલ્લા બે દિવસથી ભૂકંપના આંચકા નોંધાઈ રહ્યા છે. શુક્રવારે કચ્છ અને નવસારીમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા, ધરતીકંપના આંચકા અનુભવાતા લોકોમાં ફફડાટ વ્યાપી ગયો હતો. મળતી વિગતો મુજબ કચ્છના દુધઈ પાસે ૩.૩ની તીવ્રતાનો જ્યારે દક્ષિણ ગુજરાતના નવસારી જિલ્લાના વાંસદામાં પણ ૨.૭ની તીવ્રતાનો આંચકો નોંધાયો હતો. આ ભૂકંપનું કેન્દ્રબિંદુ વાંસદાથી અંદાજે ૨૩ કિમી દૂર નોંધાયું હતું. સદનસીબે, કોઈ જાન-માલના નુકસાનના સમાચાર પ્રાપ્ત થયા નથી. કચ્છના દૂધઈ પાસે મોડી રાત્રે ૧૨:૪૬ કલાકે ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. કચ્છની સાથે જ નવસારીના વાંસદામાં સવારે ૯:૫૯ કલાકે ૨.૭ ની તીવ્રતાનો આંચકો અનુભવાયો હતો. ગુરૂવારે કચ્છ ઉપરાંત દાહોદમાં પણ આંચકા અનુભવાયા હતા, જે દર્શાવે છે કે રાજ્યના અલગ-અલગ ભાગોમાં ફોલ્ટ લાઈન સક્રિય થઈ રહી છે.

# યુપીએસસીમાં ગુજરાતના ૩૪ ઉમેદવારની સફળતા: મુખ્ય પ્રધાને શુભેચ્છા પાઠવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: યુનિયન પબ્લિક સર્વિસ કમિશન દ્વારા વર્ષ ૨૦૨૫નું ફાઈનલ રિઝલ્ટ જાહેર કરવામાં આવ્યું હતું. આ વર્ષે સમગ્ર દેશમાંથી કુલ ૯૫૮ ઉમેદવારો વિવિધ સનદી સેવાઓ માટે ક્વોલિફાય થયા છે. જેમાં અમદાવાદ સ્થિત સરદાર પટેલ લોક પ્રશાસન સંસ્થા (સ્પીપા)ના ૩૪ ઉમેદવારોએ સફળતા મેળવી ગુજરાતનું ગૌરવ વધાર્યું હતું. ગુજરાતના દિશાંત અમૃતલાલ નિસારે ઓલ ઈન્ડિયા રેન્ક ૧૯મો પ્રાપ્ત કરીને રાજ્યમાં પ્રથમ સ્થાન મેળવ્યું હતું, જ્યારે અન્ય અનેક ઉમેદવારોએ પણ પ્રથમ ૨૦૦ રેન્કમાં સ્થાન મેળવી પોતાની પ્રતિભા સાબિત કરી હતી. આ ભવ્ય સફળતા બદલ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે તમામ ૩૪ સફળ ઉમેદવારોને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા. મુખ્ય પ્રધાને જણાવ્યું હતું કે, પોતાના જ્ઞાન અને સમર્પણ દ્વારા આ યુવા સાધકો ‘વિકસિત ભારત માટે વિકસિત ગુજરાત’ના વિઝનને સાકાર કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવશે. તેમણે વધુમાં ઉમેર્યું કે, ગુજરાત સરકારની સંસ્થા સ્પીપા દ્વારા સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે આપવામાં આવતી ઉત્કૃષ્ટ તાલીમ અને રાજ્યના યુવાનોની સખત મહેનતને કારણે જ આ અભૂતપૂર્વ સિદ્ધિ પ્રાપ્ત થઈ છે, જે સમગ્ર રાજ્ય માટે ગૌરવની ક્ષણ છે.

# ઉમરેઠના ધારાસભ્ય ગોવિંદભાઈ પરમારનું નિધન

અમદાવાદ: આણંદ જિલ્લાના ઉમરેઠ વિધાનસભાના ધારાસભ્ય ગુજરાતના પૂર્વ પ્રધાન ગોવિંદભાઈ રાયજીભાઈ પરમારનું ૮૩ વર્ષની વયે હૃદયરોગના હુમલાથી અવસાન થયું હતું. તેઓ ૧૫મી ગુજરાત વિધાનસભાના સભ્ય હતા. તેમના અવસાનથી ૧૫મી વિધાનસભામાં એક બેઠક ખાલી પડી છે. તેમને વહેલી સવારે હૃદયરોગનો હુમલો આવતા સારવાર માટે આણંદની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં તેમણે અંતિમ શ્વાસ લીધા હતા. તેમના અવસાનના સમાચાર મળતા જ આણંદ જિલ્લા સહિત સમગ્ર ગુજરાત ભાજપના કાર્યકરોમાં શોકની લહેર પ્રસરી ગઈ હતી.

તેમના નિધનના સમાચાર મળતા જ મુખ્યપ્રધાન ભૂપેન્દ્ર પટેલ સહિતના રાજકીય અગ્રણીઓએ તેમના અવસાન પર શોક વ્યક્ત કરી શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. પ્રદેશ ભાજપ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્માએ ગોવિંદભાઈ પરમારના નિધન પર શોક વ્યક્ત કર્યો હતો. તેમણે એક્સ પર પોસ્ટમાં લખ્યું હતું કે. ઉમરેઠના લોકપ્રિય ધારાસભ્ય શ્રી ગોવિંદભાઈ પરમારના દુઃખદ અવસાનના સમાચાર સાંભળી હૃદય દ્રવી ઉઠ્યું. પરમ કૃપાળુ પરમાત્મા તેમના દિવ્ય આત્માને શાંતિ અર્પે અને શોકગ્રસ્ત પરિવારને આ આઘાત સહન કરવાની શક્તિ આપે તેવી પ્રાર્થના.

# વીક એન્ડ

સ્પોર્ટ્સમૅન
સાશા
feedback@bombaysamachar.com

## ટી-૨૦માં પાવરપ્લેથી માંડીને ડેથ ઓવર્સમાં આવ્યું મોટું પરિવર્તન

**બૅટિંગની પરિભાષા જ સાવ બદલાઈ ગઈ છે... બોલર ઘાતક થઈ શકે છે, પણ બૅટ્સમૅન તેને અધમૂઓ પણ કરી જાણે છે**

ટી-૨૦ ક્રિકેટ હવે માત્ર ૨૦ ઓવરનો ખેલ નથી રહ્યો, પરંતુ એ રણનીતિ, વિજ્ઞાન અને સાહસનો અદ્ભુત સંગમ બની ચૂક્યો છે. આ ફૉર્મેટને લગભગ બાવીસ વર્ષ થઈ ગયા અને એના વર્લ્ડ કપનો ઇતિહાસ ૧૯ વર્ષ જૂનો છે. એક જમાનો હતો જ્યારે સામાન્ય રીતે પાવરપ્લેની ઓવર્સમાં વિકેટ બચાવવાની યોજના બનાવવામાં આવતી હતી, જ્યારે આજના જમાનામાં હવે પહેલી ઓવરથી જ હુમલો શરૂ કરી દેવાનું સામાન્ય થઈ ગયું છે. ડેથ ઓવર્સ (છેવટની ઓવર્સ)માં પણ હે સ્લોગિંગ નહીં, પરંતુ પૂરી યોજના અને ડૅટા-ડ્રિવન શૉટ જોવા મળી રહ્યા છે. ટી-૨૦ ક્રિકેટમાં બૅટિંગનો આ અભિગમ બદલાયો કેવી રીતે? તો આવો, એના પર એક નજર કરીએ.




લાગ મળે ત્યારે બૉલને ગમે એમ કરીને બાઉન્ડરી લાઇનની બહાર મોકલવાની સૂર્યકુમાર યાદવની અનોખી સ્ટાઇલથી દરેક ટીમ પરેશાન છે.

**સાવધાનીથી સિસ્ટમૅટિક અટૅક સુધી**

૨૦૦૭થી ૨૦૧૪ સુધીના સાત વર્ષ દરમ્યાન પાવરપ્લેનો મતલબ એવો કરવામાં આવતો હતો કે વિકેટને બચાવી રાખવા પર ખાસ ધ્યાન આપવાની સાથે ઇનિંગ્સની શરૂઆત કરવી. હવે પાવરપ્લે પ્રત્યેનો અપ્રોચ સાવ બદલાઈ ગયો છે. હવે એનો એવો અર્થ કરાય છે કે પહેલી ઓવરથી જ મૅચની દિશા અને મૅચનું પાવર સેન્ટર તૈયાર કરવું. પ્રથમ ઓવરમાં જ શરૂઆત એવી કરવી કે મૅચમાં ટીમ કઈ દિશામાં સારી રીતે આગળ વધી શકે. એટલે જ હવે પાવરપ્લેની ઓવર્સમાં ૪૫થી ૬૦ રન બનાવવા સામાન્ય વાત થઈ ગઈ છે. ભારતીય ટીમની વાત કરીએ તો થોડા સમયથી આ ટીમ પાવરપ્લેમાં ૭૦થી ૭૫ રન બનાવવા માટે જાણીતી છે. ક્યારેક તો ૧૦૦નો આંકડો પણ પાર થયો છે.

ટી-૨૦ ક્રિકેટમાં બોલર્સનું કંઈ ખાસ મૂલ્ય નહીં રહે અને બૅટ્સમેન તેની બોલિંગની ધુલાઈ જ કરતો રહેશે એવું અગાઉ મનાતું હતું એ પૂરેપૂરી હકીકત નથી બની, કારણકે બોલર પણ વિવિધતા સાથે મેદાન પર ઉતરે છે અને બૅટ્સમૅનને અંકુશમાં રાખે છે અથવા તેને વહેલો પૅવિલિયન ભેગો કરી દે છે. હા, ટી-૨૦માં એકંદરે બોલર માટે બૅટ્સમૅન ભય જરૂર પેદા કરી દેતો હોય છે. એ માટે વર્તમાન ભારતીય બૅટ્સમેનોના ઉદાહરણ આપીએ તો સૌથી પહેલાં અભિષેક શર્મા, ઇશાન કિશન, તિલક વર્મા અને સૂર્યકુમાર યાદવના નામ ફટ દઈને આપી શકાય. વિદેશી બૅટ્સમેનની વાત કરીએ તો ન્યૂ ઝીલૅન્ડના ઓપનર ફિન ઍલન કે જેણે ૩૩ બૉલમાં ૧૦૦ રન પૂરા કરવાનો ટી-૨૦ વર્લ્ડ કપનો નવો વિક્રમ ત્રણ દિવસ પહેલાં જ રચ્યો હતો તેનું તેમ જ ઑસ્ટ્રેલિયાના ટ્રેવિસ હેડ અને સાઉથ આફ્રિકાના ડેવાલ્ડ બ્રેવિસ સહિતના કેટલાક ખાસ બૅટ્સમેનોએ ટી-૨૦માં બૅટિંગની પરિભાષા જ બદલી નાખી છે. અગાઉ રોહિત શર્મા પણ આવા બૅટ્સમેનોમાં ગણાતો હતો, પણ હવે તે ટી-૨૦માંથી નિવૃત્ત થઈ ગયો છે.

**રણનીતિમાં ફેરફાર**

પાવરપ્લેમાં ફક્ત હાર્ડ હિટિંગનો જ સિલસિલો શરૂ નથી થયો. એમાં રણનીતિમાં બદલાવ પણ જોવા મળી રહ્યો છે. લેફ્ટી-રાઇટી બૅટ્સમેનના સંયોજનથી ફીલ્ડિંગનો વ્યૂહ બગાડી નાખવાની રણનીતિ ઘડવામાં આવતી હોય છે અને બોલરની લાઇન બગાડવા માટે ઝડપનો પણ બૅટ્સમૅન રણનીતિના ભાગરૂપે ઉપયોગ કરતો હોય છે. પાવરપ્લેમાં જો સ્પિનર સાહસ બતાવવા આવી જાય તો તેને પણ નથી બક્ષવામાં આવતો. કારણ એ છે કે બૅટ્સમૅન હવે જોખમ લેતા નથી ડરતો. ટીમ મૅનેજમેન્ટ પણ પાવરપ્લેમાં રમનારી જોડીને જોખમ સાથે રમવાની છૂટ આપતું હોય છે એટલે જ પાવરપ્લેમાં બૅટ્સમૅન એક પણ બૉલ વેડફાઈ ન જાય એનું ખાસ ધ્યાન રાખે છે. હવે સામાન્ય રીતે ટી-૨૦ના પાવરપ્લેમાં ડૉટ બૉલ દુર્લભ થઈ ગયા છે.



ઈશાન કિશને ૧૫મી ફેબ્રુઆરીએ કોલંબોમાં પાકિસ્તાન સામે ૭૭ રન ફટકારીને ભારતને શાનદાર વિજય અપાવ્યો હતો.

**મિડલ ઓવર્સમાં ૩૬૦ ડિગ્રીના ખેલાડીઓ**

અગાઉ ૭-૧૫ ઓવર દરમ્યાન બૅટિંગ સ્ટ્રાઇક રૉટેશન આધારિત હતી. એમાં સામાન્ય રીતે એક બૅટ્સમૅન જે ત્રીજા નંબરે આવતો હતો જે સપોર્ટર તરીકેની ભૂમિકામાં રહેતો હતો અને બીજો બૅટ્સમૅન હલ્લો બોલાવતો હતો. જોકે હવે એ દિવસ પણ ઇતિહાસ થઈ ગયો છે. હવે તો મિડલ ઓવર્સના બૅટ્સમેનો પાવરપ્લે તથા ડેથ ઓવર્સના બૅટ્સમેનો કરતાં પણ વધુ ખતરનાક થઈ ગયા છે. સૂર્યકુમાર યાદવ આવા જ પ્રકારનો બૅટ્સમૅન છે. તે ૩૬૦ ડિગ્રીનો શૉટ મારે છે અને એ રીતે તેણે ક્રિકેટિંગ શૉટ મારવાની પરિભાષા જ બદલી નાખી છે. ગ્લેન મૅક્સવેલ જેવો બૅટ્સમૅન રિવર્સ સ્વીપ માટે અને સ્પિનને ધારદાર હથિયાર બનાવવા માટે જાણીતો છે. સ્વીપ, રિવર્સ સ્વીપ અને અપર-કટ જેવા શૉટ હવે સામાન્ય થઈ ગયા છે. હવે મિડલ ઓવર્સ થોડું થંભી જવા માટે નહીં, પણ રનમશીનની ગતિ વધારવા માટેનું માધ્યમ બની ગયું છે.

**ડેથ ઓવર્સ બન્યો પાવર હિટિંગનો અડ્ડો**

બોલર હવે ડેથ ઓવરમાં (છેવટની ઓવરમાં) કોઈ પણ પ્રકારની ઉતાવળ કરતો અચકાય છે, કારણકે લગભગ બે દાયકા જૂનું આ ફૉર્મેટ હવે અગાઉ કરતાં ઘણું ઘાતક થઈ ગયું છે. બૅટ્સમૅન કોઈ પણ કિંમતે બોલરને અધમૂઓ કરવાની ફિરાકમાં રહેતો હોય છે. એટલે જ હવે ડેથ ઓવર વિશે રણનીતિ બદલાઈ ગઈ છે. બૅટ્સમૅનની સાથે બોલર પણ અલગ વ્યૂ સાથે મેદાન પર ઉતરતો હોય છે. એક જમાનામાં એમએસ ધોની જેવો ખેલાડી આ પૉઝિશન પર આવીને પોતાની ફિનિશિંગ કલા બતાવતો હતો. જોકે હવે તો ડેથ ઓવર્સ એટલે મારધાડનો તબક્કો. હાર્દિક પંડ્યા અને રિન્કુ સિંહ જેવા બૅટ્સમેનો ડેથ ઓવરમાં ટીમને નવી જ દિશા અપાવી દેતા હોય છે. હવે ડેથ ઓવરમાં બૅટ્સમૅનની ટેક્નિક ઉપરાંત રણનીતિની પણ ઝલક જોવા મળે છે.



સંજુ સૅમસન પાવરપ્લેથી ફટકાબાજી શરૂ કરીને છેલ્લી બે મૅચથી સર્વશ્રેષ્ઠ ખેલાડીનો પુરસ્કાર જીતે છે.


**આ પરિવર્તન શા માટે આવ્યું?**

એના ઘણા કારણો છે. પહેલું કારણ છે પૅટર્નનું. વાસ્તવમાં દરેક બૉલની એક પૅટર્ન હોય છે. કઈ ઓવરમાં કયા બોલરને નિશાન બનાવવાનો છે એ રણનીતિ અગાઉથી જ નક્કી કરી લેવામાં આવે છે. હાલના વર્ષોમાં ક્રિકેટમાં જે ફિટનેસ-ક્રાંતિ આવી એને કારણે એ સંભવ બન્યું છે. આજનો ખેલાડી માત્ર જિમમાં કસરત નથી કરતો, હાઇ ઇન્ટેન્સિટી ટ્રેઇનિંગમાં તેનામાં તાકાત ઉપરાંત સ્ટૅમિના પર ભરી દેવામાં આવે છે. આ નવા અભિગમમાં ટી-૨૦ લીગ ક્રિકેટની મોટી ભૂમિકા રહી છે. વિભિન્ન ફ્રેન્ચાઇઝીઓએ ખેલાડીઓને વૈશ્વિક પરિસ્થિતિઓનો અનુભવ કરાવ્યો છે તેમ જ અલગ-અલગ પરિસ્થિતિઓમાં રમવાની તેમને આદત પાડી છે. એ જ કારણસર હવે ટી-૨૦ મૅચમાં ૨૦૦-પ્લસનો ટીમ-સ્કોર જાણે નિયમિત થઈ ગયો છે. હવે તો લક્ષ્ય ૨૬૦થી માંડીને ૩૦૦ રનથી પણ ઉપર જવા લાગ્યો છે. ટી-૨૦માં બૅટિંગની પરિભાષા જ સાવ બદલાઈ ગઈ છે. ■

અરાઉન્ડ ધ વર્લ્ડ
પ્રતીક્ષા થાનકી
pratiksha.thanki@bombaysamachar.com

## સ્ટાવાન્ગરના નોર્વેજિયન મોલમાં જૂના મિત્રો સાથે ગપશપ...

નોર્વેના રસ્તાઓ પર જુલાઈમાં જેટલું થઈ શકે તેવું સંધ્યા કાળનું આછું અંધારું અમને રાત્રે બાર વાગ્યે સ્ટાવાન્ગરના સબર્બમાં એક એપાર્ટમેન્ટમાં લઈ આવ્યું. આકાશ ગ્રે હતું કારણ કે વાદળોથી ઘેરાયેલું હતું, પણ રાત જેવી ફીલિંગ્સ તો નહોતી જ આવી. રાત્રે વરસાદમાં જ ચેક-ઇન કર્યું, અને સવારે ઊઠ્યાં ત્યારે પણ વરસાદ ચાલુ જ હતો. બધાં ઉજાગરા, એરપોર્ટની અને પછી હાઇ-વેની સ્ટ્રગલ પછી સારો પલંગ પામ્યાં હતાં, એટલે જેવાં પડ્યાં એવાં જ ઘસઘસાટ ઊંઘી ચૂક્યાં હતાં. સવાર પડી ત્યારે ખબર ન પડી કે સમય શું થયો હોઈ શકે. એપાર્ટમેન્ટમાં મિની કિચન તો હતું, પણ કોઈને ન કશું બનાવવાની ઇચ્છા હતી, ન કોઈ ગ્રોસરી હતી, પણ નાસ્તાનો થેલો ખૂલ્યો. થોડાં થેપલાં, ખાખરા અને ચવાણા સાથે સવાર પડી. કોફી તો સરળતાથી બની ગઈ હતી. હવે તૈયાર થઈને વેધર સારું ન થાય તો દિવસમાં શું કરવું એ વાત પર ચર્ચા થઈ.










સ્ટાવાન્ગરમાં જોવાલાયક સૌથી મજાની જગ્યા પર અમારે વરસાદની પણ ચિંતા કરવાની જરૂર ન હતી. એ હતું પેટ્રોલિયમ મ્યુઝિયમ. નોર્વેની જાહોજલાલીનું સૌથી મોટું કારણ જ ત્યાંથી મળી આવેલું પેટ્રોલ અને ત્યાંની સરકારે કરેલું ઇન્વેસ્ટમેન્ટ હતું. અને અહીં આવીને તરત જ તેના વિષે જાણવા મળી જવાનું હતું. જોકે સ્ટાવાન્ગરના સિટી સેન્ટરમાં બીજું પણ ઘણું જોવા જેવું હતું. તેના માટે જરા ખુલ્લામાં ચાલવા મળે એ પણ જોવું પડે તેમ હતું. અહીં અમે હજી એક રાત તો રોકાવાનાં હતાં પણ બીજા દિવસે સવારમાં હાઈક માટે નીકળી પડવાનું હતું.

સ્ટાવાન્ગરમાં તે સમયે દિવસનો ભરપૂર ઉપયોગ કરવો હતો. એવામાં વેધર એપ મુજબ બપોરે વરસાદ બ્રેક જરૂર લેવાનો હતો. તો વરસાદમાં અમે નોર્વેનો મોલ કેવો છે તે જોવા નીકળી પડ્યાં. ત્યાંના પ્લાન વખતે અને પહેલા દિવસે અવારનવાર આ દેશ બાકીની દુનિયા કરતાં જરા મોંઘો છે એવી વાતો ચાલતી આવી હતી. અને પહેલો મોકો મળતાંની સાથે જ અમે બધાં શોપિંગ તરફ ખેંચાઈ ગયેલાં. આમ પણ જરા વરસાદ અને ઠંડીમાં કામ લાગે એવી ચીજો નોર્વેજિયન લીધી હોય તો યાદગીરી પણ બની જાય અને સ્થાનિક સુવિનિયર પણ મળી જાય.

અમારી નાનકડી ટોળકી આલગાર્ડમાં નોર્વેજિયન આઉટલેટ મોલ પર પહોંચી ગઈ. જીગર અને આનલને અલગથી હાઇકિંગ શૂઝ લેવા હતા. મને હેલી હાનસેનના વિન્ડ શીટરમાં રસ પડ્યો હતો. દરેક ઠંડા દેશની પોતાની મનપસંદ બ્રાન્ડ હોય જ છે. નોર્વેનાં ખ્યાતનામ સ્વેટર, ત્યાંનું લેધર, ત્યાંની ફિટનેસ, સ્કિ ગિયર માટે અમે એક પછી એક દુકાન ખૂંદવા માંડેલાં. બહાર વરસાદ બંધ છે કે ચાલુ તે પણ ભુલાઈ ગયું હતું. અહીં લંચ કરીને જ સિટીમાં જઈશું એમ વિચારીને અમે શોપિંગ ચાલુ રાખ્યું. મોલમાં મોટાભાગે સ્થાનિકો જ નજરે પડતાં હતાં. આ વિસ્તારમાં ટૂરિસ્ટનો ખાસ મારો હોય તેવું લાગ્યું નહીં. ટૂરિસ્ટ જોવા માટે તો સિટી સેન્ટર જ જવું પડે તેમ હતું. સ્ટાવાન્ગરમાં તો ક્રૂઝ સ્ટોપ પણ છે એટલે ત્યાં મુલાકાતીઓની કોઈ કમી નથી હોતી. પણ તે મોલમાં તે સમયે અમે જ માત્ર બ્રાઉન મુલાકાતીઓ હોઈએ એવું લાગતું હતું. અને થોડી વારમાં ગુજરાતીમાં એક અવાજ આવ્યો, 'કુમાર, જીગર, અહીંયા ક્યાંથી?' તે ભાઇ પર પહેલી નજર મારી પડી હતી, પણ અમે એકબીજાને ઓળખતાં ન હતાં.

એ ભાઈ હતા દેબાયન બેનરજી, સાથે તેમની પત્ની અને દીકરો પણ હતાં. આ દેબાયન કુમાર, જીગર અને આનલનો સ્કૂલમાં જુનિયર હતો. દેબાયન ખુદ બરોડામાં ઊછરેલો બંગાળી છે અને તેની પત્ની ભૂમિ અમદાવાદની છે. ક્યાંક ન્યુજર્સી કે બેય એરિયાના રસ્તા કે મોલમાં, પેરિસના ટૂરિસ્ટ વિસ્તારમાં કોઈ જાણીતું ભટકાઈ જાય એમાં જરાય નવાઈ ન લાગે, પણ સ્ટાવાન્ગરમાં જરા પણ પ્લાન વગર કોઈ મોલમાં અમે જઈ ચડીએ અને ત્યાં આવી રીતે કોઈ મિત્ર મળી જાય એ તો ભાગ્યે જ વિચાર્યું હોય. હવે થોડી વાર માટે તો કોઈને માન્યામાં નહોતું આવતું કે અમે આ રીતે ભેટી ગયેલાં. જરા રિકવર થયા પછી જાણવા મળ્યું કે દેબાયન અને ભૂમિ પહેલાં ટ્રોન્ડહાઇમ બાજુ નોર્થમાં રહેતાં હતાં અને હાલમાં જ સ્ટાવાન્ગર શિફ્ટ થયાં હતાં. હવે સ્વાભાવિક છે તેમનાં ઘરે જવાની વાત થઈ. અને અમે હવે માત્ર એક જ રાત અહીં છીએ તો આજે જ મળવું પડે. પહેલાં તો વાત થઈ કે ચા પીવા મળીશું. અમે શહેરમાં આંટો મારીને સાંજ પડ્યે તેમનાં ઘરે જઈશું, પણ થોડી વારમાં તો વાત ફુલ જમણવાર સુધી પહોંચી ગઈ.

તે પછી તો દેબાયન અમારી સાથે સ્ટાવાન્ગર આવ્યો, અને ભૂમિએ સાંજ માટે ફીસ્ટની તૈયારી કરી. અમે હજી નોર્વેજિયન ફૂડથી કંટાળ્યા પણ ન હતાં અને તે સાંજે ખમણ, ભીંડાનું શાક, પનીર, ગરમાગરમ રોટલી, દાળ-ભાત અને ગુલાબજાંબુ પણ મળી ગયાં. હવે નોર્વેમાં આવી મહેમાનગતિ અને સ્થાનિક અનુભવોની વાતો વચ્ચે અમને ત્યાં સ્ટાવાન્ગર અને ટ્રોન્ડહાઇમ જેવાં શહેરોમાં ભારતીયોનું કેવું ચાલે છે, સ્કૂલમાં કે સોશ્યલ સર્કલમાં કેટલાં દેસી છે, ગ્રોસરી મળી જાય, આપણાં તહેવારો કેવા ઉજવાય, બધી વાતો થઈ. તેની આખી લોકલ દેસીની ટોળકી આવારનવાર મળતી રહે છે. અને ભૂમિએ તે દિવસે જે ઉજાણી કરાવી એ પછી તો લાગ્યું કે તેમને પાર્ટી હોસ્ટ કરવામાં પણ એક્સ્પર્ટીઝ છે. બંને સ્ટાવાન્ગરમાં જ કામ કરે છે અને દસ વર્ષથી વધુ સમય ત્યાં રહીને હવે અહીં જ વસી ગયાં છે.

નોર્વે કોઈ ઇમિગ્રાન્ટની પહેલી પસંદ હોઈ શકે કે નહીં તેનો પહેલી નજરે પ્રશ્ન જરૂર થાય. ખાસ તો એટલા માટે કે ત્યાં સતત ઠંડીમાં રહેવાનું, અને વર્ષમાં છ મહિના તો ઓલમોસ્ટ અંધારામાં જ જીવવાનું ઘણાં અંશે ડિપ્રેસિંગ બની જતું હશે. એવામાં ઘણાં ઇન્ડિયનોને ત્યાં સારું ફાવી ગયું છે તે જાણીને જરાય નવાઈ ન લાગી. આમ જ દુનિયાના કોઈ અલગ જ ખૂણે કોઇ નોર્વેજિયન મોલમાં મિત્રો મળી જાય એવું કદાચ ભારતીયો સાથે જ બનતું હોય તો નવાઈ નહીં. સ્ટાવાન્ગર અમારા માટે સરપ્રાઇઝિસથી ભરેલું હતું. ■

## એક નજર ઈધર ભી...

# ઈટલીનું અનોખું આકર્ષણ એટલે ફ્લોરેન્સ

કામિની શ્રોફ
feedback@bombaysamachar.com

*ઈટલી નામ પડતાની સાથે પહેલા રોમ યાદ આવે. રોમન સામ્રાજ્યનો ભવ્ય ઈતિહાસ, કોલોઝિયમ, સેન્ટ બેસિલિકા ચર્ચનું સ્મરણ થાય. બીજા નંબરે વેનિસની નહેરો, ગોન્ડોલામાં બેસીને કરેલી સફર, કાર્નિવલ, ગ્લાસની વિવિધ બનાવટ... નજર સામે દોડવા લાગે.*

*આ યાદીમાં ત્રીજું પણ એક નામ છે, જેને રોમ કે વેનિસ જેટલી ખ્યાતિ નથી મળી, નથી એની આસપાસ ગ્લેમર વીંટળાયેલું. એ શહેર છે ફ્લોરેન્સ. વિરાટ કોહલી - અનુષ્કા શર્માનાં લગ્ન ઈટલીના ટસ્કની પ્રાંતના બોર્ગો ફિનોકીએટો ખાતે થયા હતા અનેફ્લોરેન્સ ટસ્કનીની રાજધાની છે. ૧૮૬૫થી ૧૮૭૦ દરમિયાન ફ્લોરેન્સ ઇટલીની રાજધાની હતી. કળાત્મક વારસો એટલો અદ્ભુત છે કે દર વર્ષે લાખો ટૂરિસ્ટો અહીં ઊમટે છે. ૧૯૮૨માં 'યુનેસ્કો' દ્વારા આ શહેરને વર્લ્ડ હેરિટેજ સાઇટ જાહેર કરવામાં આવ્યું હતું. ઠેર ઠેર જોવા મળતા પ્રતિમા, આર્કિટેક્ચર શહેરને સૌંદર્ય બક્ષે છે. આ શહેર ફેશનમાં પણ અગ્રેસર છે. વર્લ્ડના ટોપ પંદર ફેશન કેપિટલમાં પેરિસ સાથે આ શહેર પણ નામના ધરાવે છે.*

### ઓપન એર મ્યુઝિયમ

ફ્લોરેન્સમાં શિલ્પ અને સ્થાપત્યની અનેક કલાકૃતિઓ મન મોહી લેનારી છે. યુરોપના પ્રવાસમાં સ્વિટ્ઝર્લેન્ડમાં પ્રાકૃતિક સૌંદર્ય ખોબલે ને ખોબલે માણવા મળે છે જ્યારે ઈટલી માનવ સર્જિત કૃતિઓ માટે પ્રખ્યાત છે. અહીં ઘણા મ્યુઝિયમ છે અને એ રસપૂર્વક અને ઝીણવટથી જોવા હોય તો કેટલાક દિવસ માટે પડાવ રાખવો પડે. જોકે, એ શક્ય નહોતું અને ભવિષ્યમાં અનુકૂળતાએ દરેક દિવસની માત્ર ઈટલીના કેટલાક સ્થળની મુલાકાત લઇશું એવી ગાંઠ વાળી 'પિયાઝો ડેલિસીનેરીયા' તરીકે ઓળખાતા ઓપન એર મ્યુઝિયમમાં લટાર મારવા પહોંચી ગયા. અહીં ભાતભાતની અને મજેદાર કથા ધરાવતી પ્રતિમા જોવા મળી. આરસના એક જ ટુકડામાંથી તૈયાર કરવામાં આવેલી ધ એબડકશન ઓફ સાબીના વિમેન તરીકે ઓળખાતી કલાકૃતિ પાસે સહેલાણીઓની ખાસ્સી ભીડ હતી.


એક જ આરસમાંથી બનેલી કલાકૃતિ

ઉપરની દિશામાં સાપ જતો હોય એ પ્રકારની આ પ્રતિમામાં એક નહીં, બે નહીં- પણ ત્રણ વ્યક્તિ નજરે પડે છે. આ પ્રકારની યુરોપની આ પહેલી કલાકૃતિ છે. એની ખાસિયત એ છે કે દરેક બાજુએથી નીરખી એના વૈશિષ્ટ્યનો આનંદ લઈ શકાય છે. સિવાય માઈકલ એંજેલોના પ્રખ્યાત શિલ્પ 'ડેવિડ'ની પ્રતિકૃતિ પણ આ વિસ્તારમાં જોવાનો લ્હાવો મળ્યો. ઓરિજિનલ સ્ટેચ્યૂ 'એકેડેમિયા ગેલેરિયા' તરીકે ઓળખાતા મ્યુઝિયમમાં રાખવામાં આવ્યું છે.

આ વિસ્તારમાં કલાકૃતિઓ ઉપરાંત બેન્વુનોટો ચેલિની નામના શિલ્પી, ચિત્રકાર અને સોની વિશે ખાસ્સી ચર્ચા થઈ રહી હતી. બેન્વુનોટો ચેલિની ત્રણસોની હત્યા કરીને નાસી ગયો હતો. જોકે કલાકાર તરીકે એની જબરદસ્ત આવડતને કારણે એને અન્ય શહેરોમાં આવકાર મળતો હતો. અંતે એને જેલની સજા થઈ, પણ ન કરેલા ચોરીના ગુના માટે. સજા પૂરી કરી એ ફ્લોરેન્સ પાછો ફર્યો ત્યારે ફ્લોરેન્સના ડ્યુકે એને આશરો આપ્યો. એમની છત્રછાયામાં ચેલિનીએ 'પર્સ્યુઅસ વિથ ધ હેડ ઓફ મેડ્યુસા' તરીકે ઓળખાયેલી પ્રતિમા બનાવી. ચેલીનીએ બીજી કેટલીક કલાકૃતિઓ સુધ્ધાં બનાવી, પણ મેડ્યુસા જેટલી ખ્યાતિ ન મળી.

### પોન્તે વેકિયો બ્રિજ


હિટલરે બચાવેલો બ્રિજ

આ બ્રિજનો અંગ્રેજીમાં અર્થ થાય છે 'ઓલ્ડ બ્રિજ' એટલે કે પુરાણો પુલ. રોમન સામ્રાજ્યના વખતમાં પણ આ બ્રિજ હતો અને એનું બાંધકામ લાકડું વાપરી કરવામાં આવ્યું હતું. લોકોને આવન જાવન અને વેપાર વણજમાં આસાની રહે એ ધ્યાનમાં રાખી બ્રિજના બાંધકામનું સ્થળ નક્કી કરવામાં આવ્યું હતું. જોકે, પ્રકૃતિના કોપ સામે આ પુલ ટકી ન શક્યો અને ધરાશાયી થઈ ગયો. ૧૨૩૫માં પથ્થરના ઉપયોગથી નવેસરથી બાંધકામ કરવામાં આવ્યું. કમનસીબે આ નવો ટકાઉ પુલ પણ ૧૩૩૩ના વિનાશકારી પૂરમાં ટકી ન શક્યો અને ધોવાઈ ગયો. વર્તમાન પુલનુ બાંધકામ એ સમયના મશહૂર આર્કિટેક્ટના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. નવોનક્કોર બ્રિજ સ્થાનિક વેપાર ધંધા માટે આવકારદાયક સાબિત થયો. ૧૫૯૩માં એક મહત્ત્વનો ફેરફાર થયો. અગાઉ કસાઈની અને ચામડાં વેચનારાઓની દુકાન વધુ હતી. એ દુકાનો હટાવી ત્યાં જ્વેલર્સ, સોની અને કલાત્મક વસ્તુના વેચાણની દુકાનો શરૂ કરવામાં આવી. આ બદલાવથી બ્રિજનું સૌંદર્ય વધી ગયું અને સાથે સાથે કારીગરો દ્વારા તૈયાર કરવામાં આવતી લક્ઝરી આઈટમનું સરનામું બની ગયું. એ ઓળખ આજની તારીખમાં પણ જળવાઈ રહી છે. આજે તો મોટી સંખ્યામાં સહેલાણીઓ અહીં આવે છે અને બ્રિજ પર ટહેલી મધ્યકાલીન યુગના આર્કિટેક્ચરનો અને એના વાતાવરણનો દરેક રીતે આનંદ માણે છે.

આ બ્રિજ અનેક ચડતી પડતીનો સાક્ષી રહ્યો છે. એની સાથે ઘણી કથા જોડાયેલી છે, વણાયેલી છે. જોકે, એ બધામાં બીજા વિશ્વ યુદ્ધ દરમિયાનની એક કથનીને ગજબનું ગ્લેમર પ્રાપ્ત થયું છે અને એનું મુખ્ય કારણ એ છે કે જર્મનીના સરમુખત્યાર એડોલ્ફ હિટલરનું નામ એની સાથે જોડાયું છે. ઈતિહાસના અભ્યાસુઓ જાણતા હશે કે વિશ્વ યુદ્ધમાં મુખ્ય બે પક્ષ હતા એલાઈડ ફોર્સીસ (યુએસ, યુકે ઈત્યાદિ) અને એક્સિસ પાવર્સ (જર્મની, ઈટલી વગેરે). ૧૯૪૪માં જ્યારે જર્મન સૈન્ય ફ્લોરેન્સ શહેરમાંથી પીછેહઠ કરી રહ્યું હતું ત્યારે એલાઈડ ફોર્સના સૈનિકોની આગેકૂચ અટકાવવા સૈનિકો એક પછી એક પુલ તોડી રહ્યા હતા. જોકે, હેરત થાય એવી વાત એ હતી કે પોન્તે વેકિયો બ્રિજની કાંકરી પણ ન ખરી, એ હેમખેમ - અડીખમ રહ્યો. કેમ? દસ્તુરખુદ હિટલરએ બ્રિજને કંઈ ન થવું જોઈએ એવો આદેશ આપ્યો હતો. હવે સવાલ એ થાય કે અત્યાચારી અને જુલ્મી શાસકને પુલ માટે કેમ હેત ઉભરાયું? પહેલી વાર હિટલરએ આ પુલ જોયો અને એના સૌંદર્ય પર ઓળઘોળ થઈ ગયો હતો. હિટલરના આદેશના પાલનથી બ્રિજ તો હેમખેમ રહ્યો, પણ એની આસપાસના વિસ્તારના ભૂંડા હાલ થયા હતા. ઘણા લોકો એને મજાકમાં 'હિટલર બ્રિજ' પણ કહેતા હોય છે. વિશ્વયુદ્ધની સમાપ્તિ પછી બ્રિજ અને એની આસપાસના વિસ્તારનું સમારકામ કરી એને ધમધમતો કરી દેવામાં આવ્યો હતો.

### ભૂંડની જીભમાં સિક્કો


ભૂંડના નાકને પંપાળવાની ઘેલછા

વિશ્વમાં એવી અનેક પ્રતિમા - પૂતળા, શિલ્પો છે જે જોવા સહેલાણીઓ ખેંચાઈ આવતા હોય છે, ચુંબક પાસે લોખંડ ખેંચાય એ રીતે. રોમના રોકાણ વખતે વિશ્વ પ્રસિદ્ધ માઈકલ એન્જેલોએ જેના કળશની ડિઝાઈન બનાવી હતી એ આલીશાન સેન્ટ પીટર્સ બેસેલિકા ચર્ચમાં પણ કેટલાક લોકો ભક્તિભાવે સેન્ટ પીટરની પ્રતિમાના ચરણ સ્પર્શ કરતા જોવા મળ્યા હતા. જોકે, ફ્લોરેન્સની માર્કેટમાં એક અલગ જ અનુભવ થયો. લટાર મારતા મારતા અમારી નજર બ્રોંઝના બનેલા ભૂંડની આસપાસ ટોળે વળીને ઊભા રહેલા લોકો પર પડી. ગાઈડે જણાવ્યું કે ભૂંડના મોઢામાં સિક્કો નાખ્યા પછી જો એ નીચે વહી રહેલા પાણીમાં પડે તો તમને ચોક્કસ નાનો મોટો કશોક લાભ થશે. જો તમે એના નાકને પંપાળો તો બીજી વખત ફ્લોરેન્સ આવવાનો યોગ થશે એવી વાયકા પણ છે. કેટલાક લોકો સિક્કો નાખી રહ્યા હતા પણ નાક પંપાળતા ઘણાં લોકોની સંખ્યા ખાસ્સી હતી. પાઈ પૈસો ખર્ચ્યા વિના નસીબ અજમાવવું કોને ન ગમે? ■

## ભાત ભાત કે લોગ

# આવા આંતરરાષ્ટ્રીય મૈત્રીકરાર પણ ગળાનો ગાળિયો બની શકે છે...

જ્વલંત નાયક
feedback@bombaysamachar.com

'ઓપરેશન સિંદૂર' માં ભારતને હાથે બરાબર માર ખાધા પછી ૧૭ સપ્ટેમ્બર ૨૦૨૫ના રોજ પાકિસ્તાને સાઉદી અરેબિયા સાથે એક મહત્ત્વનો કરાર કર્યો. આ એવો કરાર હતો જેનાથી ભારતે પણ ચિંતા કરવી પડે. 'સ્ટ્રેટેજિક મ્યુચ્યુઅલ ડિફેન્સ એગ્રીમેન્ટ SMDA' તરીકે ઓળખાવાયેલા આ કરારની મુખ્ય જોગવાઈ મુજબ પાકિસ્તાન કે સાઉદી અરેબિયા પૈકીના કોઈ પણ એક દેશ પર વિદેશી આક્રમણ થાય તો બીજો દેશ પણ એ આક્રમણનો જવાબ આપવા યુદ્ધના મેદાને ઊતરે. દાખલા તરીકે ભારત જો પાકિસ્તાન પર હુમલો કરે તો SMDAની જોગવાઈ મુજબ સાઉદી અરેબિયા પણ ભારત વિરુદ્ધ યુદ્ધમાં કૂદી પડે! અને જો એવું થાય તો બહુ મોટો ગૂંચવાડો ઊભો થઇ જાય, કારણકે સાઉદી અરેબિયા એટલે અમેરિકાનો ખાસમખાસ દેશ. ભારત સ્વબચાવ ખાતરે ય સાઉદીને આંગળી અડાડે તો સીધું અમેરિકા મેદાનમાં આવી જાય. એટલા માટે જ ભારતના કેટલાક તજજ્ઞો SMDAને બહુ ગંભીરતાથી લઇ રહ્યાં હતાં, પણ હાલનું વાસ્તવિક ચિત્ર સાવ ઊલટું જોવા મળ્યું. આ કરાર અત્યારે પાકિસ્તાન માટે ગળામાં ફસાયેલું હાડકું બની રહ્યો છે.

થયું એવું છે કે સુન્ની સમર્થક દેશ ગણાતા પાકિસ્તાનમાં શિયાઓની પણ ઠીકઠીક વસતિ છે એટલે શિયા દેશ ઈરાન અને સાઉદી અરેબિયા વચ્ચે મિડલ-ઈસ્ટમાં વર્ચસ્વ સ્થાપવા માટે ચાલી આવતી લડાઈમાં પડવાનું એને પોસાય એમ નથી.

જોકે હાલના યુદ્ધમાં ઈરાને સાઉદી અરબને ય લપેટમાં લઇ લીધું. હવે પેલા કરારનું મૂલ્ય જાળવી રાખવું હોય તો પાકિસ્તાને ઈરાન સામે યુદ્ધમાં ઊતરવું પડે. પહેલેથી જ અફઘાનીઓ અને બલૂચીઓના હાથે પીટાઈ રહેલું પાકિસ્તાન ઈરાન સામે લડવા જેટલી લશ્કરી કે આર્થિક તાકાત ધરાવતું નથી. અમેરિકા અને ઇઝરાયલનું પૂરું પીઠબળ હોવાને કારણે સાઉદીને પાક.ના સમર્થનની લેશમાત્ર ગરજે ય નથી, પણ યુદ્ધ લાંબું ખેંચાશે તો આ મુદ્દો પાકિસ્તાની આકાઓ



માટે સિરદર્દ બની રહેશે.

બીજી તરફ ભારત માટે ય આ કપરો કાળ છે. હકીકતે ઇઝરાયલ-અમેરિકા અને મિડલ-ઈસ્ટના દેશો સિવાયના બીજા એકેય દેશને આ યુદ્ધમાં ઊતરવાની ઈચ્છા નથી. યુરોપિયન દેશોથી માંડીને ભારત સુધીના દેશોને અત્યારે પોતાનું અર્થતંત્ર વેગવંતું બને એમાં જ રસ છે, પણ સમસ્યા એ છે કે તટસ્થ રહેવા માગતા તમામ દેશો કોઇક ને કોઈક કરારોથી બંધાયેલા છે એટલે યુદ્ધ લાંબું ચાલશે તો એક પછી એક બધા દેશોએ કરારની મર્યાદા જાળવવા માટે રણમેદાનમાં ઊતરવું પડશે. ટૂંકમાં ત્રીજા વિશ્વયુદ્ધનો સિનારિયો સર્જાઈ રહ્યો છે.

આ બધામાં સૌથી મહત્ત્વનો કરાર એટલે North Atlantic Treaty Organization 'નાટો' . બીજા વિશ્વયુદ્ધ પછી યુરોપ અને અમેરિકાના દેશોએ ભેગા થઈને સંગઠન બનાવ્યું અને એવો કરાર કરવામાં આવ્યો કે નાટોના કોઈ એક સભ્ય દેશ ઉપર હુમલો થાય તો એ સમગ્ર સંગઠન ઉપરનો હુમલો ગણાશે. હાલમાં નાટોમાં બ્રિટન, અમેરિકા સહિત યુરોપના ૩૨ દેશો સામેલ છે. એ પૈકી બ્રિટને હાલ ચાલી રહેલી મિડલ-ઈસ્ટ વોરમાં મોડે મોડેથી ય અમેરિકા-ઇઝરાયલને સમર્થન જાહેર કર્યું છે. થોડાં વર્ષોથી ચાલી રહેલા રશિયા-યુક્રેન યુદ્ધ પાછળ આ નાટો સંગઠનની પણ ભૂમિકા છે. યુક્રેનને નાટોના સદસ્ય બનવું છે. જો એમ થાય તો ભવિષ્યમાં નાટો દેશો ભેગા થઈને કોઈને કોઈ બહાને રશિયાનો ઘડોલાડવો કરી નાખે! શરૂઆતમાં આ જ કારણ આગળ ધરીને રશિયાએ યુક્રેન પર આક્રમણ કરેલું.

ભારત માટે ય આ સપ્તાહે એક કરારે મુશ્કેલી ઊભી કરી. દક્ષિણ એશિયાના જળવિસ્તારોમાં ચીની ડ્રેગનના વધતા

પ્રભાવને રોકવા માટે ભારત અને અમેરિકા વચ્ચે ૨૦૧૬માં 'લોજિસ્ટિક્સ એક્સચેન્જ મેમોરેન્ડમ ઓફ એગ્રીમેન્ટ

LEMOA' તરીકે ઓળખાતો કરાર થયો. આ કરાર મુજબ બંને દેશોની સેનાઓ જહાજોના રિફ્યુઅલિંગ, રિપેર, સપ્લાય અને સર્વિસ માટે એકબીજાના નેવલ બેઝ, બંદરો તેમજ હવાઈમથકોનો ઉપયોગ કરી શકે છે. એ મુજબ ભારતીય નૌકાઓ અમેરિકી બેઝ (જેમ કે ડીગો ગાર્શિયા) પર રિફ્યુઅલ કરી શકે છે, અને અમેરિકી નૌકાઓ ભારતીય બંદરોમાં (જેમ કે ચેન્નાઈ, મુંબઈ, અંદામાન) પરથી સેવાઓ મેળવી શકે છે. જો કે આ કરાર યુદ્ધ વિષયક ઓપરેશન્સ માટે નથી, પણ માત્ર લોજિસ્ટિક સપોર્ટ માટે છે.

તેમ છતાં વીતેલા સપ્તાહ દરમિયાન ભારત-અમેરિકા વચ્ચેના આ કરારની બહુ ચર્ચા થઇ. કારણ હતું Iris Dena નામનું ઈરાની જહાજ. ભારતના નિમંત્રણને માન આપીને આ જહાજ ફેબ્રુઆરી મહિનામાં ઇન્ટરનેશન્લ ફ્લીટ રીવ્યુમાં (એક પ્રકારની બહુરાષ્ટ્રીય નેવલ એક્સરસાઈઝ) ભાગ લેવા માટે ભારતના વિશાખાપટ્ટનમ બંદરે આવેલું. એના પાછા ફરવાનો સમય થયો ત્યાં સુધીમાં નસીબજોગે યુએસ-ઈરાન યુદ્ધ ફાટી નીકળ્યું!


હવે થયું એવું કે અમેરિકન સબમરીને ઠેઠ શ્રીલંકાના ગાલે બંદર નજીક આ ઈરાની જહાજને ટોરપીડો મારીને ઉડાવી દીધું! ૮૦થી વધુ ક્રૂ મેમ્બર્સ મરાયા અને અનેક ઘાયલ થયા. એક રીતે જોવા જઈએ તો આ ભારતના મહેમાન ઉપર થયેલો હુમલો હતો, પણ હાલનાં આંતરરાષ્ટ્રીય સમીકરણો જોતા ભારત આ બાબતે બહુ શોર મચાવી શકે એમ નથી. આમ છતાં, અમેરિકાના એક ભૂતપૂર્વ અધિકારીએ એવો દાવો કરી નાખ્યો કે ઈરાની જહાજને ઉડાવતા પહેલા અમેરિકી સબમરીને ભારતીય નૌકા મથકનો લોજીસ્ટિક સપોર્ટ લીધેલો! આ મામલે તરત જ ખાસ્સી હો-હા થઇ ગઈ. ભારતના વિદેશ મંત્રાલયે તરત જ ટ્વીટ કરીને આખી વાતને સત્તાવાર રદિયો પણ આપી દીધો. જો આ મામલો વધુ ઉછાળવામાં આવત, તો યુએસ-ભારત વચ્ચેના LEMO એગ્રીમેન્ટને કારણે નવ વર્ષથી મનમાં ને મનમાં રોષે ભરાયેલું ચીન બરાબર દાવ લઇ લેત અને સાંપ્રત યુદ્ધમાં ભારતને સંડોવવાના આંતરરાષ્ટ્રીય ષડયંત્રો આકાર લેવા માંડત. જીઓપોલિટિક્સમાં આવા જ દાવપેચ વડે દુશ્મનને ચેક-મેટ કરાતો હોય છે.

ખેર, મોરલ ઓફ ધી સ્ટોરી- આ વાતનો પદાર્થ પાઠ એ છે કે બળિયાના બે ભાગ જેવા આંતરરાષ્ટ્રીય રાજકારણમાં વિવિધ પ્રકારના કરારો દ્વારા મિત્રરાષ્ટ્રોની ગેંગ બનાવ્યા સિવાય છૂટકો નથી. પણ આવા કરારો ક્યારેક ગળાનો ગાળિયો પણ બની શકે છે. ■

## મસ્તરામની મસ્તી

# લગનમાં ડખ્ખાના મૂળમાં 'કેમેરામેન' જ હોય હોં...!

મિલન ત્રિવેદી
feedback@bombaysamachar.com




ચુનિયાએ તેના ભત્રીજાના લગ્નમાં મને ખાસ તેડાવેલો કે, 'ભાઈ, જરા અનુભવી છો તો કંઈક સૂચન કરજો.'

હું તો ગયો, પણ ત્યાં જઈને જે જોયું એ પ્રસંગમાં વરરાજા કરતાં ફોટોગ્રાફર અને તેના કેમેરામેનનું મહત્ત્વ વધારે હતું.

આજના જમાનામાં ગોર મહારાજ વગર લગ્ન થાય તો કદાચ ચાલે, પણ કેમેરામેન વગર? અશક્ય! પંડિત મંત્ર ભૂલી જાય તો વરરાજાને વાંધો નથી આવતો, પણ જો કેમેરામેન લાઈટિંગ મૂકતા ભૂલી જાય તો વરરાજા મંડપમાંથી ઊભા થઈ જાય!

હમણાં અહીં ચુનિયાના ભત્રીજાના લગ્ન હતા.

ગોર મહારાજ સરસ મજાની વિધિ કરાવતા હતા, પરંતુ વરરાજા અને કન્યા બંનેને ચાર- પાંચ કેમેરા જ દેખાતા હતા.

ગોર મહારાજે મંત્ર ભણવાનું શરૂ કર્યું. ગોર મહારાજ હજુ તો 'મંગલમ્ ભગવાન વિષ્ણુ...' બોલવા જાય ત્યાં જ પેલા કેમેરામેનએ વરરાજાના મોઢા પાસે ગીમ્બલ સાથે કેમેરો ધર્યો. મહારાજનો ગુસ્સો આસમાન પર ગયો ફોટોગ્રાફરને અને વરરાજાને કહ્યું કે 'લગ્ન કરવાના છે કે ખાલી આલ્બમ જ બનાવવું છે? કાં તો હું મંડપમાં રહીશ અથવા આ કેમેરામેન.'

વરરાજાએ ગોર મહારાજને કહ્યું, 'સોરી, તમે થોડીવાર બહાર ચક્કર મારી આવો ત્યાં થોડા ફોટા પડી જાય. ફેરા તો અડધી કલાક પછી પણ ફરાશે, જો લાઈટ ચાલી જશે તો જિંદગી ગોટાળે ચડી જશે.'

ગોર મહારાજને પણ એમ થયું કે હવે દક્ષિણાથી મતલબ રાખો. આપણે જમવાનો બ્રેક માનશું બીજું શું?

આ બધા વચ્ચે એક ફોટોગ્રાફરને સગા- વહાલાઓએ હાઇજેક કર્યો હતો તેમના પોતાના ફોટા પાડવા માટે.

બાર-બાય-બારના એક નાનકડા રૂમમાં ૨૪ જણા ઠાંસી-ઠાંસીને ભર્યા હતા. દરેકનો અવાજ બીજા ૨૩ જણ પર હાવી થઈ જાય એવો પ્રયત્ન ચાલતો હતો. મુંબઈની મચ્છી માર્કેટ કે કોઈ મધ્યમ વર્ગની શાક માર્કેટમાં પણ જેટલો દેકારો ન હોય એટલો દેકારો એ રૂમમાં હતો. ચુનિયો બૂમો પાડતો હતો, 'એલા, કોઈ કેમેરામેનને બોલાવો, મુહૂર્ત નીકળી જશે!' પણ ત્યાં તો કેમેરામેન પોતે જ 'સેલિબ્રિટી'ની જેમ એન્ટ્રી મારી!

જેવા ફોટા પડવાનું શરૂ થયું એટલે અસલી ખેલ શરૂ થયો. ચુનિયાના સાઢુ ગજબની 'ફાંદ' લઈને આવ્યા હતા. કેમેરામેન બિચારો લેન્સ ફિટ કરે ત્યાં સાઢુની ફાંદ અડધી ફ્રેમ રોકી લે! સાઢુ ફોટો પડાવવા માટે શ્વાસ રોકીને પેટ અંદર ખેંચવાની એવી કસરત કરતા હતા કે એમનું મોઢું ટામેટા જેવું લાલ થઈ ગયું. ફોટો પડી ગયા પછી જેવો એમણે શ્વાસ છોડ્યો, બાજુમાં ઊભેલા ભત્રીજાને ધક્કો વાગ્યો અને એ બિચારો ઊંધે માથે પછડાયો!

એવામાં આવ્યા ચુનિયાના મોટા કાકા. કાકાની 'ટાલ' પર કુદરતે એટલી સુંવાળપ આપી હતી કે કેમેરાની ફ્લેશ લાઈટ સીધી ટાલ પર અથડાઈને રિફ્લેક્ટ થતી હતી. કેમેરામેન ગૂંચવાયો, 'સાહેબ, લાઈટ વધે છે!' કાકા કહે, 'બેટા, એ લાઈટ નથી, આ તો મારા ખાનદાનનું તેજ છે!' છેલ્લે કાકાની ટાલ પર રૂમાલ ઢાંકવો પડ્યો ત્યારે કેમેરામેનને સંતોષ થયો.

રૂમમાં જગ્યા ઓછી હતી અને એમાં પાછી ચાર-પાંચ જાડી સ્ત્રીઓ સેલ્ફી લેવા મથી રહી હતી. એમાં જેવી સેલ્ફીની વાત આવી, એટલે તરત જ બધાના મોઢા 'પાઉટ' મોડમાં! એવું લાગે કે જાણે બધાએ સાથે મળીને લીંબુ શરબત પીધું હોય અને એમાં ખાંડ નાખવાનું ભૂલી ગયા હોય! જોકે મને તો ચોરે બેઠેલા ભાભાઓ દોરા સુધી બીડી ખેંચે ત્યારે જે મોઢું થાય તે યાદ આવ્યું. એક માસી તો એટલા જાડા હતા કે ગ્રુપ સેલ્ફીમાં એમના આવ્યા પછી બીજા કોઈને ઊભા રહેવાની જગ્યા જ ન રહી. કેમેરામેને કીધું, 'બેન, થોડા સાઈડમાં ખસો.' માસી કહે, 'હું વરની માસી છું હવે એક ઇંચ ન ખસું, તારો કેમેરો ખસેડ.'

ભત્રીજાને ભૂત વળગ્યું હતું 'કેન્ડિડ' ફોટાનું. એણે કેમેરામેનને કીધું, 'હું હસીને જતો હોઉં એવો નેચરલ ફોટો પાડજે.'

હવે રૂમમાં ૨૪ જણાના દેકારા વચ્ચે નેચરલ હસવું આવે ક્યાંથી? ભત્રીજો પરાણે દાંત કાઢતો હતો, ત્યાં જ ચાલતા ચાલતા પોતાના જ પગમાં તેની ધોતી ફસાણી! કેમેરામેને તરત ફોટો પાડ્યો. એ 'કેન્ડિડ' તો ન થયો, પણ ભત્રીજાના જીવનનો સૌથી મોટો 'કાંડ' જરૂર થઈ ગયો!


ફોટો પડી ગયા પછી સોશ્યલ મીડિયામાં ચડાવવા માટે અને સૌથી વધુ લોકોના માથે ઝીંકવા માટે 'હેશટેગ'નું ભૂત દરેકને વળગ્યું છે. છેલ્લે ચુનિયાએ મને પૂછ્યું, 'ભાઈ, આમાં Hashtag શું રાખીએ?'' મેં કીધું, 'ભાઈ, આ દેકારો જોતા તો એક જ હેશટેગ સૂઝે છે: Machi Market MeShaadi... મચ્છીમાર્કેટમેં શાદી...આ સાંભળીને ચુનિયો તો રાજીના રેડ થઈ ગયો, પણ ભત્રીજાની વહુએ હજુ સુધી મારી સાથે વાત નથી કરી!

લગ્ન વખત થયેલો ફોટા અને વીડિયોનો ખર્ચો ક્યારેક એટલો હોય છે કે તેમાંથી નાના સમાજના સમૂહ લગ્ન થઈ જાય. ■

**વિચારવાયુઃ**

*'લગ્નના આલ્બમમાં કોના સગા વહાલાઓના ફોટા કે વીડિયો વધારે આવ્યા?' તે ચર્ચાનો વિષય બને ત્યારે લગ્નનું આલ્બમ કે વીડિયો હોંશે હોંશે દેખાડવા દોડતા પતિ અને પત્ની બન્ને તેને સંતાડવા માટે તમામ પ્રયત્નો કરે છે.*

# સાક્ષી



## ઈન્સ્પેક્ટર કરણ બક્ષીઃ કેસ ફાઈલ્સ

ટીના દોશી

શ્યામલાલ જન્માષ્ટમીએ જન્મેલા એ ખરું, શ્યામલાલના નામનો અર્થ કૃષ્ણ થાય એ પણ ખરું, પણ જો કોઈ એમ કહે કે એમનામાં નામ જેવા ગુણ હતા તો એ સાવ ખોટું. જોકે એ પરમ કૃષ્ણભક્ત હતા એ સાચું. શ્યામલાલે પોતાના મેજ પર શ્રીકૃષ્ણની મનોહર મૂર્તિઓ સજાવેલી. એમાં ત્રણ વિશાળ કદની મૂર્તિઓ અત્યંત ધ્યાનાકર્ષક જણાતી. એક મૂર્તિમાં કૃષ્ણની સાથે રંગબેરંગી વસ્ત્રોમાં સજ્જ રાધા. વચ્ચેની બીજી મૂર્તિમાં વાંસળી વગાડતા શ્રીકૃષ્ણ. ત્રીજી મૂર્તિમાં બાળ સ્વરૂપમાં કૃષ્ણ ગરવામાંથી માખણ ખાઈ રહેલા. નિરંતર કૃષ્ણભક્તિ કરતા શ્યામલાલ.

શ્યામલાલ મૂળે તો વેપારી હતા. પરણેલા નહોતા. એકલા જ હતા ને એકલપેટા પણ. સિમેન્ટ, કાગળ ને કાપડથી માંડીને અનેક કારોબાર હતા એમના. શ્યામલાલને કોઈ વાતની ખોટ નહોતી. પણ જો કોઈ એક બાબતની ઊણપ હતી તો એ હતી પ્રતિષ્ઠા. આબરૂને નામે મોટું મીંડું હતું શ્યામલાલની ઝોળીમાં. એમને જાણનારાઓ એમની પીઠ પાછળ શ્યામલાલને કંસનો અવતાર જ કહેતા.

વેપારજગતમાં શ્યામલાલનું નામ બદનામ હતું. કારણ ધંધા પ્રત્યે એ વફાદાર નહોતા. ગ્રાહકોને એક માલ દેખાડતા ને બીજો માલ પધરાવતા. સિમેન્ટમાં ભેળસેળ કરવામાં એમને જરાય સંકોચ થતો નહોતો. મુલાયમ રેશમી કાપડ દેખાડીને માદરપાટ પધરાવવામાં એમની હથોટી હતી. માલ વેચવામાં ઘાલમેલ કરવી એ એમનો વેપારમંત્ર હતો. કોઈ ફરિયાદ કરે તો ફરિયાદીને જ આરોપીના કઠેડામાં ખડો કરી દેતા. ફરિયાદીની ફરિયાદને હાથી પાછળ ભસતા શ્વાન જેટલું મહત્ત્વ આપતા. આખરે ફરિયાદી કકળાટ કરતો પગ પછાડતો ચાલ્યો જતો. શ્યામલાલ તો જળકમળવત. પાણીમાંથી નીકળીને પણ કોરાધાકોર જાણે.

શ્યામલાલનો વેપાર આ રીતે ચાલતો રહ્યો, પણ ઘાલમેલિયો ને ભેળસેળિયો ધંધો આખરે ક્યાં સુધી ચાલે? સોનાનું મૂલ ચૂકવીને પિત્તળિયો માલ મળે તો કોઈ ક્યાં સુધી ચૂપ રહી શકે રહે... એમના પાપનો ઘડો ભરાતો રહ્યો.. છેતરાયેલા ગ્રાહકોના ક્રોધનો પારો ઊંચે ને ઊંચે ચડી રહેલો. એમનો ગુસ્સો ધીમે ધીમે જ્વાળામુખીમાં રૂપાંતરિત થઇ રહેલો. વેપારી આલમમાં ક્યાંક દબાયેલા સૂરે ને ક્યાંક ઊંચા અવાજે ગપસપ થઇ રહેલી કે કોણ જાણે એ જ્વાળામુખી ક્યારે ફાટશે ને શ્યામલાલને ભરખી જશે!

શ્યામલાલ સુધી પણ આ ગણગણાટ પહોંચી ગયેલો, પરંતુ એમને એની કાંઈ પડી નહોતી. એ કહેતા કે, હું તો નિરંતર મારા શ્રીકૃષ્ણનું રટણ કરું છું. એથી કૃષ્ણ મારો વાળ પણ વાંકો નહીં થવા દે..જેને શ્યામ રાખે એને કોણ ચાખે ! પણ કાળો કારોબાર કરનાર પાપી ભક્તને શરણ આપે તો કૃષ્ણને કૃષ્ણ કેમ કહેવાય... શ્યામલાલ ભૂલી ગયેલા કે શ્રીકૃષ્ણે સો અપરાધ માફ કર્યા પછી શિશુપાળનો વધ કરેલો. અરે, સગ્ગા મામા કંસનો પણ કૃષ્ણે જ વધ કરેલો. તો પછી શ્યામલાલ તો કઈ વાડીનો મૂળો. શ્રીકૃષ્ણની ગીતા મુજબ કરેલાં કર્મોનું ફળ તો શ્યામલાલે ભોગવવાનું જ હતું. એના પાપનો ઘડો ભરાય એટલી જ વાર હતી.

અને એક દિવસ શ્યામલાલના પાપનો ઘડો ભરાયો. ગ્રાહકોનો જ્વાળામુખી ફાટ્યો. એમાંથી વહી નીકળેલા લાવાએ શ્યામલાલને ભરખી લીધો. એનું ખૂન થઈ ગયું...!

સાયરન વગાડતી પોલીસ જીપમાં ઇન્સ્પેક્ટર કરણ બક્ષી આવી પહોંચ્યો. સાથે જુનિયર જયરાજ જાડેજા અને દેવકી દીક્ષિત. પાછળ પાછળ પોલીસ ફોટોગ્રાફર શ્રીધર અને ફિંગરપ્રિન્ટ નિષ્ણાત મેઘા.

ટોળે વળેલા લોકોને એક બાજુએ ખસેડીને કામે વળ્યાં. ઇન્સ્પેક્ટર બક્ષીએ શ્યામલાલનું નિરીક્ષણ કર્યું. મેજ પર એક બાજુ ત્રણ ફોન પડેલા. સફેદ, કાળો અને લાલ. શ્યામલાલનો ધંધો ફોન પર જ ચાલતો હોય એવું લાગ્યું. શ્રીકૃષ્ણની મનોહર મૂર્તિઓ ને એની વચ્ચોવચ ઊંધે મોઢે ઢળી પડેલો. સફેદ શર્ટ પહેરેલો શ્યામલાલ બેઠેલો તો રિવોલ્વિંગ ચેર પર પણ શરીરનો ઉપરનો ભાગ મેજ પર ઢળેલો. શ્યામલાલના ઢળેલા માથાની બરાબર સામે કૃષ્ણની ત્રણ નયનરમ્ય મૂર્તિઓ હતી. જાણે કૃષ્ણના પગ પકડીને માફી માંગતો હોય એમ શ્યામલાલનો જમણો હાથ એ ત્રણ મૂર્તિઓની વચ્ચોવચ લંબાયેલો. હાથની વચલી ત્રણ આંગળીઓમાં સોનાની મૂલ્યવાન વીંટીઓ. ચેરના હાથા પરથી નીચેની બાજુ લબડી રહેલો ડાબો હાથ લોહીથી ખરડાયેલો. લોહી જામવાની શરૂઆત જ થયેલી. ખૂન થયાને દોઢ-બે કલાકથી વધુ સમય નહીં થયો હોય.

દરમિયાન પોલીસ ફોટોગ્રાફર શ્રીધરે જુદા જુદા એન્ગલથી મૃતદેહની તસવીરો લીધી. મેઘાએ મેજ પરથી અને ચાકુ પરથી આંગળાંની છાપ લીધી. પછી કરણના સંકેતથી જયરાજે શ્યામલાલનું ઢળેલું શરીર ઊંચું કરીને રિવોલ્વિંગ ચેરની પીઠ પર અઢેલી દીધું. જોયું તો શ્યામલાલની છાતીમાં ધારદાર છરો હુલાવવામાં આવેલો. છાતીમાંથી લોહીનો ફુવારો છૂટેલો. શ્યામલાલનું સફેદ શર્ટ આગળના ભાગે લોહીઝાણ થઈ ગયેલું. લોહીની ધાર વહેવાથી સફેદ રંગનું પેન્ટ પણ ખરડાયેલું. એના મોં પર પીડાની લકીરો અંકાયેલી. ચહેરો ખેંચાઈ ગયેલો. એની આંખો અધબીડેલી હતી. કણસી કણસીને મર્યો હશે !

ફોરેન્સિક કાર્યવાહી પૂરી થયા ઈન્સ્પેક્ટર કરણ બક્ષીએ ટોળે વળેલા લોકો ભણી નજર કરીને પૂછ્યું : 'તમારામાંથી પોલીસ સ્ટેશને ફોન કરીને ખૂનના ખબર આપનાર રામલાલ કોણ છે?'

ટોળામાં આગળ ઊભેલો પ્રમાણમાં ઠીંગણો કહી શકાય એવો એક માણસ આગળ આવ્યો. વ્યાકુળ જણાતો ચહેરો. ગભરાટને કારણે મોં પર અમથા અમથા જ હાથ ફેરવી રહેલો. કરણ બક્ષીએ એના મોં પર આંખો ટેકવીને લાગલું જ પૂછ્યું : 'તમને ઘટના અંગે ક્યારે ને કેવી રીતે ખબર પડી ?'

'ઈન્સ્પેક્ટર સાહેબ..' રામલાલે હાથ વડે જ મોં લૂછતાં કહ્યું : 'શ્યામલાલની ઓફિસમાં હું એક જ કર્મચારી હતો. કારકુન પણ હું, પટાવાળો પણ હું અને એમનો સેક્રેટરી પણ હું જ હતો. રોજ સવારે નવ વાગ્યે આવીને હું ઓફિસ ખોલતો. પણ આજે સાહેબ સવારે સાડા સાત વાગ્યે આવી જવાના હતા. મને એમણે નવ વાગ્યે જ આવવાનું કહેલું. હું આવીને ઓફિસમાં પેઠો. સાહેબની ચેમ્બરમાં ગયો. રિવોલ્વિંગ ચેર પર સાહેબને ઢળી પડેલા જોયા. એમના હાથમાં લોહી જોઈને હું ગભરાયો. કાંઈક અજુગતું થયાની આશંકા મારા મનમાં જાગી. અને મેં તરત જ પોલીસ સ્ટેશને ફોન કરી દીધો.'

'હવે તમે એ જણાવો કે શ્યામલાલ સવારે સાડા સાત વાગ્યે કેમ આવેલા?'કરણ બક્ષીએ પૂછ્યું.

'હું નોકર માણસ તો શું કહી શકું...' રામલાલ રડું રડું થઈ ગયો : 'સાહેબ ઘણી વાર વહેલા ઓફિસે આવતા. એ વખતે મને આવવાની કે કોઈ પ્રશ્ન પૂછવાની છૂટ નહોતી. એક વાર પૂછવાનો પ્રયત્ન કરેલો તો મને પાણીચું પકડાવવાની ચેતવણી આપેલી. ત્યારથી મેં ગાંઠ વાળી કે કામ કરતી વખતે આંખકાન ખુલ્લા રાખવા પણ મોં બંધ રાખવું.'

'પણ તમને થોડો ઘણો અણસાર તો આવ્યો જ હશે ને કે શ્યામલાલ વહેલા કેમ આવતા ને તમને હાજર રહેવાનું કેમ ન કહેતા ?' કરણ બક્ષીએ વેધક પ્રશ્ન કર્યો.

'સાહેબ, પેટછૂટી વાત કરું તો શ્યામલાલની શાખ બજારમાં જરાય સારી નહોતી...' રણછોડનો ડર એકાએક ગાયબ થઈ ગયો હોય એમ એ કહી રહ્યો : 'મારા સાહેબથી છેતરાયેલાઓ એમને અવારનવાર જોઈ લેવાની ધમકી આપતા. સાહેબ એ લોકોનો ગુસ્સો શાંત કરવા વહેલા બોલાવતા એવું મને લાગે છે.'

રામલાલ પાસે વધુ જાણકારી નહોતી. ટોળે વળેલાઓ આજુબાજુની ઓફિસોમાં કામ કરતા, પણ કોઈને કાંઈ ખબર નહોતી. એટલે કરણ બક્ષીએ માર્કેટમાં પૂછપરછ આદરી. જાણવા મળ્યું કે છેલ્લા બે-ત્રણ મહિનાથી શ્યામલાલ સાથે ત્રણ વેપારીઓની દુશ્મનાવટ થઇ ગયેલી. ત્રણેયે શ્યામલાલને પતાવી દેવાની ઉઘાડી ધમકી પણ આપેલી. ઇન્સ્પેક્ટર બક્ષીએ ત્રણેયની પૂછતાછ કરવાનું નક્કી કર્યું.

સૌથી પહેલાં કરણ બક્ષી જુનિયરો સાથે પહોંચ્યો કેશવકુમાર પાસે. એ સિમેન્ટના જાણીતા વેપારી હતા. ઈન્સ્પેક્ટરને જોઇને એ ઊભા થઈ ગયા. આવકાર આપ્યો. ચા પાણીનો આગ્રહ કર્યો, પણ નમ્રતાથી ઇનકાર કરીને કરણ બક્ષીએ સીધું ને સટ પૂછી લીધું : 'મિસ્ટર કેશવકુમાર... તમારી શ્યામલાલ સાથે દુશ્મની હતી, એ વાત સાચી ?'

'હા, ઈન્સ્પેક્ટર..સોળ આના સાચું.' કેશવકુમારે આનાકાની કર્યા વિના કરણની વાત સ્વીકારીને વિના પૂછ્યે કહેવા માંડ્યું : 'સાહેબ, દુશ્મની ન થાય તો બીજું શું થાય... શરૂઆતમાં ત્રણચાર વાર એણે સારો ગુણવત્તાવાળો માલ મોકલેલો. સારા અનુભવને કારણે ત્રણેક મહિના પહેલાં મેં એને સિમેન્ટનો મોટો ઓર્ડર આપ્યો. પણ એ વખતે મોરલાએ કળા કરી. મિલાવટવાળો માલ મને મોકલ્યો શ્યામલાલને ફરિયાદ કરી તો એણે હાથ ઊંચા કરી દીધા. ઊલટો ચોર કોટવાલને દંડે એમ એણે તો મને જ ખરીખોટી સંભળાવી દીધી. એની સાથેના કરારમાં પણ હું થાપ ખાઈ ગયેલો. અત્યંત સિફતથી એણે મારા કાંડા કાપી લીધેલા. અદાલતે જવાથી પણ કાંઈ વળે એમ નહોતું. મારા વહાણ વિશ્વાસે ડૂબ્યા. પછી દુશ્મની થાય જ ને?

'હં, એટલે તમે શ્યામલાલને ઉઘાડી ધમકી આપી અને આજે સવારે એને પતાવી પણ દીધો.' કરણ બક્ષીએ તલવારની ધાર જેવા અવાજે પૂછ્યું : 'બદલો લેવા તમે શ્યામલાલનું ખૂન કરી નાખ્યું, કેમ ?'

'ખૂઉઉ..ન... શું શ્યામલાલનું ખૂન થઈ ગયું ?'કેશવકુમારના સ્વરમાં બોદો રણકો જણાયો : 'સાહેબ, મેં શ્યામલાલને ગુસ્સામાં આવીને પતાવી દેવાની ધમકી આપેલી એ સાચું છે. આજે સવારે હું શ્યામલાલને મળવા ગયેલો એ પણ સાચું છે. એણે સારો માલ આપશે એવી ખાતરી આપેલી. માધવ મહેતા અને મુરલીધર શેઠને પણ એવી જ ખાતરી આપી. અમે ત્રણેય શ્યામલાલની ઓફિસેથી સાથે જ બહાર નીકળી ગયેલા. તમે એમની પૂછપરછ પણ કરો. એ બેય તમને કહેશે કે મેં શ્યામલાલનું ખૂન કર્યું નથી !'

કેશવકુમારનું નિવેદન નોંધી લેવામાં આવ્યું. તપાસને અંતે જ ખબર પડશે કે એ સાચું બોલે છે કે ખોટું. એમણે કેશવકુમારને નગર છોડીને ન જવાની સૂચના આપી અને ત્યાંથી નીકળ્યા. પછી પહોંચ્યા કાગળનો કારોબાર કરતા માધવલાલ મહેતા પાસે. આડીઅવળી વાતોમાં સમય બગાડવાને બદલે જુનિયર જાડેજાએ સીધું પૂછી લીધું : 'તમારી શ્યામલાલ સાથે એવી તે શું દુશ્મની થઈ ગયેલી કે આજે સવારે તમે એનું ખૂન કરી નાખ્યું?'

સીધો આરોપ સાંભળીને પણ માધવલાલના પેટનું પાણી ન હાલ્યું. કુનેહબાજ વેપારી જણાયા. શ્યામલાલનું ખૂન થયાનું સાંભળીને એના ચહેરા પર સળ પણ ન પડી. ન મુખમુદ્રા બદલાઈ, ન હાવભાવ. ટાઢાબોળ અવાજે ઠાવકાઈથી બોલ્યા : 'તમને સાચું કહું? શ્યામલાલ એવડો મોટો ઠગ હતો કે આજે સવારે એનું ખૂન કરવાના ઈરાદાથી જ હું એની ઓફિસે ગયેલો. શ્યામલાલથી છેતરાનારો હું એકલો નહોતો. કેશવકુમાર અને માધવલાલ મહેતા પણ હતા જ. અમે ત્રણે શ્યામલાલની ઓફિસમાં ભેગા થઈ ગયેલા. મેં એને જોઈ લેવાની ધમકી આપી, પણ એણે મને ખાતરી આપી કે મને આપેલો ભેળસેળિયો ને જૂનો કાગળનો જથ્થો એ બદલી આપશે. એ સાંભળીને મારો ક્રોધ ઓસરી ગયો. ને એને એક તક આપવાનું નક્કી કર્યું. માધવલાલ મહેતા અને કેશવકુમારને પણ એણે માલ બદલી આપવાની ખાતરી આપી. એથી અમે ત્રણેય એની ઓફિસેથી સાથે જ બહાર નીકળ્યા. પણ જાણીને આનંદ થયો કે શ્યામલાલનું ખૂન થઈ ગયું. એક દહાડો તો એનું ખૂન થવાનું જ હતું. થઈ ગયું. પત્યું. ધરતી પરથી બોજ હળવો થયો. બાકી મેં એનું ખૂન કર્યું નથી. તમે કેશવકુમાર અને માધવલાલને પૂછી જોજો. એ પણ કહેશે કે મેં ખૂન કર્યું નથી.'

માધવલાલના બોલ રુક્ષ હતા. કરડા હતા. પણ એમાં સચ્ચાઈ કેટલી હતી એ કળી શકાય એમ નહોતું. છતાં માધવલાલને નગર છોડીને ન જવાનું કહીને પોલીસત્રિપુટી કાપડના વેપારી મુરલીધર શેઠને આંગણે જઈ પહોંચી. શેઠે પોલીસત્રિપુટીને ઉમળકાભેર આવકાર આપ્યો. ને અવાજમાં મીઠાશ ઘોળીને કહ્યું : 'બોલો, હું આપની શું સેવા કરી શકું ?'

'સેવામાં તો એવું છે શેઠ, કે પોલીસને શંકા છે કે તમે શ્યામલાલનું ખૂન કર્યું છે...' દેવકીના સ્વરમાં ગજબની ઠંડક હતી : 'તમારે તમારા બચાવમાં શું કહેવું છે?'

'પહેલાં તો મારા પર શંકા કરવાનું કારણ જણાવો.' મુરલીધર શેઠે ખંધાઈથી કહ્યું : 'હું તો ખુદ શ્યામલાલથી પીડિત હતો. સારું કાપડ દેખાડીને એણે મને કચરો જેવો પધરાવેલો. મને લાખ્ખોના ખાડામાં ઉતારી દીધેલો. એટલું ઓછું હોય એમ તમે પાછા મારા પર શંકા કરો છો.'

'તમારા પર શંકા કરવાનું પહેલું કારણ એ કે તમે શ્યામલાલને પતાવી દેવાની ધમકી જાહેરમાં આપેલી...' કરણ બક્ષીએ સંયમિત સ્વરે કહ્યું : 'બીજું કારણ એ કે આજે સવારે તમે શ્યામલાલની ઓફિસે ગયેલા, એ વખતે કેશવકુમાર અને માધવલાલ પણ ઉપસ્થિત હતા. તમે ત્રણેયે મળીને શ્યામલાલને ધમકાવેલો. ને પછી..'

'ઈન્સ્પેક્ટર, અમે શ્યામલાલને ધમકાવેલો એ વાત સાવ સાચી છે...' મુરલીધર ટાઢા ડામ દેવાની શૈલીમાં કહી રહ્યા :'પણ મેં શ્યામલાલનું ખૂન કર્યું નથી. તમે કેશવકુમાર અને માધવલાલને પૂછી જોજો. અમે ત્રણેય શ્યામલાલની ઓફિસમાંથી સાથે જ બહાર નીકળેલા. એ બેય સાક્ષી આપશે કે મેં એનું ખૂન કર્યું નથી !'

કરણ બક્ષી અને જુનિયરો સીધા પોલીસસ્ટેશને પહોંચ્યા. મેજ પર ઘટનાસ્થળના ફોટોગ્રાફ પડેલા. કરણ બક્ષીએ ફોટોગ્રાફ હાથમાં લીધા. દરમિયાન જયરાજે કહ્યું : 'સર, ત્રણેય વેપારીઓએ સાથે મળીને અથવા તો એમાંના એકે શ્યામલાલનું ખૂન કર્યું હોય એવું લાગે છે. એથી તો પોતપોતાના બચાવમાં સાક્ષી તરીકે બીજા બેને ઊભા કરી દીધા છે.'

એટલામાં દેવકી બોલી : 'સર, આ કેસમાં એક અનોખો સંયોગ છે. જેનું ખૂન થયું છે એ શ્યામલાલ અને શકમંદ ખૂનીઓના નામ કેશવકુમાર, માધવલાલ અને મુરલીધર. ચારેયના નામનો અર્થ કૃષ્ણ. મરનાર પણ કૃષ્ણ અને મારનાર પણ કૃષ્ણ. આ તે કેવો યોગાનુયોગ ! '

'આ યોગાનુયોગ જ આપણને ખૂની સુધી પહોંચાડશે...' કહીને કરણ એક ફોટોગ્રાફ જોઈ રહ્યો. ફોટામાં શ્યામલાલનો હાથ શ્રીકૃષ્ણની એક મૂર્તિ ભણી લંબાયેલો. કરણે આ ફોટો દેવકી અને જયરાજ આગળ ધર્યો : 'જુઓ, આ ફોટામાં સ્વયં શ્યામલાલે ખૂની ભણી ઈશારો કર્યો છે ને શ્રીકૃષ્ણએ સાક્ષી આપી છે... મરતાં મરતાં શ્યામલાલે ખૂનીનો સંકેત આપવા વાંસળી વગાડતા શ્રીકૃષ્ણની મૂર્તિ ભણી હાથ લંબાવ્યો છે. વાંસળીનો બીજો અર્થ મુરલી પણ થાય ને મુરલી વગાડતા શ્રીકૃષ્ણ એટલે.. હવે સમજાયું ?'

'અરે હા...' દેવકી અને જયરાજને સમજાઈ ગયું. પોલીસત્રિપુટી સીધી જ એક વેપારીને ઘેર જઈ પહોંચી. બોલી : 'યુ આર અન્ડર એરેસ્ટ, મુરલીધર શેઠ !'

'તમારી પાસે મારી વિરુદ્ધ શું પુરાવો છે, ઈન્સ્પેક્ટર ?' મુરલીધર બરાડ્યા.

'શાંત રહો, શેઠ..' કરણના અવાજમાં કઠોરતા ભળી : 'શ્યામલાલે જ મરતી વખતે મુરલી વગાડતા કૃષ્ણ ભણી હાથ લંબાવીને ખૂનીની સાન આપી દીધી છે. એ ખૂની તમે છો, શેઠ ! વળી તમારા આંગળાંની છાપ લઈને છરા પરથી મળેલી છાપ સાથે સરખાવીશું એટલે તમે જ ખૂન કર્યાનું સાબિત થઈ જશે !'


'ઇન્સ્પેક્ટર, તમે ધારો છો એટલો કાચો ખેલાડી હું નથી...' મુરલીધર ઠેકડી ઉડાડતા અંદાજમાં બોલ્યા : 'મેં છરા પરથી આંગળાંની છાપ ભૂંસી નાખેલી. એથી તમને મારા કોઈ ફિંગરપ્રિન્ટ મળવાના નથી.' બોલતાં તો બોલી ગયા મુરલીધર શેઠ, પણ બોલ્યા પછી પસ્તાવો થયો. પોતે જ પોતાની પોલ ખોલી દીધેલી. પરંતુ હવે શું થાય ? તીર કમાનમાંથી નીકળી ગયેલું. પાછું વાળી શકાય એમ નહોતું. હાથકડી પહેરવા હાથ લંબાવતી વખતે મુરલીધર શેઠ બબડ્યા : હાથનાં કર્યાં હૈયે વાગ્યાં !


**આવતા અઠવાડિયે નવી કથા**

## સ્થાપત્યનું વાઈ-ફાઈ

હેમંત વાળા feedback@bombaysamachar.com

# હોંગકોંગના કોફીન હાઉસ







ગુજરાતીમાં કહેવત છે, પહેલું સુખ તે જાતે નર્યા અને બીજું સુખ તે ઘરબાર કર્યા. કહેવત અનુસાર જીવનમાં તંદુરસ્તીનું મહત્ત્વ સૌથી વધુ છે અને તે પછી ઘરનું મહત્ત્વ છે. એક રીતે જોતાં આ બંને પરસ્પર સંકળાયેલાં પણ છે. જો આવાસમાં કુદરતી હવા-ઉજાસનું પ્રમાણ વધુ હોય તો તંદુરસ્તી જળવાય. વિશ્વના ધનિક ગણાતાં શહેરમાં જેની ગણના થાય છે તે હોંગકોંગના ઘણાં લોકો તંદુરસ્તી માટે જોખમકારક ગણી શકાય તેવાં ઘરોમાં રહેતાં હોય છે. આ ઘર એટલે કોફીન હાઉસ અર્થાત્ શબપેટી ઘર. અહીં એક ઓરડા જેટલી જગ્યામાં ૧૦ થી ૧૨, કે તેથી પણ વધારે, લોકો પોતાની સ્વતંત્ર જગ્યા નિર્ધારિત કરીને રહેતાં હોય છે. પરિણામે દરેક વ્યક્તિને એટલી ઓછી જગ્યા મળે કે આ પ્રકારના ઘરને શબપેટીનું નામ અપાયું છે. ઉપભોક્તાવાદની કડવી વાસ્તવિકતાનું આ સચોટ ઉદાહરણ છે. એક તરફ વિશ્વમાં જેની સતત ચર્ચા થઈ રહી હોય તેવા બહુમાળી આલીશાન મકાનો અને બીજી તરફ શબપેટી જેવાં ઘર. તે સાથે આ પ્રકારના ઘરનું ભાડું સમજી ન શકાય, સ્વીકારી ન શકાય તેટલું વધારે હોય છે. મજબૂર માનવી છતાં પણ ત્યાં રહેવા તૈયાર થાય છે. એક મોજણી પ્રમાણે સન ૨૦૦૭માં આશરે ૫૩૦૦૦ કરતાં વધુ લોકો આ પ્રકારના શબપેટી ઘરમાં રહેતાં હતાં. એક અંદાજ પ્રમાણે આ આંકડો આજે અઢી લાખ કરતાં વધારે છે.

આ પાંજરા જેવાં ઘરોમાં વ્યક્તિ જાણે પોતાને પૂરી દે છે. અહીં રહેનાર કેટલીક વ્યક્તિઓ સાથે કરાયેલ વાર્તાલાપથી એમ જણાય છે કે આ જગ્યાનો ઉપયોગ માત્ર સુવા માટે અને કેટલીક ન્યૂનતમ અંગત સામગ્રીને રાખવાં માટે જ કરાય છે. અમુક સ્થાને તો સંડાસ જેવી પ્રાથમિક સવલતો પણ નથી હોતી અથવા હોય તો તે અગવડતા જનક હોય છે. સામાન્ય દિવસે આ લોકો મોટાભાગનો સમય બહાર જાહેર સ્થાનમાં અથવા બગીચામાં પસાર કરે છે. જ્યારે લોકો આ શબપેટી ઘરમાં હોય ત્યારે મોબાઈલ તેમની માટે સૌથી વધુ જરૂરી બની રહે છે. ક્યારેક એમ માનવા મન પ્રેરાય કે આ પ્રકારના ઘર કરતાં તો જેલ સારી હોય, ફેર એટલો કે આ ઘરમાં વ્યક્તિને પોતાની, અતિ મર્યાદિત તો અતિ મર્યાદિત, પણ સ્વતંત્રતા હોય.

વાસ્તવિકતા એ છે કે એક બેડ જેટલી જગ્યામાં જ ડઝન એક વ્યક્તિઓ રહેતાં હોય છે, જાણે કે એકબીજા પર ખડકાયેલી અભરાઈઓમાં રહેતાં માનવી. અહીં બધું જ પરસ્પર સહકારથી વાપરવામાં આવે. અહીં એકબીજાને સાચવી લેવાની ભાવના દ્રઢ હોય. થોડીક અગવડતા બધાં જ ચલાવી લે. અહીં દરેક સમયે, દરેક બાબતે સમાધાન કરવું પડે. અહીં અપંગ માટે લગભગ કોઈ સ્થાન નથી. કેટલાક વૃદ્ધ લોકોએ પાંજરામાં તેમનાં જીવનને 'મૃત્યુની પ્રતીક્ષા કરતી સ્થિતિ' તરીકે વર્ણવ્યું છે. ધનિક ગણાતા હોંગકોંગમાં પ્રોપર્ટીની તેજીની આ એક કાળી બાજુ છે, જ્યાં કેટલાંક લોકો એટલી નાની જગ્યામાં રહેતાં હોય કે વ્યક્તિ અહીં પોતાના પગને સંપૂર્ણ રીતે લાંબા ન કરી શકે.

અહીં કૌટુંબિક જીવનની સંભાવના નથી હોતી. અહીં વ્યક્તિગત પ્રસન્નતા માટેનો માહોલ નથી હોતો. અહીં તંદુરસ્તી બગાડવાની પૂરેપૂરી સંભાવના હોય છે. અહીં વ્યવસ્થિત હલનચલન પણ શક્ય નથી બનતું. શબપેટી ઘરમાં બધો જ સામાન ખડકલાંની જેમ રખાય અને તેથી માનસિક અશાંતિ ઊભી થાય. અહીં વીજળીનાં દોરડાં પણ આમતેમ ગોઠવાયેલાં હોય અને તેથી ક્યાંક અકસ્માત થવાની સંભાવના પણ રહે. આ પ્રકારની પરિસ્થિતિથી ક્યારેક આગ પણ લાગી શકે. આ ઘરમાં કુદરતી હવાની અવરજવરની સંભાવના ન હોવાથી અહીં ભેજનું પ્રમાણ પણ વધુ રહે. આ બધા સાથે અહીં ગીચતા વધુ હોવાથી, અકસ્માતના સમયે રાહત કાર્ય પણ મુશ્કેલ બની જાય. આવી પરિસ્થિતિમાં પણ લોકો રહેતા હોય છે તે પણ હોંગકોંગ જેવા શહેરમાં.

દરેક સરકારની જેમ અહીંની સરકાર પણ આ પરિસ્થિતિ માટે ચિંતિત છે. સરકાર નવાં નિયમો બનાવે છે. નવી સવલતો ઊભી કરે છે, ચોક્કસ પ્રકારનું આર્થિક પ્રોત્સાહન આપે છે, ખૂટતી બાબતોને અન્ય સ્થળે પહોંચાડવા પ્રયત્ન કરે છે, તે બધાં સાથે પણ પ્રશ્નનું નિવારણ નજીકના ભવિષ્યમાં તો દેખાતું નથી. માંગણી ઘણી વધુ છે અને પુરવઠાની માત્રા ઘણી ઓછી છે. એક મુખ્ય પ્રશ્ન તો જમીનનો છે. અહીં જરૂરિયાત કરતાં ઘણી ઓછી જમીન પ્રાપ્ય છે. આ જમીન પર કેટલાક સંપન્ન લોકોનો કબજો છે. બાકીની જમીનમાં અસરકારક બાંધકામ કરી બધાની જરૂરિયાતો સંતોષાય તે પ્રકારના સ્થાપત્ય-ઉકેલની જરૂર છે. સમાજ વ્યવસ્થા માટે તો આ પડકાર છે જ, ત્યાંની સરકાર માટે પણ આ સળગતો પ્રશ્ન છે, તેનાં કરતાં પણ વધારે આ પડકાર સ્થાપત્યનો છે.

ક્યારેક એમ જણાય છે કે સ્થપતિઓએ પોતાની મોટાભાગની ક્ષમતા ધનિક વર્ગ માટે અનામત રાખી છે. જો તેઓએ શરૂઆતથી જ આ પ્રકારનાં સામાજિક સમૂહ માટે, તેમનાં આવાસની અસરકારક અને ઈચ્છનીય વ્યવસ્થા માટે, ઉકેલ શોધવા પ્રયત્ન કર્યો હોત તો સમગ્ર વિશ્વમાં પરિસ્થિતિ જ જુદી હોત. નવી સામગ્રીની જરૂરિયાત છે, નવી તકનીક વિકસવી જોઈએ અને બંનેના સમન્વયથી નવી શૈલી પર કામ થવું જોઈએ. ક્યારે એમ લાગે છે કે સ્થપતિને આમાં રસ નથી.

ઘણાં પ્રશ્નો એવાં હોય છે કે જેનો ઉકેલ કોઈ એક સંસ્થાના પ્રયત્ન દ્વારા આવી ન શકે. આ સ્થાપત્યનો પ્રશ્ન છે, આ માનવતાનો પ્રશ્ન છે, આ માનવીય ગુણવત્તાનો પ્રશ્ન છે. ઉકેલ તો ગોતવાનો જ છે પરંતુ પ્રશ્નના મૂળ સુધી પણ જવું જરૂરી છે. પ્રશ્નનો કાયમી ઉકેલ શોધવો હોય તો આ પ્રશ્ન પાછળનાં કારણોની વ્યવસ્થિત તપાસ તો થવી જ જોઈએ.

## ૨૦. ધંધાદારી જગ્યા

**ઘાટકોપર (ઈસ્ટમાં)**
નવા બંધાતા 16 માળના કમર્શિયલ ટાવરમાં ઓફિસીસ વેચાણથી, MG રોડ, પ્રાઈમ લોકેશન, 16 સ્લેબ કંપ્લીટેડ. સંપર્ક: 9769345176/ 9757252097. (૮૭૦-બી)

**PRE - LEASE કમર્શિયલ**
કોમર્શિયલ પ્રોપર્ટી વિથ સૂટેબલ બ્રાન્ડ્સ, અંધેરી, મલાડ તથા ચેમ્બુરમાં, 6% એસ્યોર રિટર્ન, Starting From rs 12 કરોડથી 100 કરોડ હૉસ્પિટલ, સ્કૂલ રેસ્ટોરન્ટ ઓફિસ. સંપર્ક - 7208072040/ 9167064642. (જેપી/૪૫૫૦-સી)

**મેરેજ હોલ**
અંધેરી ઈસ્ટમાં સ્ટેશન પાસે 2000 sqft નો હોલ + 3500 sqft Terrace વેલ્યુએશનના 50% ના ભાવે તુરંત જ વેચવાનો છે. લીકર license સાથે. સંપર્ક જલારામ 9820441711/ 9833592233. (૮૭૮/એ)

**બોરીવલી (પશ્ચિમ)**
માં પ્રીમિયમ ઓફિસ સ્પેસ ઝોન મોલ - ચંદાવરકર રોડ રેરા કાર્પેટ એરિયા: 398 થી 997 ચોરસ ફૂટ. મુખ્ય સ્થાન: ચંદાવરકર રોડનું હૃદય. કબજો: ઓક્ટોબર 2026. વિકાસકર્તા: અમન ગ્રુપ. તમારી જગ્યા સુરક્ષિત કરવા માટે હમણાં જ બુક કરો! રેરા નંબર: P51800006553 કોલ: 8108810866/ 8108123416. (જેપી/૪૫૪૯-જી)

**50000-150000 Sq Feet**
**RCC Industrial BEST Building at Bhiwandi**
for Lease / Outright
Contact
Gagandeep Singh
9820410077
(B-172 22)

LEASE PREMIUM RETAIL Shops 800 to 4900 sq.ft. Wide Frontage, Goregaon East, Proximity to Major business hubs like Nirlon, NESCO, Hotels "Ginger & Fern ". Ideal for Cafe | Restaurant | 2/4-Wheeler Display Showroom | Diagnostic Centre | Boutiques | Salon | Cloud Kitchen / 24*7 Business. Showroom 2600 sq.ft. / 40' Frontage, Borivali West, LT Road. Milan Kamdar 9820017603. (KP-2535-A)

**CHURCHGATE**
One Offices For Sale 230 Carpet Fully Furnished Jolly Bhavan No.1 New Marine Lines Whatsup 7021831500. (B-17204)

## ૨૦. ધંધાદારી જગ્યા

**JUHU / VILEPARLE / ANDHERI**
**Exclusive Commercial, High End Glass Facade Bldg. with Ramp and Terrace Garden Choice of Over 10 RERA Registered Projects Offices 500 to 8000 sqft, Retail Showroom 5000 to 20000 sqft. Mihir 7021919014. (875/E)**

## ૨૧. હોટલ

**THE KINARA VILLAGE LONAVALA**



DELICIOUS FOOD | HERITAGE AMBIENCE
HERITAGE ROOMS AVAILABLE
Add. : Old Mumbai - Pune Highway, Vaksai Naka, Varsoli, Lonavala - 410401
Call : 9859639639
www.thekinaravillage.com
(B-17209)

## ૨૩. મનોરંજન

**બજેટથી પ્રાર્થનાસભા**
**સંગીત સંધ્યા (11 Nashik), લગ્નગીત (15 Kandivali), સાંજી, ભજન, Anniversary Games. મનસુખભાઈ 9326801860 / 8169552801. (૮૫૯/એ)**

**પ્રાર્થના - 6500/-**
દાંડિયા, સંગીતસંધ્યા, લગ્નગીત, બર્થડે, એનિવર્સરી. કમલેશ માંડલિયા:- 9820889938. (૮૬૯/સી)

## ૨૪. વાહન/મોટરકાર સંબંધી

■ તમારી મનગમતી પેટ્રોલ- ડિઝલ- ટોયાટો- હુંડાઈ- હોન્ડા- મારૂતિ ગાડી લેવા-વેંચવા. શ્રીજી મોટર- ૯૫૪૫૭૪૧૭૫૫. (બી-૧૭૦૭૪)

## ૩૧. નાણાંકીય

**"FREE - FREE"..**
'શેર' ગોતો - ''કરોડપતિ બનો..'' તમારાં: ખોવાયેલાં / ગુમાવેલાં / વારસાગત 'શેર' ''ફ્રીમાં'' ગોતી આપશું.. તથા IEPF / ટ્રાન્સમીશન / ડુપ્લીકેટ / ડીમેટની સર્વિસ આપશું.. ''ઈન્વેસ્ટમેન્ટ હાઉસ'', Whatsapp - 8433779853, 8291225710. (બી-૧૭૧૯૪)

**તક**
જૂનાં - નવા વ્યાપાર કરનારાઓ માટે ઓછા વ્યાજે પૈસા અપાવીશું. પેપર માટે સંપર્ક: 9594998118. (૮૭૩/ઈ)

## ૩૧. નાણાંકીય

■ **''(બેંકની - નોટિસનાં)'' રીપ્લાય સેટલમેન્ટ/ ઈન્સ્ટોલમેન્ટ સ્મોલ બજેટમાં (વકીલ મારફત). 9137725086. (બી-૧૭૨૦૫)**

## ૩૨. જમીન - મિલકત

**દેવલાલી**
નાસીક રોડ, આકર્ષક રેડી બંગલા, પ્લોટ્સ ફ્લેટ્સ મળશે. ઈન્વેસ્ટમેન્ટ માટે ઉત્તમ તક. ''હોમલેન્ડ કન્સલ્ટન્ટ્સ'' 9588642414. (એસડીબી-૩૧૧૧)

**65 કરોડમાં**
માહિમમાં PRIME SEA FACING LAND PARCEL વેચવાનો છે. સંપર્ક:- 8793577736. (૮૭૦-એફ)

**ઇન્ડસ્ટ્રીયલ**
**પ્લોટ વેચાણ માટે ઉપલબ્ધ**
લોકેશન: મુંબઈ-દિલ્હી એક્સપ્રેસવે (NE-4) માત્ર 2 કિમી
- Individual 7/12 સાથે ટાઇટલ ક્લિયર જમીન
- 15,000 SQFT ડીમાર્કેટેડ પ્લોટ
- 15 મીટર લેઆઉટ રોડ
- ઇન્ડસ્ટ્રી, વેરહાઉસ અથવા ફેક્ટરી માટે યોગ્ય

સંપર્ક:73784 40044
(બી-૧૭૨૨૧)

**PLOTS REQUIRED**
**Budget 100-500 Cr for A+ Category Developer minimum 2500 sqr mtr Prime Location within Bandra to Borivali and South Mumbai Only Mihir 7021919014. (875/G)**

## ૩૩. ધંધાદારી

**કેમ્બે ગ્રેનાઈટ**
મારબલ, ગ્રેનાઈટ - કડપ્પા લોટમાં મળશે. ગોરેગાવ ઈસ્ટ 9987123826. (બી-૧૭૧૯૮)

**પાણીની ટાંકીઓ**
મશીનથી - કુવા - સોસાયટીની - ઘરની ટાંકીઓની સફાઈ. યોગી એન્ટરપ્રાઈઝ:- 9820776583/ 9892298963. (૮૬૯/એ)

**DHIRAJ**
**Old Antique Shop**
**VALUE GIVEN IS MORE THAN MARKET RATE**
**We also collect Goods & give free Home Service**
Old Furniture, Watches, Old Fountain Pens, Kerba, Old Crockery, Old Resham Kore And Zari, Old Toys, Old Camera, Old Notes And Coins, German Silver.
**CONTACT: DHIRAJ**
**9819774578, 8369666193**
**Kemps Corner, Kwality Hours Shop No. 112, Mumbai - 36.**
(328)

## ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**રાજમળી જ્યોતિષ**
જીવનની તમામ સમસ્યાઓનું સમાધાન. ગૃહકલેશ, સૌતન, સંતાન, વિવાહ, છૂટાછેડા, લવ પ્રોબ્લેમ. 9987679488. (મીરારોડ). (બી-૧૭૧૪૧)

## ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

■ ''એસ પેસ્ટ કન્ટ્રોલ'' ઉધઈ, વાંદા, માંકડ (હર્બલ). 9773226675/ 9326448699. (કાંદિવલી). (૮૭૨/સી)

## ૪૬. વોટર પ્રુફિંગ

**વોટરપ્રૂફિંગ વર્ક**
PU ફોમ ઈન્જેક્શન, ગ્રાઉન્ટીંગ તોડયા વગર વોટરપ્રૂફિંગ વર્ક - બાથરૂમ, ટોયલેટ, સ્વિમિંગપૂલ, વોટરટેન્ક, પોડિયમ સાથે ટેરેસ. 9136328369. (૫૨૯-એ)

## ૫૨. કુરીઅર્સ

**દુનિયાભરમાં પાર્સલ**
નાસ્તો, મસાલા, કપડાં, બીજો સામાન હોલસેલમાં અમેરિકા, કેનેડા યુરોપ, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, યુકે, દુબઈ, સિંગાપુર- 9769691025/ 26822572. (બી-૧૭૦૨૭)

**મનસ્વી પાર્સલ**
યુરોપ, અમેરિકા, ન્યુઝીલેંડ, ઓસ્ટ્રેલિયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. 9820194719, 7208019515. (૧૫૯૭૫-એ)

**ફોરેન**
પાર્સલ માટે એક માત્ર જુનું વિશ્વસનીય નામ રમેશભાઈ - 9702251440 / 9224320626. (બી-૧૬૮૩૫)

# કર્જત અને ભીવપુરી રોડ વચ્ચે ટ્રાફિક અને પાવર બ્લોક

મુંબઈ: મધ્ય રેલવે ૦૬/૦૭.૦૩.૨૦૨૬ (શુક્રવાર/શનિવાર), ૦૭/૦૮.૦૩.૨૦૨૬ (શનિવાર/રવિવાર રાત્રિના સમયે) અને ૦૮/૦૯.૦૩.૨૦૨૬ (રવિવાર/સોમવાર) ના રોજ મધ્યરાત્રિએ કર્જત અને ભીવપુરી રોડ સ્ટેશનો વચ્ચે MUTP-III હેઠળ પનવેલ-કર્જત કોરિડોર માટે KM ૯૭/૧૬-૯૭/૪ અને KM ૯૭/૭અ પર TTB પર પોર્ટલ બૂમનું નિર્માણ કરવા માટે ખાસ ટ્રાફિક અને પાવર બ્લોક લેશે.

**બ્લોકની તારીખ:**
* ૦૬/૦૭.૦૩.૨૦૨૬ (શુક્રવાર/શનિવાર રાત્રે),
* ૦૭/૦૮.૦૩.૨૦૨૬ (શનિવાર/રવિવાર રાત્રે),
* ૦૮/૦૯.૦૩.૨૦૨૬ (રવિવાર/સોમવાર રાત્રે).

**બ્લોકનો સમયગાળો:** દરરોજ રાત્રે ૦૧.૫૫ કલાકથી ૦૩.૧૦ કલાક સુધી

**બ્લોક સેક્શન:** કર્જત અને ભીવપુરી રોડ સ્ટેશનો વચ્ચે અપ અને ડાઉન લાઇનો

**ટ્રેનો પર અસર:**
*મેલ અને એક્સપ્રેસ ટ્રેનોનું ડાયવર્ઝન *
નીચેની ટ્રેનો કર્જત-પનવેલ-દિવા રૂટ પર ડાયવર્ટ કરવામાં આવશે અને ગંતવ્ય સ્થાને ૧૦ થી ૨૦ મિનિટ મોડી પહોંચશે.
-ટ્રેન નંબર ૧૧૦૨૦ ન્યુ ભુવનેશ્વર-સીએસએમટી એક્સપ્રેસ, ૧૮૫૧૯ વિશાખાપટ્ટનમ-એલટીટી એક્સપ્રેસ અને ૧૨૭૦૨ હૈદરાબાદ-સીએસએમટી એક્સપ્રેસ.
-કલ્યાણ સ્ટેશન પર ટ્રેનમાં ચઢવા/ઉતરવા માટે નિર્ધારિત મુસાફરોના લાભ માટે કલ્યાણ હોલ્ટિંગ ટ્રેનોને પનવેલ/થાણે ખાતે વૈકલ્પિક હોલ્ટ આપવામાં આવશે.
-મોડી દોડતી મેલ/એક્સપ્રેસ ટ્રેનો/હોલિડે સ્પેશિયલ ટ્રેનોને ઓપરેશનલ જરૂરિયાત મુજબ ડાયવર્ટ/નિયંત્રિત કરવામાં આવશે. ■

# ડોમ્બિવલી અને કલ્યાણ વચ્ચે પાવર બ્લોક

મુંબઈ: મધ્ય રેલવે ૦૬/૦૭.૦૩.૨૦૨૬ (શુક્રવાર/શનિવાર), ૦૭/૦૮.૦૩.૨૦૨૬ (શનિવાર/રવિવાર રાત્રિના સમયે) અને ૦૮/૦૯.૦૩.૨૦૨૬ (રવિવાર/સોમવાર) ના રોજ ઠાકુરલી અને કલ્યાણ વચ્ચે કલ્યાણ KMS ૫૧/૧૩૮-૧૪૦ પર ત્રીજા પત્રીપૂલ આરઓબીના બાંધકામ માટે ગર્ડર્સના લોન્ચિંગ માટે ખાસ ટ્રાફિક અને પાવર બ્લોક લેશે.

***બ્લોકની તારીખ:** ૦૬/૦૭.૦૩.૨૦૨૬ (શુક્રવાર/શનિવાર રાત્રિનો સમય)*

* **બ્લોકનો સમયગાળો:** ૦૬/૦૭.૦૩.૨૦૨૬ ના ૨૩.૦૦ કલાકથી ૦૭.૦૩.૨૦૨૬ ના ૦૩.૦૦ કલાક*

* **બ્લોક વિભાગ:** ડોમ્બિવલી અને કલ્યાણ વચ્ચે UP અને DOWN ફાસ્ટ લાઇન, ૫મી લાઇન અને ૬ઠ્ઠી લાઇન (UP અને DOWN યાર્ડ સહિત) ■

# ગોરેગામ-મુલુંડ લિંક રોડ માટે ટ્વીન ટનલનું ખોદકામ ૧૦ માર્ચથી શરૂ થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ગોરેગામ-મુલુંડ લિંક રોડ (જીએમએલઆર)નો એક ભાગ ગણાતા ગોરેગામના દાદાસાહેબ ફાળકે ચિત્રનગરી (ફિલ્મસીટી) ખાતે ટ્વિન ટનલના બાંધકામ માટે 'લૉન્ચિંગ શાફ્ટ'નું કામ પૂર્ણ થયું છે. આગામી ત્રણ દિવસમાં કૉંક્રિટિંગનું કામ પૂરું થવાની અપેક્ષા છે. ટનલ બોરિંગ મશીન (ટીબીએમ)ને ૧૦ માર્ચ, ૨૦૨૬ના શાફ્ટમાં નીચે ઉતારવામાં આવશે, જે મુંબઈના મહત્ત્વપૂર્ણ માળખાગત વિકાસમાં એક સીમાચિહ્નરૂપ બની રહેશે.

આ પ્રોજેક્ટમાં સંજય ગાંધી રાષ્ટ્રીય ઉદ્યાન (નેશનલ પાર્ક)ની નીચે ૪.૭ કિલોમીટરની ટ્વિન ટનલ અને દાદાસાહેબ ફાળકે ચિત્રનગરીમાં ૧.૬ કિલોમીટરની બોક્સ ટનલનો સમાવેશ થાય છે, જેમાં બાંધકામ માટે બે અત્યાધુનિક ટીબીએમ મશીનનો ઉપયોગ કરવામાં આવવાનો છે. એડિશનલ કમિશનર(પ્રોજેક્ટ) અભિજિત બાંગરે ગુરુવારે સાઈટ પર ઈન્સ્પેકશન કર્યું હતું એ દરમ્યાન તેમણે અધિકારીને ટનલનું ખોદકામ જૂન સુધીમાં શરૂ કરવાનો નિર્દેશ આપ્યો હતો. આ દરમ્યાન તેમણે ગોરેગામમાં રત્નાગિરી જંકશન ખાતે ચાલી રહેલા ફ્લાયઓવરના કામનું પણ ઈન્સ્પેકશન કર્યું હતું, જ્યાં હાલ પિયર કેપનું બાંધકામ ચાલી રહ્યું છે. ■

# શાળાની છોકરીઓને સ્વ-બચાવ ને આરોગ્ય જાગૃતિ માટે તાલીમ



આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે, ધારાવીની શાળાઓમાં સ્વ-બચાવ વર્કશોપ અને આરોગ્ય જાગૃતિ સત્રોની શ્રેણી ચાલી રહી છે. જેનો ઉદ્દેશ એવા પ્રદેશમાં કિશોરવયની છોકરીઓને આવશ્યક જીવન કૌશલ્યો શીખવવાનો છે, કે જ્યાં મહિલાઓની સલામતી અને જાહેર આરોગ્ય ચિંતાનો વિષય છે. અત્યાર સુધીમાં, સાત શાળાઓની ૧,૫૦૦ થી વધુ છોકરીઓએ ભાગ લીધો છે અને આ કાર્યક્રમ ધીમે-ધીમે વધુ સંસ્થાઓમાં વિસ્તરશે. સ્વ-બચાવ વર્કશોપનું નેતૃત્વ માર્શલ આર્ટ્સ ટ્રેનર દ્વારા કરવામાં આવે છે, જે વિદ્યાર્થિઓને અસુરક્ષિત પરિસ્થિતિઓનો સામનો કરવામાં મદદ કરવા માટે રચાયેલ મૂળભૂત ટેકિનક શીખવી રહ્યા છે.

'દરેક છોકરી આત્મવિશ્વાસ અને જાગૃતતા અનુભવવાને પાત્ર છે, આ વર્કશોપ શારીરિક ટેકિનક કરતાં મનથી જાગૃત અને આંતરિક શક્તિનું નિર્માણ કરે તે વધુ મહત્ત્વનું છે. ધારાવીમાં વિદ્યાર્થીઓનો ઉત્સાહ જોઈને ખરેખર પ્રેરણા મળી રહી છે.' એવું ટ્રેનરે જણાવ્યું હતું. માર્શલ આર્ટ્સ સત્રોની સાથે, ફેમિલી પ્લાનિંગ એસોસિએશન ઓફ ઈન્ડિયા માસિક સ્વચ્છતા, તરુણાવસ્થા અને 'ગુડ ટચ-બેડ ટચ' વિશે જાગૃતિ લાવવા માટે વર્કશોપનું આયોજન કરી રહ્યું છે. એક વિદ્યાર્થિનીએ જણાવ્યું કે, 'આ વર્કશોપ ખૂબ જ ઉપયોગી હતો. અમે સ્વ-બચાવ, વ્યક્તિગત સ્વચ્છતા અને માસિક સ્વચ્છતા અને જંક ફૂડ ટાળવાના મહત્ત્વ વિશે શીખ્યા. હું મારા સ્વાસ્થ્ય અને સલામતીની કાળજી લેવા વિશે વધુ જાગૃત અને આત્મવિશ્વાસ અનુભવું છું.' કિશોરવયની છોકરીઓ ઘણીવાર તેમના શરીર અથવા સીમાઓ વિશેની તેમની ચિંતાઓ બીજાને કહેતાં અચકાતી હોય છે. ધારાવીની વિદ્યાર્થિનીઓને સશક્ત બનાવવા બદલ અદાણી ગ્રૂપનો હૃદયપૂર્વક આભાર માનવામાં આવ્યો હતો. ■

---

ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી સોમવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

ગુજરાતી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| પરાકાષ્ઠા | બળજબરી |
| પરાક્રમ | સ્વીકાર |
| પરાણે | બહાદુરી |
| પરાધીન | હદ |
| પરિગ્રહ | પરવશ |

## જાણવા જેવું

ફૂલમાં મુખ્ય ચાર વિભાગ કે અંગ હોય છે: બાહ્યાચ્છાદન, અંતરાચ્છાદન, પુંકેસર અને સ્ત્રીકેસર. મોટાં ફૂલના પાંચ ભાગ હોય છે: કટોરી, લીલી પાંદડી (વજ), પાંખડી, પુંકેસર અથવા પરાગકેસર અને સ્ત્રીકેસર અથવા ગર્ભકિસર. ડાંખળીનો ફૂલ તરફનો જે જાડો છેડો હોય છે અને જેના ઉપર ફૂલનું આખું શરીર રહેલું હોય છે તેને કટોરી કહે છે.

## ગુજરાત મોરી મોરી રે

મરાઠી નાટક 'આઈ રિટાયર હોતેય' પરથી ગુજરાતીમાં બનેલા 'બા રિટાયર થાય છે'માં સૌપ્રથમ બાની ભૂમિકા કોણે કરી હતી?

અ) રજની શાંતારામ
બ) મીનળ કર્પે
ક) પદ્મા રાણી
ડ) દેવયાની ઠક્કર

## નોંધી રાખો

ફૂલ અને ફોરમનું મહત્ત્વ જાણીતું છે. સુકુમારતા, કોમળતા અને સૌંદર્ય માટે ફૂલ અનેક દેશના કવિઓમાં સુપ્રસિદ્ધ છે.

## શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | | ૨ | | | ૩ | | ૪ | ૫ |
| | | ૬ | | | | ૭ | | | |
| | ૮ | | ૯ | ૧૦ | ૧૧ | | | ૧૨ | |
| ૧૩ | | ૧૪ | | ૧૫ | | | ૧૬ | | |
| | | ૧૭ | | | | | | | |
| | | | | | ૧૮ | | | | ૧૯ |
| ૨૦ | ૨૧ | | | ૨૨ | | | ૨૩ | ૨૪ | |
| | | | ૨૫ | | | ૨૬ | | | |
| ૨૭ | | ૨૮ | | | | ૨૯ | | | ૩૦ |
| ૩૧ | | | ૩૨ | | | | | ૩૩ | |

### આડી ચાવી

૧. ભાષા, વાણી (૨)
૨. ગાયો પાળનાર, ગોવાળ (૪)
૪. વાસ (૨)
૬. પુરોહિત (૨)
૭. બજાર, ગુજરી (૨)
૯. ખુશખબર લાવનારને અપાતી ભેટ (૪)
૧૩. કલંક (૩)
૧૫. હઠ, આગ્રહ (૨)
૧૬. શોરબકોર, ઘોંઘાટ (૩)
૧૭. --- ઓથે ડુંગર, ડુંગર કોઈ દેખે નહીં (૩)
૧૮. આરોપ (૩)
૨૦. લિલામ (૩)
૨૨. સૌંદર્ય, સુંદર દેખાવ (૨)
૨૩. એક જાતનું નગારું (૩)
૨૫. બરછટ, ખરબચડું (૪)
૨૮. શિક્ષા, સજા (૨)
૨૯. ઉપકાર (૨)
૩૧. ઘસાઈ કે ખવાઈ ગયેલું, છેક જૂનું (૨)
૩૨. વાતચીતથી થતો ઘોંઘાટ, શોર બકોર (૪)
૩૩. ભપકો, ઠઠારો (૨)

### ઊભી ચાવી

૧. પર્વત (૨)
૨. મોટાઈ, મહત્તા (૩)
૩. વાર્તા, દંતકથા (૩)
૫. પૈસો, દોલત (૨)
૮. સમય (૨)
૧૦. મનસૂબો, કલ્પના (૩)
૧૧. માતાનું સ્થાન (૨)
૧૨. ફિકરની --- કરે એનું નામ (૨)
૧૩. ઉકાળો (૨)
૧૪. બડાઈ (૪)
૧૬. યજમાન વૃત્તિ (૪)
૧૮. ભ્રમ, ખોટો દેખાવ (૩)
૧૯. દૂંટી (૨)
૨૧. રસ્તો (૨)
૨૨. કોલાહલ, ઘોંઘાટ (૨)
૨૪. ચતુર, પ્રવીણ (૨)
૨૫. ખરાબો, ધારદાર ભેખડ (૩)
૨૬. ડાક, પોસ્ટ (૩)
૨૭. મિયાં બીબી રાજી તો ક્યા કરેગા --- ? (૨)
૩૦. --- સાજા તો ઉત્તર ઝાઝા (૨)

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ મૂ | લ્યાં | ૨ ક | ન | | | ૩ હિ | ત | | ૪ સૂ |
| ર | | ન્યા | | ૫ આ | રા | મ | | ૬ યા | ગ |
| ૭ ખ | ૮ ગ | | | ફ | | ૯ જા | ૧૦ વં | ત્રી | |
| | | ૧૧ મ | ૧૨ મ | ત | | | દ | | ૧૩ ધી |
| ૧૪ હિ | ના | | ન | | ૧૫ વે | ૧૬ રા | ન | | ર |
| સા | | ૧૭ જ | ન | ની | | જી | | ૧૮ વી | જ |
| બ | | હા | | | ૧૯ ધ | વ | લ | | |
| | ૨૦ ન | જ | ૨૧ ર | | ગ | | | ૨૨ શૂ | ૨૩ ર |
| ૨૪ શા | દી | | ૨૫ મ | હે | શ | | ૨૬ ના | | મૂ |
| ર | | ૨૭ કાં | ત | | | ૨૮ પ | દ | ર | જ |

## ઓળખાણ પડી?



આ વર્ષની ટી - ૨૦ વર્લ્ડ કપ સ્પર્ધામાં ઓસ્ટ્રેલિયાને આંચકો આપનારી ઝિમ્બાબ્વે ક્રિકેટ ટીમના કેપ્ટનની ઓળખાણ પડી?

અ) બેન કાર્સન બ) રિયાઝ હસન ક) સિકંદર રઝા ડ) રહમત શાહ

## ચતુર આપો જવાબ માથું ખંજવાળો

રાજવી પરિવારના રસોડામાં પ્રવેશી ગયેલા અને સૂકવીને ખાવાથી ખજૂર જેવા લાગતા ઓડિશામાં દેખાતા ફળનું નામ જણાવો.

અ) કરમદા બ) બેર ક) પેર ડ) મહુઆ

## માઈન્ડ ગેમ

આપેલી સંખ્યાઓ ધ્યાનથી જુઓ: ૧૯, ૩૦, ૫૧, ૮૨, ૧૨૩ .... તેમની વચ્ચે રહેલો સંબંધ ઓળખી ગણતરી કરીને કહો કે ૧૨૩ પછી કઈ સંખ્યા આવે?

અ) ૧૫૧ બ) ૧૬૬ ક) ૧૭૪ ડ) ૧૮૦

## સુડોકુ-૯૨૩૮

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | ૫ | | | | |
| ૪ | ૨ | | | ૬ | ૩ | ૫ | | ૭ |
| ૧ | ૮ | | ૪ | | | | | ૬ |
| | ૪ | ૬ | | | | | | |
| ૫ | ૭ | | | ૨ | | | ૪ | ૩ |
| | | | | | | ૮ | ૭ | |
| ૬ | | | | | ૫ | | ૨ | ૪ |
| ૮ | | ૨ | ૩ | ૪ | | | ૫ | ૯ |
| | | | | ૧ | | | | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

### સુડોકુ-૯૨૩૭

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | ૫ | ૪ | ૮ | ૩ | ૧ | ૨ | ૯ | ૭ |
| ૧ | ૭ | ૩ | ૨ | ૬ | ૯ | ૪ | ૫ | ૮ |
| ૯ | ૮ | ૨ | ૭ | ૫ | ૪ | ૩ | ૬ | ૧ |
| ૮ | ૩ | ૫ | ૯ | ૭ | ૨ | ૬ | ૧ | ૪ |
| ૭ | ૨ | ૯ | ૪ | ૧ | ૬ | ૮ | ૩ | ૫ |
| ૪ | ૬ | ૧ | ૫ | ૮ | ૩ | ૯ | ૭ | ૨ |
| ૩ | ૧ | ૮ | ૬ | ૨ | ૫ | ૭ | ૪ | ૯ |
| ૫ | ૪ | ૭ | ૩ | ૯ | ૮ | ૧ | ૨ | ૬ |
| ૨ | ૯ | ૬ | ૧ | ૪ | ૭ | ૫ | ૮ | ૩ |

## ગયા શનિવારના જવાબ

| A | B |
|---|---|
| પમરાટ | સુવાસ |
| પયગામ | સંદેશો |
| પરગજુ | પરોપકારી |
| પરવા | દરકાર |
| પરવાનગી | મંજૂરી |

ગુજરાત મોરી મોરી રે:
આંધળો પાટો

ઓળખાણ પડી?
પથુમ નિસાંકા

માઈન્ડ ગેમ :
૧૬૨

ચતુર આપો જવાબ માથું ખંજવાળો :
નેક્ટરીન

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) મુલરાજ કપૂર (૩) સુભાષ મોમાયા (૪) વિપીન શાહ (૫) નૂતન વિપીન શાહ (૬) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૭) નીતા દેસાઈ (૮) તાહેર ઔરંગાબાદવાલા (૯) શીરીન ઔરંગાબાદવાલા (૧૦) અબ્દુલ્લા એફ. મુનીમ (૧૧) ભારતી બુચ (૧૨) શ્રદ્ધા આશર (૧૩) ખુશરૂ કાપડિયા (૧૪) પુષ્પા પટેલ (૧૫) લજિતા ખોના (૧૬) જ્યોતિ ખાંડવાલા (૧૭) નિખિલ બંગાળી (૧૮) અમીશી બંગાળી (૧૯) મીનળ કાપડિયા (૨૦) કિરીટ છેડા (૨૧) ચેતના છેડા (૨૨) મહેશ સંઘવી (૨૩) ભરત કજરિયા (૨૪) મનીષા શેઠ (૨૫) ફાલ્ગુની શેઠ (૨૬) પ્રવીણ વોરા (૨૭) કમલ માતલિયા (૨૮) મહેન્દ્ર લોઢાવિયા (૨૯) ભાવના કર્વે (૩૦) જયવંત પદમશી ચિખલ (૩૧) વિણા સંપટ (૩૨) દેવેન્દ્ર સંપટ (૩૩) પુષ્પા ખોના (૩૪) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૫) ડાયના સંતોકે (૩૬) નિતીન જયંતીલાલ બજરિયા (૩૭) વિજય આસર (૩૮) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૩૯) અલકા વાણી (૪૦) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૧) નયના ગિરીશ મિસ્ત્રી (૪૨) રમેશભાઈ દલાલ (૪૩) ઈનાક્ષીબેન દલાલ (૪૪) હિનાબેન દલાલ (૪૫) જ્યોત્સના ગાંધી (૪૬) ડો. પ્રકાશ કટકિયા (૪૭) મહેશ દોશી (૪૮) પ્રતિમા પમાણી (૪૯) ધીરેન્દ્ર મુલરાજ

# ભારત અને ન્યૂ ઝીલૅન્ડ મળીને રચશે નવો ઇતિહાસ

અમદાવાદઃ રવિવાર, આઠમી માર્ચે (આવતી કાલે) છે તો મહિલા દિન, પણ એ દિવસે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પુરુષોની બે ટીમ નવો ઇતિહાસ રચશે, એ ઐતિહાસિક મૅચ ભારત તથા ન્યૂ ઝીલૅન્ડના નામે લખાશે અને વિશ્વવિક્રમ એ બનવાનો છે કે કોઈ બે દેશની ક્રિકેટ ટીમ ત્રણેય ફૉર્મેટ (ટેસ્ટ, વન-ડે, ટી-૨૦)ની આઇસીસી ઇવેન્ટની ફાઇનલમાં સામસામે આવી હોય એવું પહેલી જ વખત બનશે.

ભારત અને ન્યૂ ઝીલૅન્ડની ટીમ પહેલી જ વખત ટી-૨૦ વર્લ્ડ કપની ફાઇનલમાં સામસામે આવી છે. આવતી કાલે સાંજે ૬.૩૦ વાગ્યે ૧,૦૦,૦૦૦-પ્લસ પ્રેક્ષકોની હાજરીમાં ટૉસ થશે અને ૭.૦૦ વાગ્યે પહેલો બૉલ ફેંકાશે. એ સાથે ઇન્ટરનૅશનલ ક્રિકેટમાં નવું પ્રકરણ શરૂ થશે.

ભારત ટી-૨૦ વર્લ્ડ કપનું સતત બીજું ટાઇટલ જીતવા માગે છે, જ્યારે ન્યૂ ઝીલૅન્ડ આ ટ્રૉફી પહેલી વખત જીતવાનું સપનું હવે પૂરું કરવા પ્રતિબદ્ધ છે. નવાઈ એ વાતની છે કે આ જ બન્ને દેશ અગાઉ ટેસ્ટના વર્લ્ડ કપમાં અને વન-ડેની ચૅમ્પિયન્સ ટ્રોફીની ફાઇનલમાં સામસામે આવી ચૂક્યા છે અને હવે ટી-૨૦ વર્લ્ડ કપની ફાઇનલમાં ભેગા થયા છે.

ભારત-ન્યૂ ઝીલૅન્ડ વચ્ચે આ સિલસિલો ૨૦૨૧ની સાલમાં શરૂ થયો હતો. ત્યારે સૌપ્રથમ વર્લ્ડ ટેસ્ટ ચૅમ્પિયનશિપ્સ (ડબ્લ્યૂટીસી)ની ફાઇનલમાં ભારતનો ન્યૂ ઝીલૅન્ડ સામે આઠ વિકેટે પરાજય થયો હતો. બ્લૅકકૅપ્સ તરીકે ઓળખાતી કિવીઓની ટીમે ત્યારે ક્રિકેટમાં નવો ઇતિહાસ રચ્યો હતો. ત્યાર પછી ૨૦૨૫ની વન-ડે ચૅમ્પિયન્સ ટ્રોફીમાં રોહિત શર્માના નેતૃત્વમાં ભારતે ન્યૂ ઝીલૅન્ડને ફાઇનલમાં ચાર વિકેટે હરાવીને ત્રીજી વખત એ ટ્રૉફી જીતી લીધી હતી. ■



ગુરુવારે ઇંગ્લૅન્ડની એક વિકેટ વખતે અક્ષર પટેલને ભેટી પડતો કૅપ્ટન સૂર્યકુમાર. (પીટીઆઇ)

# અમદાવાદમાં ટીમ ઈન્ડિયાની હૉટેલ બદલાઈ, હવે આવતી કાલે ‘લૅડી લક’ પણ બદલાશે?

અમદાવાદઃ અહીં મોટેરામાં ક્રિકેટ જગતના સૌથી મોટા નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં બે મોટી મૅચ રમાઈ હતી ત્યારે ભારતીય ખેલાડીઓ શહેરની જે હૉટેલમાં રહ્યા હતા એ હૉટેલ

અનલકી હતી કે પછી આ મેદાન ન ફળ્યું એ વિશે ક્રિકેટપ્રેમીઓમાં ચર્ચા છે, કારણકે એ બન્ને મૅચમાં ભારતનો પરાજય થયો હતો એટલે આ વખતે થોડો ફેરફાર કરવામાં આવ્યો હોવાનું મનાય છે. આવતી કાલે (સાંજે ૭.૦૦ વાગ્યાથી) અમદાવાદમાં ટી-૨૦ વર્લ્ડ કપની ફાઇનલમાં ભારતનો ન્યૂ ઝીલૅન્ડ સામે મુકાબલો છે.

૨૦૨૩માં વન-ડે વર્લ્ડ કપની અમદાવાદની ફાઇનલમાં ઑસ્ટ્રેલિયા સામે ભારતનો પરાજય થયો હતો. ત્યારે ભારતીયો જે હૉટેલમાં રહ્યા હતા એ જ હૉટલમાં આ વખતે ટી-૨૦ વર્લ્ડ કપના સુપર-એઇટ રાઉન્ડ વખતે પણ રહ્યા હતા અને એ રાઉન્ડમાં સાઉથ આફ્રિકા સામે ભારતનો ઘોર પરાજય થયો હતો.

સોશ્યલ મીડિયામાં અને લોકોની ચર્ચાઓમાં ઘણા એવી માન્યતા વ્યક્ત કરી ચૂક્યા છે કે ‘અમદાવાદમાં તો ભારતીય ટીમ હારે જ છે એટલે રવિવાર, આઠમી માર્ચે પણ ભારત હારશે કે શું?’ જોકે એવું કદાચ ન પણ બને, કારણકે ફાઇનલ પહેલાં બીસીસીઆઇએ ટીમ ઇન્ડિયાની હૉટેલ બદલી છે. હવે જે હૉટેલમાં તેઓ રહેશે અને પછી નરેન્દ્ર મોદી સ્ટેડિયમના મેદાન પર રમશે એટલે તેમના પર ‘લૅડી લક’ના (વિધાતાનાં) આશીર્વાદની વર્ષા થશે એવી સંભવિત માન્યતા સાથે હૉટેલમાં ફેરફાર કરવામાં આવ્યો હોવાનું મનાય છે.

ગુરુવારની ઇંગ્લૅન્ડ સામેની સેમિ ફાઇનલ પહેલાં અક્ષર પટેલ સહિત ત્રણ ખેલાડીએ મુંબઈમાં શ્રી સિદ્ધિવિનાયકના મંદિરે બાપ્પાના આશીર્વાદ લીધા હતા જે તેમને ફળ્યા હતા, કારણકે થ્રિલિંગ મૅચમાં છેવટે ડિફેન્ડિંગ ચૅમ્પિયન ભારતે સાત રનથી વિજય મેળવ્યો હતો અને સતત બીજી વખત ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો. ■





**અમદાવાદ પણ ગજવી નાખજો:** ગઈ કાલે અમદાવાદ પહોંચ્યા પછી બુમરાહ, અક્ષર પટેલ અને હાર્દિક પંડ્યા.

# મેસીના સન્માન-કાર્યક્રમ બાદ ડોનલ્ડ ટ્રમ્પ સોશ્યલ મીડિયામાં ટ્રૉલ થયા

વૉશિંગ્ટનઃ ભારત સહિત વિવિધ દેશો પરના બેફામ ટેરિફના પ્રકરણ બાદ હવે ઇરાન સાથેના ભીષણ યુદ્ધને કારણે ખૂબ વગોવાયેલા અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે ગયા વર્ષે મેજર લીગ સૉકર (એમએલએસ) કપ જીતનાર ઇન્ટર માયામી ફૂટબૉલ ટીમના ખેલાડીઓ તેમ જ ખાસ કરીને એ ટીમના કૅપ્ટન અને ડિફેન્ડિંગ વર્લ્ડ ચૅમ્પિયન આર્જેન્ટિનાના સુપરસ્ટાર ખેલાડી લિયોનેલ મેસીનું ગુરુવારે બહુમાન કર્યું હતું.



એક તરફ મધ્ય પૂર્વમાં યુદ્ધ ચાલી રહ્યું છે ત્યારે સન્માનના આ કાર્યક્રમમાં વ્યસ્ત થવા બદલ સોશ્યલ મીડિયામાં ટ્રમ્પની કેટલાક લોકોએ ટીકા કરી છે.

મેસી ઍન્ડ કંપનીનું સન્માન વાઇટ હાઉસમાં કરવામાં આવ્યું હતું અને ત્યારે મેસીએ ટ્રમ્પને પિન્ક સૉકર બૉલ ભેટ આપ્યો હતો.

ટ્રમ્પના હાથમાં આ સોગાદરૂપી ફૂટબૉલવાળી તસવીરને લક્ષમાં રાખીને સોશ્યલ મીડિયામાં એક યુઝરે એવી ટીકા કરી છે કે ‘ટ્રમ્પના હાથમાં તો ન્યૂક્લીયર ફૂટબૉલ’ છે.

ક્રિસ્ટિયાનો રોનાલ્ડોના એક ચાહકે એક પોસ્ટમાં ટ્રમ્પને ધ્યાનમાં રાખીને લખ્યું છે કે ‘રોનાલ્ડો ક્યારેય જાતીય શોષણ કરનારાની બાજુમાં ન ઊભો રહે’. જોકે હકીકત એ છે કે રોનાલ્ડો ગયા વર્ષે જ વાઇટ હાઉસમાં ટ્રમ્પને મળ્યો હતો. ■

# સૅમસન ચમક્યા પછી આઇસીસી અવૉર્ડ્સ માટે મજબૂત દાવેદાર

દુબઈઃ ૨૦૨૬ના ટી-૨૦ વર્લ્ડ કપમાં ઝળકી ચૂકેલા આઠ ખેલાડીઓમાં ભારતના રાઇટ-હૅન્ડ ઓપનર સંજુ સૅમસનનું નામ અચૂક લેવામાં આવે છે અને આ આઠ પ્લેયરને ટી-૨૦ વર્લ્ડ કપ પ્લેયર ઑફ ધ ટૂર્નામેન્ટ માટે નૉમિનેટ કરવામાં આવ્યા છે. સૅમસન આ ટૂર્નામેન્ટની શરૂઆતમાં અને મધ્યમાં નહોતો ચમક્યો, પરંતુ ફરી રમવાનો મોકો મળતાં તેણે ભારતને ફાઇનલમાં પહોંચાડી દીધું છે.

નૉમિનેટ થયેલા બીજા સાત ખેલાડીમાં ઇંગ્લૅન્ડના ઑલરાઉન્ડર વિલ જૅક્સ, સાઉથ આફ્રિકાના લુન્ગી ઍન્ગિડી તથા કૅપ્ટન એઇડન માર્કરમ, ન્યૂ ઝીલૅન્ડના ઑલરાઉન્ડર રચિન રવીન્દ્ર તથા ઓપનિંગ બૅટ્સમૅન ટિમ સિફર્ટ, પાકિસ્તાનના સાહિબઝાદા ફરહાન અને અમેરિકાના બોલર શૅડલી વૅન સ્કૉલવીકનો સમાવેશ છે.

સૅમસને ૧૨મી ફેબ્રુઆરીએ નામિબિયા સામે બાવીસ રન અને ૨૬મી ફેબ્રુઆરીએ ઝિમ્બાબ્વે સામે ૨૪ રન કર્યા હતા. આ બે સાવ સાધારણ પર્ફોર્મન્સની તુલનામાં તેને પહેલી માર્ચે વેસ્ટ ઇન્ડિઝ સામેની મૅચમાં રમવાની તક મળી તો તેણે મૅચ-વિનિંગ અણનમ ૯૭ રન અને પાંચમી માર્ચે ઇંગ્લૅન્ડ સામે મૅચ-વિનિંગ ૮૯ રન ખડકી દીધા હતા. હજી રવિવારની ન્યૂ ઝીલૅન્ડ સામેની ફાઇનલ બાકી છે. ■

# બે વર્લ્ડ નંબર-વન ખેલાડી ભારત માટે બન્યા ‘બોજ’: આવતી કાલની ઈલેવનમાં ફેરફાર કરાશે?

અમદાવાદઃ ભારતીય ક્રિકેટ ટીમ સતત બીજી વખત ટી-૨૦ વર્લ્ડ કપની ફાઇનલમાં પહોંચી ગઈ છે અને એમાં આવતી કાલે (સાંજે ૭.૦૦ વાગ્યાથી) અમદાવાદમાં ન્યૂ ઝીલૅન્ડ સામે થનારા જંગ પહેલાં ભારતીય ટીમ આ ટૂર્નામેન્ટમાં (ખાસ કરીને છેલ્લી બે મૅચમાં) પોતાનામાં રહેલી ખામીઓ વિશે સમીક્ષા કરશે અને એમાં જો પ્લેઇંગ-ઇલેવન નક્કી કરવામાં આવશે તો એમાં વરુણ ચક્રવર્તીના સ્થાને ઑલરાઉન્ડર વૉશિંગ્ટન સુંદરને લેવા પર ટીમ મૅનેજમેન્ટ વિચાર કરશે એવું લાગે છે. આમ તો ઓપનર અભિષેક શર્મા પણ હાલમાં ટીમ માટે બોજ બની ગયો છે એટલે તેને પણ આવતી કાલે રમવા મળશે કે કેમ એ વિશે અટકળો ચાલે છે. જોકે એવું પણ લાગે છે કે બન્નેને ફરી એક વખત મોકો અપાશે.

ભારત ટી-૨૦માં વર્લ્ડ નંબર-વન છે. લેફ્ટ-હૅન્ડ ઓપનર અભિષેક શર્મા ટી-૨૦ આંતરરાષ્ટ્રીયના બૅટ્સમેનોમાં વર્લ્ડ નંબર-વન છે, જ્યારે સ્પિનર અને ખાસ કરીને લેગબ્રેક ગૂગલી માટે જાણીતો વરુણ ચક્રવર્તી હાલમાં ટી-૨૦ના બોલર્સમાં વિશ્વનો નંબર-વન છે.

## બન્ને નંબર-વનના દેખાવ

અભિષેક શર્મા આ વર્લ્ડ કપમાં ૯૦ ટકા ફ્લૉપ રહ્યો છે. શરૂઆતની ત્રણેય મૅચમાં તેના નામે શૂન્ય હતા. માત્ર ૨૬મી ફેબ્રુઆરીએ ચેન્નઈમાં ઝિમ્બાબ્વે સામેની સુપર-એઇટ મૅચમાં તેણે જે પંચાવન રન કર્યા હતા એ બદલ એ જીતમાં તેનું સારું યોગદાન હતું. આખી ટૂર્નામેન્ટમાં તેના રન આ મુજબ રહ્યાઃ ૦, ૦, ૦, ૧૫, ૫૫, ૧૦ અને ૯ રન. અભિષેકે આ વર્લ્ડ કપમાં સાત મૅચમાં કુલ માત્ર ૮૯ રન કર્યા છે. સ્પિનર વરુણ ચક્રવતીને આ વર્લ્ડ કપમાં તમામ આઠ મૅચ રમવા મળી છે. તેનો બોલિંગ પર્ફોર્મન્સઃ ૧/૨૪, ૩/૭, ૨/૧૭. ૩/૧૪, ૧/૪૭, ૧/૩૫, ૧/૪૦ અને ૧/૬૪.

## વરુણની ૧૩ વિકેટ હાઇએસ્ટ

વરુણે આ વર્લ્ડ કપમાં જે કુલ ૧૩ વિકેટ લીધી છે એ ભારતના બોલર્સમાં સૌથી વધુ છે. અમેરિકાના શૅડ્લી વૅન સ્કૉલવીક અને ઝિમ્બાબ્વેના બ્લેસિંગ મુઝરબાનીની પણ ૧૩-૧૩ વિકેટ છે. શૅડ્લી તથા મુઝરબાની હવે આ વર્લ્ડ કપની બહાર થઈ ગયા છે. ■


PUBLIC NOTICE પબ્લિક નોટીસ

આથી ખબર આપવામાં આવે છે કે અમે તમામ બોજાઓ અને દાવાઓથી મુક્તપણે, ૧૬A, ડૉ. ગોપાલરાવ દેશમુખ માર્ગ (પેડર રોડ), મુંબઈ-૨૬ ખાતે સ્થિત મલબાર અને કંબાલા હિલ ડિવિઝનના કેડસ્ટ્રલ સર્વે નં. ૭૫૨ ધરાવતી જમીન ઉપર ઉભેલ બિલ્ડીંગના કમ્પાઉન્ડમાં એક સ્ટિલ્ટ કાર પાર્કિંગ જગ્યા નં. ૮ (‘‘કાર પાર્કિંગ જગ્યા’’) સાથે સોસાયટીની એસ્ટેટ પર સેટ મિનારના ચોથા માળ પર ફ્લેટ નં. ૪-B ભરતમાં ૧૭૧૫ ચો. ફૂટ કાર્પેટ એરિયાના (‘‘પ્રીમાઈસીસ’’)ના ‘‘માલિકી’’ હક્કો અને શેર સર્ટિફિકેટ નં. ૦૦૦૧૧માં સમાવિષ્ટ નંબરો ૫૧થી ૫૫ તેમાં કંપની દ્વારા ધરાવાયેલ દરેક રૂા. ૫૦/-ના ૫ પાંચ શેર્સ (‘‘શેર્સ’’) સાથે સેટ મિનાર કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટી લિ. (‘‘સોસાયટી’’)માં માલિકી હક્કોના ૧-C, વેકફિલ્ડ હાઉસ, ગ્રાઉન્ડ ફ્લોર, નરોત્તમ મોરાજી રોડ, બેલાર્ડ એસ્ટેટ, મુંબઈ ૪૦૦૦૦૧ ખાતે તેની રજિસ્ટર્ડ ઓફિસ ધરાવનાર હિંદ ઓફશોર પ્રાઈવેટ લિમિટેડ (‘‘માલિક’’)ના ટાઈટલની તપાસ કરી રહ્યા છીએ.

કોઈપણ શખ્સ જે શેર્સ, પ્રિમાઈસિસ કે કાર પાર્કિંગ જગ્યા કે તેના કોઈપણ ભાગમાં કે તેમાં વેચાણ, અદલાબદલી, ગીરો, ભેટ, ટ્રસ્ટ, વારસો, કબજો, ઈઝમેન્ટ, લિઝ, લિઅન, એસાઈનમેન્ટ, જાળવણી, પાર્ટીશન કે બીજી કોઈ રીતે, શેર્સ, પ્રિમાઈસિસ અને/કે કાર પાર્કિંગ જગ્યાના સંબંધિત કોઈપણ અસલ દસ્તાવેજોના કબજા સહિત અને આવા અસલના કબજા દ્વારા કોઈપણ હક્ક દાવો કરતા હોય અને માગણી ધરાવતા કોઈપણ હક્ક, ટાઈટલ, હિત, દાવો કે માગણીનો દાવો કરતા હોય તો વિનંતી કે સદરની જાણ નીચે સહિ કરનારને લેખિતમાં આવા દાવા, હક્ક કે માગણીના પ્રકાર તેના સમર્થનમાં દસ્તાવેજી પુરાવા સાથે આ છપાયાના ૧૦ દિવસમાં વીન્ડસર ચેમ્બર્સ, ૧લો માળ, કાવસજી પટેલ સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઈ ૪૦૦૦૦૧ ખાતે કરે; જેના નિષ્ફળ જવા પર, અમે ધારીશું કે આવા કોઈ દાવા કે માગણી નથી અને તદ્દઅનુસાર અમારી તપાસ પાકી કરીશું અને આવી બાબતમાં કોઈપણના કોઈપણ દાવા, હક્ક, ટાઈટલ, હિત કે માગણી હશે. ઉપરોક્ત સદર મુજબ જેની અમને જાણ કરવામાં આવી ન હોય તે ત્યજી દીધેલ અને જતા કરેલ અને છોડી દીધેલ તરીકે ગણાશે.

આજ તારીખ ૬ઠ્ઠી માર્ચ, ૨૦૨૬.

સહી/-

**નારાયણન & નારાયણન**

એડવોકેટ્સ & સોલીસીટર્સ



**મધ્ય રેલવે ટી-૨૦ વર્લ્ડ કપ ફાઈનલ માટે ક્રિકેટ રસિકો માટે સીએસએમટી મુંબઈ ⇌ અમદાવાદ પુણે ⇌ અમદાવાદ વિશેષ એસી સુપરફાસ્ટ ટ્રેનો દોડાવશે**

| ટ્રેન નં. | પ્રસ્થાન | આગમન |
|---|---|---|
| ૦૧૧૫૩ | સીએસએમટી મુંબઈ રાત્રે ૨૨.૦૫ ક. ૦૭.૦૩.૨૦૨૬ (શનિવાર) | અમદાવાદ સ. ૬.૪૦ ક. ૦૮-૦૩-૨૦૨૬ (બીજા દિવસે) |
| ૦૧૧૫૪ | અમદાવાદ સ. ૪.૦૦ ક. ૦૯-૦૩-૨૦૨૬ (સોમવારે) | સીએસએમટી મુંબઈ બ. ૧૨.૫૫ ક. ૦૯.૦૩.૨૦૨૬ (તેજ દિવસે) |
| **સ્થાનકોઃ** દાદર, થાણે, વસઈ રોડ, સુરત અને વડોદરા | | |
| **સંરચનાઃ** ૧૮ એસી ૩-ટાયર ઈકોનોમી અને ૨ જનરેટર કાર | | |

| ટ્રેન નં. | પ્રસ્થાન | આગમન |
|---|---|---|
| ૦૧૪૧૭ | પુણે સાંજે ૧૭.૩૦ ક. ૦૭.૦૩.૨૦૨૬ (શનિવારે) | અમદાવાદ સ. ૫.૩૦ ક. ૦૮-૦૩-૨૦૨૬ (બીજા દિવસે) |
| ૦૧૪૧૮ | અમદાવાદ ૨.૦૦ ક. ૦૯-૦૩-૨૦૨૬ (સોમવારે) | પુણે બ. ૧૨.૧૦ ક. ૦૯.૦૩.૨૦૨૬ (તેજ દિવસે) |
| **સ્થાનકોઃ** લોનાવલા, કલ્યાણ, વસઈ રોડ, સુરત અને વડોદરા | | |
| **સંરચનાઃ** ૧ એસી ૨-ટાયર, ૫ એસી ૩-ટાયર, ૧૦ સ્લીપર ક્લાસ, ૪ જનરલ સેકન્ડ અને ૨ સેકન્ડ સિટીંગ કમ ગાર્ડ બ્રેક વાન. | | |

સ્થાનકો, થોભવાના સમય અને સંરચનાની વિસ્તૃત વિગતો માટે પ્રવાસીઓએ www.enquiry.indianrail.gov.inની મુલાકાત લેવી.

આરક્ષણઃ ટ્રેન નં. ૦૧૧૫૩ અને ૦૧૪૧૭નું બુકિંગ ૦૭.૦૩.૨૦૨૬ના તમામ પીઆરએસ કાઉન્ટર અને આઈઆરસીટીસીની વેબસાઈટ પર.

મધ્ય રેલવે

www.cr.indianrailways.gov.in

centralrailwayindia Central_Railway


# ઘાટકોપર જૉલી જિમખાનાની ‘જૉલી પ્રીમિયર લીગ’ની પૂર્ણાહુતિ




વિજેતા ટીમ સાથે ઘાટકોપર જૉલી જિમખાનાના અધ્યક્ષ રજનીકાંત શાહ, સેક્રેટરી મુકેશ બદાણી, સ્પોર્ટ્સ કો-ઑર્ડિનેટર પરાગ ગાંધી, કારોબારી સમિતિના મેમ્બર્સ, ક્રિકેટ સબ કમિટીના સભ્યો તથા અન્યો.

મુંબઈઃ ઘાટકોપર જૉલી જિમખાનાની ક્રિકેટ સબ કમિટી દ્વારા આયોજિત ‘જૉલી પ્રીમિયર લીગ સીઝન ૧૫’ની પૂર્ણાહુતિ તારીખ ૧-૩-૨૬ના રોજ થઈ હતી જેમાં ‘મીડિયા વર્ક્સ’ની ટીમ ચૅમ્પિયન થઈ હતી.

જૉલી પ્રીમિયર લીગમાં કુલ ૧૯ ટી-૧૦ મૅચ રમાડવામાં આવી હતી જેમાં ફાઇનલમાં ઝયનોવા સેલબી તથા મીડિયા વર્ક્સની ટીમ વચ્ચે મુકાબલો થયો હતો.

પ્રથમ બૅટિંગ કરતા ઝયનોવા સેલબીનો સ્કોર ૧૦ ઓવરને અંતે ૫/૧૦૯ના હતો. જવાબમાં મીડિયા વર્ક્સની ટીમે માત્ર ૭.૨ ઓવરમાં એક વિકેટના ભોગે ૧૧૨ રન બનાવીને આસાન વિજય મેળવી લીધો હતો.

ટૂર્નામેન્ટને અંતે આ પુરસ્કાર અપાયા હતાઃ બેસ્ટ બૅટ્સમૅન ઑફ ધ ટૂર્નામેન્ટ-જય સાંગાણી (૧૨૫ રન), બેસ્ટ બોલર-પાર્થ અડવાણી (૮ વિકેટ) તથા પ્લેયર ઑફ ધ ટૂર્નામેન્ટ-સુજય શાહ ૧૨૮ રન તથા ૮ વિકેટ).

ચૅરમૅન રજનીકાંત શાહે જણાવ્યું હતું કે ‘કારોબારી ટ્રસ્ટી મનોજ અજમેરા તથા સમગ્ર ટ્રસ્ટીગણ અને કારોબારી સભ્યો હંમેશાં રમતગમતને પ્રોત્સાહન આપે છે. આ સમગ્ર ટૂર્નામેન્ટનું સંયોજન ક્રિકેટ ઇન્ચાર્જ નિશિથ ગોળવાલાની આગેવાની હેઠળ ક્રિકેટ સબ કમિટી દ્વારા ખૂબ જ સુંદર રીતે કરવામાં આવ્યું હતું. આગામી તારીખ ૧૫-૦૩-૨૬ના ઘાટકોપર-ચેમ્બુરની ૧૬ ટીમ વચ્ચે લૅડીઝ ક્રિકેટ ટૂર્નામેન્ટનું આયોજન ક્રિકેટ લૅડીઝ સબ કમિટી તથા મલ્ટી ટર્ફ કમિટી દ્વારા કરવામાં આવ્યું છે. ■

## અક્ષર ભારતના ગ્રેટેસ્ટ ખેલાડીઓમાં ગણાશેઃ ગાવસકર

ગુરુવારે મુંબઈમાં ઇંગ્લૅન્ડના ટૉમ બૅન્ટનની મહત્ત્વની વિકેટ લેવા ફિલ સૉલ્ટ તથા હૅરી બ્રૂકના કૅચ ઝીલનાર ઑલરાઉન્ડર અક્ષર પટેલ વિશે બૅટિંગ-લેજન્ડ સુનીલ ગાવસકરે કહ્યું છે કે તેનામાં એટલી બધું ઑલરાઉન્ડ કૌશલ્ય છે કે એક દિવસ તે ભારતના ગ્રેટેસ્ટ ખેલાડીઓમાં ગણાશે. તેની ફીલ્ડિંગ પણ કાબિલેદાદ છે.





BRIHANMUMBAI MAHANAGARPALIKA

આસિસ્ટન્ટ કમિશનરની ઓફિસ, M/W વોર્ડ, ૧લો માળ, M પશ્ચિમ વોર્ડ ઓફિસ બિલ્ડિંગ, શરદભાઈ આચાર્ય ચેમ્બુર, મુંબઈ- ૪૦૦૦૭૧.
ટેલિ. નં. (ઓફિસ) ૦૨૨-૨૫૨૨૫૦૦૦
નં. PCO/MW/૧૬૯/A તા. ૦૫.૦૩.૨૦૨૬

**નોટિસ**

સાત મહિનાની મુદત એટલે કે ૧૭૫ દિવસ માટે M-પશ્ચિમ વોર્ડમાં એન્ટિલાર્વલ સારવાર, ફોગિંગ, માખી નિયંત્રણ અને ઉંદર નિયંત્રણ જેવી વિવિધ પ્રવૃત્તિઓ માટે સ્વયંસેવકોની જોગવાઈ માટે નોંધાયેલ સહકારી/બેરોજગાર સેવા સહકારી સંસ્થાઓ પાસેથી અરજીઓ મંગાવાય છે.

રસ ધરાવતી સંસ્થાઓએ BMC પોર્ટલ http://portal.mcgm.gov.in પરથી અરજીઓ ડાઉનલોડ કરવી જોઈએ અથવા પેસ્ટ કંટ્રોલ ઓફિસરની ઓફિસમાં સંપર્ક કરો, (ઓફિસ સરનામુંઃ પેસ્ટ કંટ્રોલ ઓફિસરની ઓફિસ, M/પશ્ચિમ વોર્ડ ઓફિસ બિલ્ડિંગ, શરદભાઈ આચાર્ય ચેમ્બુર, મુંબઈ-૪૦૦૦૭૧. ટેલિ. નં. (ઓફિસ) ૦૨૨-૨૫૨૨૫૦૦૦).

પેસ્ટ કંટ્રોલ ઓફિસરની ઓફિસમાં અરજીઓની સુપ્રતિની છેલ્લી તારીખ ૧૬.૦૩.૨૦૨૬ના કામકાજના દિવસોમાં બ. ૨.૦૦ ક. પહેલા કરો.

સહી/-
આસિસ્ટન્ટ કમિશનર
M/પશ્ચિમ વોર્ડ

PRO/3203/ADV./2025-26

વૃક્ષો વાવો, વૃક્ષો બચાવો.



**બાંદ્રા ટર્મિનસ ⇌ અમદાવાદ વચ્ચે પશ્ચિમ રેલવે બે સુપરફાસ્ટ સ્પેશ્યલ ટ્રેનો દોડાવશે**

| ટ્રેન નં. | પ્રારંભ સ્ટેશન અને ગંતવ્ય સ્થાન | સેવાની તારીખ | પ્રસ્થાન | આગમન |
|---|---|---|---|---|
| ૦૯૦૨૯ | બાંદ્રા ટર્મિનસ - અમદાવાદ (એસી સુપરફાસ્ટ સ્પેશ્યલ) | ૦૮.૦૩.૨૦૨૬ | ૦૦.૦૫ કલાક (રવિવાર) | ૦૮.૪૦ કલાક (એજ દિવસે) |
| ૦૯૦૩૦ | અમદાવાદ- બાંદ્રા ટર્મિનસ (એસી સુપરફાસ્ટ સ્પેશ્યલ) | ૦૯.૦૩.૨૦૨૬ | ૦૩.૨૦ કલાક (સોમવાર) | ૧૧.૩૫ ક. (એજ દિવસે) |
| ક્યા કલાસના ડબા હશે?ઃ ફર્સ્ટ એસી, એસી ટૂ-ટિયર અને એસી થ્રી ટિયર કોચ. | | | | |
| ૦૯૦૪૩ | બાંદ્રા ટર્મિનસ - અમદાવાદ (એસી સુપરફાસ્ટ સ્પેશ્યલ) | ૦૯.૦૩.૨૦૨૬ | ૧૪.૩૦ કલાક (સોમવાર) | ૨૨.૫૫ કલાક (એજ દિવસે) |
| ૦૯૦૪૪ | અમદાવાદ - બાંદ્રા ટર્મિનસ (એસી સુપરફાસ્ટ સ્પેશ્યલ) | ૦૯.૦૩.૨૦૨૬ | ૦૩.૫૦ કલાક (સોમવાર) | ૧૨.૧૫ કલાક (એજ દિવસે) |
| ક્યા કલાસના ડબા હશે?ઃ એસી થ્રી ટિયર કોચ. | | | | |

ઉપરોક્ત ટ્રેન બોરીવલી, વાપી, સુરત, ભરુચ અને વડોદરા સ્ટેશને બંને દિશામાં ઊભી રહેશે.

સ્થાનકો, ઊભા રહેવાના સમય અને વર્ગીકરણ અંગેની વિગતવાર માહિતી માટે પ્રવાસીઓએ www.enquiry.indianrail.gov.inની મુલાકાત લેવી.

ઉપરોક્ત ટ્રેનો માટેનું બુકિંગ તમામ પીઆરએસ કાઉન્ટરો અને આઈઆરસીટીસી વેબસાઈટ પર ૦૭.૦૩.૨૦૨૬થી શરૂ થશે. ઉપરોક્ત ટ્રેનો સ્પેશ્યલ ટ્રેન તરીકે સ્પેશ્યલ ભાડાં પર દોડશે.

પશ્ચિમ રેલવે
wr.indianrailways.gov.in
અમને લાઈક કરો અને અમને ફોલો કરોઃ facebook.com/WesternRly X.com/WesternRly Instagram.com/WesternRly https://www.youtube.com/@WesternRly https://bit.ly/WesternRailwayOfficial

બધી આરક્ષિત ટિકિટો સાથે મૂળ ઓળખપત્ર સાથે રાખવું.


# મેં મોટી ભૂલ કરી જેને લીધે અમે હારી ગયાઃ હૅરી બ્રુક

મુંબઈઃ કહેવાય છેને કે ‘કૅચીઝ વિન મૅચીઝ’. ઇંગ્લૅન્ડના કૅપ્ટન હૅરી બ્રુકે આ ઇંગ્લિશ કહેવતનો જ ઉલ્લેખ કરીને પોતાની ભૂલ કબૂલ કરી છે. હૅરી બ્રુકે પોતાની ટીમની ફીલ્ડિંગની કચાશ તરફ ધ્યાન દોર્યું હતું અને ખાસ કરીને સતત બીજા મુકાબલામાં મૅચ-વિનર બનેલા સંજુ સૅમસન (૮૯ રન, ૪૨ બૉલ, સાત સિક્સર, આઠ ફોર)ની ઇનિંગ્સની શરૂઆતમાં જ પોતાનાથી તેનો જે કૅચ છૂટી ગયો હતો એ બદલ અફસોસ વ્યક્ત કર્યો હતો. સૅમસન ૧૫ રન પર હતો ત્યારે બ્રુકથી તેનો સીધો આસાન કૅચ છૂટી ગયો હતો. મૅચનો એ ટર્નિંગ પોઇન્ટ હતો અને બ્રુકની એ ભૂલ પછી સૅમસને બીજા ૭૪ રન બનાવ્યા હતા જે ભારત માટે મૅચ-વિનિંગ નીવડ્યા હતા. હૅરી બ્રુકે મૅચ પછી કહ્યું, ભારતીયોએ ખૂબ સારી બૅટિંગ કરી હતી. હું કબૂલ કરું છું કે મારાથી સૅમસનનો જે કૅચ છૂટી ગયો હતો એ અમને ભારે પડ્યો અને આખરે અમે હારી ગયા હતા. એ મારી બહુ મોટી ભૂલ હતી. અમારી ફીલ્ડિંગ સારી નહોતી. ભારત જેવી ટોચની ટીમ સામે આવી કચાશ ચાલે જ નહીં. સૅમસનને મારા હાથે જીવનદાન મળી ગયું હતું. એ પછી હું સ્કોર બોર્ડ તરફ જ જોયા કરતો હતો અને સૅમસન રનનો ઢગલો કરતો રહ્યો હતો.’ ■


**પશ્ચિમ રેલવે - અમદાવાદ ડિવિઝન**

**ટેન્ડર જાહેરાત**

ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી ડેપ્યુ. સીએમએમ-સાબરમતી, પશ્ચિમ રેલવે સામગ્રીઓની આપૂર્તિ માટે નીચે જણાવેલ ઈ-ટેન્ડર આમંત્રિત કરે છે.

| અનું. નં. | ટેન્ડર નં. | સામગ્રીઓનું ટૂંકુ વર્ણન | નંગ | ઈ-ટેન્ડર બંધ થવાની તારીખ અને સમય | ઈએમડી રકમ |
|---|---|---|---|---|---|
| ૦૧ | ૭૧૨૬૫૦૭૫ | પંપ (પાર્ટ નં. HY704X180L/EP4/A380BAR SUBSTITUTE HY704X180L/EL/A380 BAR) બનાવટ : PLASSER, REXOTH. | ૧૪ નંગ | ૩૧ માર્ચ ૨૦૨૬ ૧૧:૦૦ કલાકે | ૩,૩૪,૫૧૦/- |
| ૦૨ | ૭૧૨૬૫૨૨૦ | સંપૂર્ણ લિફ્ટીંગ યુનિટ + લિફ્ટીંગ ક્લેમ્પ્સ (પાર્ટ નં. EB64.14.1000.72 SUB RE150.00.001) બનાવટ : Plasser | ૦૧ નંગ | ૩૧ માર્ચ ૨૦૨૬ ૧૧:૦૦ કલાકે | ૪,૫૪,૪૪૦/- |
| ૦૩ | ૭૧૨૫૬૬૭૨ | હાઈડ્રોલીક મોટર (PLASSER પાર્ટ નં. 62.05.2000.123) બનાવટ : Plasser, Rexroth. | ૧૪ નંગ | ૩૧ માર્ચ ૨૦૨૬ ૧૧:૦૦ કલાકે | ૪,૪૬,૯૮૦/- |
| ૦૪ | ૭૧૨૫૬૬૪૩ | કટર ચેન ડ્રાઈવ પંપ (પાર્ટ નં. 62.05.2000.111) બનાવટઃ PLASSER, REXROTH. | ૧૦ નંગ | ૩૧ માર્ચ ૨૦૨૬ ૧૧:૦૦ કલાકે | ૨,૫૮,૭૦૦/- |
| ૦૫ | ૭૧૨૫૬૩૧૩ | પંપ (પાર્ટ નં. 62-05-1000-483, પેટા પાર્ટ નં. A4VG250EP4D1/32LNF02F001) બનાવટ : PLASSER, REXROTH. | ૧૯ નંગ | ૩૧ માર્ચ ૨૦૨૬ ૧૧:૦૦ કલાકે | ૯,૪૧,૬૪૦/- |

ખરીદીના નિયંત્રણો અને વિગતવાર ટેન્ડરની શરતો સહિતની વિગતવાર ટેન્ડર નોટીસ અંગે કૃપા કરીને વેબસાઈટ www.ireps.gov.in ની મુલાકાત લેશો. મેન્યુઅલ ઓફરો ધ્યાનમાં લેવામાં આવશે નહિં.

ADI-300

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly

# મહારાષ્ટ્રનું બજેટ વિકસિત ભારતની કલ્પના પર આધારિત: ફડણવીસ

મુંબઈ: ૨૦૨૬-૨૭ માટેનું મહારાષ્ટ્રનું બજેટ વિકસિત ભારતનું કલ્પના પર આધારિત હોવાનું મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે શુક્રવારે જણાવ્યું હતું.

વિધાનસભામાં બજેટ રજૂ કર્યા પછી સંવાદદાતાઓ સાથેની વાતચીતમાં તેમણે જણાવ્યું હતું કે બજેટમાં ૨૦૨૪ની વિધાનસભા ચૂંટણી પહેલા આપેલા કૃષિ દેવા માફીના મહાયુતિના વચનનું પાલન કરવામાં આવ્યું છે. મહાયુતિમાં ભાજપ, શિવસેના અને એનસીપીનો સમાવેશ થાય છે.

બજેટ ભાષણમાં, ફડણવીસે પુણ્યશ્લોક અહિલ્યા દેવી હોળકર શેતકરી કરજમાફી યોજનાની જાહેરાત કરી, જે ખેડૂતો માટે લોન માફી યોજના છે. આ યોજના હેઠળ ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૫ સુધી બે લાખ રૂપિયા સુધીની પાક લોન માફ કરવામાં આવશે. તેમણે નિયમિત લોન ચૂકવતા અન્ય પાત્ર ખેડૂતો માટે ૫૦ હજાર રૂપિયાના પ્રોત્સાહનની પણ જાહેરાત કરી.

જાણકારી આપતા મુખ્ય પ્રધાને જણાવ્યું હતું કે બજેટમાં મૂડી ખર્ચ માટે રૂ.એક લાખનો ખર્ચ રાખવામાં આવ્યો છે. મહારાષ્ટ્ર દેશનું નાણાકીય એન્જિન છે અને ૨૦૪૭ સુધીમાં પાંચ ટ્રિલિયન ડોલરની અર્થવ્યવસ્થા બનશે.

નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ જણાવ્યું હતું કે સરકાર મહાયુતિ દ્વારા આપવામાં આવેલા તમામ વચનો પૂર્ણ કરશે. બીજા નાયબ મુખ્ય પ્રધાન સુનેત્રા પવારે કહ્યું હતું કે બજેટમાં બધાનું ધ્યાન રાખવામાં આવ્યું છે અને પ્રાદેશિક સંતુલન જાળવી રાખે છે. (પીટીઆઈ)■

# જિયો-ટેક એપ્લિકેશન સેન્ટરની જાહેરાત, ડિજિટલ ઈકોસિસ્ટમને વેગ

મુંબઈ: મહારાષ્ટ્ર સરકાર રાષ્ટ્રીય સ્તરના વિવિધ પ્રયાસોને ટેકો આપવા અને અદ્યતન ટેકનોલોજી દ્વારા આર્થિક વિકાસને મજબૂત બનાવવા માટે એક જિયો-ટેકનોલોજી એપ્લિકેશન સેન્ટર સ્થાપશે, એમ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે શુક્રવારે જણાવ્યું હતું.

વિધાનસભામાં ૨૦૨૬-૨૭ માટે રાજ્યનું બજેટ રજૂ કરતા ફડણવીસે જણાવ્યું હતું કે પ્રસ્તાવિત મહારાષ્ટ્ર જિયો ટેકનોલોજી એપ્લિકેશન સેન્ટર રાષ્ટ્રીય સ્તરની પહેલોનું કાર્યક્ષમ આયોજન અને અમલીકરણ કરવામાં મદદ કરશે અને રાજ્યના આર્થિક વિકાસને ટેકો આપશે. સરકારનો ઉદ્દેશ્ય રાજ્યમાં અસરકારક શાસન સુનિશ્ચિત કરવા અને અદ્યતન ટેકનોલોજિકલ માળખાગત સુવિધાઓ બનાવવા માટે તમામ નાગરિક અને વ્યવસાયિક સેવાઓનું ડિજિટાઇઝેશન કરવાનો છે.

તેમણે વધુમાં એમ પણ જણાવ્યું હતું કે 'રાજ્ય સરકાર ૧૦૦ ટકા જમીન વ્યવહારોનું કોમ્પ્યુટરાઇઝેશન કરવાની, સંપૂર્ણપણે ઇલેક્ટ્રોનિક ઓફિસ સિસ્ટમ અપનાવવાની અને પેપરલેસ સરકારી કામગીરી તરફ આગળ વધવાની યોજના ધરાવે છે.'

સીએમએ અસરકારક નીતિનિર્માણ, ઝડપી નિર્ણય લેવા અને વધુ જવાબદારી સુનિશ્ચિત કરવા માટે ઇલેક્ટ્રોનિક્સ, માહિતી ટેકનોલોજી અને કૃત્રિમ બુદ્ધિમત્તાના સ્વતંત્ર વિભાગની રચનાની જાહેરાત કરી ઉમેર્યું કે આ વિભાગને પર્યાપ્ત ટેકનિકલ જ્ઞાન

(જુઓ પાનું ૪) ▶▶

# લોન લઈ દિવાળી ઉજવવા જેવું બજેટ: ઉદ્ધવ ઠાકરેની ટીકા

મુંબઈ: ઉદ્ધવ ઠાકરેએ મહારાષ્ટ્ર બજેટની આકરી ટીકા કરી છે. ચૂંટણી દરમિયાન આપેલા વચનોને યાદ કરી તેમણે વર્તમાન સરકાર પર ખેડૂતો, સામાન્ય નાગરિકો અને રાજ્યની નાણાકીય વ્યવસ્થાને ગેરમાર્ગે દોરવાનો આરોપ કર્યો હતો. ચૂંટણી દરમિયાન ખેડૂતોને સાતબારામાં રાહત આપવાનું વચન આપવામાં આવ્યું હતું. જોકે, રજૂ કરાયેલા બજેટમાં આ વચન અંગે કોઈ નક્કર જાહેરાત કરવામાં આવી ન હતી. તેનાથી વિપરીત, લોન માફી માટે ઘણી શરતો અને નિયમો લાદવામાં આવ્યા હોવાની ટીકા ઉદ્ધવ ઠાકરેએ કરી હતી.

ઉદ્ધવ ઠાકરેએ જણાવ્યું હતું કે પાંચ વર્ષ પહેલા અમારી સરકારે સમયમર્યાદાના આધારે ખેડૂતોના ૨ લાખ રૂપિયા સુધીનું દેવું માફ કર્યું હતું.. તે સમયે કોઈ શરતો કે નિયમો લાદવામાં આવ્યા ન હતા. ઉપરાંત, કોરોના સમયગાળા દરમિયાન નિયમિતપણે લોન ચૂકવનારા ખેડૂતો માટે ૫૦ હજાર રૂપિયાનું પ્રોત્સાહન આપવાની જાહેરાત કરવામાં આવી હતી. જોકે, વર્તમાન સરકારે લોન માફ કરતી વખતે ઘણી શરતો મૂકી છે. ઉદ્ધવ ઠાકરેએ લાડકી બહિણ યોજના અંગે પણ કેટલાક પ્રશ્નો ઉઠાવ્યા હતા. આ યોજના હેઠળ મહિલાઓને ૨૧૦૦ રૂપિયા

(જુઓ પાનું ૪) ▶▶

# લાડકી બહેન યોજનાનું શું?

મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે શુક્રવારે (૬ માર્ચ) વિધાનસભામાં નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ માટે રાજ્યનું બજેટ રજૂ કર્યું. બજેટ રજૂ કરતી વખતે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે 'માજી લાડકી બહિણ' યોજના અંગે એક મોટી જાહેરાત કરી હતી. તેમણે વિધાનસભામાં જણાવ્યું હતું કે જૂન ૨૦૨૪ માં શરૂ કરાયેલી આ યોજના ચાલુ રહેશે અને પૂરતું ભંડોળ પૂરું પાડવામાં આવશે. આ યોજના શરુ થઇ ત્યારે દેવેન્દ્ર ફડણવીસ અને સ્વર્ગસ્થ અજિત પવાર મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન હતા અને મહારાષ્ટ્રની કમાન એકનાથ શિંદેના હાથમાં હતી.

## ખેડૂતો માટે આ મોટી જાહેરાતો થઈ

મહારાષ્ટ્રના ૨૦૨૬-૨૭ના બજેટમાં, મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે ખેડૂતો માટે ઘણી મોટી જાહેરાતો કરી હતી. વિધાનસભામાં બજેટ રજૂ કરતી વખતે મુખ્ય પ્રધાને કહ્યું કે આ બજેટમાં ખેડૂતોને કેન્દ્રમાં રાખીને કૃષિ અને ગ્રામીણ વિકાસ માટે મહત્વપૂર્ણ જાહેરાતો કરવામાં આવી છે. આ બજેટમાં મુખ્ય પ્રધાન બલિરાજા શેઠ પાણંદ યોજના, કુદરતી ખેતી અભિયાન અને વીમા યોજનામાં ખેતમજૂરોનો સમાવેશ જેવા મહત્ત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવ્યા છે. આ બજેટ કૃષિમાં આધુનિકીકરણ, ખેડૂતોના રક્ષણ અને ગ્રામીણ માળખાગત સુવિધાઓને મજબૂત બનાવવા પર આધારિત છે.

ખેડૂતો અને તેમની સાથે કામ કરતા ખેતમજૂરોના રક્ષણ માટે સરકારે એક મોટો નિર્ણય લીધો છે. આનાથી મજૂરોના પરિવારોને આર્થિક સહાય મળશે.

## ખેડૂતો માટે મોટી જાહેરાતો

- ગોપીનાથ મુંડે અકસ્માત સહાય યોજનાનું વિસ્તરણ - વીમા યોજનામાં ખેતમજૂરોનો સમાવેશ કરવામાં આવશે.
- મુખ્ય પ્રધાન બલિરાજા શેઠ પાણંદ યોજના - ખેતરો સુધી પહોંચવા માટે અનુકૂળ રસ્તાઓ બનાવવાની નવી યોજના.
- કુદરતી ખેતી અભિયાન - આગામી બે વર્ષમાં રાજ્યભરમાં 'મહારાષ્ટ્ર કુદરતી ખેતી અભિયાન' ચલાવવામાં આવશે.
- મહિલા ખેડૂતો અને પશુપાલન માટે યોજના - મહિલા ડેરી, બકરી ઉછેર અને મરઘાં વ્યવસાય માટે ખાસ આર્થિક યોજના.
- ગ્રામ સડક યોજના તબક્કો-૩ - ૨૩ હજાર કિલોમીટર લાંબા રસ્તાઓ અને પુલો બનાવવામાં આવશે.
- કૃષિ વેલ્યુ ચેન વિકાસ - ૧૦ થી૧૫ મહત્ત્વપૂર્ણ સ્થળોએ કૃષિ ઉત્પાદનો માટે વેલ્યુ ચેન બનાવીને, ખેડૂતોને વધુ સારા બજારો પૂરા પાડવામાં આવશે. ■

# મુંબઈમાં વધુ એક ભૂગર્ભ મેટ્રો, રાજ્યમાં છ હજાર કિમી હાઈવે

## રાજ્યના બજેટમાં મુંબઈ માટે શું છે?

- રાજ્યમાં શહેરી વિકાસ ૭૦ ટકા વસ્તીનો રહેશે, તેથી શહેરી સેવાઓનું ડિજિટલીકરણ કરવામાં આવશે.
- ત્રીજું મુંબઈ ઉરણ વિસ્તારમાં વિકસાવવામાં આવશે, ચોથું મુંબઈ વાઢવણમાં વિકસાવવામાં આવશે.
- મુંબઈમાં ગેરકાયદેસર બાંધકામ અટકાવવાના પ્રયાસો કરવામાં આવશે.
- એમએમઆરમાં ૧૦ લાખ નવાં ઘરો બનાવવા અને કોઈ નવા અનધિકૃત બાંધકામો ન થાય તેની ખાતરી કરવા માટે એક રોડમેપ તૈયાર કરવામાં આવી રહ્યો છે.
- મુંબઈ અને પુણે માટે ૫૦ અબજ ડોલરનું હબ બનાવવાનું લક્ષ્ય છે.
- મહારાષ્ટ્રમાં ૨૯૫ થી વધુ ગેમિંગ સ્ટુડિયો બનાવવાના પ્રયાસો કરવામાં આવશે જેથી તે વિશ્વમાં ગેમિંગ ક્ષેત્રમાં ટોચનું સ્થાન મેળવી શકે.
- કેન્દ્રની મદદથી મુંબઈમાં ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ક્રિએટિવ ટેકનોલોજી શરૂ કરવામાં આવશે
- મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન રૂટ પરના ત્રણ સ્ટેશનોનું કામ ૨૦૨૭ સુધીમાં પૂર્ણ થશે.
- શહેરોના વિકાસ માટે ૧૦ શહેર વિકાસ સત્તામંડળો બનાવવામાં આવશે.
- વિદેશી રોકાણમાં મહારાષ્ટ્ર ટોચ પર છે, તેથી મુંબઈ, દુબઈ અને સિંગાપોરમાં પ્રવાસન કેન્દ્રો ખોલવામાં આવશે.
- વડાલાથી ગેટવે ઓફ ઇન્ડિયા સુધીનો મુંબઈ મેટ્રો લાઈન ૧૧ એ સંપૂર્ણપણે ભૂગર્ભ પ્રોજેક્ટ છે જેનો ખર્ચ રૂ. ૨૩,૪૮૭ કરોડ છે. આ પ્રોજેક્ટને ધારાવી પુનર્વસન પ્રોજેક્ટથી બાંદ્રા ટર્મિનસ સુધી લંબાવવાની યોજના છે. મુંબઈ એરપોર્ટ અને નવી મુંબઈ એરપોર્ટને જોડતી મુંબઈ મેટ્રો લાઈન નંબર ૮ એ રૂ. ૨૨,૮૬૨ કરોડનો પ્રોજેક્ટ છે.
- તલોજાથી ખાંડેશ્વર મેટ્રો લાઈન ૨ એ નવી મુંબઈ એરપોર્ટ સુધીની પરિવહન વ્યવસ્થામાં સુધારો કરશે. ટ્રાફિકની ભીડ દૂર કરવા માટે સબવેનું નેટવર્ક બનાવવાની યોજના છે. મુંબઈના પૂર્વ અને પશ્ચિમ વિસ્તારોને જોડતા ગોરેગાંવ-મુલુંડ પ્રોજેક્ટના પ્રથમ તબક્કાનું કામ અંતિમ તબક્કામાં છે.
- વડાલાથી ગેટવે ઓફ ઇન્ડિયા સુધી બીજી ભૂગર્ભ મેટ્રો
- અટલ સેતુ મુંબઈ એરપોર્ટને જોડશે
- રાજ્યમાં ૧,૨૦૦ કિમી મેટ્રો લાઇન બનાવવામાં આવશે
- ૬૦૦૦ કિમીના એક્સપ્રેસવે વિકસાવવામાં આવશે
- ૨૦૨૯ સુધીમાં ૧૬૫ કિમી મેટ્રો લાઇનનું નિર્માણ કરવામાં આવશે
- દક્ષિણ મુંબઈ ૨૦૨૮ સુધીમાં સમૃદ્ધિ હાઇવે સાથે જોડાશે
- વર્સોવા-ભાયંદર કોસ્ટલ રોડ ડિસેમ્બર ૨૦૨૮ સુધીમાં પૂર્ણ થશે
- પનવેલ-કર્જત રોડ અંતિમ તબક્કામાં, ટૂંક સમયમાં ટ્રાફિક માટે ખુલ્લો મૂકવામાં આવશે. ■

મુખ્ય પ્રધાન ફડણવીસે મહારાષ્ટ્રનું વર્ષ ૨૦૨૬-૨૭નું બજેટ રજૂ કર્યું. આ પ્રસંગે તેમણે ઘણી બાબતો પર ટિપ્પણી કરી. આ પ્રસંગે તેમણે રાજ્યની સમૃદ્ધિને ધ્યાનમાં રાખીને ઘણી મહત્વપૂર્ણ જાહેરાતો કરી. નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારના અકાળ અવસાનને કારણે ફડણવીસે નાણાં મંત્રાલયની જવાબદારી સંભાળી. આમ, આજનું બજેટ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે રજૂ કર્યું. દેવેન્દ્ર ફડણવીસે બજેટ અજિતદાદાને સમર્પિત કર્યું. મુખ્યપ્રધાને કહ્યું, "મારું હૃદય ભારે છે. અજિતદાદાએ ૧૧ વાર બજેટ રજૂ કર્યું. તેમના શાંત સ્વભાવે શિસ્ત જાળવી રાખી, તેમને શ્રદ્ધાંજલિ રૂપે એક ભવ્ય સ્મારક બનાવવામાં આવશે, તેમના નામે નાગરિક પુરસ્કાર શરૂ કરવામાં આવશે... હું આ બજેટ તેમને સમર્પિત કરું છું." આખા રાજ્યમાં ૧૨૦૦ કિમી મેટ્રો રૂટ અને ૬,૦૦૦ કિમીના હાઈવે વિકસિત કરવામાં આવશે. ■

# શિંદેના વતન સતારામાં નિસર્ગોપચાર કેન્દ્ર

મુંબઈ : મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે શુક્રવારે સતારા જિલ્લામાં ડેપ્યુટી સીએમ એકનાથ શિંદેના વતન ગામ દરેમાં એક નેચરોપથી સેન્ટર સ્થાપવાની જાહેરાત કરી.આ સેન્ટર તણાવ અને જીવનશૈલી સંબંધિત રોગો, માનસિક સ્વાસ્થ્ય તેમજ નિવારક સંભાળ પર ધ્યાન કેન્દ્રિત કરશે.

વિધાનસભામાં ૨૦૨૬-૨૭ માટે રાજ્યનું બજેટ રજૂ કરતા, મુખ્ય પ્રધાને એમ પણ કહ્યું કે મુંબઈ મેટ્રોપોલિટન ક્ષેત્રમાં વૈદિક જ્ઞાન અને પરંપરાગત સંગીત પર આધારિત વેલનેસ સેન્ટર સ્થાપવામાં આવશે, જ્યારે બાંદ્રામાં એક આધુનિક લેધર આર્ટ ડિઝાઇન અને ઉત્પાદન કેન્દ્ર બનાવવામાં આવશે. બહુમાળી ઇમારતમાં આવેલા આ કેન્દ્રમાં વ્યાપક સુવિધાઓ હશે, જેમાં નવીનીકરણ અને ઉદ્યોગસાહસિકતા સાથે જોડાયેલ સુવિધાઓનો પણ સમાવેશ થશે.

મુખ્ય પ્રધાને વિધાનસભામાં વધુમાં જણાવ્યું હતું કે, આદિવાસી

(જુઓ પાનું ૪) ▶▶

# બજેટમાં ખેડૂતો, મધ્યમવર્ગની ઉપેક્ષા: વિરોધ પક્ષ

મુંબઈ: વિપક્ષ મહા વિકાસ આઘાડીએ શુક્રવારે દેવેન્દ્ર ફડણવીસ સરકારના ૨૦૨૬-૨૭ માટેના મહારાષ્ટ્ર બજેટની ટીકા કરી અને દાવો કર્યો કે બજેટમાં કોન્ટ્રેક્ટરનું હિત જળવાયું છે અને ખેડૂતો, મધ્યમ વર્ગ અને ગ્રામીણ અર્થતંત્રની અવગણના કરવામાં આવી છે.

મહારાષ્ટ્ર કૉંગ્રેસના પ્રમુખ હર્ષવર્ધન સપકાળએ જણાવ્યું હતું કે બજેટ મોટા આંકડાઓ અને પોકળ જાહેરાતોથી ભરેલું છે. આ જાહેરાતો, રાજ્યનું અર્થતંત્ર નાદારી તરફ આગળ વધી રહ્યું હોવાનું દર્શાવે છે. તે

કૉંગ્રેસ વિધાનસભા પક્ષના નેતા વિજય વાડેટ્ટીવારે ટીકા કરતા જણાવ્યું હતું કે બજેટ જનતાને ગેરમાર્ગે દોરવા માટે શબ્દો અને આંકડાબાજી છે. આ બજેટ આજે લગ્ન

(જુઓ પાનું ૪) ▶▶

# ધર્માંતરણ વિરોધી બિલના ડ્રાફ્ટને મંજૂરી

મુંબઈ: મહારાષ્ટ્ર કેબિનેટે ધર્માંતરણ વિરોધી બિલના ડ્રાફ્ટને મંજૂરી આપી દીધી છે, જે અન્ય ધર્મમાં પરિવર્તન કરતા પહેલા સક્ષમ અધિકારીની પરવાનગી લેવી ફરજિયાત બનાવે છે.

જે વ્યક્તિ ધર્મ પરિવર્તન કરવા માંગે છે તેણે ૬૦ દિવસની નોટિસ આપવી પડશે અને ધર્મ પરિવર્તન કરતા પહેલા નિયુક્ત અધિકારી પાસેથી પરવાનગી લેવી પડશે, એમ એક અધિકારીએ પ્રસ્તાવિત કાયદાની વિગતો શેર કરતા જણાવ્યું હતું.

વધુમાં, તેમણે જણાવ્યું હતું કે ધર્માંતરણની નોંધણી ૨૫ દિવસની અંદર સત્તાધિકારી પાસે કરાવવી આવશ્યક છે, અન્યથા તેને અમાન્ય ગણવામાં આવશે. જો ધર્માંતરણ કરવા માગતી વ્યક્તિના લોહીના સંબંધી, આ પ્રક્રિયા ગેરકાયદેસર હોવા અંગે ફરિયાદ નોંધાવશે, તો પોલીસ ગુનો નોંધીને તપાસ હાથ ધરશે.

ભાજપના નેતા નિતેશ રાણેએ જણાવ્યું હતું કે કેબિનેટે એક મજબૂત ધર્માંતરણ વિરોધી કાયદાને મંજૂરી આપી છે, અને ઉમેર્યું હતું કે આ નિર્ણયથી વિધાનસભા ચૂંટણી પહેલા પાર્ટી દ્વારા આપવામાં આવેલ વચન પૂર્ણ થયું છે.

અમે વિધાનસભા ચૂંટણી દરમિયાન દ્રઢતાથી કહ્યું હતું કે એકવાર અમે સત્તામાં આવીશું, તો મહારાષ્ટ્રમાં એક મજબૂત ધર્માંતરણ વિરોધી કાયદો, જેને લવ જેહાદ વિરુદ્ધ કાયદો પણ કહેવામાં આવે છે, લાવીશું.

આ નિર્ણય માટે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ અને ડેપ્યુટી સીએમ એકનાથ શિંદે અને સુનેત્રા પવારનો આભાર માનતા રાણેએ કહ્યું કે પ્રસ્તાવિત 'ધર્મ સ્વાતંત્ર્ય અધિનિયમ ૨૦૨૬' હેઠળ બિલને મંજૂરી આપવામાં આવી છે. ટૂંક સમયમાં સરકારી ઠરાવ જારી કરવામાં આવશે. ■

# પોલીસના યુનિફોર્મ પર લાગશે કેમેરા

મુંબઈ: મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે શુક્રવારે જણાવ્યું હતું કે પારદર્શિતા અને જવાબદારી વધારવા માટે આગામી ત્રણ વર્ષમાં પોલીસ કર્મચારીઓના યુનિફોર્મ કેમેરાથી સજ્જ કરવામાં આવશે.

ફડણવાસે રાજ્યના બજેટ ૨૦૨૬-૨૭માં ટેક્નોલોજીકલ કાયાકલ્પનું અનાવરણ કર્યું હતું, જેમાં ડિજિટલ ગર્વનન્સ, સાયબર સિક્યુરિટી, પોલિસિંગ અને ડિઝાસ્ટર મેનેજમેન્ટને મજબૂત બનાવવાનાં પગલાંની

(જુઓ પાનું ૪) ▶▶

# જૂનાં વાહનો સ્ક્રેપ કર્યા પછી ખરીદનારાઓ માટે ટેક્સમાં રાહત

મુંબઈ: મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે શુક્રવારે વિધાનસભામાં રજૂ કરેલા ૨૦૨૬-૨૭ માટેના મહારાષ્ટ્ર બજેટમાં પ્રદૂષણ રોકવા માટે જૂનાં વાહનોને ભંગારમાં ફેરવી વાહન ખરીદદારો માટે મોટર વાહન ટેક્સમાં છૂટછાટ તેમજ કેટલાંક જૂનાં પ્રાઈવેટ વાહનો પર પર્યાવરણીય કરમાં વધારો કરવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે.

બજેટ ભાષણમાં સીએમએ જણાવ્યું હતું કે આ પગલાંનો ઉદ્દેશ્ય બળતણ વધુ વાપરતા અને પ્રદૂષિત વાહનોનો ઉપયોગ ઘટાડવાનો, રાજ્યમાં હવાની ગુણવત્તા સુધારવાનો અને પ્રદૂષણ વધારતાં જૂનાં વાહનોને બદલવાની પ્રક્રિયાને ઝડપી બનાવવાનો છે.


વધુમાં તેમણે જણાવ્યું હતું કે બીએસ-૪ અને તેનાથી ઉપરના ઉત્સર્જન ધોરણો ધરાવતાં જૂનાં વાહનોને સ્ક્રેપ કરતી વખતે અને નવાં વાહનો ખરીદતી વખતે, મોટર વાહન કરમાં ૧૬ ટકા છૂટનો પ્રસ્તાવ છે. બીએસ - ૩ અને તેનાથી નીચે ઉત્સર્જન ધોરણો ધરાવતાં

(જુઓ પાનું ૪) ▶▶

# ઓલિમ્પિક ભાગીદારીને પ્રોત્સાહન આપવા માટે પચીસ શ્રેષ્ઠતા કેન્દ્રો સ્થાપશે

મુંબઈ : મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે શુક્રવારે ૨૦૩૬ના ઓલિમ્પિક રમતોમાં રાજ્યના ખેલાડીઓની મહત્તમ ભાગીદારી સુનિશ્ચિત કરવા માટે શ્રેષ્ઠતા કેન્દ્રો અને રમત વિકાસ કેન્દ્રોની સ્થાપનાની જાહેરાત કરી હતી. રાજ્ય વિધાનસભામાં ૨૦૨૬-૨૭નું બજેટ રજૂ કરતી વખતે, એથ્લેટિક્સ, બેડમિન્ટન અને કુસ્તી સહિત ૧૨ શાખાઓ માટે આઠ ઉચ્ચ-પ્રદર્શન કેન્દ્રો પહેલેથી જ કાર્યરત છે, અને ચાર વધુ શરૂ કરવાનો પ્રસ્તાવ છે. મુખ્ય પ્રધાને જણાવ્યું હતું કે ભારત ૨૦૩૬ ઓલિમ્પિક રમતોનું આયોજન કરવા માટે પ્રયત્નશીલ છે અને રાજ્યનું એક મિશન છે કે રાજ્યના મહત્તમ ખેલાડીઓ આ પ્રતિષ્ઠિત સ્પર્ધામાં ભાગ લે. તેમણે કહ્યું કે રાજ્ય સરકાર ૨૫ વિભાગીય સ્તરના શ્રેષ્ઠતા કેન્દ્રો અને ૯૬ રમત ગુણવત્તા વિકાસ કેન્દ્રો સ્થાપવાની યોજના ધરાવે છે. રાજ્ય, વિભાગ, જિલ્લા અને તાલુકા સ્તરે રમતગમત સંકુલના વિકાસ માટે જરૂરી ભંડોળ ફાળવવામાં આવ્યું છે.■

અંક પ્રગટ થઈ ચૂક્યો છે




# સુધરાઈની પ્રભાગ સમિતિમાં પાંચ અધ્યક્ષ બિનવિરોધ

## ત્રણ ભાજપને અને બે યુબીટીને ફાળે: યુબીટીની પીછેહઠ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈ મહાનગરપાલિકામાં છ પ્રભાગ સમિતિના અધ્યક્ષપદની ચૂંટણી શુક્રવારે પાર પડી હતી, જેમાં જી-ઉત્તર વોર્ડની પ્રભાગ સમિતિના અધ્યક્ષ પદ માટે ઉદ્ધવ ઠાકરેની શિવસેનાના ઉમેદવારે છેલ્લી ઘડીએ ઉમેદવારીપત્રક પાછું ખેંચીને મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (મનસે)ને સમર્થન આપતા તેમની જીતનો માર્ગ મોકળો થયો હતો. તો બાકીના પાંચ વોર્ડમાંથી ત્રણ વોર્ડમાં ભાજપના અને બે ઉદ્ધવની શિવસેનાના ઉમેદવાર અધ્યક્ષપદે બિનહરીફ ચૂંટાયા હતા.

શુક્રવારે છ વોર્ડની પ્રભાગ સમિતિના અધ્યક્ષપદની ચૂંટણી યોજાઈ હતી, જેમાંથી પાંચ વોર્ડમાં વિરોધપક્ષે ઉમેદવાર ઊભો નહીં રાખતા અધ્યક્ષ બિનહરીફ ચૂંટાયા હતા. જોકે જી-ઉત્તર વોર્ડમાં રાજકીય ડ્રામા જોવા મળ્યો હતો. ૨૦૨૬ની મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણી ઠાકરે ભાઈઓ સાથે લડયા હતા, છતાં ઉદ્ધવની શિવસેનાના પ્રભાગ સમિતિના અધ્યક્ષપદ માટે પોતાનો ઉમેદવાર ઊભો રાખ્યો હતો. મતદાન પ્રક્રિયા દરમ્યાન છેલ્લી ઘડીએ શિવસેના (યુબીટી)ના નગરસેવક જોસેફ કોળીએ ઉમેદવારીપત્રક

(જુઓ પાનું ૪) ▶▶

# ભાંડુપ રેલવે ઓવરબ્રિજ માટે આઈઆઈટી બોમ્બેની મદદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: પૂર્વ ઉપનગરમાં ભાંડુપમાં પ્રસ્તાવિત રેલવે ઓવરબ્રિજ પર તીવ્ર વળાંકવાળી ડિઝાઈન ચકાસવા માટે મુંબઈ મહાનગરપાલિકા ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેક્નોલોજી (આઈઆઈટી) બોમ્બેના નિષ્ણાતોની મદદ લેવાની છે. તેમ જ આ વિસ્તારમાં ટ્રાફિકના પ્રવાહને સમજવા માટે વિશએષ સિમ્યુલેશન સ્ટડી પણ કરવામાં આવવાની છે.

પાલિકાના એડિશનલ કમિશનર

(જુઓ પાનું ૪) ▶▶

# ૩૭ પ્રોપર્ટી ટૅક્સ ડિફોલ્ટરોએ પાલિકાના ડુબાડ્યા ₹ ૫૪૯ કરોડ

## હૉટેલ, કમર્શિયલ બિલ્ડિંગના માલિકોની મિલકતની થશે નિલામી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈમાં હૉટેલ માલિકો, કમર્શિયલ બિલ્ડિંગ સહિત ઓપન પ્લોટના માલિકો એમ કુલ ૩૪ મિલકતધારકે મુંબઈ મહાનગરપાલિકાના ૫૪૮ કરોડ રૂપિયાથી પણ વધુ રકમનો પ્રોપર્ટી ટૅક્સ ચૂકવ્યો નથી. પાલિકા પ્રશાસને આ તમામ લોકોની મિલકતની નિલામી કરીને પોતાની રકમ વસૂલ કરવાનો નિર્ણય લીધો છે, તે માટે સંબંધિતોને નોટિસ ફટકારવામાં આવી છે. પાલિકાના અસેસમેન્ટ ડિપાર્ટમેન્ટના જણાવ્યા મુજબ ટૅક્સ નહીં ભરનારા ડિફોલ્ટરો વિરુદ્ધ આકરા પગલાં લઈને તેમની મિલકતની જપ્તી કરીને તેની

(જુઓ પાનું ૪) ▶▶

શ્રીજી કૃપા જગન્નાથપુરી-ગંગાસાગર-કલકત્તા વૈદ્યનાથ ધામ કોર્નાક,ચંપારણ્ય 14 MAR
ચારધામ D:10,JUNE-OCT | લાહૌલ-સ્પીતિ D:10,MAY-JULY | કાશ્મીર APR-JUNE
શ્રીલંકા કોલંબો-મિરિસા ગેલ-એલા-નુવારા-કેન્ડી દિ:7 | ભૂટાન પારો-થિમ્ફુ પુનાખા દિ:9,મે-જૂન
લખનૌ,નૈમિષારણ્ય,અયોધ્યા,બનારસ ચિત્રકૂટ,પ્રયાગરાજ દિ:7/9 MARCH TO SEPT
મથુરા અધિક માસ 22 બેઠક 3 JUNE | રામેશ્વર,ત્રિચી મદુરાઈ D:5/7
Since 1987 પાયોનીયર અને ફાઉન્ડર ઓફ તન્વી હોલીડેઝ 9867313091 9930213091

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રી: *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલ: **samachar.bombay@gmail.com** ટેલિફોન: ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**